# વૈરાગ્યાદિ પ્રકરણ સંગ્રહ

તથા

# શ્રી સ્મરણાદિ સંગ્રહ.

: પ્રકાશક :

મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ

ઠેઃ ડોશીવાડાની પોળ

અમદાવાદ.

ૐ અર્હં નમઃ

# વૈરાગ્યાદિ પ્રકરણ સંગ્રહ.

પ્રસિદ્ધ કરનાર :—

**નાગરદાસ પ્રાગજીભાઈ મહેતા**

દોશીવાડાની પોળ અમદાવાદ.

કિંમત : રૂા. ૧-૦-૦

: પ્રકાશક :
નાગરદાસ પ્રાગજીભાઈ મહેતા.
દોશીવાડાની પોળ : અમદાવાદ.

આવૃત્તિ પહેલી : ૧૯૯૪
નકલ : ૨૫૦

: મુદ્રણ સ્થાન :
ધી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
રમણીક પી. કોઠારીએ છાપ્યું
રતનપોળ : : અમદાવાદ.

परमपूज्य स्वर्गस्थ गुरुदेव अनुयोगाचार्य पंन्यासजी महाराज.



श्री भावविजयजी गणिवर.

तीर्थोद्धारक



आचार्य श्री विजय निति सूरिश्वरजी महाराज.

મહેન્દ્ર પ્રિ. પ્રેસ, અમદાવાદ.

श्री

# वैराग्यशतक

( મૂળ અને ભાષાંતર સહિત )

आर्यावृत्तम् ।

**संसारंमि असारे, नत्थि सुहं वाहि वेअणा पउरे ।**
**जाणंतो इह जीवो, न कुणइ जिण देसियं धम्मं ॥ १ ॥**

સાર રહિત તથા વ્યાધિ એટલે શરીર સંબંધી દુ:ખ અને વેદના એટલે મન સંબંધી દુ:ખ; એ પ્રકારના દુ:ખથી ભરેલા આ સંસારમાં સુખ નથી; એમ જાણતાં છતાં પણ જીવ જિનરાજના પ્રરૂપેલા ધર્મને નથી કરતો !

**अज्जं कल्लं परं परारिं, पुरिसा चिंतंति अत्थ संपत्तिं ।**
**अंजलिगयं व तोयं, गलंत-माउं न पिच्छंति ॥ २ ॥**

મૂઢ પુરૂષો આજ, કાલ, પહોર તથા પરાર ધનની સંપત્તિને ચિંતવે છે. અર્થાત્ મ્હારે આજ, કાલ. પહોર અને પરાર ધનની પ્રાપ્તિ થશે, એવી આશાથી દિવસો ગુમાવે છે; પરંતુ તે મૂઢ પુરૂષો હથેળીમાં રહેલા પાણીની પેઠે પોતાના ગળતા આઉખાને નથી દેખતા !

**जं कल्ले कायव्वं, तं अज्जं चिय करेह तुरमाणा ।**
**वहु विग्घो हु मुहुत्तो, मा अवरन्हं पडिक्खेह ॥ ३ ॥**

હે પ્રાણિયો ! જે ધર્મકાર્ય કાલ કરવા યોગ્ય હોય, તેને આજ જ ઉતાવળા કરો. કારણ કે. મુહૂર્ત્ત (બે ઘડીનો કાળ) પણ ઘણા જ વિઘ્નવાળો છે. માટે જે ધર્મ-કાર્ય પહેલા પહોરમાં કરવાનું હોય, તેને પાછલા પહોરે કરીશું; એમ વિલંબ ન કરો. (૩)

**ही संसार सहावं, चरियं नेहाणुराय रत्तावि ।**
**जे पुव्वन्हे दिट्ठा, ते अवरन्हे न दीसंति ॥ ४ ॥**

સંસારના સ્વભાવનું આચરણ દેખીને મને ઘણો જ ખેદ થાય છે ! કારણ કે, પ્રેમબંધને કરી બંધાએલા એવા જે સ્વજનાદિક પ્રાતઃકાળમાં દીઠા હોય, તે જ (સ્વજનાદિક) પાછા સાંજે નથી દેખાતા ! (૫)

**मा सुअह जग्गिअव्वे, पलाइअव्वंमि कीस विसमेह ।**
**तिन्नि जणा अणुग्लगा, रोगो अ जरा अ मच्चू अ ॥६॥**

હે લોકો ! જાગવાને ઠેકાણે સૂઇ ન રહો. અર્થાત્ ધર્મકાર્યમાં પ્રમાદ ન કરો અને નાસવાની જગ્યાએ કેમ વિસામો કરો છો ? અર્થાત્ આ સંસાર નાસવાની જગ્યા છે, તો તેમાં નિરાંતે કેમ બેસી રહ્યા છો ? કારણ કે, રોગ. વૃદ્ધાવસ્થા અને મૃત્યુ; એ ત્રણ જણો તમારી પૂંઠે લાગ્યા છે. (૫)

**दिवस निसा घडिमालं, आउ सलिलं जीआण घित्तूणं ।**
**चंदाइच्च बइल्ला, काल रहट्टं भमाडंति ॥ ६ ॥**

ચંદ્ર અને સૂર્ય રૂપી બળદો, દિવસ રાત્રી રૂપી ઘડાની શ્રેણિયો (પંક્તિયો) વડે જીવોનાં આઉખાં રૂપી પાણીને ગ્રહણ કરીને કાળરૂપી રહેંટને ઊંચે નીચે ભમાવે છે. અર્થાત્ ઊંચે નીચે ફેરવે છે. (૬)

**सा नत्थि कला तं न–त्थि ओसहं तं नत्थि किंपि विन्नाणं ।**
**जेण धरिज्जइ काया, खज्जंति कालसप्पेणं ॥ ७ ॥**

હે ભવ્ય જીવો, કાળ રૂપી સર્પે ખાવા માંડેલી કાયા, જેણે કરીને ધારણ કરીએ, અર્થાત્ રક્ષા કરીએ, તેવી બ્હોંતેર કળા માંહેલી કોઇ પણ કળા નથી, તેવું ઔષધ નથી અને તેવું વિજ્ઞાન (શિલ્પચાતુરી) પણ નથી. અર્થાત્ નાશ થતા શરીરની રક્ષા કરે એવી કોઇપણ વસ્તુ નથી. (૭)

**दीहर फणिंद नाले, महिअर केसर दिसा महदलिल्ले ।**
**ओ पीअइ कालभमरो, जण मयरंदं पुहविपउमे ॥ ८ ॥**

આ ઘણી ખેદકારક વાર્તા છે. અર્થાત્ આ વાત જે ન જાણે, તેને ઘણોજ પશ્ચાતાપ થાય છે કે, જે કાળરૂપી ભ્રમર, મ્હોટા શેષનાગરૂપ નાળવાળા, પર્વત રૂપ કેસરાવાળા અને દિશા રૂપ મ્હોટા પત્રવાળા પૃથ્વીરૂપ કમળમાં રહેલા જન રૂપી મકરંદને (લોકરૂપી રસને) પીએ છે. (૮)

**छाया मिसेण कालो, सयल जीआणं छलं गवेसंतो ।**
**पासं कहवि न मुंचइ, ता धम्मे उज्जमं कुणह ॥ ९ ॥**

હે ભવ્ય પ્રાણિયો! છિદ્રને ખોળનારો કાળ, શરીરની

છાયાને વિષે સર્વ જીવોના પડખાને કોઈ પ્રકારે પણ મૂકતો નથી. તે કારણ માટે ધર્મને વિષે ઉદ્યમ કરો. (૯)

**कालंमि अणाईए, जीवाणं विविह कम्म वसगां ।**
**तं नत्थि संविहाणं, संसारे जं न संभवइ ॥ १० ॥**

આદિ રહિત ( કાળ, કર્મ, જીવ અને સંસાર એ સર્વેનું અનાદિપણું છે. ) કાળચક્રમાં પરિભ્રમણ કરતા અને નાના પ્રકારના કર્મને વશ થએલા જીવોને, જે સંવિધાન ( એકેંદ્રિયાદિક ભેદ ) પ્રાપ્ત થએલો સંભવતો નથી. એમ તે નથી. અર્થાત્ સર્વે એકેંદ્રિયાદિક ભેદ એ જીવોને થએલા સંભવે છે. (૧૦)

अनुष्टुपवृत्तम् !

**बंधवा सुहिणो सव्वे, पिअ माया पुत्त भारिया ।**
**पेअवणाओ निअत्तंति, दाऊणं सलिलंजलिं ॥ ११ ॥**

હે જીવ ! બંધવો, મિત્રો, માતા, પિતા, પુત્ર અને સ્ત્રી, તે સર્વ મૃત્યુ પામેલા મનુષ્યને પાણીની અંજળી આપીને સ્મશાનથી પાછા ઘેર આવે છે, પરંતુ તેમાંનું કોઈ પણ મરણ પામેલા મનુષ્યની સંગાથે જતું નથી. (૧૧)

आर्यात्रृत्तम् ।

**विहडंति सुआ विहडं-ति बंधवा वल्लहा य विहडंति ।**
**इक्को कहवि न विहडइ, धम्मो रे ×जीव जिणभणिओ ॥१२॥**

---

× અહિં-હે, એવું સંબોધન મૂકતાં રે, એવું અધમ સંબોધન મૂક્યું છે, તેનું એ કારણ છે કે, આ જીવને ધર્મ વિના કોઈ પણ સહાયકારી નથી, તો પણ તેને મૂકીને બીજાને સહાયકારી માની બેઠો છે માટે.

હે અજ્ઞાની જીવ ! પુત્ર પુત્રીઓનો વિયોગ થાય છે, સ્વજનનો વિયોગ થાય છે અને વ્હાલી સ્ત્રીઓનો પણ વિયોગ થાય છે; પરંતુ એક જિન પરમાત્માએ કહેલો ધર્મ ક્યારે પણ વિયોગ પામતો નથી. અર્થાત્ આ જીવને સાચું સગપણ તો ધર્મનું જ છે. (૧૨)

**अडकम्म पास बद्धो, जीवो संसार चारए ठाई ।**
**अडकम्म पास मुक्को, *आया सिवमंदिरे ठाई ॥ १३ ॥**

હે આત્મન્ ! આઠ કર્મ રૂપી પાસે બંધાએલો જીવ, સંસાર રૂપી બંધીખાનામાં રહે છે અને આઠ કર્મ રૂપી પાસથી મૂકાએલો આત્મા મોક્ષ મંદિરમાં રહે છે. (૧૩)

**विहवो सज्जण संगो, विसयसुहाइं विलास ललिआइं ।**
**नलिणीदलग्ग घोलिर, जललव परि चंचलं सव्वं ॥ १४ ॥**

વિભવ એટલે લક્ષ્મી, તથા માતા, પિતા, ભાઇ, ભાર્યા વિગેરેનો સંબંધ અને વિલાસે કરીને સુંદર એવાં વિષયસુખ, એ સર્વે કમલિની (પોયણી) ના પાનના અગ્ર ભાગમાં રહેલા પાણીના બિંદુ જેવાં અતિશે ચંચળ છે. (૧૪)

**तं कत्थ बलं तं क-त्थ जुव्वणं अंगचंगिमा कत्थ ।**
**सव्व-मणिच्चं पिच्छह, दिट्ठं नठं कयंतेण ॥ १५ ॥**

હે પ્રાણિયો ! તે શરીરનું બળ ક્યાં ગયું ? તે

---

* આ જીવ જ્યાં સુધી કર્મ વડે બંધાએલો છે, ત્યાં સુધી એને મ્હોટા પુરૂષો જીવ કહે છે, અને જ્યારે કર્મથી મૂકાય છે, ત્યારે તેને આત્મા કહીને બોલાવે છે. તેવી વાત જણાવવાને માટે આ ગાથામાં જીવ તથા આત્મા એવા બે શબ્દો મૂકેલા છે.

જવાનીપણું ક્યાં ગયું ? અને તે શરીરનું સુંદરપણું પણ ક્યાં ગયું ? જે કારણ માટે કાળે કરીને પ્રથમ દીઠું અને પછી નાશ પામ્યું. એ પ્રકારે સર્વ વસ્તુનું અનિત્યપણું અવલોકન કરો. અર્થાત્ અનિત્ય વસ્તુનો વિચાર કરો.

**घणकम्म पास बद्धो, भवनयर चउप्पहेसु विविहाओ ।**
**पावइ विडंबणाओ, जीवो को इत्थ सरणं से ॥ १६ ॥**

હે પ્રાણિન્ ! નિવિડ કર્મ રૂપ પાસથી બંધાએલો જીવ, સંસાર રૂપ નગરના ચાર ગતિ રૂપ ચૌટામાં અનેક પ્રકારની દુઃખ દાયક વિટંબનાને પામે છે; તે કારણ માટે એ સંસારમાં તે પ્રાણીને કોણ રક્ષણ કરનાર છે ? અર્થાત્ કોઇ પણ કરનાર નથી. (૧૬)

**घोरंमि गप्भवासे, कलमल जंबाल असुई बीभच्छे ।**
**वसिओ अणंतखुत्तो, जीवो कम्माणुभावेण ॥ १७ ॥**

જીવ ઘોર એટલે ભયાનક પેટમાં રહેલા દ્રવ્યના (પદાર્થોના) સમૂહ રૂપ કાદવે કરીને અશુચિ અને બીભત્સ એટલે કમકમાટી ભરેલા ગર્ભાવાસમાં શુભાશુભ કર્મના પ્રભાવે કરીને અનંતીવાર રહેલો છે. (૧૭)

**चुलसीई कीर लोए, जोणीणं पमुह सयसहस्साइं ।**
**इक्किक्कम्मि अ जीवो, अणंतखुत्तो समुप्पन्नो ॥ १८ ॥**

લોકમાં જીવની ઉત્પત્તિનાં સ્થાનક ચોરાશીલાખ જ છે. તે ચોરાશીલાખ યોનીમાંની એક એક યોનીમાં જીવ અનંતીવાર ઉત્પન્ન થયો છે. (૧૮)

**माया पिय बंधूहिं, संसारत्थेहिं पूरिओ लोओ ।**
**बहु जोणी निवासिहिं, नय ते ताणं च सरणं च ॥ १९ ॥**

સંસારને વિષે રહેલા અને ઘણી એટલે ચોરાશી-લાખ યોનીમાં નિવાસ કરીને રહેલા માતા, પિતા અને બંધુએ કરીને લોક પૂરેલો છે; માટે તે સર્વે (માતા, પિતા અને બંધુ વગેરે) ત્હારૂં રક્ષણ કરનાર અને ત્હારે શરણ કરવા ચોગ્ય નથી જ. કારણ કે, જે પોતે જ બંધનમાં પડયા હોય, તે સામાને બંધનથી શી રીતે છોડાવે ? (૧૯)

**जीवो वाहि विलुत्तो, सफरो इव निज्जले तडप्फडई ।**
**सयलोवि जणो पिच्छइ, को सक्को वेअणा विगमे ॥ २० ॥**

વ્યાધિએ કરીને ઉપદ્રવવાળો જીવ, જળ રહિત પ્રદેશમાં માછલાંની પેઠે તરફડે છે. તે પ્રકારે રોગે કરીને પીડાતા પ્રાણીને સર્વ લોક દેખે છે, પરંતુ તે જીવની વેદનાનો નાશ કરવાને કોણ સમર્થ થાય ? અર્થાત્ કોઈ પણ ન થાય. (૨૦)

**मा जाणसि जाव तुमं, पुत्त कलत्ताइ मज्झ सुहहेऊ ।**
**निउणं बंधण-मेयं, संसारे संसारंताणं ॥ २१ ॥**

હે પ્રાણિન્ ! પુત્ર તથા સ્ત્રી વિગેરે મ્હારે સુખનું કારણ થશે એમ તું ન જાણીશ; કારણ કે, સંસારમાં નરક તિર્યંચાદિ રૂપે ભ્રમણ કરતા જીવોને એ પુત્ર અને સ્ત્રી વિગેરે ઉલટાં અતિશય બંધન રૂપે થાય છે. (૨૧)

जणणी जायई जाया, जाया माया पिया य पुत्तो य ।
अणवत्था संसारे, कम्मवसा सव्व जीवाणं ॥ २२ ॥

સંસારમાં કર્મના વશથી સર્વ જીવોની અનવસ્થા એટલે એક જાતની સ્થિતિ નથી રહેતી. જેમ કે, માતા ભવાંતરે સ્ત્રી રૂપે, સ્ત્રી માતા રૂપે, પિતા પુત્ર રૂપે અને પુત્ર પિતા રૂપે થાય છે! (૨૨)

अनुष्टुपवृत्तम् ।

न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं,
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥ २३ ॥

જ્યાં સર્વ જીવો અનંતીવાર નથી ઉત્પન્ન થયા અને નથી મરણ પામ્યા, એવી કોઈ પણ જાતિ નથી, યોનિ નથી, સ્થાન નથી અને કુળ પણ નથી. અર્થાત્ સર્વ જીવોને પૂર્વે કહેલાં સ્થાનકો અનંતીવાર થયા છે. (૨૩)

आर्यावृत्तम् ।

तं किंपि नत्थि ठाणं, लोए वालग्ग कोडिमित्तंपि ।
जत्थ न जीवा बहुसो, सुह दुक्ख परंपरं पत्ता ॥ २४ ॥

જે સ્થાનમાં જીવો સુખ દુઃખની પરંપરાને ઘણીવાર નથી પામ્યા. તેવું કોઈ પણ લોકમાં કિંચિત્ માત્ર સ્થાનક નથી. અર્થાત્ આ જીવ સર્વ સ્થાનકમાં જઈ આવ્યો છે. (૨૪)

सव्वाओ रिद्धीओ, पत्ता सव्वेवि सयण संबंधा ।
संसारे तो विरमसु, तत्तो जइ मुणसि अप्पाणं ॥ २५ ॥

હે આત્મન! તું સંસારમાં સર્વ ઋદ્ધિયો અને સર્વ

સ્વજન સંબંધ પામ્યો છું. તે કારણ માટે જો આત્માને જાણે છે, તો તે ઋદ્ધિઆદિકથી વિરામ પામ. (૨૫)

**एगो बंधइ कम्मं, एगो वह बंध मरण वसणाइं ।**
**विसहइ भवंमि भमडइ, एगुच्चिअ कम्मवेलविओ ॥ २६ ॥**

એકલો અર્થાત્ સહાય રહિત જીવ, જ્ઞાનાવરણીઆદિ કર્મને આત્માની સંગાથે બાંધે છે, તથા એકલો જ ભવાંતરમાં તાડન, બંધન, મરણ અને આપત્તિને પણ સહન કરે છે. વળી એકલો જ આ જીવ કર્મવડે ઠગાઇને સંસારમાં ભમે છે. ( ૨૬ )

**अन्नो न कुणइ अहियं, हियंपि अप्पा करेइ न हु अन्नो ।**
**अप्पकयं सुह दुक्खं, भुंजसि ता कीस दीणमुहो ॥ २७ ॥**

હે પ્રાણિન્ ! અન્ય એટલે બીજો કોઈ અહિત ( અનિષ્ટ ) ને તથા હિતને નથી જ કરતો, પણ ત્હારો આત્માજ કરે છે. તે કારણ માટે આત્માયે કરેલા સુખ દુ:ખને પોતે ( આત્મા ) જ ભોગવે છે; તો તું દીન મુખવાળો કેમ થાય છે. ? ( ૨૭ )

**बहु आरंभ विढत्तं, वित्तं विलसंति जीव सयण गणा ।**
**तज्जणिय पावकम्मं, अणुहवसि पुणा तुमं चेव. ॥ २८ ॥**

હે પ્રાણિન્ ! માતા, પિતા, ભાઈ, સ્ત્રી અને પુત્ર વિગેરે સ્વજનનો સમૂહ, તે સર્વે તેં ખેતીઆદિક ઘણા આરંભે કરીને ઉપાર્જન કરેલા ધનથી વિલાસ કરે છે અને તે આરંભે કરીને ઉત્પન્ન થએલા પાપકર્મને તું એકલો

જ અનુભવ કરીશ. અર્થાત્ નરકાદિકમાં તે પાપનું ફળ તું એકલો જ ભોગવીશ. (૨૮)

**अह दुक्खियाइ तह भु–क्खियाइ जह चिंतियाइ डिंभाइ ।**
**तह थोवंपि न अप्पा, विचिंतिओ जीव किं भणिमो ॥ २९ ॥**

હે જીવ ! મોહને વશ થએલો તું, જેમ આ મ્હારાં બાળક હવે દુઃખીયાં છે, તેમ જ ભૂખ્યાં છે, એમ રાત્રિ દિવસ ચિંતવન કરે છે, પરંતુ તેવી રીતે તેં પોતાના આત્માને થોડો પણ નથી ચિંતવન કર્યો; માટે તને શું કહીએ ! (૨૯)

**खणभंगुरं सरीरं, जीवो अन्नो अ सासय सरूवो ।**
**कम्मवसा संबंधो, निब्बंधो इत्थ को तुज्झ ॥ ३० ॥**

હે આત્મન્ ! ક્ષણભંગુર એટલે ક્ષણમાં નાશ પામવાના સ્વભાવવાળું આ શરીર છે અને શરીરથી જૂદો શાશ્વત સ્વરૂપવાળો જીવ છે તેને કર્મના આધીનપણાથી શરીરની સાથે સંયોગ થયો છે, માટે એ શરીરમાં ત્હારો શો પ્રતિબંધ છે ? અર્થાત્ એ શરીરમાં ત્હારે શી મૂર્ચ્છા છે ? (૩૦)

**कह आय कह चलियं, तु मंपि कह आगओ कहं गमिही ।**
**अन्नुन्नंपि न याणह, जीव कुटुंब कओ तुज्झ ॥ ३१ ॥**

હે જીવ ! આ માતા, પિતા, ભાઈ તથા સ્ત્રી વિગેરે કુટુંબ કયાંથી આવ્યું ? અને અહિંથી મરીને કયાં ગયું ? તેમ તું પણ કયાંથી આવ્યો અને કયાં જઇશ ?

એમ એક બીજાને પણ નથી જાણતો, માટે ત્હારૂં કુટુંબ ક્યાંથી ? અર્થાત્ એક બીજાને જાણ્યા વગર આ મ્હારૂં કુટુંબ છે એમ માની બેસવું તે ખોટું છે. ૩૧

**खणभंगुरे सरीरे, मणुअभवे अप्भपडल सारिच्छे ।**
**सारं इत्तिय मित्त, जं कीरइ सोहणो धम्मो ॥ ३२ ॥**

હે આત્મન્ ! ક્ષણ ક્ષણમાં નાશ પામનારા શરીર છતે, વાયરાથી નાશ પામનારા મેઘના સમૂહ જેવા મનુષ્ય ભવમાં, પાંચ આશ્રવથી વિરામ પામવા રૂપ જે સારો જિનપ્રણીત ધર્મ કરીએ, એટલોજ માત્ર સાર છે. (૩૨)

( अनुष्टुप्वृत्तम् )

**जम्म दुक्खं जरा दुक्खं, रोगा य मरणाणि य ।**
**अहो दुक्खो हु संसारे, जत्थ कीसंति जंतुणो ॥ ३३ ॥**

આશ્ચર્ય છે કે, આ સંસારમાં કાંઇપણ સુખ નથી ! કારણ કે, જન્મ સંબંધી દુઃખ ! જરા સંબંધી દુઃખ ! અનેક પ્રકારની વ્યાધિનાં દુઃખ ! અને મરણનાં પણ દુઃખ જ થાય છે ! ! માટે જે સંસારમાં પ્રાણી કલેશ પામે છે, તે સંસાર કેવળ દુઃખ રૂપજ છે ! ! ! (૩૩)

आर्यावृत्तम् ।

**जाव न इंदिय हाणी, जाव न जररक्खसी परिप्फुरई ।**
**जाव न रोगविआरा, जाव न मच्चू समुल्लिअई ॥ ३४ ॥**

હે જીવ ! જ્યાંસુધી ઇંદ્રિયોનું ક્ષીણપણું નથી થયું, જ્યાં સુધી જરા રૂપ રાક્ષસી નથી પ્રગટ થઇ, જ્યાં સુધી

રોગ વિકાર નથી પ્રગટ થયા અને જ્યાં સુધી મૃત્યુ નથી ઉદયમાં આવ્યું, ત્યાં સુધીમાં બને તેટલું ધર્મસાધન કરી લે. ( ૩૪ )

**जह गेहंमि पलित्ते, कूवं खणिउ न सक्कए कोई ।**
**तह संपत्ते मरणे, धम्मो कह कीरए जीव ॥ ३५ ॥**

હે જીવ ! જેમ ઘર બળવા માંડયું હોય, તે વખતે કોઈ કૂવો ખોદાવવાને ન સમર્થ થાય તેમ મરણ પ્રાપ્ત થાય તે વખતે ધર્મ કિયે પ્રકારે કરી શકાય ? ( ૩૫ )

**रुव-मसासय-मेयं, विज्जुलया चंचलं जए जीअं ।**
**संझाणुराग सरिसं, खणरमणीअं च तारुन्नं ॥ ३६ ॥**

હે આત્મન્ ! આ શરીરનું સુંદરપણું અશાશ્વત છે, જગતમાં જીવિત વીજળીની લતાના જેવું ચંચળ છે અને જવાનીપણું સંધ્યાકાળના નાના પ્રકારના રંગ સરખું ક્ષણુ-માત્ર સુંદર દેખાય તેવું છે. ( ૩૬ )

**गय कन्न चंचलाओ, लच्छीओ तिअसचाव सारिच्छं ।**
**विसयसुहं जीवाणं, बुज्झसु रे जीव मा मुज्झ ॥ ३७ ॥**

જીવોની લક્ષ્મીઓ હસ્તીના કાન જેવી ચંચળ છે અને વિષયસુખ ઇંદ્રના ધનુષ્ય ( આકાશમાં નાના પ્રકારના ધનુષ્યની આકૃતિવાળાં વાદળાં દેખાય છે તે ) સરખાં ચંચળ છે, તે કારણુ માટે હે મૂઢ જીવ! બોધ પામ અને તે લક્ષ્મી તથા વિષયસુખમાં મોહ ન પામ. ( ૩૭ )

**जह संझाए सउणा–ण, संगमो जह पहे अ पहिआणं ।**
**सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीव ॥ ३८॥**

જેમ સંધ્યાકાળે પક્ષીઓનો અને માર્ગમાં માર્ગે જનારા લોકોનો સમાગમ થાય છે, એટલે માર્ગમાં જનાર લોકોનો તથા પક્ષીઓનો સમાગમ જેમ થોડા કાળનો છે, તેમ હે જીવ ! સ્વજનનો સંયોગ પણ ક્ષણભંગુર છે. અર્થાત્ ક્ષણમાં નાશ પામવાના સ્વભાવવાળો છે. (૩૮)

**काव्यम् ।**

**निसा विरामे परिभावयामि, गेहे पलित्ते कि–महं सुयामी ।**
**डज्झंत–मप्पाण–मुवरक्खयामि,**
**जं धम्म रहिओ दिअहा गमामि ॥ ३९ ॥**

હે જીવ ! તને એવો વિચાર કેમ નથી આવતો કે, કે હું પાછલી ચાર ઘડિ રાત્રી રહે. ત્યારે જાગીને આવો વિચાર કરૂં કે, જે હું ધર્મ રહિત થયો છતો દિવસોને ફોગટ કેમ ગુમાવું છું ? તથ! શરીરરૂપી ઘર બળવા માંડે છતે હું શા માટે સૂઇ રહું છું ? અને શરીર રૂપ ઘરની સાથે બળતા આત્માની ઉપેક્ષા કેમ કરૂં છું ? અર્થાત્ હું દેહની સાથે રહેલા બળતા આત્માની રક્ષા કેમ નથી કરતો ? ( ૩૯ )

**अनुष्टुप्वृत्तम् ।**

**जा जा वच्चई रयणी, न सा पडिनियत्तई ।**
**अहम्मं कुणमाणस्स, अहला जंति राइओ ॥ ४० ॥**

હે આત્મન ! જે જે રાત્રી દિવસ જાય છે, તે તે

પાછા આવતા નથી. કેમ કે, અધર્મને કરનારા ત્હારા રાત્રી દિવસો નિષ્ફળ જાય છે.

जस्स ऽत्थि मच्चूणा सख्खं, जस्स व ऽत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुए सिया ॥ ४१ ॥

હે જીવ! જે પુરૂષને મૃત્યુ સંગાથે મિત્રતા છે, જે પુરૂષને મૃત્યુથી નાસી જવું છે અને જે પુરૂષ એમ જાણે છે કે, હું મરીશજ નહિ તે તે પુરૂષ કદાચિત્ આવતી કાલે ધર્મ કરીશ એવી ઇચ્છા કરે. (૪૧)

आर्यावृत्तम् ।

दंड कलिअं करित्ता, वच्चंति हु राइओ अ दिवसा य ।
आउस्सं संविल्लंता, गयावि न पुणो नियत्तंति ॥ ४२ ॥

હે આત્મન્ જેમ દંડ સૂત્રની કલના કરે છે, એટલે લૂગડું વણુવાને માટે ફાળકા ઊપર રહેલા સૂત્રને જેમ અત્યંજ લોકો દંડથી ઉકેલે છે, તેમ રાત્રી દિવસો પણ આઉખાને ઉકેલતા જાય છે; પરંતુ તે ગએલા રાત્રી દિવસો ફરીથી પાછા આવતા જ નથી. (૪૨)

उपजातिवृत्तम् ।

जहेह सीहो व मियं गहाय, मच्चू नरं णेइ हु अंतकाले ।
न तस्स माया व पिया व भाया,
कालंमि तंमिसहरा भवंति ॥ ४३ ॥

જેમ આ લોકમાં સિંહ મૃગને ગ્રહણ કરીને નાશ

કરે છે, તેમ મૃત્યુ પુરૂષને આયુષ્ય પૂર્ણ થએ લઈજ જાય છે; પરંતુ તે પુરૂષને તે સમયમાં ( મરણની વખતે ) માતા, પિતા અને ભાઈ અંશમાત્ર પણ રક્ષણ કરવાને સમર્થ થતા નથી. ( ૪૩ )

आर्यावृत्तम् ।

**जीअं जलबिंदु समं, संपत्तीओ तरंग लोलाओ;**
**सुमिणय समं च पिम्मं, जं जाणसु तं करिज्जासु. ॥ ४४ ॥**

હે આત્મન્ ! જીવવું ડાભના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુ સમાન ચંચળ છે, સંપત્તિઓ સમુદ્રના તરંગ જેવી ચંચળ છે અને સ્ત્રી વિગેરેનો પ્રેમ સ્વપ્ન સમાન છે. તે કારણ માટે જો ખરી રીતે તેઓનું અસ્થિરપણું જાણતો હોય. તો જાણ્યા પ્રમાણે કર. અર્થાત્ પ્રમાદ મૂકી દઈને ધર્મસાધન કર.

रथोद्धतावृत्तम् ।

**संझराग जलबुब्बु ओवमे, जीविए अ जलबिंदु चंचले;**
**जुव्वणे य नइवेग संनिभे, पावजीव किमियं न बुज्झसे ॥४५॥**

સંધ્યા સમયના રંગ અને પાણીના પરપોટાની ઉપમાવાળું તથા ડાભના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુ જેવા ચંચળ જીવિત સતે અને નદીના વેગ સરખા જોવન સતે પણ હે પાપ જીવ ! તું બોધ પામતો નથી એ તે શું ! ! ! ( ૪૫ )

आर्यावृत्तम् ।

**अन्नत्थ सुआ अन्नत्थ, गेहिणी परिअणेवि अन्नत्थ ।**
**भूअबलिव्व कुडुंवं, पक्खित्तं हय कयंतेण ॥ ४६ ॥**

નિંદા કરવા યોગ્ય માઠા કર્મ રૂપ યમ રાજાએ, આગળ કહેશે એવા સર્વ કુટુંબને જેમ ભૂતને બળિદાન આપે, તેવી રીતે પુત્ર પુત્રીઓને, વ્હાલી સ્ત્રીને અને પરિવારને જૂદી જૂદી ગતિમાં પહોચાડયાં છે. (૪૬)

**जीवेण भवे भवे, मिलियाइ देहाइ जाइ संसारे;**
**ताणं न सागरेहिं, कीरइ संखा अणंतेहिं ॥ ४७ ॥**

હે આત્મન્ ! સંસારને વિષે જીવે ભવો ભવમાં જે દેહ કર્યા છે, તે દેહની અનંત સાગરે કરીને અર્થાત્ અનંતા સાગરના પાણીના બિંદુએ કરીને અથવા અનંતા સાગરોપમ કાળે કરીને પણ સંખ્યા નથી કરી શકાતી ! ( ૪૭ )

**नथणोदयंपि तासिं, सागर सलिलाउ बहुअरं होई ।**
**गलिअं रुअमाणीणं, माऊणं अन्नामन्नाणं ॥ ४८ ॥**

જે રડતીઓ અને ઉપરા ઉપર જન્મમાં થએલી માતાઓના શોકથી નીકળતા નેત્રના આંસુ સમુદ્રના પાણીથી પણ અતિશે અધિક હોય છે. (૪૮)

**जं नरए नेरइआ, दुहाइ पावंति घोरऽणंताइ ।**
**तत्तो अणंतगुणियं, निगोअ मज्झे दुहं होई ॥ ४९ ॥**

નરકમાં નારકીના જીવો જે મહા ઘોર અનંત દુઃખ પામે છે, તેથી પણ નિગોદ મધ્યમાં અનંતગણું દુઃખ હોય છે. (૪૯)

तंमि वि निगोअ मज्झे, वसिओ रे जीव विविह कम्मवसा।
विसहंतो तिरक्ख दुहं, अणंत पुग्गल परावत्ते ॥ ५० ॥

હે જીવ! નાના પ્રકારના કર્મના વશે કરીને તે નિગોદની મધ્યે પણ અનંતપુદ્ગળ પરાવર્ત્તકાળ સુધી એટલે અનંતા સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગળ પરાવર્ત્ત કાળ પર્યંત તું તીક્ષ્ણ દુઃખ સહન કરતો છતો રહ્યો છું, (૫૦)

निहरीअ कहवि तत्तो, पत्तो मणुअत्तणंपि रे जीव ।
तत्थवि जिणवर धम्मो, पत्तो चिंतामणि सारिच्छो ॥ ५१ ॥

હે જીવ! તું કોઇ મહા કષ્ટે કરીને પણ તે નિગોદમાંથી નીકળીને મનુષ્યપણાને પામ્યો છું, તેમાં પણ તને ચિંતામણિ રત્ન સરખો જિનવરનો ધર્મ પ્રાપ્ત થયો છે. (૫૧).

पत्तेवि तंमि रे जीव, कुणसिपमायं तुमं तयं चेव ।
जेणं भवंधकूवे, पुणोवि पडिओ दुहं सहसि ॥ ५२ ॥

હે જીવ! તે જિનવરનો ધર્મ પામે છતે પણ તું જેને કરીને ફરીથી સંસારરૂપ અંધ કૂવામાં પડયો છતો દુઃખને પામે, તેવા જ પ્રમાદને કેમ કરે છે? (૫૨)

उवलद्धो जिणधम्मो, नय अणुचिन्नो पमाय देसेणं ।
हा जीव अप्प वेरि अ, सुबहुं परओ विसूरिहिसि ॥ ५३ ॥

હે જીવ! તું દૈવયોગથી જિનધર્મ પામ્યો, પરંતુ આળસ્યાદિક દોષે કરીને તેં સેવ્યો નથી. આ ઘણી ખેદકારક વાર્તા છે. તે કારણ માટે હે આત્માના વૈરી! પરલોકમાં તું ઘણો જ ખેદ પામીશ. (૫૩)

**सोअंति ते वराया, पच्छा समुवट्ठियंमि मरणंमि ।**
**पाव पमाय वसेणं, न संचियो जेहिं जिणधम्मो ॥ ५४ ॥**

જેમણે પાપ રૂપ પ્રમાદને વશ થઇને જિનધર્મ નથી કર્યો એટલે પોતાના આત્મામાં જિનધર્મ બરાબર નથી ઠસાવ્યો; તેવા રાંક પુરૂષો મરણ પામે છતે પાછળથી શોક કરે છે.

**धीधीधी संसारं, देवो मरिऊण जं तिरी होई ।**
**मरिऊण रायराया, परिपच्चई निरयजालाए ॥ ५५ ॥**

જે કારણ માટે દેવતા મરણ પામીને તિર્યંચ થાય છે અને રાજાના પણ રાજા એવા ચક્રવર્તિ મરણ પામીને નરકની જ્વાળાએ કરીને અતિશે પચાય છે; માટે તેવા સંસારને ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ !! ધિક્કાર થાઓ !!!

**जाइ अणाहो जीवो, दुमस्स पुप्फं व कम्मवाय हओ ।**
**धण धन्ना हरणाइ, घर सयण कुटुंब मिल्लेवि ॥ ५६ ॥**

અનાથ જીવ ધન, ધાન્ય અને આભરણોને તથા ઘર, સ્વજન અને કુટુંબને મૂકીને કર્મરૂપ વાયુએ હણાયો છતો વૃક્ષના પુષ્પની પેઠે પડે છે. અર્થાત્ નરકાદિક દુર્ગતિમાં જાય છે.

**वसियं गिरीसु वसियं, दरीसु वसियं समुद्द मज्झंमि ।**
**रुख्खग्गेसु य वसियं, संसारे संसरंतेणं ॥ ५७ ॥**

હે આત્મન્! સંસારમાં પર્યટન કરનારા તેં પર્વતોમાં, પર્વતોની ગુફામાં, સમુદ્રની મધ્યમાં અને વૃક્ષના અગ્રભાગમાં

પણ નિવાસ કર્યો છે. અર્થાત ઉપર કહેલા સર્વ સ્થાનકોમાં તું અનંતીવાર નિવાસ કરી આવ્યો છું.

**देवो नेरइओत्ति य, कीड पयंगुत्ति माणुसो एसो ।**
**रूवस्सी य विरूवो, सुहभागी दुख्खभागो य ॥ ५८ ॥**

હે જીવ! તું કેટલીએક વખત દેવતા, નારકી, કીડો અને પતંગિયો થયો છું, કેટલીએક વખત મનુષ્ય થયો છું, તેમજ કેટલીએક વખત રૂપવંત, કુરૂપવંત, સુખ ભોગવનાર તથા દુઃખ ભોગવનાર પણ થયો છું. (૫૮)

**राउत्ति य दमगुत्ति य, एस सवागुत्ति एस वेयविऊ ।**
**सामी दासो पुज्जो, खलोत्ति अधणो धणवइत्ति ॥ ५९ ॥**
**नवि इत्थ कोइ नियमो, सकम्म विणिविठ सरिस कयचिट्ठो ।**
**अन्नुन्न रूव वेसो, नडुव्व परिअत्तए जीव ॥ ६० ॥ युग्मम् ॥**

હે જીવ! તું કેટલીએક વખત રાજા, ભીખારી, ચંડાળ અને વેદનો જાણનાર (બ્રાહ્મણ) થયો છું. વળી તેજ તું સ્વામી, દાસ, પૂજ્ય, ખળ, નિર્ધન અને ધનવાન પણ થયો છું! એમાં કોઈ પ્રકારનો નિયમ નથીજ; કારણ કે વિનિવેશ એટલે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ રૂપ રચનાના સરખી ચેષ્ટાયે કરીને અર્થાત્ દેવાદિક પર્યાય રૂપના અધ્યાસ (આશ્રય) રૂપ વ્યાપારે કરીને નટની પેઠે અન્ય અન્ય રૂપ અને અન્ય અન્ય વેષવાળો જીવ પર્યટણ કરે છે.(૫૯–૬૦)

**नरएसु वेअणाओ, अणोवमाओ असाय बहुलाओ ॥**
**रे जीव तए पत्ता, अणंतखुत्तो बहुविहाओ ॥ ६१ ॥**

હે જીવ! તેં રત્નપ્રભાદિક સાત નરકમાં ઉપમા રહિત દુઃખે કરીને ભરેલી એટલે અશાતાવેદનીય કર્મથી ઉત્પન્ન થએલી એવી બહુ પ્રકારની વેદનાઓ અનંતીવાર પામી છે.

**देवत्ते मणुअत्ते, पराभिओगत्तणं उवगएणं ॥**
**भीसण दुहं बहुविहं, अणंत खुत्तो समणुभूअं ॥ ६२ ॥**

હે જીવ! દેવ ભવમાં અને મનુષ્ય ભવમાં પરતંત્રપણાને પામેલા તેં, બહુ પ્રકારના ભયાનક દુઃખને અનંતીવાર અનુભવ કર્યું છે અર્થાત્ ભોગવ્યું છે. (૬૨)

**तिरियगइ-मणुपत्तो, भीसण महावेअणा अणेगविहा ।**
**जम्मण मरण रहट्टे, अणंतखुत्तो परिप्भमिओ ॥ ६३ ॥**

હે આત્મન્! તું તિર્યંચ ગતિને પામ્યો ત્યાં અનેક પ્રકારની ભયંકર મ્હોટી વેદનાઓ સહન કરતો છતો જન્મ જરા રૂપ રહેંટમાં અનંતીવાર પરિભ્રમણ કરી આવ્યો છું.

**जावंत केवि दुक्खा, सारीरा माणसा व संसारे ॥**
**पत्तो अणंतखुत्तो, जीवो संसारकंतारे ॥ ६४ ॥**

જીવ, સંસારમાં શરીર સંબંધી અને મન સંબંધી જેટલાં કોઈ પણ દુઃખ છે, તેને સંસારરૂપી અટવીમાં અનંતીવાર પામ્યો છે.

**तन्हा अणंतखुत्तो, संसारे तारिसी तुमं आसी ।**
**जं पसमेउ सव्वो-दहीण-मुदयं न तीरिज्जा ॥ ६५ ॥**

હે જીવ! તને નરક રૂપ સંસારમાં અનંતીવાર એવી તૃષા ઉત્પન્ન થઈ હતી કે, જે તૃષાને શમાવવાને અર્થે સર્વ સમુદ્રોનું પાણી પણ ન સમર્થ થાય! (૬૫)

**आसी अणंतखुत्तो, संसारे ते छुहावि तारिसिया ॥**
**जं पसमेउ सव्वो, पुग्गलकाओबि न तिरिज्जा ॥६६॥**

હે આત્મન્! તને નરક રૂપ સંસારમાં અનંતીવાર એવી ક્ષુધા–ઉત્પન્ન થઇ હતી કે, જે ક્ષુધાને શમાવવાને અર્થે સર્વ ઘ્રતાદિ રૂપ પુદ્ગળના સમૂહ પણ ન સમર્થ થાય! (૬૬)

**काऊण–मणेगाइं, जम्मण मरण परियट्टण सयाइं ॥**
**दुक्खेण माणुसत्तं, जइ लहइ जहिच्छियं जीवो. ॥६७॥**

જ્યારે જીવ અનેક જન્મ મરણના પરાવર્ત્તનના સેંકડો દુઃખે કરીને મનુષ્યપણાને પામે છે, ત્યારે પોતાની ઇચ્છા પ્રમાણે કુશળપણાને પામે છે. (૬૭)

**तं तह दुल्लह लंभं, विज्जुलया चंचलं च मणुअत्तं ॥**
**धम्मंमि जो विसीयइ, सो काउरिसो न सप्पुरिसो ॥६८॥**

જે પુરૂષ ચુલ્લકાદિ દશ દષ્ટાંતે કરી દુઃખે પામવા યોગ્ય અને વીજળીરૂપ લતાના જેવા ચંચળ, તે મનુષ્યપણાને પામીને ધર્મમાં ખેદ પામે છે એટલે ધર્મ કરવામાં પ્રમાદ કરે છે તે કુપુરૂષ જાણવો, પણ સત્પુરૂષ ન જાણવો. (૬૮)

उपजातिवृत्तम् ।

**माणुस्स जम्मे तडि लद्धियंमि, जिणिंद धम्मो न कओ य जेणं॥**
**तुट्टे गुणे जह धाणुकएणं, हत्था मलेव्वा य अवस्स तेणं॥६९॥**

જેણે સંસાર સમુદ્રના કાંઠારૂપ મનુષ્ય જન્મ પામે છતે જિનેંદ્રનો ધર્મ કર્યો નથી તેને પણછ ત્રૂટી ગએલા ધનુર્ધારી પુરૂષની પેઠે (પાછળથી) અવશ્ય હાથ ઘસવા પડે છે!

पद्धरीवृत्तम् ।

**रे जीव निसुणि चंचल सहाव, मिल्हेविणु सयलवि बज्झभाव॥**
**नवभेय परिग्गह विविहजाल,संसारि अत्थि सहु इंदयाल.॥७०॥**

હે જીવ! સાંભળ કે તું ચંચળ સ્વભાવવાળા સર્વ શરીરાદિક બાહ્યભાવને તથા *નવભેદવાળો પરિગ્રહના અનેક પ્રકારના સમૂહને મૂકીને પરલોકમાં જઈશ. એ કારણ માટે સંસારમાં જે શરીરાદિક દેખાય છે, તે સર્વે ઇંદ્રજાળ સમાન છે. (૭૦)

**पिय पुत मित्त घर घरणि जाय;**
**इहलोइअ सव्व निय सुह सहाय ॥**
**नवि अत्थि कोइ तुह सरणि मुक्ख,**
**इक्कलु सहसि तिरि निरय दुक्ख ॥ ७१ ॥**

હે મૂર્ખ! આ લોક સંબંધી સર્વ પિતા, પુત્ર, મિત્ર, ઘર અને સ્ત્રીનો સમૂહ પોતપોતાને સુખ કરવાના સ્વભાવ-

* ૧ ધન, ૨ ધાન્ય, ૩ ક્ષેત્ર, ૪ ઘર, ૫ સોનું, ૬ રૂપું, ૭ ત્રાંબુ, પીત્તળ, ૮ દ્વીપદ, ૯ ચતુષ્પદ.

વાળો છે અને નરક તથા તિર્યંચ સંબંધી દુઃખને તું એકલોજ સહન કરે છે, પરંતુ તે વખતે તેમાંનું ત્હારે શરણ કરવા યોગ્ય કોઈ પણ થતું નથી.

मागधीकावृत्तम् ।

**कुसग्गे जह उसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ॥**
**एवं मणुआण जीवियं, समयं गोयम मा पमायए ॥ ७२ ॥**

શ્રી મહાવીર સ્વામી ગૌતમ સ્વામીને કહે છે કે–હે ગૌતમ! જેમ ડાભના અગ્રભાગમાં રહેલો અને લાંબો થએલો એટલે વાયુથી પડવાનિ તૈયારીમાં આવેલો ઝાકળનો બિંદુ થોડો કાળ રહે છે, એવી રીતે મનુષ્યનું જીવિત ચંચળ છે; માટે એક સમયમાત્ર પણ પ્રમાદ ન કરીશ. (૭૨)

**संबुज्झह किं न बुज्झह, संबोही खलु पिच्च दुल्लहा ॥**
**नो हूवणमंति राइओ, नो सुलहं पुणरवि जीवियं ॥ ७३ ॥**

શ્રી. ઋષભદેવ સ્વામીના પુત્ર ભરતેશ્વરે તિરસ્કાર કરેલા અને રાજ્યના અર્થિ એવા પોતાના અઠ્ઠાણું પુત્રોને શ્રી આદીશ્વર ભગવાન ઉપદેશ કરે છે, અથવા શ્રી મહાવીર સ્વામી પર્ષદાને કહે છે કે, હે ભવ્ય જીવો! તમે બોધ પામો. કેમ બોધ નથી પામતા? જે કારણ માટે જેમણે ધર્મ નથી કર્યો, તે પુરૂષોને મરણ પામ્યા પછી પરભવમાં બોધિ-બીજ દુર્લભ જ છે; કારણ કે, ગએલા રાત્રી દિવસો પાછા નથી જ આવતા, તેમજ જીવિત પણ ફરી ફરીને સુલભ નથી. (૭૩)

**હવે સર્વસંસારી જીવોને આયુષ્યનું અનિત્યપણું દેખાડે છે**

**डहरा बुड्ढा य पासह, गप्भत्थावि चयंति माणवा ।**
**सेणे जह वट्टयं हरे; एव–माउरुखयंमि तुट्टइ. ॥ ७४ ॥**

હે આત્મન્! ગર્ભમાં રહેલા, બાળક અને વૃદ્ધ પુરૂષો પણ નાશ પામે છે, તેને તું જો. વળી શીંચાણો પક્ષી જેમ તેતર પક્ષીને મારે છે, તેમ આયુષ્ય પણ ક્ષય થએ છતે ત્રૂટે છે. એટલે ક્ષણે ક્ષણે આયુષ્ય નાશ પામે છે.

**आर्यावृत्तम् ।**

**तिहुयण जणं मरंतं, दट्ठूण नयंति जे न अप्पाणं;**
**विरमंति न पावाओ, धीधी धिट्ठत्तणं ताणं. ७५**

જે પુરૂષો ત્રણ ભુવનના મનુષ્યને મરણ પામતા દેખીને પોતાના આત્માને ધર્મમાં નથી જોડતા અને પાપ થકી નથી વિરામ પામતા, તેમના ધિઠ્ઠાઇપણાને (નિર્લજ્જપણાને) ધિક્કાર થાઓ! ધિક્કાર થાઓ!! (૭૫)

**मा मा जंपह बहुयं, जे बद्धा चिक्कणेहिं कम्मेहिं;**
**सव्वेसिं तेसिं जायइ, हियोवएसो महादोसो. ७६**

અયોગ્ય શિષ્યોને કૃપાથી ઉપદેશ કરતા જોઇ યોગ્ય શિષ્યો ગુરૂને કહે છે કે, હે ગુરૂ! જે પુરૂષો ચીકણાં કર્મે કરીને બંધાએલા છે, તે પુરૂષોને ઘણો ઉપદેશ ન કરો! ન કરો!! કારણ કે, તે સર્વ અયોગ્ય શિષ્યોને હિતોપદેશ પણ મહા દોષવાળો અથવા મહા દ્વેષવાળો થાય છે. (૭૬)

**कुणसि ममत्तं धण सय–ण विहव पमुहेसु ऽणंत दुक्खेसु,**
**सिढिलेसि आयरं पुण, अणंत सुक्खंमि मुक्खंमि. ७७**

હે આત્મન્! અનંત દુઃખના કારણરૂપ ધન એટલે સુવર્ણાદિક તથા માતા પિતાદિક સ્વજન અને હાથી ઘોડા પ્રમુખ વિભવમાં, તું મમતાપણું કરે છે, પરંતુ અનંત સુખ-વાળા મોક્ષના આદરને શિથિલ કરે છે.

**संसारो दुहहेऊ, दुक्खफलो दुसह दुक्खरूवो य;**
**न चयंति तंपि जीवा, अइबद्धा नेह निअलेहिं. ७८**

હે જીવ! આ સંસાર દુઃખનું કારણ તથા દુઃખરૂપી ફળવાળો છે. વળી દુસહ દુઃખરૂપ સંસારમાં સ્નેહરૂપ બેડી બંધન વડે અતિશે બંધાએલા જીવો, તે સંસારને પણ નથી ત્યાગ કરતા! અર્થાત્ સંસારને દુઃખદાયક જાણતા છતાં પણ તેનો ત્યાગ કરતા નથી.

**नियकम्म पवण चलिओ, जीवो संसार काणणे घोरे;**
**का का विडंबणाओ, न पावए दुसह दुक्खाओ. ७९**

ઘોર સંસાર રૂપ મહાવનમાં પોતાના જ્ઞાનાવરણીઆદિક કર્મ રૂપ વાયુએ કરીને ચાલેલો જીવ, અસહ્ય દુઃખની વધ બંધનાદિક કંઇ કંઈ વિટંબનાને નથી પામતો? અર્થાત્ સર્વ વિટંબનાને પામે છે. (૭૯)

**सिसिरंमि सीयलानिल, लहरि सहस्सेहिं भिन्न घण देहो;**
**तिरियत्तणंमिऽरन्ने, अणंतसो निहण-मणुपत्तो. ८०**

હે જીવ! તિર્યંચના ભવમાં અરણ્યને વિષે શિશિર ઋતુના (શીયાળાના) શીતળ વાયુની હજારો લ્હેરોએ પીડા-એલા દેહવાળો તું અનંતીવાર નાશ પામ્યો છું. (૮૦)

**गिम्हायव संतत्तो, ऽरन्ने छुहिओ पिवासिओ बहुसो;**
**संपत्तो तिरिय भवे, मरण दूहं बहु विसूरंतो. ८१**

હે જીવ! તિર્યંચના ભવમાં અરણ્યને વિષે ગ્રીષ્મઋતુના તડકાએ ઘણો તપેલો અને ઘણી ઘણી ક્ષુધા તથા તૃષાને સહન કરનારો અને ઘણા ઘણા ખેદને પામનારો તું, મરણના અનેક દુઃખને પામ્યો હતો. (૮૧)

**वासासुऽरन्नमज्झे. गिरि निज्झरणो दगेहि विज्झंतो;**
**सीआनिल डज्झविओ, मओसि तिरिअत्तणे बहुसो. ८२**

હે જીવ! તિર્યંચના ભવમાં અરણ્યને વિષે રહ્યો છતો વર્ષાઋતુ (ચોમાસા) માં પર્વતોના ઝરણના પાણીથી તણાતો અને શીતળ વાયુથી દાઝેલો તું ઘણીવાર મરણ પામ્યો છું. (૮૨)

**एवं तिरिय भवेसु, कीसंतो दुक्ख सयसहस्सेहिं;**
**वसिओ अणंतखुत्तो, जीवो भीसण भवारन्ने. ८३**

એ પ્રકારે તિર્યંચના ભવોમાં લાખો ગમે દુઃખે કરીને ક્લેશ પામેલો આ જીવ, ભયંકર એવી સંસારરૂપ અટવીમાં અનંતીવાર નિવાસ કરી આવ્યો છે. (૮૩)

**दुट्ठठकम्म पलया–निलपेरिउ भीसणंमि भवरन्ने;**
**हिंडंतो नरएसुवि, अणंतसो जीव पत्तोसि. ८४**

હે જીવ! દુષ્ટ એવા આઠ કર્મરૂપ પ્રલય કાળના વાયુએ ભમાવેલો અને ભયંકર એવી સંસાર રૂપ અટવીમાં ચાલતો

છતો તું નરકમાં પણ પૂર્વે કહેલા દુઃખને અનંતીવાર પામ્યો છું. (૮૪)

**सत्तसु नरय महीसु, वज्जानल दाह सीअयविअणासुः**
**वसिओ अणंतखुत्तो, विलवंत्तो करुण सद्देहिं. ८५**

હે જીવ! તું વજ્રાગ્નિના દાહવાળી અને ઘણી જ શીતવેદનાવાળી સાત નરક પૃથ્વીઓમાં કરુણ શબ્દથી વિલાપ કરતો છતો અનંતીવાર વસ્યો છે. (૮૫)

**पिय माय सयण रहिओ, दुरंत वाहिहिं पीडिओ बहुसो;**
**मणुअभवे निस्सारे, विलाविओ किं न तं सरसि. ८६**

હે જીવ! આ અસાર મનુષ્ય ભવમાં પિતા, માતા અને સ્વજન રહિત તથા દુઃખે કરીને અંત છે જેનો એવા વ્યાધિયે ઘણીવાર પીડા પામેલો અને વિલાપ કરતો તું, તે મનુષ્ય ભવને કેમ સંભારતો નથી? (૮૬)

**पवणुव्व गयणमग्गे, अलक्खिओ भमइ भववणे जीवो;**
**ठाणट्ठाणंमि समु-ज्झऊण धण सयण संघाए. ८७**

હે આત્મન્! આ જીવ સંસાર રૂપ અટવીમાં ઠેકાણે ઠેકાણે ધન તથા સ્વજનના સમૂહને ત્યાગ કરીને આકાશ-માર્ગમાં પવનની પેઠે અદૃશ્ય રૂપે થયો છતો ભમે છે.(૮૭)

**विद्धिज्जंता असयं, जम्म जरा मरण तिक्ख कुंतेहिं ॥**
**दुह-मणुहवंति घोरं, संसारे संसरंत जिआ ॥८८॥**

**तहवि खणंपि कयावि हु, अन्नाण भुयंग डंकिया जीवा ॥**
**संसार चारगाओ, नय उव्विज्जंति मूढमणा ॥८९॥युग्मम्॥**

ચાર ગતિ રૂપ સંસારમાં ભમતા જીવો જન્મ, જરા અને મરણ રૂપ તીક્ષ્ણ ભાલાએ કરીને વારંવાર વીંધાતા છતાં રૌદ્ર (ભયંકર) દુઃખને અનુભવે છે; (૮૮) તો પણ મૂઢ મનના અને અજ્ઞાન રૂપ સર્પે ડસેલા જીવો, કોઇ વખત સંસાર રૂપ બંધીખાનામાંથી ક્ષણમાત્ર પણ ઉદ્વેગ નથીજ પામતા. ॥૮૯॥

**कीलसि कियंतवेलं, सरीर वावीइ जत्थ पइसमयं ॥**
**काल रहट्ट घडीहिं, सोसिज्जइ जीवियंभोहं ॥ ९० ॥**

હે જીવ! તું શરીર રૂપ વાવમાં કેટલા કાળ સુધી ક્રિયા કરીશ? જે શરીર રૂપ વાવમાં સમયે સમયે કાળ રૂપ રહેંટની ઘડિઓવડે જીવિત રૂપ જળનો પ્રવાહ સૂકાઇ ઘટતો જાય છે. ॥૯૦॥

**रे जीव बुज्झ मामु–ज्झ मा पमायं करेसि रे पाव ॥**
**किं परलोए गुरुदु–क्खभायणं होहिसि अयाण ॥९१॥**

હે જીવ! તું ધર્મને વિષે બોધ પામ, પરંતુ (સંસા-રમાં) મોહ ન પામ. જે કારણ માટે હે પાપભીરૂ જીવ! તું પ્રમાદને ન કરીશ. વળી હે મુઢ! પ્રમાદે કરીને પરલોકમાં મ્હોટા દુઃખને રહેવાના ભાજન રૂપ કેમ થાય છે? ॥૯૧॥

**बुज्झसु रे जीव तुमं, मा मुज्झसि जिणमयंमि नाऊणं ॥**
**जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव ॥९२॥**

હે જીવ! તું જિનશાસનમાં રહેલા ધર્મને જાણીને સંસારમાં મોહ ન પામ, પણ ધર્મમાં બોધ પામ. એટલે સમ્યક્ પ્રકારે જૈનધર્મ અંગીકાર કર. જે કારણ માટે હે જીવ! ફરીને પણ આ ધર્મસામગ્રી મળવી દુર્લભ છે. (૯૨)

दुलहो पुण जिणधम्मो, तुमं पमायायरो सुदेसी य ॥
दुसहं च नरय दुक्खं, कह होहिसि तं न याणामो॥९३॥

હે જીવ! આ પ્રાપ્ત થએલો જિનધર્મ ફરીથી પામવો મહા દુર્લભ છે. તું પ્રમાદની ખાણ છું અને સુખની વાંછા કરે છે. તથા નરકનાં દુઃખ દુઃખે કરીને પણ સહન કરવાં કઠણ છે; માટે તે હું નથી જાણતો કે ત્હારા શા હાલ થશે? (૯૩)

अथिरेण थिरो समले–ण निम्मलो परवसेण साहीणो ॥
देहेण जइ विढप्पइ, धम्मो ताकिं न पज्जत्तं ॥ ९४ ॥

હે જીવ! જો અસ્થિર, મળ સહિત અને પરવશ એવા દેહવડે સ્થિર, નિર્મળ અને પોતાને સ્વાધીન એવો ધર્મ ઉપાર્જન થઈ શકે છે, તો ત્હારે શું પ્રાપ્ત થયું સમજવું. ૯૪

जह चिंतामणिरयणं, सुलहं न हु होइ तुच्छ विहवाणं ॥
गुण विहव वज्जियाणं, जियाण तह धम्मरयणंपि ॥९५॥

હે જીવ! જેમ તુચ્છ વૈભવવાળાને ચિંતામણિરત્ન સુલભ ન જ હોય, તેમ ગુણ રૂપ વૈભવે કરીને રહિત એવા જીવોને ધર્મરત્ન પણ સુલભ ન હોય. (૯૫)

**जह दिट्ठी संजोगो, न होइ जच्चंधयाण जीवाणं ॥**
**तह जिणमय संजोगो, न होइ मिच्छंध जीवाणं ॥९६॥**

જેમ જન્મથી જ આંધળા જીવોને દૃષ્ટિનો સંયોગ એટલે આંખે દેખવું ન હોય, તેમ મિથ્યાત્વે કરીને આંધળા જીવોને જિનમતનો સંયોગ પણ ન હોય. (૯૬)

**पच्चक्ख-मणंत गुणे, जिणिंद धम्मे न दोस लेसोवि ॥**
**तहवि हु अन्नाणंधा, न रमंति कयावि तंमि जिया॥९७॥**

પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થએલા અને અનંત ગુણવાળા એવા જિનેંદ્રના ધર્મમાં અપયશ પ્રમુખ દોષનો લેશ પણ નથી, તેમ છતાં પણ અજ્ઞાને કરીને આંધળા જીવો, તે જિનેંદ્રભાષિત ધર્મમાં ક્યારે પણ જોડાતા નથી જ ! (૯૭)

**मिच्छे अणंत दोसा,पयडा दीसंति न वि य गुण लेसो ॥**
**तहवि य तं चेव जिया, ही मोहंधा निसेवंति ।९८।**

મિથ્યાત્વમાં પ્રગટ અનંત દોષ દેખાય છે, પરંતુ તેમાં ગુણનો લેશમાત્ર પણ નથી; તેમ છતાં પણ મોહે કરીને આંધળા જીવો તે મિથ્યાત્વને જ સેવે છે તે ઘણું જ આશ્ચર્ય છે ! ॥૯૮॥

**धिद्धी ताण नराणं, वन्नाणे तह गुणेसु कुसलत्तं ॥**
**सुह सच्च धम्मरयणे, सुपरिक्खं जे न जाणंति ।९९।**

જે પુરૂષો સુખકારી અને સત્ય એવા ધર્મ રૂપ રત્નની સારી રીતે પરીક્ષા કરી નથી જાણતા, તે પુરૂષોના વિજ્ઞાન-

કળા તથા અન્ય કળાગુણો વિષે કુશળપણાને ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ !! ॥૯૯॥

( अनुष्टुप् वृत्तम् )

जिणधम्मो ऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ॥
सग्गापवग्ग सुक्खाणं, फलाणं दायगो इमो ।१००।

આ જૈનધર્મ જીવોને અપૂર્વ કલ્પવૃક્ષરૂપ છે. કેમ કે એ જૈનધર્મ રૂપ કલ્પવૃક્ષ, સ્વર્ગ (દેવલોક) અને અપવર્ગ (મોક્ષ) ના સુખ રૂપ ફળને આપનારો છે. (૧૦૦)

धम्मो बंधु सुमित्तो य, धम्मो य परमो गुरु ॥
मुक्खमग्ग पयट्टाणं, धम्मो परम संदणो । १०१ ।

હે જીવ! આ જૈનધર્મ બંધુ (ભાઈ) સારા મિત્ર અને ઉત્કૃષ્ટ ગુરૂ સમાન છે. વળી તેજ જૈનધર્મ મોક્ષ માર્ગમાં પ્રવર્તેલા પુરૂષોને ઉત્તમ રથ સમાન છે. (૧૦૧)

चउगइ ऽणंत दुहानल, पलित्त भवकाणणे महाभीमे ॥
सेवसु रे जीव तुमं, जिणवयणं अमियकुंड समं, ।१०२।

મહા ભયંકર એવી ચાર ગતિમાં રહેલા અનંત દુઃખ રૂપ મ્હોટા અગ્નિથી સળગેલા સંસાર રૂપ વનમાં હે જીવ! તું અમૃતના કુંડ સમાન જિનરાજના વચનને સેવન કર.

विसहे भव मरुदेसे, अणंत दुह गिम्हताव संतत्ते ॥
जिणधम्म कप्परुक्खं, सरसु तुमं जीव सिवसुहदं ।१०३।

હે જીવ! વિષમ અને અનંત દુઃખ રૂપ ગ્રીષ્મઋતુના તાપથી ઘણા જ તપેલા સંસાર રૂપ મારવાડ દેશમાં મોક્ષ સુખને આપનારા જૈનધર્મ રૂપ કલ્પવૃક્ષનો તું આશ્રય કર.

**किं बहुणा जिणधम्मे, जइयव्वं जह भवोदहिं घोरं ॥**
**लहु तरिय-मणंत सुहं, लहइ जिओ सासयं ठाणं ।१०४।**

હે આત્મન્! ઘણું કહેવાથી શું! તે પ્રકારે જૈનધર્મમાં યત્ન કરવો કે, જેમ આ જીવ ભયાનક એવા સંસાર રૂપ સમુદ્રને શીઘ્ર પણે તરીને અનંતસુખવાળા શાશ્વત (મોક્ષ) સ્થાનને પામે. (૧૦૪) **॥ ઈતિ સમાપ્ત. ॥**

॥ ॐ श्री पुंडरीकस्वामीने नमः ॥

श्रीयः श्रीयः पुंडरीकं, पुंडरीकं शिव श्रियः
पुंडरीकं शिरो रत्नं, पुंडरिकं नमामितं;
मुक्ति श्रिय पुंडरीक सम, श्रेय श्रिय पुंडरीकं;
पुंडरीक शिर रत्न सम, नमु तेह पुंडरीकं;

## સંબોધ-સત્તરિ

नमिऊण तिलोअ गुरुं, लोआलोअप्पयासयं वीरं ॥
संबोह सत्तरि-महं, रएमि उद्धार गाहाहिं ॥ १ ॥

ત્રણ લોકના ગુરૂ અને લોકાલોકના પ્રકાશક એવા શ્રી વીરસ્વામીને નમસ્કાર કરીને સૂત્રોમાંથી ગાથાઓ ઉદ્ધરીને હું સંબોધસત્તરિ નામે ગ્રંથ રચું છું. (૧)

सेयंबरो य आसं-बरो य, बुद्धा अ अहव अन्नो वा ॥
सम भाव भाविअप्पा, लहेइ मुक्खं न संदेहो ॥ २ ॥

હાય શ્વેતાંબર હોય, દિગંબર હોય, બૌધ હોય અથવા અન્ય હોય, પરંતુ જેને આત્મા સમભાવે ભાવિત હોય, તે મોક્ષ પામે; તેમાં સંદેહ નથી. (૨)

## દેવ, ધર્મ અને ગુરૂનું સ્વરૂપ

अट्ठ दस दोस रहिओ, देवो धम्मोवि निउण, दयसहिओ ॥
बंभयारी, आरंभ परिग्गहा विरओ ॥ ३ ॥

અઢાર દૂષણે રહિત દેવ, નિપુણ દયાયે સહિત ધર્મ, તેમજ બ્રહ્મચારી અને આરંભ પરિગ્રહથી વિરક્ત હોય; તે સુગુરૂ જાણુવા. (૩)

હવે પ્રથમ દેવનાં અઢાર દૂષણો બતાવે છે. જે નાશ પામવાથી જ દેવપણું પ્રાપ્ત થાય છે.

अन्नाण कोह मय माण, लोह माया रई य अरई य ॥
निद्दा सोअ अलिय वयण, चोरिआ मच्छर भया य ॥४॥
पाणिवह पेम कीलापसंग, हासाय जस्स ए दोसा ॥
अट्ठारसवि पणट्ठा, नमामि देवाहि देवं तं ॥ ५ ॥

અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ, અરતિ, નિદ્રા, શોક, અસત્ય વચન, ચોરી, મચ્છર, ભય, (૪) પ્રાણિ-વધ (જીવહિંસા), પ્રેમ, ક્રીડાપ્રસંગ અને હાસ્ય; એ અઢાર દૂષણો જેનામાંથી નાશ પામ્યાં છે; તે દેવાધિદેવને નમસ્કાર કરૂં છું. (૫)

## ધર્મનું સ્વરૂપ–

सव्वाओवि नईओ, कमेण जह सायरंमि निवडंति ॥
तह भगवई अहिंसिं, सव्वे धम्मा समिल्लंति ॥ ६ ॥

જેમ સર્વ નદીઓ અનુક્રમે સમુદ્રમાં આવીને મલે છે, તેમ ભગવતિ અહિંસા (દયા) માં પણ સર્વ ધર્મ આવીને મલે છે. (૬)

## ગુરૂનુ સ્વરૂપ

ससरीरेवि निरीहा, बज्झब्भितर परिग्गह विमुक्का ॥
धम्मोवगरणमित्तं, धरंति चारित्तरक्खट्ठा ॥ ७ ॥
पंचिंदियमणपरा, जिणुत्तसिद्धंतगहिय परमत्था ॥
पंचसमिया तिगुत्ता, सरणं मह एरिसा गुरुणो ॥ ८ ॥

પોતાના શરીરને વિષે પણ ઈચ્છા વિનાના. બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી વિમુક્ત થએલા, ચારિત્રની રક્ષાને અર્થે જ માત્ર ધર્મોપકરણને ધારણ કરનારા, (૭) પાંચ ઇંદ્રિયોને દમન કરવામાં તત્પર, જિનોક્ત સિદ્ધાંતથી ગ્રહણ કર્યો છે પરમાર્થ જેણે, પાંચ સમિતિએ સમિતા અને ત્રણ ગુપ્તિએ ગુપ્તા, એવા ગુરૂ મહારાજનું મને શરણ થાઓ. (૮)

## કુગુરૂનું સ્વરૂપ

**पासत्थो ओसन्नो, हाइ कुसीलो तहेव संसत्तो ॥**
**अहछंदो- वि य ए ए, अवंदणिज्जा जिणमयंमि;**

પાસત્થો, ઓસન્નો, કુશીલિયો તેમજ સંસક્તો અને યથાચ્છંદો, એઓ જિનમતને વિષે અવંદનીક છે. (૯)

## કુગુરૂને વંદન કરવાનું ફલ

**पासत्थाइ वंद माणस्स, नेव कित्ती न निज्जरा होई ॥**
**जायइ कायकिलेसो, बंधो कम्मस्स आणाई ॥ १० ॥**

પૂર્વે જેમનાં નામ બતાવ્યાં છે એવા પાસત્થાદિકને વંદન કરનાર જનોની કીર્તિ થતી નથી, કર્મક્ષય પણ થતો નથી, પરંતુ કાયાને કલેશ થાય છે. વંદન કરવાના મહેનતથી આઠે પ્રકારના કર્મોનો બંધ થાય છે અને જિનાજ્ઞાનો ભંગ થાય છે. (૧૦)

**હવે પાસત્થા વિગેરેમાં જેઓ બ્રહ્મચર્યથી રહિત, સ્ત્રી વિલાસને ઇચ્છિનારા અને લંપટી હોય છે, તેમને નમસ્કાર કરનારને પૂર્વોક્ત ગેરલાભ થાય છે; પરંતુ નમસ્કાર કરાવનારને શું ગેરલાભ થાય છે? તે કહે છે.**

जे बंभचेरभट्ठा, पाए पाडंति बंभयारीणं ॥
ते हुंति टुंटमुंटा, बोहिवि सुदुल्लहा तेसिं ॥ ११ ॥

જે બ્રહ્મચર્ય ભ્રષ્ટ પુરૂષ, બ્રહ્મચારી પુરૂષને પોતાને પગે લગાડે છે, તે આગલા ભવમાં લૂલા પાંગલા થાય છે, અને સમ્યકત્વ પણ તેને અત્યંત દુર્લભ થઈ પડે છે. (૧૧)

दंसणभट्ठो भट्ठो, दंसण भट्ठस्स नत्थि निव्वाणं ॥
सिज्जंति चरण रहिआ, दंसण रहिआ न सिज्झंति ॥१२॥

દર્શન જે સમ્યકત્વ તેથી જે ભ્રષ્ટ, તે ભ્રષ્ટ કહેવાય છે. દર્શનભ્રષ્ટને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. (દ્રવ્ય) ચારિત્ર રહિત સિદ્ધિપદને પામે છે પણ સમ્યકત્વ રહિત સિદ્ધિપદ પામતા નથી. (૧૨)

**હવે જિનાજ્ઞાનો અતિક્રમ ન કરવા સંબંધી કહે છે.**

तित्थयरसमो सूरी, सम्मं जो जिणमयं पयासेई ॥
आणाइ अइक्कंतो, सो कापुरिसो न सप्पुरिसो ॥१३॥

તીર્થંકરના જેવા આચાર્ય છે, જે સમ્યક્ પ્રકારે જિન-મતને પ્રકાસે છે, પરંતુ આણા–જિનાજ્ઞાનો અતિક્રમ કરે છે, તો તેને કુત્સિત પુરૂષ જાણવા પણ સત્પુરૂષ ન જાણવા. (૧૩)

जह लोहसिला, अप्पंपि बोलए तह विलग्गपुरिसंपि ॥
इय सारंभो य गुरू, परमप्पाणं च बोलेई ॥ १४ ॥

જેમ લોઢાની શિલા પોતે બુડે છે તેની ઉપર રહેલા મનુષ્યને પણ બુડાડે છે, તેમ આરંભે સહિત ગુરૂ, બીજા જેઓ તેના ઉપાસક હોય છે તેને અને પોતાના આત્માને બન્નેને બૂડાડે છે.

किइकम्मं च पसंसा, सुहसीलजणंमि कम्मबंधाय ॥
जे जे पमायठाणा, ते ते उववुहिया हुंति ॥ १५ ॥
एवं णाऊण संसग्गि, दंसणालावसंथवं ॥
संवासं च हियाकंखी, सव्वो वाएहिं वज्जए ॥ १६ ॥

કૃતિકર્મ–દ્વાદશાવર્ત્ત વંદન અને પ્રશંસા, સુખશીલિયા-ભ્રષ્ટાચારી ગુરૂની કરે છતે કર્મબંધનને અર્થે થાય છે અને એ પ્રમાણે કરવાથી પ્રમાદનાં જે જે સ્થાનકો વધારે સેવન થાય છે, તેનો વૃદ્ધિ કરનાર તે વંદના પ્રશંસા કરવાવાલો થાય છે. એ પ્રમાણે જાણીને પાસત્થાદિક કુગુરૂનો તથા સારંભી અને સુખશીલ ગુરૂનો સંસર્ગ, તેમનું દર્શન, તેમની સાથે આલાપ સંલાપ, તેમની સ્તુતિ અને તેમનો સહવાસ પોતાનું હિતવાંછક મનુષ્ય સર્વ ઉપાયે કરીને વર્જે છે.

**હવે ચારિત્ર ગ્રહણ કર્યા પછી જેમના ભગ્ન પ્રણામ થયા હોય છે તેને માટે કહે છે.**

अहिगिलइ गलइ उअरं, अहवा पच्चुग्गलंति नयणाइं ॥
हा विसमा कज्जगई, अहिणा छच्छुंदरि गहिज्जा.

(ચારિત્ર ગ્રહણ કર્યા પછી જેના શિથિલ પ્રણામ થયા હોય છે, તે દૃષ્ટાંત બતાવવા માટે કહે છે.) સર્પ જો છછું-દરને મુખમાં ગ્રહણ કર્યા પછી ગલી જાય તો તેનું ઉદર (પેટ) ગળી જાય છે, અને જો પાછું કાઢી નાંખે છે, તો નેત્ર નાશ પામે છે! હા ઇતિ ખેદે! કાર્યની ગતિ વિષમ થઇ છે કે, સર્પે છછુંદર ગ્રહણ કર્યું!

**હવે એવા પ્રણામવાલાને સ્થિર કરવાને ચારિત્ર-ધર્મનું વિશેષ પ્રકારે સર્વોત્કૃષ્ટપણું બતાવવા કહે છે.**

**को चक्कवट्टिरिद्धिं, चइउं दासत्तणं समभिलसई ॥**
**का व रयणाइं मुतुं, परिगिन्हइ उवलखंडाई ॥ १८ ॥**

ચક્રવર્તિપણાની ઋદ્ધિને ત્યજી દઇને દાસપણાનો અભિલાષ કોણ કરે? વલી રત્નને મૂકી દઈ ને પત્થરનો કકડો કોણ ગ્રહણ કરે? અર્થાત્ જે મૂર્ખ હોય અને લાભાલાભના વિચારથી અજાણ હોય તે તેમ કરે. (૧૮)

**હવે પ્રાપ્ત થયેલું દુઃખ નાશ થશે એમ દૃષ્ટાંતવડે સિદ્ધ કરવા માટે કહે છે.**

**नेरइयाणवि दुक्खं, जिज्झइ, जिज्झइ कालेण किं पुण नराणं॥**
**ता न चिरं तुह होई, दुक्खमिणं मा समुच्चियसु ॥ १९ ॥**

નારકીનાં દુઃખ પણ કાલે કરીને નાશ પામે છે, તો મનુષ્યને માટે શું કહેવું? તે માટે તને આ દુઃખ ઘણા કાળ સુધી નહિ રહે, તેથી તું ખેદ ન કર. (૧૯)

**ચારિત્ર ગ્રહણ કરીને છોડી દેવું, તે બહુજ અનિષ્ટ છે એમ બતાવવા માટે કહે છે.**

**वरं अग्गिमि पवेसो, वरं विसुद्धेण कम्मणा मरणं ॥**
**मा गहियव्वय भंगो, मा जोअं खलिअसीलस्स ॥२०॥**

અગ્નિમાં પ્રવેશ કરવો તે શ્રેષ્ઠ છે, વિશુદ્ધકર્મ જે અણુ-સણ કરીને મરણ પામવું તે પણ શ્રેષ્ઠ છે, પરંતુ ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવો તે શ્રેષ્ઠ નથી. તેમજ શીલમાં સ્ખલના પમાડનારે જીવવું પણ શ્રેષ્ઠ નથી.

પ્રસંગે શ્રદ્ધાની દઢતા કરવા માટે સમકિતનું સ્વરૂપ, સમકિતની દુર્લભતા અને સમકિતનું ફલ બતાવે છે.

**अरिहं देवो गुरुणो, सुसाहुणो जिणमयं मह पमाणं ॥**
**इच्चाइ सुहो भावो, सम्मत्तं बिंति जगगुरुणो ॥ २१ ॥**

અરિહંત દેવ, સુસાધુ ગુરૂ અને જૈનશાસન, તે મ્હારે પ્રમાણ છે—ઈત્યાદિ જ્યાં શુભ ભાવ હોય છે, ત્યાં જગત્ ગુરૂ તીર્થંકર મહારાજ સમ્યકત્વ કહે છે. (૨૧)

### સમ્યક્ત્વની દુર્લભતા.

**लब्भइ सुरसामित्तं, लब्भइ पहुत्तणं न संदेहो ॥**
**एगं नवरि न लब्भइ, दुल्लहरयणं च सम्मत्तं ॥२२॥**

દેવોનું સ્વામીપણું-ઈંદ્રિપણું પામીએ અને પ્રભુતા-ઐશ્વર્યતા-ઠકુરાઈપણું પણ પામીએ, એમાં કંઈ સંદેહ જેવું નથી, પરંતુ વિશેષ પ્રકારે વિચારતાં એક દુર્લભરત્ન ચિંતા-મણિરત્ન સદૃશ જે સમ્યકત્વ તે ન પામીએ. (૨૨)

### સમ્યક્ત્વનું ફલ.

**सम्मत्तंमि उ लद्धे, विमाणवज्जं न बंधए आउं ॥**
**जइवि न सम्मत्तजढो, अहव न बद्धाउओ पुव्विं ॥२३॥**

સમ્યકત્વ પ્રાપ્ત કરે છતે પ્રાણી વૈમાનિક દેવતાના આયુષ્ય શિવાય બીજું આયુષ્ય ન બાંધે; પણ જો તેણે સમ્યકત્વ પ્રાપ્ત કરીને પાછું વમી નાખ્યું ન હોય તો, અથવા સમ્યત્વ પ્રાપ્તિનું પૂર્વે કોઈ અન્ય ગતિનું નિકાચિત આયુષ્ય ન બાંધ્યું હોય તો એ પ્રમાણે સમજવું. (૨૩)

## સામાયિકનું ફલ

**दिवसे दिवसे लक्खं, देइ सुवन्नस्स खंडिवं एगो ॥**
**एगो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स ॥ २४ ॥**

કોઇ પુરૂષ દિન દિન પ્રત્યે લાખ ખાંડી સુવર્ણ આપે છે અને કોઈ પુરૂષ સામાયિક કરે છે; તો તે સામાયિક કરનાર પુરૂષની તુલના–બરોબરી કરવાને સુવર્ણની ખાંડી આપનાર પુરૂષ થતો નથી. અર્થાત્ સામાયિકનું ફલ વિશેષ છે. (૨૪)

## સામાયિકમાં સ્થિત પુરૂષ કેવો હોય ?

**निंदपसंसासु समो, समो अ माणावमाणकारीसु ॥**
**समसयणपरियणमणो, सामाइयसंगओ जीवो ॥२५॥**

નિંદા અને પ્રશંસામાં, માન અને અપમાનમાં તથા સ્વજન અને પરજનમાં જેનું મન સમાન છે, તેને સામાયિકસંગત જીવ કહીએ. અર્થાત્ સામાયિકમાં સ્થિત પુરૂષ એવો હોય. (૨૫)

## નિરર્થક સામાયિક લક્ષણ.

**सामाइयं तु काउं, गिहिकज्जं जोवि चिंतए सड्ढो ॥**
**अट्टवसट्टोवगओ, निरत्थयं तस्ससामाइयं ॥ २६ ॥**

શ્રાવક સામાયિક કરતો છતો ગૃહકાર્યને ચિંતવે અને આર્ત્ત રૌદ્ર ધ્યાનને વશ થાય, તો તેનું સામાયિક નિરર્થક છે. (૨૬)

**आचार्यना छत्रीस गुणः–पडिरुवाइ चउदस, खंतीमाई य**

**दसविहो धम्मो ॥ बारस य भावणाओ, सूरीगुणा हुंति छत्तीसं ॥ २७ ॥**

( પ્રતિરૂપ ૧, તેજસ્વી ૨, જુગપ્રધાન–ઉત્કૃષ્ટ આગમના પારગામી અર્થાત્ સર્વ શાસ્ત્રના જાણ ૩, મધુર વચનવાલા ૪, ગંભીર ૫, ધૈર્યવાન્ ૬, ઉપદેશમાં તત્પર અને રૂડા આચારવાલા ૭, સાંભળેલું નહિ ભૂલી જનારા ૮, સૌમ્ય ૯, સંગ્રહશીલ ૧૦, અભિગ્રહ મતિવાલા ૧૧, વિકથા નહિ કરનાર ૧૨. અ ચપલ ૧૩ અને પ્રશાંત હૃદયવાળા ૧૪. ) આ પ્રતિરૂપાદિક ચાદ ગુણ; ( ક્ષમા ૧, આર્જવ ૨, માર્દવ ૩, મુક્તિ ૪, તપ ૫, સંયમ ૬, સત્ય ૭, શૌચ ૮, અકિંચન ૯, બ્રહ્મચર્ય ૧૦ ) આ ક્ષમાદિક દશ પ્રકારનો યતિધર્મ અને (અનિત્ય ૧, અશરણ ૨, સંસાર ૩, એકત્વ ૪, અન્યત્વ ૫, અશુચિ ૬, આશ્રવ ૭, સંવર ૮, નિર્જરા ૯ લોક સ્વરૂપ ૧૦, બોધિદુર્લભ ૧૧ અને ધર્મ ૧૨ ) એ બાર ભાવના; એ પ્રમાણે સૂરિઆચાર્યના છત્રીસ ગુણ છે. (૨૭)

**साधु मुनिराजना सत्तावीश गुण, छव्वय छकाय–रक्खा, पंचिंदिय लोहनिग्गहो खंती ॥ भावविसुद्धि पडिलेहणा य, करणे विसुद्धीय ॥ २८ ॥**

**संजमजोए जुत्तो, अकुसल मण वयण काय संरोहो ॥**
**सीयाइ पीड सहणं, मरणं उवसग्गसहणं च ॥२९॥**

( પ્રાણાતિપાત ૧, મૃષાવાદ ૨, અદત્તાદાન ૩, મૈથુન ૪, પરિગ્રહ ૫ અને રાત્રિભોજન ૬, એ છને ત્યાગ કરવા રૂપ ) છ વ્રત, ( પૃથ્વી ૧, અપ ૨, તેઉ ૩, વાયુ ૪, વન-

સ્પતિ ૫ અને ત્રસકાય એ ૬ રૂપ જે ) છકાયની રક્ષા, ( સ્પર્શે-ઇંદ્રિય ૧, રસનેંદ્રિય ૨, ઘ્રાણેંદ્રિય ૩, ચક્ષુરેંદ્રિય ૪ અને શ્રોત્રેંદ્રિય ૫ એ ) પાંચ ઇંદ્રિયો અને લોભનો નિગ્રહ ૧૮, ક્ષમા ૧૯, ભાવની વિશુદ્ધિ ૨૦, પડિલેહણુ કરવામાં વિશુદ્ધિ ૨૧, સંયમ યોગે યુક્ત ૨૨, અકુશલ મન ૨૩, વચન ૨૪, કાયાનો સંરોધ ૨૬, શીતાદિ પીડાનું સહન ૨૬ અને મરણનો ઉપસર્ગ સહન કરવો તે ૨૭- આ પ્રમાણે સત્તાવીશ ગુણુ સાધુના થાય છે. (૨૮-૨૯)

**सत्तावीस गुणेहिं, एएहिं जो विभूसिओ साहू ॥**
**तं पणमिज्जइ भत्तिप्भरेण हियएण रे जीव ॥ ३० ॥**

પૂર્વોક્ત સત્તાવીશ ગુણુ કરીને જે સાધુ વિભૂષિત હોય, તેને રે જીવ ! તું બહુ ભક્તિ વાલા હૃદયે કરીને નમસ્કાર કર. (૩૦)

**श्रावकना एकवीश गुणः—धम्मरयणस्स जुग्गो, अक्खुद्दो रूववं पगइसोमो ॥ लोगप्पिओ अक्रूरो, भीरू असढो सुद-क्खिन्नो ॥ ३१ ॥**

**लज्जालु अ दयालू, मज्झत्थो सोमदिट्ठि गुणरागी ॥**
**सकह सुपक्खजुत्तो, सुदीहदंसी विसेसन्नू ॥ ३२ ॥**
**बुड्ढाणूगो विणिओ, कयन्नुओ परहिअत्थकारी अ ॥**
**तह चेव लद्धलक्खो, इगवीसगुणो हवइ सड्ढो ॥ ३३ ॥**

ધર્મરત્નને યોગ્ય એવા શ્રાવક એકવીસ ગુણે કરીને યુક્ત હોય, તે એકવીસ ગુણુ આ પ્રમાણે-અક્ષુદ્ર ૧, રૂપવંત ૨, પ્રકૃતિએ સૌમ્ય ૩, લોકપ્રિય ૪. અક્રુર ૫, ભીરૂ ૬,

અશઠ ૭, સુદાક્ષિણ્ય વાન ૮, લજ્જાલુ ૯, દયાળુ ૧૦, મધ્યસ્થ સોમદૃષ્ટિ ૧૧, ગુણુરાગી ૧૨, સત્કથા ૧૩, સુપક્ષ-યુક્ત ૧૪, સુદીર્ઘદર્શી ૧૫, વિશેષજ્ઞ ૧૬, વૃદ્ધાનુગ ૧૭, વિનીત ૧૮, કૃતજ્ઞ ૧૯, પરહિતાર્થકારી ૨૦, તેમજ લબ્ધ લક્ષ ૨૧ ( ૩૧–૩૨–૩૩ )

**जिनागमनुं उत्कर्षपणुं:–कत्थ अम्हारिसा पाणी, दूसमा दोसदूसिआ ॥ हा अणाहा कहं हुंता, न हुंतो जइ जिणागमो ॥ ३४ ॥**

દૂષમ કાલના દોષે કરીને દૂષિત એવા અમારા જેવા પ્રાણીઓ કયાં ? અર્થાત્ શું ગણુતીમાં ? હા ! ખેદ થાય છે કે, જો જિનાગમ ન હોત તો અનાથ એવા જે અમે, તેનું શું થાત ? અર્થાત્ સ્વામી રહિત જ અમે તેને જિનાગમ હોવાથી જ આ પંચમકાલમાં આધાર છે. (૩૪)

**आगमनो आदर करवामां रहेल तात्पर्यः–आगमं आयरंतेणं, अत्ताणो हियकंखिणो ॥ तित्थनाहो गुरू धम्मो, सव्वे ते बहुमन्निया ॥ ३५ ॥**

આગમને અર્થાત્ આગમોક્ત રહસ્યને આચરતાં છતાં આત્માના હિતઇચ્છક પુરૂષને તીર્થનામ અરિહંત ભગવંત, સદ્ગુરૂ અને કેવલી પ્રરૂપિત ધર્મ એ સર્વ બહુ માનનીય–સત્યપણે અંગીકાર કરવા યોગ્ય થાય છે. (૩૫)

**केवा संघने संघ न कहेवो ?:–सुहसीलाओ सच्छंदचारिणो वेरिणो सिवपहस्स ॥ आणा भट्ठाओ बहुजणाओ मा भणह संघुत्ति ॥ ३६ ॥**

( ગૌતમસ્વામી પ્રત્યે શ્રી વીર ભગવાન કહે છે કેઃ– ) સુખશીલિયા અર્થાત્ સુખને વિષે સ્થાપન કર્યો છે આત્મા જેણે એવા અને સ્વચ્છંદચારી અર્થાત્ સ્વેચ્છા મુજબ વર્તવા-વાલા તથા શિવમાર્ગ જે મોક્ષમાર્ગ તેના વૈરી તેમજ જિનાજ્ઞા થકી ભ્રષ્ટ એવા ઘણા લોકો હોય, તો પણ તેને સંઘ એમ ન કહીશ. (૩૬)

**केवा संघने संघ कहेवो ?ः–एगो साहू एगा, य साहुणी सावओवि सड्ढी वा ॥ आणाजुत्तो संघो, सेसो पुण अट्ठी-संघाओ ॥ ३७ ॥**

એક સાધુ, એક સાધવી, એક શ્રાવક અને એક શ્રાવિકા ( આ ચાર ભેદે કરીને સંઘ કહેવાય છે. ) તેમાં જે જિના-જ્ઞાએ કરીને યુક્ત હોય, તેને સંઘ કહેવો. બાકીનાને હાડ-કાનો સંઘ-સમૂહ કહેવો. (૩૭)

**संघनुं लक्षणः–निम्मलनाणपहाणो, दंसणजुत्तो चरित्त गुणवंतो ॥ तित्थयराण य पुज्जो, वुच्चइ एयारिसो संघो॥३८॥**

નિર્મલ જ્ઞાનની છે પ્રધાનતા જેને વિષે અર્થાત્ નિર્મલ જ્ઞાનવાન, દર્શન જે સમ્યક્ત્વ તેણે કરીને યુક્ત અને ચારિત્રના ગુણે કરીને અલંકૃત એવો જે સંઘ છે, તે તીર્થંકર ભગ-વંતને પણ પૂજ્ય છે; તેથી એવા ગુણવાનને સંઘ કહીએ. (૩૮)

**जिनाज्ञानुं मुख्यपणुंः–जह तुसखंडण, मयमंडणाइ रुण्णाइ सुन्नरन्नंमि ॥ विहलाई तह जाणसु, आणारहियं अणुट्ठाणं ॥ ३९ ॥**

જેમ ફોતરાનું ખાંડવું, મડદાને શણગારવું અને શૂન્ય અરણ્યમાં રોવું નિષ્ફલ છે, તેમ આજ્ઞા રહિત અનુષ્ઠાન પણ નિષ્ફલ જાણવું. (૩૯)

**आणाइ तवो आणाइ, संजमो तह य दाणमाणाए ॥**
**आणारहिओ धम्मो, 'पलाल पुल्लूव पडिहाई ॥४०॥**

આજ્ઞાએ જ તપ, આજ્ઞાએ જ ચારિત્ર અને આજ્ઞાએ જ દાન કરવું, કેમ કે, આજ્ઞા રહિત જે ધર્મ છે, તે તૃણ સમૂહની પેઠે શોભે છે. અર્થાત્ આજ્ઞા રહિત ધર્મ શોભતો નથી. (૪૦)

**आज्ञा रहितपणे करेली धर्मक्रिया निरर्थक छेः—आणा-खंडणकारी, जइवि तिकालं महाविभूईए ॥ पूएइ वीयरायं, सव्वंपि निरत्थयं तस्स ॥४१॥**

શ્રી વીતરાગની આજ્ઞાનું ખંડન કરવાવાલો પુરૂષ જો કે; મ્હોટી સંપદાવડે કરીને ત્રણે કાલ વિતરાગ દેવની પૂજા કરે, તો પણ તે સર્વે ક્રિયા, જેની પૂજા કરવી છે, તેની આજ્ઞાની બહાર હોવાથી નિરર્થક છે.

**रन्नो आणा भंगे, इक्कुच्चि य होइ निग्गहो लोए ॥**
**सव्वन्नु आण भंगे, अणंतसो निग्गहो होई ॥४२॥**

આ લોકને વિષે રાજાની આજ્ઞાનો ભંગ કરવાથી એકજ વાર નિગ્રહ–દંડ થાય છે, પરંતુ સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ કરે છતે અનંતીવાર નિગ્રહ–બહુ જન્મોને વિષે છેદન, ભેદન, જન્મ, જરા, મરણ, શોક અને મોહાદિ રૂપ દંડને પામે છે.

**अविधिए अने विधिए करेला धर्ममां अंतरपणुंः—जह**

भोयणमविहिकयं, विणासए विहिकयं जियावेई ॥ तह अविहिकओ धम्मो, देइ भवं विहिकओ मुक्खं ॥ ४३ ॥

જેમ અવિધિયે કરેલું ભોજન શરીરનો વિનાશ કરે છે અને વિધિયે કરેલું ભોજન જીવાડે છે, તેમ અવિધિએ કરેલો ધર્મ સંસારને વધારે છે અને વિધિએ કરેલો ધર્મ મોક્ષને આપે છે. (૪૩)

द्रव्यस्तव अने भावस्तवनुं अंतरपणुंः—मेरुस्स सरिसवस्स य, जत्तियमित्तं तु अंतरं होई ॥ दव्यत्थयभावत्थय, अंतरमिह तित्तियं नेयं ॥४४॥

મેરૂ પર્વત અને સરસવમાં જેટલું અંતર છે, તેટલું અંતર અહિં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં જાણવું, (૪૪)

द्रव्यस्तव अने भावस्तवनुं उत्कृष्ट फलः—उक्कोसं दव्वत्थयं, आराहिय जाइ अच्चुयं जाव ॥ भावत्थएण पावइ, अंतमुहुत्तेण निव्वाणं ॥४५॥

દ્રવ્યસ્તવનો આરાધક ઉત્કૃષ્ટો અચ્યુત નામે બારમા દેવલોક સુધી જાય, અને ભાવસ્તવે કરીને અંતર્મુહૂર્તમાં નિર્વાણ પ્રત્યે પામે. (૪૫)

केवा गच्छनो त्याग करवो ?ः—जत्थ य मुणिणो कयविक्कयाइ कुव्वंति निच्चपब्भट्ठा ॥ तं गच्छं गुणसायर, विसंव दूरं परिहरिज्जा ॥४६॥

જે ગચ્છમાં નિત્ય ભ્રષ્ટાચારી એવા મુનિયો ક્રય વિક્રયાદિ કરે છે, તે ગચ્છને હે ગુણસાગર! વિષની પેઠે દૂર ત્યજી દે. (૪૬)

**जत्थ य अज्जालद्धं, पडिग्गहमाइय विविहमुवगरणं ॥**
**पडिभुंजइ साहूहिं, तं गोयम केरिसं गच्छं ॥४७॥**

જે ગચ્છમાં સાધ્વીએ લાવેલાં વસ્ત્ર પાત્રાદિ ઉપકરણો સાધુઓ ભોગવે છે, હે ગૌતમ! તે કેવો ગચ્છ? અર્થાત્ કાંઇ નહી એવો જાણવો. (૪૭)

**जहिं नत्थि सारणा वारणा य, पडिचोयणा य गच्छंमि ॥**
**सो अ अगच्छो गच्छा, संजमकामीहिं मुत्तव्वो ॥४८॥**

જે ગચ્છમાં સારણા, વારણા, ચ શબ્દથી ચોયણા અને પડીચોયણા થતી નથી, તે ગચ્છ અગચ્છ તુલ્ય છે. તેથી સંયમના વાંછક મુનિયોએ તે ગચ્છને ત્યજી દેવો. (૪૮)

**गच्छनी उपेक्षा करवानुं अने पालवानुं फलः—गच्छं तु उवेहंतो, कुव्वइ दीहंभवे विहीएओ ॥ पालंतो पुण सिज्झइ, तइअ भवे भगवई सिद्धं ॥४९॥**

ગચ્છની ઉપેક્ષા કરે તો દીર્ઘ—લાંબા ભવ કરે અને વિધિપૂર્વક પાલન કરે તો ત્રીજે ભવે સિદ્ધિપદ પામે. એ પ્રમાણે શ્રી ભગવતિસૂત્રમાં સિદ્ધપણે કહ્યું છે. (૪૯)

**जत्थ हिरन्नसुवन्नं, हत्थेण पराणगंपि नो छिप्पे ॥**
**कारणसमप्पियं हु, गोयम गच्छं तयं भणियं ॥५०॥**

જે ગચ્છમાં મુનિઓ કારણથી આપે છતે પણ પારકા એવા હિરણ્ય અને સુવર્ણને હસ્ત સ્પર્શ પણ કરતા નથી તેવા ગચ્છને તુચ્છ કહ્યો છે. (૫૦)

**पुढवि दग अगणिमारुअवणस्सइ, तह तसाण विविहाणं ॥**
**मरणंतेवि न पीडा, कीरइ मणसा तयं गच्छं ॥५१॥**

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને વિવિધ પ્રકારના ત્રસ જીવોને મરણાંતે પણ મન વડે કરીને પીડા કરતા નથી, એવા ગચ્છને ગચ્છ કહેવો. (૫૧)

**मूलगुणेहिं विमुक्कं, बहुगुणकलियंपि लद्धिसंपन्नं ॥**
**उत्तम कुलेवि जायं, निद्धाडिज्जइ तयं गच्छं ॥५२॥**

કોઇ પણ મુનિ બીજા બહુ ગુણે અલંકૃત હોય, લબ્ધિ-સંપન્ન હોય અને ઉત્તમ કુલમાં ઉત્પન્ન થએલા હોય, તો પણ મૂલ ગુણે કરીને વિમુક્ત હોય; તો તેને કાઢી મૂકે છે એવો ગચ્છ તે જ ગચ્છ છે. (૫૨)

**जत्थ य उसहादीणं, तित्थयराणं सुरिंदमहियाणं ॥**
**कम्मट्ठावमुक्काणं, आणं न खलिज्जइ स गच्छो ॥५३॥**

જે ગચ્છમાં અષ્ટકર્મવિમુક્ત અને સુરેંદ્ર પૂજિત શ્રી ઋષભાદિક તીર્થંકરોની આણા સ્ખલના પામતી નથી, તે ગચ્છને ગચ્છ જાણવો. (૫૩)

**जत्थ य अज्जाहिं समं, थेरावि न उल्लवंति गयदसणा ॥**
**न य झायंतित्थीणं, अंगोवंगाइं तं गच्छं ॥५४॥**

જે ગચ્છને વિષે જેના દાંત પણ ગએલા છે એવા સ્થવિર પણ, સાધ્વીની સાથે બોલતા નથી અને સ્ત્રીનાં અંગોપાંગને નિરખતા નથી, તેને ગચ્છ કહીએ. (૫૪)

**वज्जेइ अप्पमत्ता, अज्जासंसग्गि अग्गिविससरिसी ॥**
**अज्जाणुचरो साहू, लहइ अकित्ति खु अचिरेण ॥५५॥**

અપ્રમત્ત મુનિ મહારાજાએ આર્યાનો, અગ્નિ અને વિષ સદૃશ જે સંસર્ગ છે, તે વર્જવો. આર્યાનો અનુચર સાધુ નિશ્ચે સ્વલ્પકાળમાં અપકીર્તિને પામે છે. (૫૫)

## શીલની પુષ્ટિઃ-

**जो देइ कणय कोडिं, अहवा कारेइ कणय जिण भवणं ॥**
**तस्स न तत्तिय पुन्नं, जत्तिय बंभव्वए धरिए ॥५६॥**

જો કોઇ પ્રાણી સુવર્ણની કોટિ અર્થાત્ ક્રોડો રૂપિયાની કિમ્મતનું સુવર્ણ યાચકોને આપે, અથવા કંચનનું જિનભવન કરાવે, તો પણ તેને તેટલું પુણ્ય ન થાય કે, જેટલું બ્રહ્મવ્રત ધારણ કરનારને થાય છે. ॥ ૫૬ ॥

**सीलं कुल आहरणं, सीलं रूवं च उत्तमं होई ॥**
**सीलं चिय पंडित्तं, सीलं चिय निरुवमं धम्मं ॥५७॥**

શીલ, કુલના આભરણ સમાન છે, શીલ તેજ ઉત્તમ રૂપ છે, શીલ તેજ પાંડિત્ય છે અને શીલ તેજ નિરૂપમ ધર્મ છે. ॥ ૫૭ ॥

## કુમિત્રનો સંગ વર્જવાનો ઉપદેશઃ-

**वरं वाही वरं मच्चू, वरं दारिद्दसंगमो ॥**
**वरं अरण्णवासो अ, मा कुमित्ताण संगमो ॥५८॥**

વ્યાધિ, મૃત્યુ અને દારિદ્રનો સંગમ તેમજ અરણ્યમાં વાસ એ સઘળું શ્રેષ્ઠ છે, પરંતુ કુમિત્રનો સંગમ શ્રેષ્ઠ નથી. ॥ ૫૮ ॥

**अगीयत्थ कुसीलेहिं, संगं तिविहेण वोसिरे ॥**
**मुक्खमग्गंसिमे विग्घं, पहंमि तेणगे जहा ॥५९॥**

અગીતાર્થ અને કુશીલિયાનો સંગ ત્રિવિધે કરીને તજી

દેવો. કેમ કે, પંથમાં ચોરની પેઠે તેઓ મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનારા છે. ॥ ૫૯ ॥

## અગીતાર્થ અને કુશીલિયાને નજરે પણ ન જોવા.

उम्मग्ग देसणाए, चरणं नासंति जिणवरिंदाणं ॥
वावन्नदंसणा खलु, न हु लब्भा तारिसं दट्ठुं ॥६०॥

ઉન્માર્ગની દેશના દેવાથી શ્રી જિનેશ્વર ભગવંતનું કહેલું ચારિત્ર નાશ પામે છે, માટે નિશ્ચે નાશ પામ્યું છે સમકિત જેનું એવા તેઓનું દેખવું પણ ન થાઓ ॥ ૬૦ ॥

## ઉસન્નાની અનુવૃત્તિએ ન ચાલવા માટે ઉપદેશ કહે છે:-

परिवारपूअहेऊ, उसन्नाणं च आणुवित्तीए ॥
चरणकरणनिगूहई, तं दुलहं बोहिअं जाणं ॥६१॥

પરિવારની પૂજાના હેતુએ ઉસન્નાની અનુવૃત્તિએ ચાલે અને ચરણશિત્તરી કરણશિત્તરીને ગોપવે, તેને સમકિત દુર્લભ જાણવું. ॥ ૬૧ ॥

## ઉસન્નાની નિશ્રાએ ચાલવાથી સારા મુનિમાં પણ દોષ પ્રાપ્તિ થાય છે તેનું દ્રષ્ટાંત કહે છે.

अंबस्स य निंबस्स य, दुण्हंपि समागयाइं मूलाइं ॥
संसग्गेण विणट्ठो, अंबो निंबत्तणं पत्तो ॥६२॥

આંબાનાં અને લીંમડાનાં એ બન્નેનાં મૂલ એકઠાં થયાં, તેમાં લીંબડાના સંસર્ગથી આંબો વિનષ્ટ થયો. અને લીંબડાપણાને પામ્યો. ॥ ૬૨ ॥

पक्कणकुले वसंतो, सउणीपारोवि गरहिओ होई ॥
इय दंसणा सुविहिआ, मज्झि वसंता कुसीलाणं ॥६३॥

ચંડાલના કુલને વિષે વસતો એવો શકુન પારક (જ્યોતિષી) પણ નિંદનીક થાય છે. તેમ જ સુવિહિત એવા મુનિ પણ કુશીલીઆમાં વસતા થકા નિંદનીક થાય છે. ॥ ૬૩ ॥

## ઉત્તમની સંગીતથી થતો લાભઃ-

उत्तमजणसंसग्गी, सील दरिद्दंपि कुणई सीलड्ढं ॥
जह मेरुगिरिवि लग्गं, तणंपि कणगत्तणमुवेई ॥६४॥

ઉત્તમ જનની સંગતિ શીલ રહિત પુરૂષને પણ શીલયુક્ત કરે છે. જેમ મેરૂપર્વત સાથે લાગેલાં તૃણ પણ સુવર્ણપણાને પામે છે. ॥ ૬૪ ॥

## મિથ્યાત્વ મહા દોષને ઉત્પન્ન કરનારૂં છેઃ-

नवि तं करेसि अग्गी, नेव विसं नेव किन्हसप्पो अ ॥
जं कुणइ महादोसं, तिव्वं जीवस्स मिच्छत्तं ॥६५॥

તીવ્ર મિથ્યાત્વ જીવની સાથે જેટલો મહાન્ દ્વેષ કરે છે, તેટલો દ્વેષ નથી કરતો અગ્નિ, નથી કરતું વિષ અને નથી કરતો કાળો સર્પ. ॥ ૬૫ ॥

## મિથ્યાત્વ છતે બીજું સર્વ નિરર્થક છેઃ-

कट्ठं करेसि अप्पं, दमेसि अत्थं चयंसि धम्मत्थं ॥
इक्क न चयंसि मिच्छत्त, विसलवं जेण वुड्डिहसि ॥६६॥

કષ્ટ કરે છે, આત્માને દમે છે અને ધર્મને અર્થે દ્રવ્યને તજે છે, પણ જો વિષલવ તુલ્ય મિથ્યાત્વને તજતો નથી, તો તે સર્વ નિરર્થક છે; કારણ કે, મિથ્યાત્વે કરીને સંસાર સમુદ્રને વિષે બૂડે છે. ॥ ૬૬ ॥

### યત્નાની પ્રાધાન્યતા :—

**जयणा य धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ॥**
**तववुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ॥६७॥**

જયણા ધર્મની માતા છે, જયણા ધર્મનું પાલન કરનારી છે જયણા તપની વૃદ્ધિ કરનારી છે અને એકાંત સુખને આપનારી પણ જયણા છે. ॥ ૬૭ ॥

### કષાયનું ફલઃ–

**जं अज्जिअं चरित्तं, देसूणाए अ पुव्वकोडीए ॥**
**तं पुण कसायमित्तो, हारेइ नरो मुहुत्तेणं ॥६८॥**

દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષ સુધી ચારિત્ર પાલવાથી જે ચારિત્ર ગુણ ઉપાર્જન કર્યો હોય, તેને એક મુહૂર્ત્ત માત્ર કષાય કરવાથી પ્રાણી હારી જાય છે. ॥ ૬૮ ॥

### ચારે કષાયના દોષોનું જુદું જુદું વર્ણન કરે છેઃ–

**कोहो पीई पणासेई, माणो विणयनासणो ॥**
**माया मित्ताणि नासेई, लोहो सव्वविणासणो ॥६९॥**

ક્રોધ, પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે; માયા મિત્રાઇનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશી છે. ॥ ૬૯ ॥

## ક્ષમાના ગુણોઃ-

खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ॥
हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ॥७०॥

ક્ષમા સુખનું મૂલ છે, ધર્મનું મૂલ પણ ઉત્તમ ક્ષમા છે. મહા વિદ્યાની પેઠે ક્ષમા સર્વ દુરિતને હરે છે. ॥૭૦॥

## પાપશ્રમણનું લક્ષણઃ—

सयं गेहं परिच्चज्ज, परगेहं च वावडे ॥
निमित्तेण य ववहरई, पावसमणुत्ति वुच्चई ॥७१॥

જે પોતાનું ઘર તજી દઈને પરઘરને જોયા કરે છે, (પરને વિષે મમત્વ ધારણ કરે છે) અને નિમિત્ત વડે વ્યાપાર કરે છે તેને પાપશ્રમણ કહીએ. ॥ ૭૧ ॥

दुद्ध दही विगइओ, आहारेई अभिक्खणं ॥
न करेइ तवोकम्मं, पावसमणुत्ति वुच्चई ॥७२॥

દૂધ, દહિં અને અઘૃતાદિક વિગઈ વારંવાર વાપરે અને તપકર્મ ન કરે, તેને પાપશ્રમણ કહીએ. ॥ ૭૨ ॥

## પાંચ પ્રમાદ સેવવાનું ફલઃ—

मज्जं विसय कसाया, निद्दा विकहा य पंचमी भणिया ॥
ए ए पंच पमाया, जीवं पाडंति संसारे ॥७३॥

મદ, વિષય, કષાય. નિદ્રા અને પાંચમી વિકથા એ કહેલા પાંચ પ્રમાદો જીવને સંસારને વિષે પાડે છે. ॥ ૭૩ ॥

## નિંદ્રાથી થતી હાનીઃ—

**जइ चउदसपुव्वधरो, वसई निगोएसुऽणंतयं कालं ॥**
**निद्दापमायवसओ, ता होहिसि कह तुमं जीव ॥७४॥**

જ્યારે નિંદ્રા રૂપ પ્રમાદના વશ થકી ચૌદ પૂર્વધર નિગોદને વિષે અનંતકાલ સુધી રહે છે, તો હે જીવ! ત્હારૂં શું થશે? અર્થાત્ તું જો નિંદ્રા પ્રમાદને વશ પડયો તો કદિ પણ ઉંચો આવી શકીશ નહીં. ॥ ૭૪ ॥

## જ્ઞાન અને ક્રિયાની આવશ્યકતાઃ—

**हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया ॥**
**पासंता पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥७५॥**

ક્રિયા હિન જે જ્ઞાન તે હણાએલું છે અને અજ્ઞાનપણાથી ક્રિયા હણાએલી છે. અર્થાત્ જ્ઞાનવડે શુભાશુભ ભાવ કૃત્યાકૃત્ય જાણે છે, પરંતુ જો શુભ ક્રિયા કરતો નથી તો તેથી કાંઈ પણ સિદ્ધિ થતી નથી. ઈહાં દૃષ્ટાંત કહે છે. પાંગળો દેખતો થકો દાઝયો અને આંધળો દોડીને દાઝયો. ॥ ૭૫ ॥

**संजोग सिद्धि अ फलं वयंति, न हु एगचक्केण रहो पयाई ॥**
**अंधो य पंगोय वणए समिच्चा, ते संपणट्ठा नगरं पविट्ठा ॥७६॥**

પંડિત પુરૂષો જ્ઞાન અને ક્રિયાના સંયોગની સિદ્ધિ વડે જ મુક્તિ રૂપ ફલની પ્રાપ્તિ કહે છે. કારણ કે, એક પૈડે કરીને રથ ચાલતો નથી, પણ બે પૈડાં વડેજ ચાલી શકે છે, ઇહાં દ્રષ્ટાંત કહે છે. આંધલો અને પાંગલો વનને

વિષે એકઠા મલીને ત્યાંથી તે નાઠા અને તે નગરમાં પેસી ગયા. ॥ ૭૬ ॥

## ચારિત્રની પ્રાધાન્યતાઃ—

**सुबहुंपि सुअमहीअं, किं काही चरणविप्पहीणस्स ॥**
**अंधस्स जह पलित्ता, दीवसय सहस्स कोडीओ ॥७७॥**

અત્યંત જ્ઞાનાભ્યાસ કર્યો હોય તો પણ ચારિત્ર રહિતને જ્ઞાન શું કરે છે ? અર્થાત્ કાંઇ પણ અવબોધ કરી શકતું નથી. જેમ લાખો ક્રોડો પ્રજ્વલિત કરેલા દીપકો અંધને કાંઈ પણ બોધ કરી શકતા નથી.

**अप्पंपि सुअमहीअं, पयासगं होई चरणजुत्तस्स ॥**
**इक्कोवि जह पईवो, सचक्खुअस्सा पयासेई ॥७८॥**

ચારિત્ર યુક્ત પુરૂષનો અલ્પગુણ શ્રુતાભ્યાસ પ્રકાશને કરનાર થાય છે. જેમ ચક્ષુવાલાને એક દીપક પણ પ્રકાશને કરે છે તેમ. ॥ ૭૮ ॥

## શ્રાવકની અગીઆર પડિમાઃ—

**दंसण वय सामाइय, पोसहपडिमा अबंभ सच्चित्ते ॥**
**आरंभ पेस उद्दिट्ठ, वज्जए समणभूए अ ॥७९॥**

૧ સમક્તિ પ્રતિમા, ૨ વ્રત પ્રતિમા, ૩ સામાયિક પ્રતિમા, ૪ પૌષધ પ્રતિમા, ૫ કાયોત્સર્ગ પ્રતિમા, ૬ અબ્રહ્મવર્જક પ્રતિમા, ૭ સચિત્ત વર્જક પ્રતિમા, ૮ આરંભવર્જક પ્રતિમા, ૯ પ્રેષ્યવર્જક પ્રતિમા, ૧૦ ઉદ્દિષ્ટ વર્જક પ્રતિમા, અને ૧૧ શ્રમણભૂત પ્રતિમા. ॥ ૭૯ ॥

## શ્રાવક પ્રતિદિવસ શું સાંભળે?:—

**संपत्तदंसणाई, पईदियह जइजणाओ निसुणेई ॥**
**सामायारिं परमं, जो खलु तं सावगं बिंति ॥८०॥**

સંપ્રાપ્ત કર્યું છે સમકિત જેણે અર્થાત્ સંપૂર્ણ થઈ છે દર્શનાદિ પ્રતિમા જેમને એવો શ્રાવક પ્રતિ દિવસ મુનિજનની પાસે પરમ ઉત્કૃષ્ટિ એવી સમાચારીને સાંભલે. નિશ્ચે તે પુરૂષને તીર્થંકર ભગવંત શ્રાવક કહે છે. ॥ ૮૦ ॥

**जहा खरो चंदणभारवाही, भारस्सभागा न हु चंदणस्स ॥**
**एवं खु नाणी चरणेण हीणो, भारस्सभागी न हु सुग्गईए ॥८१॥**

ચંદનના કાષ્ટ સમૂહને ઉપાડનાર ગધેડો જેમ ભાર માત્રને ઉપાડનાર છે, પણ તે ચંદનના સુગંધને ભોગવતો નથી; તેમ ચારિત્ર ધર્મે કરીને હીન–રહિત એવો જ્ઞાની નિશ્ચે જ્ઞાન માત્રનો ભાગી છે, પરંતુ સદ્‌ગતિનો ભાજન થતો નથી. ॥ ૮૧ ॥

## સ્ત્રીસંગમા રહેલા દોષનું વર્ણન:—

**तहिं पंचिंदि आ जीवा, इत्थीजोणीनिवासिणो ॥**
**मणुआणं नवलख्खा, सव्वे पासेई केवली ॥८२॥**

તે સ્ત્રીની યોનિના નિવાસી એવા નવલાખ પંચેંદ્રિય મનુષ્યો છે, તે સર્વેને કેવલજ્ઞાની જોઈ શકે છે. ॥ ૮૨ ॥

**इत्थीणं जोणीसु, हवंति बेइंदिया य जे जीवा ॥**
**इक्को य दुन्नि तिन्निवि, लख्खपहुत्तं तु उक्कासं ॥८३॥**

સ્રીની યોનિને વિષે બે ઇંદ્રિય જીવો જે છે, તેની સંખ્યા શાસ્રકારે એક બે, ત્રણ અથવા ઉત્કૃષ્ટ લાખ પૃથકત્વ કહેલી છે. ॥ ૮૩ ॥

**पुरिसेण सहगयाए, तेसिं जीवाण होइ उद्दवणं ॥**
**वेणुअ दिट्ठंतेणं, तत्ताइ सिलागनाएणं ॥८४॥**

તપાવેલી શલાકા દાખલ કરેલી ભૂંગળીનાં દૃષ્ટાંતે કરીને પુરૂષની સંગાથે સ્રીનો યોગ થવાથી તે પુર્વોક્ત જીવોનો નાશ થાય છે. ॥ ૮૪ ॥

**इत्थीण जोणिमज्झे, गप्भगयाइं हवंति जे जीवा ॥**
**उप्पज्जंति चयंति य, समुच्छिमा असंखया भणिया ॥८५॥**

સ્રીની યોનિને વિષે ગર્ભગત જે જીવો છે, તે ઉપજે છે અને ચવે છે તથા સમૂર્ચ્છિમ જીવો પણ અસંખ્ય કહ્યા છે. ॥ ૮૫ ॥

**मेहुणसन्नारूढो, नवलक्ख हणेइ सुहुम जीवाणं ॥**
**तित्थयरेणं भणियं, सद्दहियव्वं पयत्तेणं ॥८६॥**

મૈથુનસંજ્ઞાને વિષે આરૂઢ થએલો મનુષ્ય નવલાખ સૂક્ષ્મ જીવોને હણે છે. એ પ્રમાણે તીર્થંકરે કહ્યું છે. તેવી રીતે તે પ્રયત્ને કરીને સદ્દહવું. ॥ ૮૬ ॥

**असंख इत्थी नर मेहुणाओ, मुच्छंति पंचिंदिय माणुसाओ ॥**
**निसेस अंगाण विभत्ति अंगे, भणई जिणो पन्नवणों उवंगे८७**

સ્રી અને પુરૂષના મૈથુનની અસંખ્યાતા સમૂર્ચ્છિમ પંચેંદ્રિય મનુષ્ય ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સર્વ અંગોને

વિષે જીવાજીવાદિકના વિવરણવડે મનોહર એવા પન્નવણા ઉપાંગને વિષે શ્રી જિનેશ્વર ભગવંતે કહ્યું છે. ॥ ૮૭ ॥

मज्जे महुंमि मंसंमि, नवणीयंमि चउत्थए ॥
उप्पज्जंति असंखा, तव्वन्ना तत्थ जंतुणो ॥८८॥

મદિરાનાં, મધમાં, માંસમાં અને ચોથા માખણમાં તેજ વર્ણ (રંગ)ના અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે. ॥ ૮૮ ॥

आमासु अ पक्कासु अ, विपच्चमाणासु मंसपेसीसु ॥
सययं चिय उववाओ, भणिओ अ निगोअ जीवाणं ॥८९॥

કાચા માંસમાં પાકા માંસમાં અને પકવાતી એવી માંસની પેસીમાં સદા નિરંતર નિગોદ જીવોનો ઉપપાત કહેલો છે. ॥ ૮૯ ॥

## વ્રત ભંગ કરવાનું ફલઃ—

आजम्मं जं पावं, बंधइ मिच्छत्त संजुओ कोई ॥
वयभंगं काउमणो, बंधइ तं चेव अट्ठगुणं ॥९०॥

મિથ્યાત્વ સંયુક્ત કોઈ પ્રાણી જન્મ પર્યંત જેટલું પાપ બાંધે, તે કરતાં આઠગણું પાપ વ્રત ભંગ કરવાનું મન કરનાર બાંધે. ॥ ૯૦ ॥

सयसहस्साण नारीणं, पिट्टं फाडेइ निग्घिणो ॥
सत्तट्ठमासिए गब्भे, तप्फडंते निकत्तइ ॥९१॥

तं तस्स जत्तियं पावं, तं नवगुणिय मेलियं हुज्जा ॥
एगित्थि य जोगेणं, साहु बंधिज्ज मेहुणओ ॥९२॥

એક લાખ ગર્ભવંતી સ્ત્રીઓનાં નિર્દયપણે પેટ ચીરે અને તેમાંથી બહાર આવેલા સાત આઠ માસના તરફડતા ગર્ભને મારી નાંખે, તે પ્રાણીને જેટલું પાપ લાગે, તેને નવગણું કરીએ તેટલું પાપ એક સ્ત્રીના યોગે કરીને મૈથુન સેવન કરવાથી સાધુ બાંધે. ॥ ૯૧ ॥ ૯૨ ॥

## કોની સમીપે સમકિત ગ્રહણાદિ કરવું ?:—

**अखंडीय चारित्तो, वयधारी जो व होइ गीहत्थो ॥**
**तस्स सगासे दंसण, वयगहणं सोहिकरणं च ॥९३॥**

અખંડ ચારિત્રવંત મુનિ અથવા વ્રતધારી ગૃહસ્થ હોય, તેની સમીપે સમકિત તથા વ્રત ગ્રહણ કરવું અને આલોયણ લેવું. ॥ ૯૩ ॥

## સ્થાવર જીવોમાં રહેલા જીવોઃ—

**अद्दामलय पमाणे, पुढवीकाए हवंति जे जीवा ॥**
**तं पारेवय मित्ता, जंबुदीवे न मायंति ॥९४॥**

લીલા આમલા પ્રમાણે પૃથ્વિકાયને વિષે જે જીવો રહેલા છે, તે દરેકનું શરીર પારેવા પ્રમાણે કરીએ તો જંબૂદ્વીપને વિષે સમાય નહી. ॥ ૯૪ ॥

**एगंमि उदगबिंदुंमि, जे जीवा जिणवरेहिं पन्नत्ता ॥**
**ते जइ सरिसवमित्ता, जंबूदीवे न मायंति ॥९५॥**

એક પ્રાણીના બિંદુમાં જે જીવો જિનેશ્વરે કહ્યા છે, તેને સરશવ માત્ર શરીરવાલા કરીએ તો જંબૂદ્વીપમાં સમાય નહી. ॥ ૯૫ ॥

**बरंटतंदुलमित्ता, तेउकाए हवंति जे जीवा ॥**
**ते जइ खसखसमित्ता, जंबूदीवे न मायंति ॥९६॥**

બંટી તંદૂલ માત્ર તેઉકાયને વિષે જેટલા જીવો છે, તે જો ખશખશ પ્રમાણ શરીરવાલા કરીએ તો જંબૂદ્વીપમાં સમાય નહી. ॥ ૯૬ ॥

**जे लिंबपत्तमित्ता, वाऊकाए हवंति जे जीवा ॥**
**तं मत्थयलिक्खमित्ता, जंबूदीवे न मायंति ॥९७॥**

લીંબડાના પાંદડાં જેટલી જગ્યા રોકનારા વાયુ કાયમાં જે જીવો છે, તે દરેકને માથાની લીખ માત્ર શરીરવાલા કરીએ તો જંબૂદ્વીપમાં સમાય નહી. ॥ ૯૭ ॥

**પાસત્થાના સંગમાં રહેનારા મુનિ અવંદનીક છેઃ—**

**असुइठाणे पडिआ, चंपकमाला न कीरइ सीसे ॥**
**पासत्थाई ठाणे, सुवट्टमाणो तह अपुज्जे ॥९८॥**

અશુચિ સ્થાનકને વિષે પડેલી ચંપાના પુષ્પની માલા જેમ મસ્તક ઉપર ધારણ કરાતી નથી, તેમ પાસત્થાદિક સ્થાનકને વિષે વર્ત્તતા-રહેતા એવા મુનિ પણ અપૂજ્ય છે, પૂજવા યોગ્ય નથી. ॥ ૯૮ ॥

**छट्ठट्ठम दसम दुवालसेहिं, मासद्ध मासखमणेहिं ॥**
**इत्तोउ अणेगगुणा, सोहा जिमियस्स नाणिस्स ॥९९॥**

છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દુવાલસ, અર્ધ માસખમણ અને માસખમણ કરવે કરીને જે શોભા છે, તે કરતાં અનેક ગુણી શોભા ( દરરોજ ) જમતા એવા જ્ઞાનીની છે. ॥ ૯૯ ॥

जं अन्नाणी कम्मं, खवेइ बहुआइं वासकोडीहिं ॥
तन्नाणी तिहिंगुत्तो, खवेइ उस्सासमित्तेणं ॥१००॥

બહુક્રોડ વર્ષોએ કરીને અજ્ઞાની જેટલાં કર્મને ખપાવે, તેટલાં કર્મને જ્ઞાની ત્રણ ગુપ્તિ યુક્ત વર્ત્તતા છતા એક શ્વાસોશ્વાસ માત્રે કરીને ખપાવે. ॥ ૧૦૦ ॥

## દેવદ્રવ્યના રક્ષણનું ફલઃ—

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ॥
रक्खंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ॥१०१॥

જિન પ્રવચનની વૃદ્ધિના કરનાર અને જ્ઞાન દર્શન ગુણના પ્રભાવક તથા જિનદ્રવ્યનું રક્ષણ કરનાર જીવ તિર્થંકરપણાને પ્રાપ્ત કરે. ॥ ૧૦૧ ॥

जिणपवयण वुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ॥
भक्खंतो जिणदव्वं, अणंतसंसारिओ होई ॥१०२॥

જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન દર્શન ગુણના પ્રભાવક પણ જિનદ્રવ્યનું ભક્ષણ કરતા છતાં અનંતસંસારી થાય. ॥ ૧૦૨ ॥

भक्खेइ जो उवेक्खेइ जिणदव्वं तु सावओ ॥
पन्नाहीणो भवे जीवो, लिप्पइ पावकम्मुणा ॥१०३॥

જે શ્રાવક જિનદ્રવ્યનું ભક્ષણ કરે, અથવા ઉપેક્ષા કરે, તો તે જીવ પ્રજ્ઞા [illegible] થાય અને પાપકર્મે લેપાય. ॥ ૧૦૩

## ચાર મ્હોટાં અકાર્ય વર્જવાં:—

चेइअदव्व विणासे, रिसिघाए पवयणस्सउड्डाहे ॥
संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ॥१०४॥

ચૈત્યદ્રવ્યનો વિનાશ કરનાર, મુનિની ઘાત કરનાર, પ્રવચનનો ઉડ્ડાહ કરનાર અને સાધ્વીના ચતુર્થ વ્રતનો ભંગ કરનાર સમકિતના લાભ રૂપ વૃક્ષના મૂલમાં અગ્નિ મૂકે છે. ॥ ૧૦૪ ॥

## પૂજા કરવાના ભાવ પણ મહા ફલવાલા છે:—

सुव्वइ दुग्गयनारी, जगगुरुणो सिंदुवारकुसुमेहिं ॥
पूआपणिहाणेहिं, उप्पन्ना तियसलोगंमि ॥१०५॥

સાંભલીએ છીએ કે, દરિદ્રિ એવી એક સ્ત્રી સિંદુવારના પુષ્પોયે કરીને પ્રભૂની પૂજા કરવાના પ્રણિધા નથી-એકાગ્રતાથી ત્રિદશલોક જે દેવલોક, તેને વિષે ઉપન્ન થઈ. ॥ ૧૦૫ ॥

## ગુરૂવંદન કરવાનું ફલ:—

तित्थयरत्तं सम्मत्तखाइयं सत्तमी तईयाए ॥
साहुणवंदणेणं, बद्धं च दसारसीहेणं ॥१०६॥

તીર્થંકરપણું, ક્ષાયક સમકિત અને સાતમી નરકથી ત્રીજી નરકનો બંધ ( એ ત્રણ વાનાં ) વિધિપૂર્વક વંદન કરવાથી કૃષ્ણે ઉપાર્જન કર્યાં. ॥ ૧૦૬ ॥

## દ્રવ્યસ્તવનું સ્થાપન:—

अकसिणपवत्तगाणं, विरयाविरयाण एस खलुजुत्तो ॥
संसारपयणुकरणे, दव्वत्थए कूवदिट्ठंतो ॥१०७॥

સમસ્ત પ્રકારે ધર્મકાર્યમાં નહિ પ્રવર્તેલા એવા વિરતાવિરતિ જે શ્રાવકો, તેને સંસાર પાતલો કરવાને અર્થે દ્રવ્યસ્તવ ( આચરણીય છે ) તેને વિષે કૂવાનું દૃષ્ટાંત જાણવું. ॥ ૧૦૭ ॥

## ક્રોધનું ફલઃ—

अणथोत्रं वणथोवं, अग्गीथोवं च कसाय थोवं च ॥
न हु ते विससिअव्वं, थोवंपि हु तं बहू होई ॥१०८॥

રણ થોડું હોય, વ્રણ થોડું હોય, અગ્નિ થોડી હોય, અને કષાય થોડો હોય તો પણ તેનો વિશ્વાસ ન કરવો. કેમ કે, થોડું હોય તો તે ઘણું થઈ જાય છે. અર્થાત્ ઘણું થતાં વાર લાગતી નથી. ॥ ૧૦૮ ॥

## મિચ્છામિ દુક્કડંનું પ્રવર્ત્તનઃ—

जं दुक्कडंति मिच्छा, तं भुज्जो कारणं अपूरंतो ॥
तिविहेण पडिकंतो, तस्स खलु दुक्कडं मिच्छा ॥१०९॥

જે દુષ્કૃતને મિથ્યા કરે, તે દુષ્કૃત સંબંધી કારણને ફરીને સેવે નહિ અને વિધિએ કરીને પડિકકમે તેનું ખરૂં મિથ્યાદુષ્કૃત જાણવું. ॥ ૧૦૯ ॥

जं दुक्कडंति मिच्छा, तं चेव निसेवइ पुणो पावं ॥
पच्चक्ख मुसावाई, माया नियडिप्प संगो अ ॥११०॥

જે દુષ્કૃતને–પાપને મિથ્યા કરે, તે જ પાપના કારણને ફરીને સેવે, તે પ્રાણીને પ્રત્યક્ષ મૃષાવાદી અને માયાકપટના નિવિડ પ્રસંગવાલો જાણવો. ॥ ૧૦૧ ॥

## મિચ્છામિ દુક્કડં શબ્દનો અર્થઃ—

मिति मिउ मद्दवत्ते, छत्तीदोसाण छायणे होई ॥
मित्तिअ मेराइट्ठिओ, दुत्ति दुगंछामि अप्पाणं ॥१११॥
कत्ति कडं मे पावं, डत्तिय देवेमि तं उवसमेणं ॥
एसो मिच्छादुक्कड, पयख्खरत्थो समासेणं ॥११२॥

"મિ" મૃદુ માર્દવપણાને વિષે છે. "ચ્છા" દોષનું આચ્છાદન કરવાને અર્થે છે, "મિ" મર્યાદામાં સ્થિત થવા માટે છે. "દુ" આત્માની દુર્ગંછા કરૂં છું એમ જણાવવા માટે છે. "ક્કુ' મ્હારાં કરેલાં પાપ એમ સૂચવે છે. અને 'ડ' તે પાપને ઉપશમ વડે વાલી નાખું છું એમ કહે છે. આ પ્રમાણે "મિચ્છામિદુક્કડ" શબ્દના દરેક અક્ષરનો અર્થ સંક્ષેપમાત્ર જાણવો. ॥ ૧૧૧ ॥ ૧૧૨ ॥

## ચાર પ્રકારના તીર્થનું વર્ણનઃ—

नामं ठवणातित्थं, दव्वंतित्थं च भावतित्थंच ॥
इक्किंमि य इत्तो, ऽणेगविहं होइ नायव्वं ॥११३॥

નામ તીર્થ, સ્થાપના તીર્થ, દ્રવ્ય તીર્થ અને ભાવ તીર્થ એ પ્રમાણે તીર્થના મુખ્ય ચાર ભેદ છે તે એકેકાના અનેક પ્રકાર છે તે જાણી લેવા. (૧૧૩)

दाहोवसमं तन्हाइ छेयणं मलपिवाहणं चेव ॥
तिहिं अत्थेहिं निउत्तं, तम्हा तं दव्वआतित्थं ॥११४॥

દાહનું ઉપશમાવવું, તૃષાનો છેદ કરવો અને મેલને દૂર

કરવો, એ ત્રણ અર્થે કરીને યુક્ત હોય તે કારણથી તેને દ્રવ્યતીર્થ કહીએ. (૧૧૪)

## ભાવતીર્થનું સ્વરૂપ

कोहंमिउ निग्गहिए, दाहस्स उवसमणं हवई तित्थं ॥
लोहंमिउ निग्गहिए, तन्हाए छेयणं होई ॥११५॥
अठविहं कम्मरयं, बहुएहिं भवेहिं संचियं जम्हा ॥
तवसंजमेण धोवइ, तम्हा तं भावओतित्थं ॥११६॥

ક્રોધનો નિગ્રહ થવાથી દાહના ઉપશમ રૂપ તીર્થ થાય અને લોભનો નિગ્રહ થવાથી તૃષા (તૃષ્ણ) ના છેદન રૂપ તીર્થ થાય. (૧૧૫ આઠ પ્રકારના કર્મ રૂપી રજ બહુ ભવે કરીને સંચય કરેલી તે તપ અને સંયમે કરીને દૂર થાય. તેથી તેને ભાસ તીર્થ કહીએ. (૧૧૬)

दंसणनाणचरित्ते, सुनिउत्तं जिणवरेहिं सव्वेहिं ॥
एएण होइ तित्थं, एसो अन्नोवि पज्जाओ ॥११७॥

જ્ઞાન, દર્શન અને ચારિત્રવડે યુક્ત હોય તેને સર્વ જિનેશ્વરોએ તીર્થ રૂપ કહ્યો છે. તેથી એ રત્નત્રયિના સંયુક્તપણા વડે તીર્થ કહેવાય છે. એ પ્રમાણે અન્ય પર્યાય પણ જાણી લેવો. ॥ ૧૧૭ ॥

सव्वो पुव्वकयाणं, कम्माणं पावए फलविवायं ॥
अवराहेसु गुणेसु अ, निमित्तमित्तं परो होइ ॥११८॥

સર્વ જીવો પૂર્વ ભવે કરેલા કર્મોનાં ફલ વિપાકને પામે

છે. અપરાધને વિષે અને ગુણને વિષે બીજા તો નિમિત્ત માત્રજ હોય છે. ॥ ૧૧૮ ॥

धारिज्जइ इत्तो जलनिही, विकल्लोलाभिन्नकुलसेलो ॥
न हु अन्नजम्मनिम्मिय, सुहासुहो कम्मपारिणामो ॥११९॥

પોતાના કલ્લોલે કરીને મ્હોટા પર્વતોને જેણે ભેદી નાખ્યા છે એવા સમુદ્રને ધારણ કરી શકાય, પણ બીજા જન્મ નિમિત્તે શુભાશુભ કર્મના પરિણામને ધારણ કરી શકાય નહી. અર્થાત્ રોકી શકાય પણ નહિ. ॥ ૧૧૯ ॥

अकयं को परिभुंजइ, सकयं नासिज्ज कस्स किरकम्मं ॥
सकयमणुभुंजमाणो, कीस जणो दुम्मणो होई ॥१२०॥

ન કરેલ કર્મ કોઇ ભોગવતું નથી, અને પોતાનાં કરેલાં કર્મ નાશ પામતાં નથી. ત્યારે પોતાનાં કરેલાં કર્મને ભોગવતો થકો શા માટે પ્રાણી દુર્મનવાલો થાય છે? ॥ ૧૨૦ ॥

## પૌષધનું ફલઃ-

पोसेइ सुहभावे, असुहाइ खवेइ नत्थि संदेहो ॥
छिंदइ नरयतिरियगइ, पोसहविहि अप्पमत्तो य ॥१२१॥

પૌષધની વિધિને વિષે અપ્રમાદી એવા મનુષ્ય શુભ ભાવનુ પોષણ કરે છે, અશુભ ભાવનો ક્ષય કરે છે. અને નરક તિર્યંચ ગતિનો છેદ કરે છે એમાં સંદેહ નથી. ॥ ૧૨૧ ॥

## જિનપૂજાના પ્રકારઃ-

वरगंधपुप्फअक्खय, पईवफलधूवनीरपत्तेहिं ॥
नेविज्जविहाणेण य, जिणपूआ अठहा भणिया ॥१२२॥

શ્રેષ્ઠ ૧ ગંધ. ૨ પુષ્પ, ૩ ચોખા, ૪ દીપક, ૫ ફલ, ૬ ધૂપ, ૭ જલપાત્ર; ૮ નૈવેદ્યના વિધાને કરીને જિનપૂજા આઠ પ્રકારે કહી છે. ॥ ૧૨૨ ॥

## જિનેંદ્રની પૂજાનું ફલઃ-

**उवसमइ दुरियवग्गं, हरइ दुहं कुणइ सयलसुक्खाइं ॥**
**चिंताईयंपि फलं, साहइ पूआ जिणंदाणं ॥१२३॥**

જિનેંદ્રની પૂજા દુરિત વર્ગને ઉપશમાવે છે, દુઃખને દૂર કરે છે, સમસ્ત સુખને ઉત્પન્ન કરે છે અને ચિંતવવાને પણ અશકય એવા મોક્ષ ફલને સાધે છે. ॥ ૧૨૩ ॥

## ધર્મકાર્ય કરવામાં વિધિની પ્રબલતાઃ-

**धन्नाणं विहिजोगो, विहिपक्खाराहगा सया धन्ना ॥**
**विहिबहुमाणा धन्ना, विहिपक्ख अदूसगा धन्ना ॥१२४॥**

વિધિનો ચોગ ધન્ય પુરૂષોને થાય છે. વિધિપક્ષના આરાધન કરનારને સદા ધન્ય છે. વિધિનું બહુમાન કરનારને ધન્ય છે અને વિધિપક્ષને દૂષણ આપે નહિ તેને પણ ધન્ય છે. ॥ ૧૨૪ ॥

## આ ગ્રંથ ભણવાથી થતું ફલઃ-

**संवेगमणो संबोहसत्तरिं, जो पढइ भव्वजिवो ॥**
**सिरिजयसेहरठाणं, सो लहइ नत्थि संदेहो ॥१२५॥**

સંવેગ યુક્ત મનવાલા થયા થકા જે ભવ્ય જીવો આ સંબોધસત્તરિ પ્રકરણ ભણે, તે મોક્ષસ્થાન પ્રત્યે પામે એમાં સંદેહ નથી. ॥ ૧૨૫ ॥

श्रीमन्नागपुरीयाह्वा, तपोगणक जारुणाः ॥
ज्ञानपीयूषपूर्णांगा, सूरिंद्रा जयशेखराः ॥१॥
तेषांपत्कजमधुपा, सूरयो रत्नशेखराः ॥
सारसूत्रात्समुद्धृत्य, चक्रुःसंबोधसप्तर्ति ॥२॥

શ્રીમત્ નાગપુરીય નામના તપગચ્છ રૂપી કમલને સૂર્ય સમાન અને જ્ઞાન રૂપી અમૃતવડે પૂર્ણ શરીરવાલા શ્રી જયશેખર સૂરીન્દ્રના ચરણકમલને વિષે ભ્રમર સમાન શ્રી રત્નશેખર નામના આચાર્યે, સૂત્રમાંથી સાર સાર ગાથાઓનો ઉદ્ધાર કરીને આ સંબોધસત્તરી નામે પ્રકરણની રચના કરી.

# श्री इंद्रिय पराजय शतक.

( आर्यावृत्तम् )

सुच्चिय सूरो सो चे-व पंडिओ तं पसंसिमो निच्चं ॥
इंदियचोरेहिं सया, न लुट्टियं जस्स चरणधणं ॥१॥

તેજ સૂરવીર અને તેજ પંડિત. વલી તેનીજ અમે નિરંતર પ્રશંસા કરીયે છીયે કે જેનું ચારિત્રરૂપ ધન નિરંતર ઇંદ્રિયરૂપ ચોરોએ લુંટી લીધું નથી. ૧

इंदिय चवलतुरंगो, दुग्गइ मग्गाण धाविरे निच्चं ॥
भाविअ भवस्सरुवो, रूंभइ जिणवयण रस्सीहिं ॥२॥

ઇંદ્રિયરૂપ ચપલ ઘોડાનું નિરંતર દુર્ગતિરૂપ માર્ગમાં દોડી રહ્યા છે, તેમને સંસાર સ્વરૂપની ભાવના કરનારો પુરૂષ શ્રી જિનરાજનાં વચનરૂપ રાસથી રોકે છે. ૨

इंदियधुत्ताणमहो, तिलतुसमित्तंपि देसु मा पसरं ॥
जइ दिन्नो तो नीओ, जत्थ खणो वरिसकोडिसमं ॥३॥

હે પ્રાણિન્! તું ઇંદ્રિયરૂપ ચોરોને તલનાં ફોતરા માત્ર પણ પ્રસરવા દઇશ નહિ. કારણ જો પ્રસરવા દીધા તો જ્યાં એક ક્ષણ ક્રોડો વર્ષ સમાન થાય તેવાં દુઃખો પામીશ.

अजिइंदिएहिं चरणं, कट्ठंव घुणेहि किरइ असारं ॥
तो धम्मत्थिहि दढ्ढं, जइयव्वं इंदियजयंमि ॥ ४ ॥

ઇંદ્રિયને ન જીતનારા પ્રાણીનું ચારિત્ર ઘુણે ( લાકડાંના જીવોએ ) કરડેલાં લાકડાંની પેઠે સાર રહિત છે, માટે

ધર્મના અર્થિયે ઇંદ્રિયોને જીતવામાં દૃઢ ઉદ્યમ કરવો જોઇયે. ૪

जह कागिणइ हेउं, कोडी रयणाण हारए कोई ॥
तह तुच्छ विसय गिद्धा, जीवा हारंति सिद्धिसुहं ॥५॥

જેમ કોઈ મૂર્ખ એક કોડીને માટે ક્રોડા રત્નને હારે તેમ તુચ્છ એવા વિષયમાં આસક્ત થયેલા જીવો મોક્ષસુખને હારી જાય છે. ૫

तिलमित्तं विसयसुहं, दुहं च गिरिरायसिंगतुंगयरं ॥
भवकोडिहिं न निट्ठइ, जं जाणसु तं करिज्जासु ॥६॥

તલમાત્ર વિષયસુખ દુઃખરૂપ મેરૂપર્વતના ઉંચા શિખર જેવું છે. વલી તે દુઃખ ક્રોડો ભવ સુધી ખુટે તેમ નથી, માટે હે જીવ! જેમ જાણુ તેમ કર. ૬

( शार्दूलविक्रीडितवृत्तम् )

भुंजंता महुरा विवागविरसा किंपागतुल्ला इमे,
कच्छुकंडुअणंव दुक्खजणया दाविंति बुद्धिं सुहे ॥
मज्झन्हे मयतिन्हियव्व सययं मिच्छाभिसंधिप्पया,
भुत्ता दिंति कुजम्म जोणिगहणं भोगा महा वेरिणो ॥७॥

કિંપાક ફલની પેઠે ભોગવતાં મધુર, પણ પરિણામે પ્રાણનો નાશ કરનારા, ખસના ફોલ્લાને ખણવાની પેઠે દુઃખ આપનારા, મધ્યાન્હ વખતે મૃગ તૃષ્ણાની પેઠે નિરંતર ખોટા અભિપ્રાય આપનારા અને મહા વૈરી સરખા ભોગો ભોગવનારાને કુજન્મરૂપ ગહન જોની આપે છે.

(अनुष्टुप्वृत्तम्)

सक्का अग्गि निवारेउं, वारिणो जलिओवि हु ॥
सव्वोदहिजलेणावि, कामग्गि दु निवारओ ॥ ८ ॥

હલહલતા અગ્નિને પાણીવડે નિવારી શકાય. પણ સર્વ સમુદ્રોનાં પાણીથી કામરૂપ અગ્નિ નિવારી શકાતો નથી.

(आर्यावृत्तम्)

विसमिव मुहंमि महुरा, परिणाम निकाम दारुणा विसया ॥
कालमणंतं भुत्ता, अज्जवि मुत्तं न किं जुत्ता ॥ ९ ॥

હે જીવ! તેં આરંભે મીઠા, પણ પરિણામે અત્યંત દારૂણ એવા વિષયોને અનંતકાલ સુધી ભોગવ્યા, તોપણ તેને હજી ત્યજી દેતો નથી તે તને યોગ્ય છે? ૯

विसयरसासवमत्तो जुत्ताजुत्तं न याणई जीवो ॥
झूरइ कलुणं पच्छा पत्तो नरयं महाघोरं ॥ १० ॥

વિષયરસરૂપ મદિરામાં મદોન્મત્ત થયેલો જીવ યોગ્ય તથા અયોગ્ય જાણતો નથી; પરંતુ જ્યારે મહા ઘોર નરક પામે છે ત્યારે પાછળથી દીન થઈ ઝુરે છે. ૧૦

जह निंबदुम्मपन्नो कीडो कडुअंपि मन्नए महुरं ॥
तह सिद्धिसुहपरुक्खा, संसारदुहं सुहं बिंति ॥ ११ ॥

જેમ લીંબડાનાં પાંદડામાં રહેલો કીડો, તે પાંદડાને કડવું છતાં મીઠું માને છે તેમ મોક્ષસુખથી ઉપરાંઠા જીવો સંસારના દુઃખને સુખ કહે છે. ૧૧

अथिराण चंचलाण य, खणमित्त सुहंकराण पावाणं ॥
दुग्गइ निबंधणाणं, विरमसु एआण भोगाणं ॥ १२ ॥

હે જીવ ! અસ્થિર, ચંચલ, ક્ષણમાત્ર સુખને આપનારા, મહા પાપરૂપ અને દુર્ગતિના બંધનનું કારણ; એવા આ ભોગોથી તું વિરામ પામ. ૧૨

**पत्ताय कामभोगा, सुरेसु असुरेसु तहय मणुएसु ॥**
**नय जीव तुज्झ तित्ती, जलणस्सव कट्ठनियरेण ॥१३॥**

હે જીવ! દેવને વિષે, અસુર દેવને વિષે, તેમજ મનુષ્યને વિષે તું કામભોગોને પામ્યો, તો પણ કાષ્ટ નાંખવાથી જેમ અગ્નિ તૃપ્ત થતો નથી તેમ તું પણ કામભોગથી તૃપ્ત થતો નથી. ૧૩

**( काव्यम् )**

**जहा य किंपागफला, मणोरमा, रसेण वन्नेण य भुंजमाणा ॥**
**ते खुड्डए जीविय पच्चमाणा एओवमा कामगुणा विवागे ॥१४॥**

જેમ કિંપાક ફ્લો રસથી, વર્ણથી અને ખાવાથી મનોહર લાગે છે; પરંતુ પચતા એવા તે ફ્લો જીવિતને ખુટાડે છે તેમ કામ ગુણના પરિણામ જાણવા. ૧૪

**( अनुष्टुप्वृत्तम् )**

**सव्वं वीलविअं गीयं, सव्वं नट्टं विडंबणा ॥**
**सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥ १५ ॥**

સર્વ પ્રકારનાં ગીત વિલાપ તુલ્ય છે, સર્વ પ્રકારનાં નાટક વિટંબના તુલ્ય છે, સર્વ પ્રકારનાં આભરણો–ઘરાણાં ભાર તુલ્ય છે, તેમજ સર્વ પ્રકારના કામભોગો દુ:ખદાયક છે. ૧૫

( आर्यावृत्तम् )

देविंद चक्कवट्टि—त्तणाइ रज्जाइ उत्तमा भोगा ॥
पत्ता अणंतखुत्तो, न य हं तत्ति गओ तेहिं ॥ १६ ॥

અહો ! દેવેન્દ્ર અને ચક્રવર્ત્તિનાં રાજ્યો તથા ઉત્તમ ભોગોને હું અનંતીવાર પામ્યો, તો પણ તેથી તૃપ્તી પામ્યો નહિ. ૧૬

संसारचक्कवाले, सव्वेवि य पुग्गला मए बहुसो ॥
आहारिया य परिणा—मिया य नय तेसु तित्तोऽहं ॥१७॥

સંસારરૂપ ચક્રવાલમાં સર્વ પ્રકારના પુદ્ગલોને મેં ઘણી વાર ખાધા અને પરિણમાવ્યા; તથાપિ તેથી હું તૃપ્તિ પામ્યો નહિ. ૧૭

( अनुष्टुप्वृत्तम् )

उवलेवो होइ भोगेसु, अभोगी नोवलिप्पई ॥
भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चई ॥ १८ ॥

ભોગી પુરૂષો ભોગમાં લપટાય છે અને અભોગી પુરૂષો લપટાતા નથી; એટલાજ માટે ભોગી સંસારમાં ભમે છે અને અભોગી સંસારથી મૂકાય છે. ૧૮

अल्लो सुक्को य दो छूढा, गोलया मट्टियामया ॥
दोवि आवडिआ कूडे, जो अल्लो तत्थ लग्गई ॥ १९ ॥

एवं लग्गंति दुम्मेहा, जे नरा कामलालसा ॥
विरत्ताओ न लग्गंति, जहा सुक्के य गोलए ॥ २० ॥

લીલો અને સૂકો એવા બે માટીના ગોળા ભીંત તરફ ફેંકયા, તે બે ગોળા ભીંતે પટકાણા; પરંતુ તેમાંથો જે લીલો ગોળો હતો, તે ભીંતે ચોટી રહ્યો અને સૂકો ગોળો ન ચોટી રહ્યો. એ પ્રકારે કામભોગમાં લંપટી અને દુર્બુદ્ધિ પુરૂષો સંસારરૂપ ભીંતમાં ચોટી રહે છે અને જે કામભોગથી વિરામ પામ્યા છે, તે સૂકા ગોળાની પેઠે (સંસાર રૂપ ભીંતમાં) ચોટી રહેતા નથી.

(आर्यावृत्तम्)

**तणकट्ठेहिव अग्गी, लवणसमुद्दो नईसहस्सेहिं ॥**
**न इमो जीवो सक्को तिप्पेउं कामभोगेहिं ॥ २१ ॥**

જેમ ઘાસ તથા કાષ્ઠથી અગ્નિ અને હજારો નદીયોથી લવણસમુદ્ર તૃપ્ત થતો નથી તેમ આ જીવ પણ કામભોગથી તૃપ્ત થવાને શક્તિવાન થતો નથી. ૨૧

**भुत्तूणवि भोगसुहं, सुरनरखयरेसु पुण पमाएणं ॥**
**पिज्जइ नरएसु भेरव, कलकलतउ तंबपाणाइं ॥२२॥**

આ જીવ, દેવ મનુષ્ય અને વિદ્યાધરની ગતિમાં પ્રમાદના વશથી ભોગસુખ ભોગવીને નરકમાં ભયંકર કલકલતા અગ્નિયે તપાવેલા તાંબાના રસને પીયે છે. ૨૨

**को लोभेण न निहओ, कस्स नरमणीहि भोलिअं हिययं ॥**
**को मच्चुणा न गहिओ, को गिद्धो नेव विसएहिं ॥२३॥**

આ સંસારમાં કોણ લોભથી નથી હણાણો? કોનાં હૃદયને સ્ત્રીએ નથી ભોલવ્યું? કોને મૃત્યુએ નથી પકડયો? અને કોણ વિષયમાં ગૃદ્ધ નથી થયો? ૨૩

(काव्यम्)

खणमित्त सुक्खा बहुकाल दुक्खा,
पगाम दुक्खा अनिकाम सुक्खा ॥
संसार मोक्खस्स विपक्खभूआ,
खाणी अणत्थाणउ कामभोगा ॥ २४ ॥

હે જીવ! ક્ષણુમાત્ર સુખને આપનારા, બહુ કાલ દુઃખને આપનારા, અત્યંત દુઃખને આપનારા, તુચ્છ સુખને આપનારા, સંસારથી મુક્ત થવામાં શત્રુભૂત, અર્થાત્ સંસારને વધારનારા અને અનર્થની ખાણુ એવા આ કામભોગો છે.

(आर्यावृत्तम्)

सव्वगहाणं पभवो, महागहो सव्वदोस पायट्टि ॥
कामग्गहो दुरप्पा, जेणभिभूअं जगं सव्वं ॥ २५ ॥

નવગ્રહ (ઉન્માદ)નું ઉત્પત્તિ સ્થાન, મ્હોટો ગ્રહ, સર્વ પ્રકારના દોષ પ્રવર્ત્તાવનારો અને દુરાત્મા એવો કામદેવરૂપ ગ્રહ છે કે, જેણે આ સર્વ જગત્‌ને વશ કરી લીધું છે. ૨૫

जह कच्छुली कच्छु, कंडुअमाणो दुहं मुणइ सुक्खं ॥
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं विंति ॥ २६ ॥

જેમ ખસવાલો માણુસ ખસને ખણુતો છતો તેથી દુઃખને સુખ માને છે તેમ મોહથી આતુર થયેલા માણસો કામદેવના દુઃખને સુખ માને છે. ૨૬

(अनुष्टुप्वृत्तम्)

**सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ॥**
**कामे य पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥ २७ ॥**

કામભોગ શલ્ય છે, કામભોગ વિષ છે અને કામભોગ આશીવિષ ઝેર ( સર્પની દાઢમાં રહેલા ઝેર ) જેવા છે. તે કામભોગ ભોગવ્યા નથી; પરંતુ તેની પ્રાર્થના કરવાથી એટલે તેની ઇચ્છા રાખવાથી પણ જીવો દુર્ગતિમાં જાય છે. ૨૭

(आर्यावृत्तम्)

**विसए अवइक्खंता, पडंति संसारसायरे घोरे ॥**
**विसएसु निराविक्खा, तरंति संसारकंतारे ॥ २८ ॥**

વિષયની અપેક્ષા ( વાંછના ) કરનારા જીવો બીહામણા સંસાર સમુદ્રમાં પડે છે અને વિષયથી નિરપેક્ષ ( અવંછક ) થયેલા જીવો સંસારરૂપ અટવીને તરે છે. ૨૮

**छलिया अवइक्खंता, निरावइक्खा गया अविग्घेणं ॥**
**तह्मा पवयण सारे, निरावइक्खेण होअव्वं ॥ २९ ॥**

વિષયની અપેક્ષા-વાંછના કરનારા જીવો છલાણા એટલે સંસારમાં રહ્યા અને વિષયથી નિરપેક્ષ-અવંછક થયેલા જીવો, અવિઘ્નપણે મોક્ષમાં ગયા. તે કારણ માટે પ્રવચન એટલે સિદ્ધાંતનો એજ સાર છે કે, વિષયથી નિરપેક્ષ થવું.

**विसयाविक्खो निवडइ, निरविक्खो तरइदुत्तर भवोघं ॥**
**देवीदीवसमागय, भाउअजुअलेण दिट्ठंतो ॥ ३० ॥**

રત્નાદેવીના રત્નદ્વીપમાં ગયેલા (જિનરક્ષિત અને જિનપાલિત એ) બે ભાઇના દૃષ્ટાંતે વિષયની અપેક્ષા કરનારા જીવો (જિનરક્ષિતની પેઠે) સંસાર સમુદ્રમાં પડે છે અને વિષયથી નિરપેક્ષ થયેલા જીવો (જિનપાલિતની પેઠે) દુસ્તર એવા ભવના ઉલંને-સંસાર સમુદ્રને તરે છે.

**जं अइतिक्खं दुक्खं, जं च सुहं उत्तमं तिलोअंमि ॥**
**तं जाणसु विसयाणं वुड्ढि क्खयं हेउअं सव्वं ॥ ३१ ॥**

હે જીવ! ત્રણ લોકમાં જે અતિ તિક્ષ્ણ દુઃખ અને જે ઉત્તમ સુખ છે તે સર્વ વિષયોની વૃદ્ધિ અને ક્ષયનું હેતુ છે, એમ તું જાણ. ૩૧

**इंदियविसयपसत्ता, पडंति संसारसायरे जीवा ॥**
**पक्खिव्व छिन्नपंखा, सुसीलगुण पेहुण विहूणा ॥३२॥**

પંચેંદ્રિયના વિષયમાં આશક્ત થએલા જીવો, ઉત્તમ આચાર અને શીલગુણ રૂપ પાંખો વિના, છેદાણી છે પાંખો વિના, છેદાણી છે પાંખો જેની એવા પક્ષીની પેઠે સંસાર સમુદ્રમાં પડે છે. ૩૨

**न लहइ जहा लिहंतो, मुहल्लियं अट्ठिअं जहा सुणओ ॥**
**सोसइ तालुअ रसिअं, विलिहंतो मन्नए सुक्खं ॥३३॥**
**महिलाण कायसेवी, न लहइ किंचिवि सुहं तहा पुरिसो ॥**
**सो मन्नए वराओ, सयकायपरिस्समं सुक्खं ॥३४॥**

જેમ કૂતરો મ્હોટા હાડકાને ચાટતો છતો એમ નથી જાણતો કે, હું મ્હારા પોતાના જ તાલુઆની રસીને સોસુ છું! તેથીજ તે હાડકાને વિશેષે ચાટતો છતો જેમ સુખ

માને છે તેમ સ્ત્રીની કાયાનો સેવનાર, એટલે વિષય સેવનારો પુરૂષ તેથી જરા પણ સુખ નથી પામતો; તથાપિ તે રાંક પુરૂષ પોતાની કાયાના પરિશ્રમને સુખ માને છે! ૩૩-૩૪

**सुट्ठुवि मग्गिज्जंतो, कत्थवि कयलीइ नत्थि जह सारो ॥**
**इंदियविसएसु तहा, नत्थि सुहं सुट्ठुवि गविट्ठं ॥३५॥**

સારી રીતે તપાસતાં જેમ કેલમાં કાંઈ પણ સાર નથી, તેમ ઇંદ્રિયોના વિષયમાં પણ સારી રીતે તપાસતાં સુખ નથી.

**सिंगारतरंगाए, विलासवेलाइ जुव्वणजलाए ॥**
**के के जयंमि पुरिसा, नारीनइए न बुड्डंति ॥ ३६ ॥**

જેમાં શૃંગાર રૂપ કલ્લોલો છે, વિલાસ રૂપ વેલો છે અને જોબન રૂપ જલ છે એવી સ્ત્રી રૂપ નદીમાં નથી બૂડ્યા એવા જગત્‌માં કોણ કોણ પુરૂષો છે? ॥ ૩૬ ॥

**सोअसरीदुरिअदरी, कवडकुडीमहिलिया किलेसकरी ॥**
**वइरविरोयणअरणी दुक्खखाणी सुक्खपडिवक्खा ॥३७॥**

શોકની નદી, પાપની ગુફા, કપટની કૂંડી, કલેશની કરનારી અને વૈરરૂપ અગ્નિને પ્રગટ કરવા માટે અરણીના કાષ્ટ સમાન એવી સ્ત્રી દુઃખની ખાણ છે અને સુખની પ્રતિપક્ષી (શત્રુ) છે. ॥ ૩૭ ॥

**अमुणिअमण परिकम्मो, सम्मं को नाम नासिउं तरई ॥**
**वम्महसर पसरोहे, दिट्ठिच्छोहे मयच्छीणं ॥ ३८ ॥**

નથી કરી મનની સારી શુદ્ધિ જેણે એવો કયો પુરૂષ મૃગાક્ષી સ્ત્રીના કામબાણ વરસાવનાર નજરના સપાટામાંથી બરોબર રીતે બચી શકે? ॥ ૩૮ ॥

परिहरसु तओ तासिं, दिट्ठि दिट्ठिविसस्सव अहिस्स ॥
जं रमणि नयणबाणा, चरित्तपाणे विणासंति ॥ ३९ ॥

તે કારણ માટે હે જીવ! દૃષ્ટિવિષ સર્પના જેવી છે દૃષ્ટિ જેની એવી અને જે સ્ત્રીનાં નયન રૂપી બાણો ચારિત્ર રૂપ પ્રાણનો વિનાશ કરે છે તેવી સ્ત્રીનો તું ત્યાગ કર. ॥૩૯॥

सिद्धंत जलहि पारं-गओवि विजिइंदिओवि सूरोवि ॥
दढचित्तोवि छलिज्जइ, जुवइ पिसाई हि खुड्डाहिं ॥४०॥

સિદ્ધાંત રૂપ સમુદ્રને પાર પામેલો, વિશેષે કરી જીતી છે ઈંદ્રિયો જેણે, શૂરો અને દૃઢ ચિત્તવાલો એવો પુરૂપ પણ યુવતિ રૂપ ક્ષુદ્ર પિસાચણીથી છલાય છે. ॥ ૪૦ ॥

मणयनवणीयविलओ, जइ जायइ जलणसंनिहाणंमि ॥
तह रमणिसंनिहाणे, विद्दवइ मणो मुणीणंपि ॥४१॥

જેમ અગ્નિની પાસે રહેલું મીણ અને માખણ ઓગળી જાય છે અર્થાત્ વિકારવંત થાય છે. ॥ ૪૧ ॥

नीअंगमाहि सुपओ-हराहि उप्पिच्छ मंथरगईहिं ॥
महिला हि निमग्गा इव, गिरिवर गुरुआवि भिज्जंति॥४२॥

નીચ સાથે ગમન કરતી, સારા પયોધર (સ્તન) વાલી અને દેખવા લાયક મંદ ગતિવાલી સ્ત્રી કે, જે જાણે નદી સમાન છે તેમાં બુડેલા (પુરૂષો) પર્વત જેવા મ્હોટા હોય તો પણ ભેદાય છે. ॥ ૪૨ ॥

विसयजलं मोहकलं, विलासविव्वोअ जलयराइन्नं ॥
मय मयरं उत्तिन्ना, तारुण्ण महन्नवं धीरा ॥ ४३ ॥

વિષય રૂપ જલવાલા, મોહ રૂપ કાદવવાલા, વિલાસ અને હાવભાવ રૂપ જલ જંતુઓથી ભરેલા અને મદ રૂપ મગરવાલા જોબન રૂપ મહાસમુદ્રને ધીર પુરૂષો તરેલા છે. ૪૩

**जइवि परिचत्तसंगो तव तणुअंगो तहावि परिवडई ॥**
**महिला संसग्गीए, कोसा भवणूसि य मुणिव्व ॥४४॥**

જો કે, કુટુંબાદિકનો સંગ જેણે ત્યાગ કર્યો હોય અને તપથી શરીર દૂબલું કર્યું હોય; તોપણ તે, સ્ત્રીના સંસર્ગથી કોશ્યા વેશ્યાને ઘેર રહેલા ( સિંહગુફાવાસી ) મુનિની પેઠે ચારિત્રથી પડે છે. ॥ ૪૪ ॥

**सव्वग्गंविमुक्को, सीईभूओ पसंतचित्तो अ ॥**
**जं पावइ मुत्तिसुहं, न चक्कवट्टीवि तं लहई ॥४५॥**

સર્વ પરિગ્રહથી મૂકાયેલો, શાંત થયેલો અને શાંત ચિત્તવાલો માણસ જે સુખ પામે છે તે સુખ ચક્રવર્તિ પણ પામતો નથી. ॥ ૪૫ ॥

**खेलंमि पडिअमप्पं, जह न तरइ मच्छिआवि मोएऊ ॥**
**तह विसयखेलपडिअं, न तरइ अप्पंपि कामंधो ॥४६॥**

જેમ કફમાં પડેલી માખી તેમાંથી પોતાને મૂકાવા સમર્થ થતી નથી, તેમ વિષય રૂપ ખેલમાં પડેલો કામાંધ જીવ પણ તેમાંથી નીકલવા સમર્થ થતો નથી. ॥ ૪૬ ॥

**जं लहइ वीयराओ, सुक्खं तं मुणइ सुच्चिअ न अन्नो ॥**
**नहिं गत्ता सूअरओ, जाणइ सुरलोइअं सुक्खं ॥४७॥**

જેમ ખાડામાં રહેલો સૂઅર દેવલોકનાં સુખને ન જાણે, તેમ જે સુખને વીતરાગ પામે, તે સુખને વીતરાગ જ જાણે; પણ બીજા કોઈ ( સંસારી જીવ ) ન જાણે. ॥ ૪૭ ॥

जं अज्जवि जीवाणं, विसएसु दुहासवेसु पडिबंधो ॥
तं नज्जइ गुरुआणवि, अलंघणिज्जो महामोहो ॥ ४८ ॥

જે કારણ માટે હજી સૂધી પણ જીવોને દુઃખને ઉત્પન્ન કરનારા વિષયોમાં પ્રતિબંધ જણાય છે કે, મ્હોટાને પણ મહામોહ અલંઘનીય છે. ॥ ૪૮ ॥

जे कामंधा जीवा, रमंति विसएसु ते विगयसंका ॥
जे पुण जिणवयणरया, ते भीरु तेसु विरमंति ॥४९॥

જે કામભોગથી આંધળા થયેલા જીવો છે, શંકા રહિત થઈને વિષય સુખમાં રમે છે અને જે જિનવચનમાં રક્ત છે, તે સંસારથી બીક પામીને વિષયથી વિરામ પામે છે. ॥ ૪૯ ॥

( काव्यम् )

असुइमुत्तमलपवाहरूवयं, वंतपित्तवसमज्जफोफसं ॥
मेअमंसबहुहड्डकरंडयं, चम्ममित्तपच्छाइयजुवइअंगयं ॥५०॥

અશૂચી, મૂત્ર, વિષ્ટાના પ્રવાહ રુપ, વમન, પિત્ત, વસા, નસો, ચરબી મજ્જા–હાડકામાંનો ભૂકો, ફેફસાં, મેદ, માંસ તથા ઘણાં હાડકાંનો કરંડીયો અને માત્ર ચામડાથી જ ઢાંકેલું, એવું સ્ત્રીનું શરીર છે. ॥ ૫૦ ॥

मंसं इमं मुत्तपुरीसमीसं, सिंघाणखेलाइअ निज्झरं तं ॥
एयं मिअणिच्चं किं आणवासं, पासं नराणं मइबाहिराणं ॥५१॥

માંસ, મૂત્ર અને વિષ્ટાથી મિશ્રિત, સિંઘાણ–લીંટ અને બલખાથી ઝરતું, અનિત્ય તેમજ કૃમીયાઓનું ઘર એવું આ સ્ત્રીનું શરીર, તે અલ્પ બુદ્ધિવાળા પુરૂષોને પાસ સમાન છે. ૫૧

( आर्यावृत्तम् )

**पासेण पंजरेण य, बज्झंति चउप्पया य पक्खीई ॥**
**इय जुवइपंजरेणं, बद्धा पुरिसा किलिस्संति ॥५२॥**

જેમ પાસલે અને પાંજરે કરીને બંધાયેલા જનાવરો તથા પક્ષીઓ ક્લેશ પામે છે, તેમ આ સ્ત્રીરુપી પાંજરે કરીને બંધાયેલા પુરૂષો પણ ક્લેશ પામે છે.

( अनुष्टुप्वृत्तम् )

**अहो मोहो महामल्लो, जेण अम्मारिसा वि हु ॥**
**जाणंतावि अणिच्चत्तं, विरमंति न खणंपि हु ॥५३॥**

અહો! મોહ રુપ મલ્લ બહુજ મ્હોટો છે. જેણે કરીને અમારા સરખા જીવો પણ (કામભોગને) અનિત્ય જાણતાં છતાં તેથી ક્ષણ માત્ર પણ વિરામ પામતા નથી! ॥ ૫૩ ॥

( आर्यावृत्तम् )

**जुवइहिं सह कुणंतो, संसग्गि कुणइ सयलदुक्खेहिं ॥**
**नहि मुसगाणं संगो, होइ सुहो सह बिलाडेहिं ॥५४॥**

જેમ બિલાડીની સાથે સંસર્ગ કરતો છતો ઉંદર સુખી થતો નથી, તેમ સ્ત્રીની સાથે સંસર્ગ કરતો છતો પુરૂષ પણ સર્વ દુઃખના સંસર્ગને કરે છે. અર્થાત્ અનેક દુઃખને પામે છે. ॥ ૫૪ ॥

**हरिहरचउराणण चं, दसूरखंदाइणोवि जे देवा ॥**
**नारीण किंकरत्तं, कुणंति धिद्धी विसयतिन्हा ॥५५॥**

વિષ્ણુ, ઈશ્વર, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિકસ્વામી વિગેરે જે કોઈ દેવો, તે સર્વે ( માત્ર વિષયને માટે ) સ્ત્રીનું કિંકરપણું કરે છે! માટે ધિક્કાર છે ધિક્કાર છે વિષયની તૃષ્ણાને !!! ॥ ૫૫ ॥

( काव्यम् )

**सीअं च उन्हं च सहंति मूढा, इत्थिसु सत्ता अविवेअवंता ॥**
**इलाइपुत्तंव चयंति जाइं, जीअं च नासंति अरावणुव्व ॥५६॥**

વિવેક વિનાના અને સ્ત્રીમાં આસક્ત થયેલા મૂર્ખ પુરૂષો, ઈલાચી પુત્રની પેઠે પોતાની ઉત્તમ જાતિનો ત્યાગ કરીને ટાઢ અને તાપને સહન કરે છે. તેમજ રાવણની પેઠે જીવિતવ્યને પણ નાશ પમાડે છે. ॥ ૫૬ ॥

( आर्यावृत्तम् )

**वुत्तुणवि जीवाणं, सुदुक्कराइं ति पावचरियाइं ॥**
**भयवं जा सा सा सा, पच्चाएसो हु इणमी ते ॥५७॥**

જીવોનાં અતિશે પાપચરિત્ર એટલે માઠાં આચરણ કહેવાને પણ અતિશે દુષ્કર છે. અર્થાત્ મુખે કહ્યાં ન જાય એવાં છે, ઈહાં દૃષ્ટાંત કહે છે. હે ભગવન્! જે સ્ત્રીને મેં ધારણ કરી છે, તે સ્ત્રી મ્હારી બ્હેન છે? ભગવંત કહ્યું. તે સ્ત્રી, તે ત્હારી બ્હેનજ છે, ગુરૂ મહારાજ કહે છે કે, હે શિષ્ય! ત્હારી આગલ આ દૃષ્ટાંત કહ્યું. ૫૭

**जललवतरलं जीयं, अथिरा लच्छीवि भंगुरो देहो ॥**
**तुच्छा य कामभोगा, निबंधणं दुक्खलक्खाणं ॥५८॥**

જીવિતવ્ય જલના પરપોટા જેવું છે, લક્ષ્મી અસ્થિર છે, દેહ ક્ષણભંગુર છે તેમજ કામભોગ તુચ્છ લાખો ગમે દુઃખનાં કારણ છે. ૫૮

**नागो जहा पंकजलावसन्नो, दट्ठुं थलं नाभिसमेइ तीरं ॥**
**एवं जिआ कामगुणेसु गिद्धा, सुधम्ममग्गे न रया हवंति ५९**

જેમ હાથી કાદવવાલા જલમાં બુડતો છતો જો કે, સ્થલને દેખે છે, તથાપિ ત્યાંથી કાંઠે આવી શકતો નથી તેમ કામગુણમાં ગૃદ્ધ થયેલા જીવો પણ સુધર્મના માર્ગમાં રક્ત થતા નથી. ૫૯

**जह विट्ठपुंजखुत्तो, कीमि सुहं मन्नए सयाकालं ॥**
**तह विसयासुइरत्तो, जीवोत्ति मुणइ सुहं मूढो ॥६०॥**

જેમ વિષ્ટાના ઢગલામાં ખૂચેલો કરમીયો ( જો કે તેમાં સદાકાલ સુખ માને છે, તેમ વિષય રૂપ અશુચીમાં રક્ત થયેલો મૂઢ જીવ પણ ( વિષયમાં ) સુખ માને છે. ૬૦

**मयरहरोव जलेहिं, तहवि हु दुप्पुरओ इमे आया ॥**
**विसयामिसंमि गिद्धो, भवे भवे वच्चइ न तत्तिं ॥६१॥**

જેમ પાણીયે કરી સમુદ્ર પૂરાવો દુષ્કર છે, તેમ વિષયરૂપ આમિષ ( માંસ ) માં ગૃદ્ધ થયેલો આ આત્મા પણ વિષયથી પૂરાવો દુષ્કર છે અને તેને લીધેજ તે ભવ ભવમાં તૃપ્તિ પામતો નથી. ૬૧

विसय विसट्टा जीवा, उप्भडरूवाइएसु विविहेसु ॥
भवसयसहस्सदुलहं, न मुणंति गयंपि निअजम्मं ॥६२॥

વિષયરૂપ વિષથી પીડાયેલા જીવો ઉદ્ભટરૂપ આદિ વિવિધ પ્રકારનાં રૂપથી પોતાનો ભવ ગમાવે છે; પરંતુ તેનું લાખ ભવે પણ દુર્લભ એવો પોતાનો મનુષ્યજન્મ વ્યર્થ જાય છે એમ નથી જાણુતા. ૬૨

चिट्ठंति विसयविवसा, मुत्तं लज्जंपि केवि गयसंका ॥
न गणंति केवि मरणं, विसयंकुससल्लिया जीवा ॥६३॥

વિષયરૂપ અંકુશે સાલ્યા એવા જીવો વિષયને વશ્ય થકા રહે છે, તથા મૂકી છે લાજ જેમણે અને ગયેલી છે શંકા જેમને એવા કેટલાએક જીવો ( વિષયને માટે ) મરણુને પણ નથી ગણુતા. ૬૩

विसयविसेणं जीवा, जिणधम्मं हारिऊण हा नरयं ॥
वच्चंति जहा चित्त य, निवारिओ बंभदत्तनिवो ॥६४॥

ખેદ થાય છે કે, વિષયરૂપ વિષથી જીવો જિનધર્મને હારી નરકે જાય છે. એજ કારણુથી ચિત્ર મુનિયે બ્રહ્મદત્ત રાજાને વિષયથી નિવાર્યો હતો. ૬૪

धिद्धी ताण नराणं, जे जिणवयणामयंपि मुत्तूणं ॥
चउगइविडंबणकरं, पियंति विसयासवं घोरं ॥६५॥

ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ ! તેવા પુરૂષોને કે, જે જિન વચનરૂપ અમૃતને મૂકીને ચારે ગતિની વિટંબના કરાવનાર વિષયરૂપ ઘોર મદિરાને પીએ છે !

मरणेवि दीणवयणं, माणधरा जे नरा न जंपंति ॥
तेवि हु कुणंति लल्लिं, बालाणं नेहगहगहिला ॥६६॥

માનને ધારણ કરનારા જે પુરૂષો મરણ આવે છતે પણ દીન વચન નહોતા બોલતા, તેજ પુરુષો સ્ત્રીયોના સ્નેહરુપ ગ્રહ વડે પાગલ થઈને દીન વચનો બોલે છે. ॥ ૬૬ ॥

सक्कोवि नेव खंडइ, माहप्प मडुप्फुरं जए जेसिं ॥
तेवि नरा नारीहिं, कराविआ निय य दासत्तं ॥६७॥

આ જગત્માં જે પુરુષોનાં મહાત્મ્ય અને મહિમાને સેકન્ડ પણ ન ખંડન કરી શકે, તેવા પુરુષોની પાસે પણ સ્ત્રીયોએ પોતાનું દાસપણું કરાવ્યું. ॥ ૬૭ ॥

जउनंदणो महप्पा, जिणभाया वयधरो चरमदेहो ॥
रहनेमी राइमइ, रायमइ कासि ही विसया ॥६८॥

ધિક્કાર થાઓ વિષયોને ! કે, યાદવના પુત્ર, મ્હોટો છે આત્મા જેનો, નેમિનાથ જિનરાજના ભાઈ, ચાર મહાવ્રત ધારક અને ચરમ શરીરી એવા રથનેમીયે પણ રાજીમતી સાથે રાગમતિ કરી : ॥ ૬૮ ॥

मयणपवणेण जइता–रिसावि सुरसेलनिच्चला चलिया ॥
ता पक्कपत्तसत्ता–ण इयरसत्ताण का वत्ता ॥६९॥

જો કે મદનરુપ પવનથી મેરુપર્વત સરખા નિશ્ચલ મુનિયો ચલિ ગયા, તો પાકા પાન જેવા સત્વવાલા બીજા જીવોની શી વાત ? ॥ ૬૯ ॥

जिप्पंति सुहेणं चिय, हरिकरिसप्पाइणो महाकूरा ॥
इक्कुच्चिय दुज्जेवो, कामो कयसिवसुहविरामो ॥७०॥

સિંહ, હાથી અને સર્પાદિક મહા ક્રૂર જીવોને સુખેથી જીતાય, પરંતુ કર્યો છે મોક્ષના સુખથી વિરામ જેણે એવો એક કામ જીતવો દુર્જય છે. ॥ ૭૦ ॥

**विसमा विसयपिवासा, अणाइभवभावणाइ जीवाणं ॥**
**अइदुज्जेयाणी इं-दियाणि तह चंचलं चित्तं ॥७१॥**

જીવોને વિષમ એવા વિષયની તૃષા અતિ તીવ્ર છે સંસાર ભાવના અનાદિ કાળની છે. ઇંદ્રિયો અતિ દુર્જય છે તેમ ચિત્ત પણ ચંચલ છે.

**कलिमल अरइ अ सुक्ख, वाही दाहाइ विविह दुक्खाइ ॥**
**मरणंपि य विरहाइसु, संपज्जइ कामतवियाण ॥७२॥**

કામથી તપેલા જીવોને કલિમલ, અરતિ, ભૂખ, દાહાદિક, વ્યાધિ, વિવિધ પ્રકારનાં દુઃખ, પ્રિયજનનો વિયોગ અને મરણ પણ થાય છે. ॥ ૭૨ ॥

**पंचिंदियविसयपसंगरेसि, मणवयणकायनविसंवरेसि ॥**
**तंवाहिसि कत्तिय गलपएसि, जं अट्ठकम्मं नवि निज्जरेसि ७३**

જે પ્રાણી પંચેંદ્રિયોના વિષય પ્રસંગને માટે મન, વચન અને કાયાને નથી સંવરતો, તથા જ્ઞાનાવરણાદિ આઠ કર્મોને નથી નિર્જરતો; તે પ્રાણી પોતાના ગલાની જગ્યાએ કાતર વાહે છે. ॥ ૭૩ ॥

**( काव्यम् )**

**किं तुमंधोसि किंवासि धत्तूरिओ,**
**अहव किं सन्निवाएण आऊरिओ ॥**
**अमयसमधम्म जं विसव अवमन्नसे,**
**विसयविसविसम अमियंव बहु मन्नसे ॥७४॥**

હે જીવ ! શું તું આંધલો છે ? શું તેં ધતૂરો ખાધો છે ? અથવા શું તું સન્નિપાત રોગે વીંટાએલો છે ? કે, જે કારણ માટે અમૃત સમાન ધર્મને વિષની પેઠે અવગણે છે ? અને વિષમ એવા વિષય રુપ વિષને અમૃતની પેઠે બહુ માને છે. ॥ ૭૪ ॥

तुज्ज तुह नाणविन्नाणगुणडंबरो,
जलणजालासु निवडंतु जिअ निप्भरो ॥
पयइ वामेसु कामेसु जं रज्जसे,
जेहि पुण पुणवि निरयानले पच्चसे ॥७५॥

હે જીવ ! ત્હારૂં જ્ઞાન, વિજ્ઞાન અને ગુણનો આડંબર, તે સર્વે નિરંતર અગ્નિની જ્વાલામાં પડો, જે કારણ માટે તું પ્રકૃતિયે વાંકા એવા કામભોગમાં રાચે છે, જેથી તું ફરી ફરીને નરકમાં રહેલી અગ્નિની જ્વાલામાં પડીશ. ॥ ૭૫ ॥

दहइ गोसीस सिरिखंड छारक्कए,
छगल गहणट्ठ मेरावणं विक्कए ॥
कप्पतरु तोडि एरंड सो वावए,
जुज्जि विसएहिं मणुअत्तणं हारए ॥७६॥

જે પ્રાણી અલ્પ એવા વિષયસુખને માટે મનુષ્યપણાને હારે છે; તે પ્રાણી રાખને માટે ગોશીર્ષચંદન અને સૂખડને બાલે છે, બોકડો ગ્રહણ કરવા માટે એરાવત હાથીને વેચે છે અને કલ્પવૃક્ષને ઉખેડી નાંખી એરંડાને વાવે છે. ॥ ૭૬ ॥

(अनुष्टुप्वृत्तम्)

अधुवं जीवियं नच्चा, सिद्धिमग्गं वियाणिया ॥
विणिअट्टिज्ज भोगेसु, आउ परिमिअ मप्पणो ॥७७॥

જીવિતવ્યને અશાશ્વત જાણીને, મોક્ષ માર્ગના સુખને શાશ્વત જાણીને અને આઉખું અપવિમિત ( પ્રમાણ વિનાનું ) જાણીને ભોગથી વિશેષ નિવર્ત્તવું. ॥ ૭૭ ॥

( आर्यावृत्तम् )

**सिवमग्गसंठिआणवि, जह दुज्जेया जियाण पण विसया**
**तह अन्नं किं पि जए, दुज्जेयं नत्थि सयलेवि ॥७८॥**

જેમ મોક્ષ માર્ગમાં રહેલા જીવોને પણ પાંચ વિષયો દુર્જય છે, તેમ સર્વ જગત્માં બીજું કોઈપણ દુર્જય નથી.

**सविडंउप्भडरूवा, दिट्ठा मोहेइ जा मणं इत्थी ॥**
**आयहियं चिंतंता, दूरयरेणं परिहरंति ॥७९॥**

વિકાર સહિત મનોહર રૂપવાલી એવી જે સ્ત્રી, તે દીઠી છતી મનને મોહિત કરે છે. તે કારણ માટે પોતાના આત્માનું હિત ચિંતવનાર પુરૂષ તેવી સ્ત્રીને દૂરથીજ ત્યાગ કરે છે. ૭૯

**सच्चं सुअंपि सीलं, विन्नाणं तह तवंपि वेरग्गं ॥**
**वच्चइ खणेण सव्वं, विसयविसेणं जईणंपि ॥८०॥**

સત્ય, શ્રુત, શીલ, વિજ્ઞાન, તપ તેમજ વૈરાગ્ય; એ સર્વે મુનિનાં પણ વિષયરૂપ વિષથી ક્ષણમાત્રમાં જતાં રહે છે.

**रे जीव मइविगप्पिय, निमेससुहलालसो कहं मूढ ॥**
**सासयसुहमसमतमं, हारिसि ससिसोअरं च जसं ॥८१॥**

રે જીવ ! પોતાની મતિયે કલ્પેલા અને નિમેષ માત્ર આંખ મીંચીને ઉઘાડીએ એટલી વાર સુખને આપનારા એવા

વિષય સુખની લાલચમાં પડીને હે મૂઢ ! ચંદ્રમા સમાન ઉજ્વલ જશવાલા અને જેનાં સમાન જગત્‌માં બીજું સુખ નથી એવાં શાશ્વત સુખને તું કેમ હારી જાય છે ? ૮૧

**पज्जलिओ विसयअग्गी, चरित्त सारं डहिज्ज कसिणंपि ॥**
**सम्मत्तंपि विराहिय, अणंतसंसारियं कुज्जा ॥८२॥**

વિષયરૂપ અગ્નિ પ્રજલ્યો છતો સમસ્ત ચારિત્રના સારને બાલે છે અને સમકિતને વિરાધીને અનંત સંસારીપણાને કરે છે. ૮૨

**भीसणभवकंतारे, विसमा जीवाण विसयतिन्हाओ ॥**
**जीए नडिया चउद–स्सपूव्विवि रुलंति हुं निगोए ॥८३॥**

બિહામણી ભવ અટવીમાં જીવોને વિષયની તૃષ્ણા વિષમ છે. જે તૃષ્ણાએ નડાયેલા ચૌદ પૂર્વિયો પણ નિગોદમાં રૂલે છે !

**हा विसमा हा विसमा, विसया जीवाण जेहिं पडिबद्धा ॥**
**हिंडंति भवसमुद्दे, अणंतदुक्खाइ पावंता ॥८४॥**

હા ! હા ! વિષમ એવા વિષયોથી જે જીવો બંધાયેલા છે, તેનું અનંત દુઃખને પામતા થકા ભવ સમુદ્રમાં હીંડે છે.

**मा इंदजालचवला, विसया जीवाण विज्जुतेअसमा ॥**
**खणदिट्ठा खणनट्ठा, ता तेसिं को हु पडिबंधो ॥८५॥**

માયાવી ઈંદ્રજાલ જેવા, ચપલ અને વીજલીના ઝબકારા સમાન એવા વિષયો જીવોને ક્ષણમાં દેખાય છે અને ક્ષણમાં નાશ પામે છે, તો તેવા વિષયોમાં શો પ્રતિબંધ કરવો ? ૮૫

**सत्तु विसं पीसाओ, वेआलो हुअवहोवि पज्जलिओ ॥**
**तं न कुणइ जं कुविया, कुणंति रागाइणो देहे ॥८६॥**

શત્રુ, વિષ, પિશાચ, વેતાલ અને પ્રજ્વલિત થયેલો અગ્નિ, તે સર્વ કોપ્યા થકા પણ જે દુઃખ નથી કરતા; તે દુઃખ દેહને વિષે રાગાદિક કરે છે. ૮૬

**जो रागाइण वसे, वसंमि सो सयलदुक्खलक्खाणं ॥**
**जस्स वसे रागाइ, तस्स वसे सयलसुक्खाइं ॥८७॥**

જે જીવો રાગાદિકને વશ છે, તે સર્વ પ્રકારનાં લાખો દુઃખને વશ્ય છે અને જેના વશ્યમાં રાગાદિક છે અર્થાત્ જેણે રાગાદિકને પોતાને વશ્ય કર્યા છે, તેના વશ્યમાં સર્વ પ્રકારનાં સુખ છે. ૮૭

**केवल दुहनिम्मविए, पडियो संसारसायरे जीवो ॥**
**जं अणुहवइ किलेसं, तं आसव हेउअं सव्वं ॥८८॥**

આ જીવ કેવલ દુઃખે નિપજાવેલા સંસાર સમુદ્રમાં પડયો છે અને ત્યાં જે કલેશને ( દુઃખને ) અનુભવે છે, તે સર્વ આશ્રવનાં કારણ છે.

**ही संसारे विहिणा, महिलारूवेण मंडिअं जालं ॥**
**बज्झंति जत्थ मूढा, मणुआ तिरिआ सुरा असुरा ॥८९॥**

હા ઇતિ ખેદે ! આ સંસારમાં સ્રીના રૂપે કરી વિધાતાએ જાલ માંડી છે. જે જાલમાં મૂઢ એવા મનુષ્યો, તિર્યંચો, સુરો અને અસુરો બંધાય છે ! ૮૯

विसमा विसय भुअंगा, जेहिं डसिआ जिआ भववणंमि ॥
कीसंती दुहग्गीहिं, चुलसीई जोणि लक्खेसु ॥९०॥

ભવ રૂપી વનમાં અર્થાત્ સંસાર રૂપી વનમાં રખડતા એવા જે જીવોને વિષમ એવા વિષય રૂપ સર્પો ડશ્યા, તે જીવો દુઃખ રૂપ અગ્નિયે દુઃખ પામતા થકા ચોરાશીલાખ જીવાજોનિમાં કલેશ પામે છે. ૯૦

संसारचारगिम्हे, विसयकुवाएण लुक्किया जीवा ॥
हियमहियं अमुणंता, अणुहवइ अणंतदुक्खाइं ॥९१॥

સંસારના માર્ગ રૂપ ગ્રિષ્મકાલમાં વિષય રૂપ નઠારા વાયરેથી લૂકાયેલા જીવો હિત અહિતને ન જાણુતા થકા અનંત દુઃખોને અનુભવે છે. ૯૧

हा हा दुरंत दुट्ठा, विसय तुरंगा कुसिक्खिया लोए ॥
भीसण भवाडवीए, पाडंति जिआण मुद्धाणं ॥९२॥

હા! હા! આ સંસારરૂપ લોકમાં દુઃખે કરી અંત છે જેનો, દુષ્ટ અને વિપરીત શીખવેલા એવા વિષયરૂપ ઘોડાનું મુગ્ધ જીવોને ભયંકર એવી ભવરૂપ અટવીમાં પાડે છે.

विसयपिवासातत्ता, रत्ता नारीसु पंकिलसरंमि ॥
दुहिया दीणा खीणा, रुलंति जीवा भववणंमि ॥९३॥

વિષયરૂપ તૃષાથી તપેલા અને સ્ત્રીમાં રક્ત થયેલા જીવો ભવરૂપી વનમાં સ્ત્રીરૂપ કાદવવાલા સરોવરમાં દુઃખીયા, દીન અને ક્ષીણુ થયા છતા લોટે છે. ૯૩

**गुणकारियाइ धणियं, धिइरज्जु निअंतिआइ तुह जीव**
**नियया इंदियाइं, वज्झिनिअत्ता तुरंगुव्व ॥९४॥**

હે જીવ! ધિરજરૂપ દોરડાથી વશ્ય રાખેલી પોતાની ઇંદ્રિયો લગામમાં વશ્ય રાખેલા ઘોડાની પેઠે અતિશે ફાયદાકારક છે. ૯૪

**मणवयणकायजोगा, सुनिअत्ता तेवि गुणकरा हुंति ॥**
**अनिअत्ता पुण भंजंति, मत्तकरिणुव्व सीलवणं ॥९५॥**

મન, વચન અને કાયાના યોગ વશ્ય કર્યા છતા તે પણ ગુણકારી થાય છે અને નહિ વશ્ય કર્યા છતા મદોન્મત્ત હસ્તિની પેઠે શીલરૂપ વનને ભાગે છે. ૯૫

**जह जह दोसा विरमइ, जह जह विसएहिं होइ वेरग्गं ॥**
**तह तह विन्नायव्वं, आसन्नं से य परमपयं ॥९६॥**

જેમ જેમ દોષો વિરામ પામે છે અને જેમ જેમ વિષયથી વૈરાગ્ય થાય છે, તેમ તેમ જાણવું કે, તેને (મોક્ષ) ઢુકડું થાય છે.

**दुक्कर मेएहिं कयं, जेहिं समच्छेहिं जुव्वणत्थेहिं ॥**
**भग्गं इंदियसिन्नं, धिइपायारं विलग्गेहिं ॥९७॥**

જે પુરૂષ પોતાના સામર્થ્યપણાથી જોબન અવસ્થામાં ઇંદ્રિયરૂપ સૈન્યને ભાગીને ધીરજરૂપ પ્રાકાર (ગઢ) ને વલગ્યા, તે પુરૂષે દુષ્કર કામ કર્યું એમ જાણવું.

**ते धन्ना ताण नमो, दासोऽहं ताण संजमधराणं ॥**
**अद्धच्छि पिच्छरिओ, जाण न हियए खडुक्कंति ॥९८॥**

તેજ પુરૂષોને ધન્ય છે, તેમનેજ અમે નમસ્કાર કરીએ છીએ અને તેજ સંયમધારીના અમે દાસ છીએ કે, જે પુરૂષોના હૃદયમાં અર્દ્ધિ આંખે જોનારી અર્થાત્ કટાક્ષ નેત્રે જોનારી સ્ત્રી ખટકતી નથી. ૯૮

**किं बहुणा जइ वंछसि, जीव तुमं सासयं सुहं अरुहं ॥**
**ता पियसु विसयविमुहो, संवेगरसायणं निच्चं ॥९९॥**

વધારે કહેવાથી શું ? હે જીવ! જો તું નિરોગ એવા શાશ્વત સુખને વાંછતો હોય, તો વિષયથી વિમુખ થા અને નિરંતર સંવેગ રસાયણને પી. ૯૯

---

અમારે ત્યાંથી જૈન ધર્મના તમામ જાતના પુસ્તકો તથા રંગીન નકશાઓ નોકારવાળીઓ, સાવડા, સિદ્ધચક્રજીના ગટા વિગેરે. મળશે લખો.

મહેતા **નાગરદાસ પ્રાગજીભાઇ**
ડોશીવાડાની પોળ
**અમદાવાદ.**

સંઘવી **મુલજીભાઇ ઝવેરચંદ**
**પાલીતાણા.**

# ॥ अथ समाधि शतक ॥

येनात्माबुध्यतात्मैव, परत्वेनैव चापरम् ॥
अक्षयानंतबोधाय, तस्मै सिद्धात्मने नमः ॥१॥

જેમણે આત્માને આત્મારૂપે જાણ્યો છે અને આત્માના ભેદપણાએ કરીને શરીરને જાણ્યું છે તે અક્ષય અને અનંત બોધવાલા સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ. ૧

जयंति यस्यावदतोऽपि भारती-
विभूतयस्तीर्थकृतोऽप्यनीहितुः ॥
शिवाय धात्रे सुगताय विष्णवे,
जिनाय तस्मै सकलात्मने नमः ॥२॥

તીર્થંકર છતાં પણ વાંચ્છા રહિત અને તાલ્વાદિકથી અક્ષરોને નહિ ઉચ્ચારતા એવાય પણ જો પ્રભુની વાણીની સંપત્તિયો ( અથવા વાણી અને છત્ર ચામરાદિ સંપત્તિયો ) જયવંતી વર્તે છે. તે મોક્ષ પામેલા, ઋષ્યાદિદ્વારા લોકોનો ઉદ્ધાર કરનારા, ઉત્તમ જ્ઞાનવાલા, કેવલ જ્ઞાનથી સર્વ લોકના વ્યાપક એવા, અનેક પ્રકારનાં ભવદુઃખને આપનારાં કર્મને જીતનારા, તેમજ આત્મરૂપે રહેલા તે પ્રભુને નમસ્કાર થાઓ.

श्रुतेन लिंगेन यथात्मशक्ति, समाहितांतःकरणेन सम्यक् ॥
समीक्ष्य कैवल्यसुखस्पृहाणां, विविक्तमात्मानमथाभिधास्ये ॥३॥

હું મ્હારી શક્તિ પ્રમાણે શાસ્ત્રથી, હેતુથી અને નિશ્ચલ એવા અંતઃકરણથી ઉત્તમ રીતે અનુભવ કરીને પછી સર્વ

કર્મના રહિતપણાને વિષે (મોક્ષને વિષે) સુખની ઈચ્છા કરનારાઓનું કર્મમલરહિત જીવસ્વરૂપ કહીશ. ૩

**बहिरंतःपरश्चेति, त्रिधात्मा सर्वदेहिषु ॥**
**उपेयात्तत्र परमं, मध्योपायाद्बहिस्त्यजेत् ॥४॥**

સર્વે પ્રાણીયોમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ પ્રકારના આત્મા છે. તેમાં મધ્ય અંતરાત્માના ઉપાયથી પરમાત્માને પામવું તથા બહિરાત્માને ત્યજી દેવો. ૪

**बहिरात्मा शरीरादौ, जातात्मभ्रांतिरांतरः ॥**
**चित्तदोषात्मविभ्रांतिः परमात्मातिनिर्मलः ॥५॥**

શરીર, વાણી, મન ઇત્યાદિકને વિષે આત્મા એવી જેની ભ્રાંતિ થાય તે બહિરાત્મા જાણવો. ચિત્ત, દોષ અને આત્મા તેમને વિષે જેની ભ્રાંતિ નાશ પામે અર્થાત્ ચિત્તને ચિત્તપણાથી, દોષો ને દોષપણાથી અને આત્માને આત્માપણાથી જાણે તે અંતરાત્મા જાણવો અને જેના સર્વ કર્મમલ ક્ષય થઈ ગયા હોય તે પરમાત્મા જાણવો. ॥ ૫ ॥

**निर्म्मलः केवलः शुद्धो, विविक्तः प्रभुरव्ययः ॥**
**परमेष्ठी परात्मेति, परमात्मेश्वरो जिनः ॥६॥**

કર્મના મલરહિત, શરીરાદિ સંબંધ રહિત, દ્રવ્યભાવ કર્મના અભાવથી અત્યંત શુદ્ધ, શરીર અને કર્મથી ન સ્પર્શ થયેલો ઇંદ્રાદિકનો સ્વામી, નહિ ચવે તેવો ઇંદ્રાદિ દેવોને વાંદવા યોગ્ય પદને વિષે રહેલો, સંસારી જીવોથી ઉત્કૃષ્ટ, નિરંતર ઉત્તમ ઐશ્વર્યયુક્ત અને સર્વ કર્મને ઉખેડી નાખનારો જે હોય તે પરમાત્મા જાણવો. ॥ ૬ ॥

बहिरात्मेन्द्रियद्वारै-रात्मज्ञानपराङ्मुखः ॥
स्फुरितस्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति ॥७॥

ઇંદ્રિય દ્વારે કરીને બ્હારના અર્થને ગ્રહણ કરતો બહિરાત્મા આત્મજ્ઞાનથી અવલા મુખવાલો હોય છે; તેથી તે બહિરાત્મા પ્રગટ પોતાના દેહને આત્મારુપ જ જાણે છે. ॥ ૭ ॥

नरदेहस्थमात्मानमविद्वान्मन्यते नरम् ॥
तिर्यंचं तिर्यगङ्गस्थं, सुराङ्गस्थं सुरं तथा ॥८॥

બહિરાત્મા મનુષ્ય દેહમાં રહેલા આત્માને મનુષ્ય, તિર્યંચના શરીરમાં રહેલા આત્માને તિર્યંચ, તેમજ દેવતાનાં શરીરમાં રહેલા આત્માને દેવતા માને છે. ॥ ૮ ॥

नारकं नारकांगस्थं, न स्वयं तत्वतस्तथा ॥
अनंतानंतधीशक्तिः, स्वसंवेद्योऽचलस्थितिः ॥९॥

વલી નારકીના શરીરમાં રહેલા આત્માને નારકી માને છે, પરંતુ તત્ત્વથી તેવી રીતે પોતાને જાણતો નથી. પરમાત્મા પોતે તો અનંત અનંત બુદ્ધિ અને શક્તિવાલો, પોતાને જ જાણવાયોગ્ય અને અચલ સ્થિતિવાલો છે. ॥ ૯ ॥

स्वदेहसदृशं दृष्ट्वा, परदेहमचेतनम् ॥
परमात्माधिष्टितं मूढः, परत्वेनाध्यवस्यति ॥१०॥

પરમાત્માએ કર્મના વશ્યથી અંગીકાર કરેલા અને અચેતન એવા પરદેહને પોતાના દેહ સરખા જોઈ મૂઢ એવો બહિરાત્મા તે પરદેહને પરમાત્મપણાએ અંગીકાર કરે છે. ૧૦

स्वपराध्यवसायेन, देहेष्वविदितात्मनाम् ॥
वर्त्तते विभ्रमः पुसां, पुत्रभार्यादिगोचरः ॥११॥

આત્મસ્વરુપ ન જાણુનારા પુરુષોને દેહને વિષે પોતાના અને પરના અધ્યવસાયથી પુત્ર સ્ત્રી વિગેરેને ગોચર એવો વિભ્રમ થાય છે. અર્થાત્ અનાત્મારુપ અને અપકાર કરનારા એવાય પણ સ્ત્રી પુત્રાદિકને અને ધન ધાન્યાદિકને પોતાનો ઉપકાર કરનારા જાણે છે વલી તેમના લાભને વિષે સંતોષ અને અલાભને વિષે પરિતાપ તથા આત્મવધ પણ કરે છે. ૧૧

अविद्यासंज्ञितस्तस्मात्संस्कारो जायते दृढः ॥
येन लोकोऽङ्गमेव स्वं, पुनरप्यभिमन्यते ॥१२॥

તે વિભ્રમ થકી અવિદ્યા નામવાલો અવિચલ સંસ્કાર થાય છે કે, જે સંસ્કારે કરીને અવિવેકી લોક જન્માંતરને વિષે પણ પોતાનાં શરીરને જ આત્મા માને છે. ॥ ૧૨ ॥

देहे स्वबुद्धिरात्मानं, युनक्त्येतेन निश्चयात् ॥
स्वात्मन्येवात्मधीस्तस्माद्वियोजयति देहिनम् ॥१३॥

શરીરને વિષે આત્મબુદ્ધિ કરનારો બહિરાત્મા પરમાર્થથી એ દેહે કરીને આત્માને જોડી દે છે. અર્થાત્ દીર્ઘ સંસારી કરે છે અને પોતાના આત્માને વિષે આત્મબુદ્ધિ કરનારો અંતરાત્મા તે શરીરાદિથી આત્માને વિયોગ કરાવે છે. અર્થાત્ મુક્તિ પમાડે છે.

देहेष्वात्मधिया जाताः, पुत्रभार्यादिकल्पनाः ॥
संपत्तिमात्मनस्ताभिर्मन्यते हा हतं जगत् ॥१४॥

દેહને વિષે આત્મબુદ્ધિ કરવાથી પુત્ર ભાર્યાદિ કલ્પના થઈ છે અને તે અનાત્મિક કલ્પનાથી પુત્ર ભાર્યાદિને આત્માની સંપત્તિ માને છે. હાય હાય! એજ કારણે પોતાના સ્વરુપના જ્ઞાનથી ભ્રષ્ટ થયેલું જગત્ નાશ પામ્યું છે. અર્થાત્ બહિરાત્મા રુપ બન્યું છે. ॥ ૧૪ ॥

**मूलं संसारदुःखस्य, देह एवात्मधीस्ततः ॥**
**त्यक्त्वैनां प्रविशेदंत्तर्बहिरव्यावृत्तेंद्रियः ॥१५॥**

શરીર એજ આત્મા એવી જે બુદ્ધિ તેજ સંસારના દુઃખનું કારણ છે. માટે તે શરીર એજ આત્મા એવી બુદ્ધિને ત્યજી દઈ બહાર અપ્રવૃત્ત છે ઇંદ્રિયો જેની એવો પુરુષ અંતરમાં પ્રવેશ કરે છે. અર્થાત્ આત્માને વિષે આત્મબુદ્ધિ કરે છે. ॥ ૧૫ ॥

**मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् ॥**
**तान्प्रपद्याहमिति मां, पुरा वेद न तत्त्वतः ॥१६॥**

પોતાથી (આત્મ સ્વરુપથી) ચવીને હું ઇંદ્રિયદ્વારે કરીને વિષયને વિષે પડેલો છું. અર્થાત્ પ્રવૃત્ત થયેલો છું. માટે તે વિષયોને (આ મને ઉપકાર કરનારા છે, એવા વિચારથી) અંગીકાર કરીને અનાદિ કાલથી હું મને પોતાને તત્ત્વથી જાણતો નથી. ॥ ૧૬ ॥

**एवं त्यक्त्वा बहिर्वाचं, त्यजेदंतरशेषतः ॥**
**एष योगः समासेन, प्रदीपः परमात्मनः ॥१७॥**

એ પ્રમાણે કહેલા ન્યાયથી પુત્ર, સ્ત્રી, ધન ધાન્યાદિ લક્ષણવાલી બહિર્વાણીને ત્યજી દઇને પછી (હું કર્તા છું, સુખી

છું, ઇત્યાદિ લક્ષણવાળી ) અંતર્વાણીને સર્વ પ્રકારે ત્યજી દેવી એ પ્રમાણે બહિરાત્માને અને અંતરાત્માને ત્યજી દેવા રૂપ સંક્ષેપથી પરમાત્માનાં સ્વરૂપને પ્રકાશ કરનારો છે. ॥ ૧૭ ॥

**यन्मया दृश्यते रूपं, तन्न जानाति सर्वथा ॥**
**जानन्न दृश्यते रूपं, ततः केन ब्रवीम्यहम् ॥१८॥**

હું જે સ્વરુપને જોવું છું, તેને હું સર્વ પ્રકારે જાણતો નથી અને જેને જાણું છું તે સ્વરુપ દેખાતું નથી. તો પછી હું કોની સાથે બોલું ? ॥ ૧૯ ॥

**यत्परैः प्रतिपाद्योऽहं, यत्परान् प्रतिपादये ॥**
**उन्मत्तचेष्टितं तन्मे, यदहं निर्विकल्पकः ॥१९॥**

ઉપાધ્યાયાદિકથી જે હું શિક્ષણ કરાઉં છું અથવા હું શિષ્યાદિકને જે શિષ્યાદિકને જે શિક્ષણ કરું છું. તે સર્વ મ્હારું ઉન્મત્ત ચેષ્ટિત છે કારણ કે, હું નિર્વિકલ્પ છું. ॥ ૧૯ ॥

**यदग्राह्यं न गृह्णाति, गृहीतं नापि मुंचति ॥**
**जानाति सर्वथा सर्वं, तत्स्वसंवेद्यमस्म्यहम् ॥२०॥**

જે શુદ્ધ એવું આત્મસ્વરુપ, નહિ ગૃહણ કરવા યોગ્ય એવાં કર્મના ઉદય નિમિત્ત ક્રોધાદિસ્વરુપને ગૃહણ કરતું નથી અને ગૃહણ કરેલા અનંતજ્ઞાનાદિ સ્વરૂપને ત્યજી દેતું નથી. વલી દ્રવ્ય પર્યાયાદિકે કરીને સર્વ ચેતન તથા અચેતનને જાણે છે, તે હું પોતાથીજ જાણવા યોગ્ય આત્મા છું.

**उत्पन्नपुरुषभ्रांतेः, स्थाणौ यद्वद्विचेष्टितम् ॥**
**तद्वन्मे चेष्टितं पूर्वं, देहादिष्वात्मविभ्रमात् ॥२१॥**

થાંભલામાં ઉત્પન્ન થયેલી પુરૂષ ભ્રાંતિને લીધે જેવી રીતે વિવિધ ઉપકારાદિ ચેષ્ટિત કરાય છે તેવીજ રીતે આ કહેલા આત્મસ્વરૂપનું જ્ઞાન થવા પૂર્વે દેહાદિકને વિષે આત્મબુદ્ધિના ભ્રમથી મ્હારૂ ચેષ્ટિત હતું. ૨૧

**यथासौ चेष्टते स्थाणौ, निवृत्ते पुरुषग्रहे ॥**
**तथा चेष्टोऽस्मि देहादौ, विनिवृत्तात्मविभ्रमः ॥२२।**

જેવી રીતે ( થાંભલામાં ઉત્પન્ન થયેલી પુરૂષ ભ્રાંતિવાલો ) પુરૂષ, પુરૂષારોપ નિવૃત પામેલા જડ પદાર્થમાં ઉપકાર તથા અપકાર ન કરવા રૂપ જે ચેષ્ટા કરે છે તેવી રીતે દેહાદિકમાં નિવૃત્ત પામી છે આત્મભ્રાંતિ જેને એવી ચેષ્ટાવાલો હું થઇશ.

**येनात्मनानुभूयेऽह–मात्मनैवात्मनाऽत्मनि ॥**
**सोऽहं न तन्न सा नासौ, नैको न द्वौ न वा बहुः ॥२३॥**

જે ચૈતન્યસ્વરૂપ આત્માએ કરીને હું પોતાના સ્વરૂપને વિષે પોતાને જાણવાના સ્વભાવવાલા આત્માવડેજ અનુભવ કરૂં છું કે, તે હું પુરૂષ, સ્ત્રી કે નપુંસક નથી. વલી એક, બે અથવા બહુ નથી. ૧૩

**यदभावे सुषुप्तोऽहं, यद्भावे व्युत्थितः पुनः ॥**
**अतींद्रियमनिर्देश्यं, तत्स्वसंवेद्यमस्म्यहम् ॥२४॥**

જે પોતાને જાણવા યોગ્ય શુદ્ધ સ્વરૂપને પામવારૂપ જાગી ઉઠેલો છે તે હું ઇંદ્રિયોને અગ્રાહ્ય, વાણીને અગોચર અને પોતાથીજ જાણવા યોગ્ય છું. ૨૪

**क्षीयंतेऽत्रैव रागाद्या–स्तत्त्वतो मां प्रपश्यतः ॥**
**बोधात्मानं ततः कश्चिन्न मे शत्रुर्न च प्रियः ॥२५॥**

આજ જન્મને વિષે જ્ઞાનસ્વરૂપ એવા મને તત્ત્વવડે જોવાથી રાગાદિક શત્રુઓ ક્ષય પામે છે. પછી મને કોઇ શત્રુ નથી અને મિત્ર પણ નથી. ૨૫

**मामपश्यन्नयं लोको, न मे शत्रुर्न च प्रियः ॥**
**मां प्रपश्यन्नयं लोको, न मे शत्रुर्न च प्रियः ॥२६॥**

મને ન જોઈ શકતો એવો આ લોક મ્હારો શત્રુ અને મિત્ર નથી તેમજ મને જોઈ શકતો એવો પણ આ લોક મ્હારો શત્રુ અને મિત્ર નથી. ૨૬

**त्यक्त्वैवं बहिरात्मानमंतरात्मव्यवस्थितः ॥**
**भावयेत्परमात्मानं, सर्वसंकल्पवर्जितः ॥२७॥**

એ પ્રમાણે અંતરાત્માને વિષે રહેલો પુરૂષ બહિરાત્માને ત્યજી સર્વ પ્રકારના સંકલ્પ રહિત થયો છતો પરમાત્માને ભાવે. ૨૭

**सोऽहमित्यात्तसंस्कारस्तस्मिन्भावनया पुनः ॥**
**तत्रैव दृढसंस्काराल्लभते ह्यात्मनः स्थितिम् ॥२८॥**

વલી તે પરમાત્માને વિષે ભાવનાવડે ગ્રહણ કરી છે વાસના જેણે એવો તે અનંતજ્ઞાનસ્વરૂપ પરમાત્મારૂપ હું, તે પરમાત્માને વિષે દૃઢ સંસ્કારરૂપ ( અવિચલ વાસનાથી ) આત્માની સ્થિતિને પામું છું. ૨૮

**मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद्भयास्पदम् ॥**
**यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मनः ॥२९॥**

બહિરાત્મા જે પુત્ર સ્ત્રી વિગેરેને વિષે (આ મ્હારા છે

અને હું તેમનો છું) એવો વિશ્વાસ પામ્યો છે. તેથી તેને બીજો ભય નથી, અર્થાત્ શરીરને લીધેજ ભય રહેલો છે. વલી જે પરમાત્મ સ્વરૂપને જાણવાથી ભય પામ્યો છે, તેથી બીજું આત્માને અભયસ્થાન નથી, ॥ ૨૯ ॥

सर्वेंद्रियाणि संयम्य, स्तिमितेनांतरात्मना ॥
यत्क्षणं पश्यतो भाति, तत्तत्त्वं परमात्मनः ॥३०॥

સર્વે ઇંદ્રિયોને નિયમમાં રાખીને ક્ષણ માત્ર અનુભવ કરવાથી નિશ્ચલ એવા મન વડે જે સ્વરૂપ દેખાય છે, તેજ પરમાત્માનું સ્વરૂપ છે. ॥ ૩૦ ॥

यः परात्मा स एवाहं, योऽहं स परमस्ततः ॥
अहमेव मयोपास्यो, नान्यःकश्चिदिति स्थितिः ॥३१॥

જે પરમાત્મા તેજ હું. અને જે હું તે પરમાત્મા. તેથી હુંજ મ્હારે પોતાને ઉપાસના કરવા યોગ્ય છું. બીજો કોઈ ઉપાસના કરવા યોગ્ય નથી, એ સ્થિતિ છે ॥ ૩૧ ॥

प्राच्याव्य विषयेभ्योऽहं, मा मयैव मयि स्थितम् ॥
बोधात्मानं प्रपन्नोऽस्मि, परमानंदनिर्वृत्तम् ॥३२॥

આત્મસ્વરૂપ વડે કરીને વિષયથી નિવૃત્તિ પામીને આત્મસ્વરૂપને વિષે રહેલા મ્હારા જ્ઞાનસ્વરૂપ અને ઉત્તમ આનંદથી સુખી એવા આત્માને હું પ્રાપ્ત થયેલો છું. ॥ ૩૨ ॥

यो न वेत्ति परं देहा—देवमात्मानमव्ययम् ॥
लभते न स निर्वाणं, तप्त्वापि परमं तपः ॥३३॥

જે પુરૂષ, પ્રાપ્ત થયેલા દેહથી પર અને અવ્યય એવા

આત્માને કહેલી રીતે નથી જાણતો, તે ઉત્કૃષ્ટ એવાં તપને કરતો છતો મોક્ષપદ પામતો નથી. ॥ ૩૩ ॥

**आत्मदेहांतरज्ञान–जनिताह्लादनिर्वृतः ॥**
**तपसा दुष्कृतं घोरं, भुंजानोऽपि न खिद्यते ॥३४॥**

આત્મા અને દેહના ભેદજ્ઞાનથી ઉત્પન્ન થયેલા હર્ષે કરીને સુખી થયો છતો બાર પ્રકારનાં તપથી ઘોર પાપને ભોગવતો એવો પણ માણસ ખેદ પામતો નથી. ॥ ૩૪ ॥

**रागद्वेषादिकल्लोलैरलोलं, यन्मनोजलम् ॥**
**स पश्यात्यात्मनस्तत्त्वं, स तत्त्वं नेतरो जनः ॥३५॥**

રાગદ્વેષાદિ કલ્લોલથી જેનું મન રૂપ જલ ડોલાઈ ગયું નથી, તે આત્મતત્વને જૂએ છે. વળી તે જોનારો પોતેજ પરમાત્મરૂપ છે. બીજો પરમાત્મ રૂપ નથી. ॥ ૩૫ ॥

**अविक्षिप्तं मनस्तत्त्वं, विक्षिप्तं भ्रांतिरात्मनः ॥**
**धारयेतदविक्षिप्तं, विक्षिप्तं नाश्रयेत्ततः ॥३६॥**

રાગાદિકથી અપરિણમિત એવું આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે અને તેનાથી જે ઉલટું તે આત્માની ભ્રાંતિ આત્મરૂપ રહિત છે. તે કારણ માટે રાગાદિકથી અપરિણમિત એવા મનને ધારણ કરવું, પરંતુ રાગાદિકના વિકારવાલા મનનો આશ્રય કરવો નહિ. ॥ ૩૬ ॥

**अविद्याभ्याससंस्कारैरवशं, क्षिप्यते मनः ॥**
**तदेव ज्ञानसंस्कारैः, स्वतस्तत्त्वेऽवतिष्ठते ॥३७॥**

શરીરને વિષેજ પવિત્ર અને સ્થિર એવું આત્મા તથા

આત્મિય વિગેરે જે જ્ઞાન તે અવિદ્યા, તે અવિદ્યાના અભ્યાસથી ઉત્પન્ન થયેલી વાસનાયે કરીને અવશ (વિષયને અને ઇંદ્રિયોને આધિન તથા આત્માને આધિન નહિં) એવું મન થાય છે. તેજ મન જ્ઞાનસંસ્કારે કરીને આત્મસ્વરૂપને વિષે રહે છે. ॥ ૩૭ ॥

अपमानादयस्तस्य, विक्षेपो यस्य चेतसः ॥
नापमानादयस्तस्य, न क्षेपो यस्य चेतसः ॥३८॥

જેનાં ચિત્તને રાગાદિ પરિણામ છે તેને અપમાનાદિ હોય છે અને જેના ચિતને રાગાદિ પરિણામ નથી તેને અપમાનાદિ પણ નથી. ॥ ૩૮ ॥

यदा मोहात्प्रजायेते, रागद्वेषौ तपस्विनः ॥
तदैव भावयेत् स्वस्थमात्मानं शाम्यतः क्षणात् ॥३९॥

જ્યારે તપસ્વિને મોહનીય કર્મના ઉદયથી રાગદ્વેષ ઉત્પન્ન થાય છે ત્યારે તેનુ ક્ષણમાત્રમાં રાગદ્વેષને શાંતિ પમાડતા છતા પોતાનાં સ્વરૂપમાં રહેલા આત્માને ભાવે છે. ॥ ૩૯ ॥

यत्र काये मुनेः प्रेम, ततः प्राच्यव्य देहिनम् ॥
बुद्धया तदुत्तमे काये, योजयेत्प्रेम नश्यति ॥४०॥

મુનિને જે પોતાના અથવા પરના શરીરને વિષે સ્નેહ થાય છે તે શરીરથી બુદ્ધિવડે આત્માને પાછો ફેરવીને તેઓ પણ ઉત્તમ એવા ચિદાનંદમય આત્મ સ્વરૂપને વિષે જોડે છે કે, જેઓ કાયા ઉપર સ્નેહ થતો નથી. ॥ ૪૦ ॥

आत्मविभ्रमजं दुःख-मात्मज्ञानात्प्रशाम्यति ॥
नायतास्तत्र निर्वांति, कृत्वापि परमं तपः ॥४१॥

શરીરાદિકમાં આત્મા એવા વિભ્રમથી થયેલું દુઃખ આત્મજ્ઞાનથી નાશ પામે છે. વલી આત્મસ્વરૂપમાં અસાવધાન એવા પુરૂષો ઉત્કૃષ્ટ એવું તપ કરીને પણ મોક્ષ પામતા નથી. ॥ ૪૧ ॥

शुभं शरीरं दिव्यांश्च, विषयानभिवांछति ॥
उत्पन्नात्ममतिर्देहे, तत्त्वज्ञानी ततश्च्युतिम् ॥४२॥

શરીરને વિષે ઉત્પન્ન થયેલી આત્મ બુદ્ધિવાલો અર્થાત્ બહિરાત્મા પુરૂષ શુભ એવા શરીરને અને દિવ્ય એવા વિષયોને ઈચ્છે છે. તથા તત્વજ્ઞાની પુરૂષ શરીરની નિવૃત્તિને ઈચ્છે છે.

परत्राहंमतिः स्वस्माच्च्युतो, बध्नात्यसंशयम् ॥
स्वस्मिन्नहंमतिच्च्युत्वा, परस्मान्मुच्यते बुधः ॥४३॥

શરીરને વિષે આત્મબુદ્ધિવાલો બહિરાત્મા આત્મ સ્વરૂપથી ભ્રષ્ટ થઈને ખરેખર બંધન પામે છે અને આત્મસ્વરૂપને વિષે આત્મબુદ્ધિવાલો અંતરાત્મ શરીરાદિકથી જૂદો થઈને મુક્તિ પામે છે. ॥ ૪૩ ॥

दृश्यमानमिदं मूढस्त्रिलिंगमवबुध्यते ॥
इदमित्यवबुद्धस्तु, निष्पन्नं शब्दवर्जितम् ॥४४॥

બહિરાત્મા આ દેખાતા પુરૂષ, સ્ત્રી અને નપુંસક રૂપ ત્રણ લિંગને ત્રિલિંગરૂપ માને છે અને અંતરાત્મા અનાદિસિદ્ધ અને વિકલ્પાદિકે વર્જિત એવા આત્મતત્વનેજ માને છે. ॥૪૪॥

जानन्नप्यात्मनस्तत्त्वं, विविक्तं भावयन्नपि ॥
पूर्वविभ्रमसंस्काराद्भ्रांतिं भूयोऽपि गच्छति ॥४५॥

અંતરાત્મા આત્મતત્વને જાણુતો છતો તથા શરીરાદિકથી જૂદુ માનતો છતો પણુ પૂર્વ વિભ્રમના સંસ્કારથી ફરીને પણુ ભ્રાંતિ પામે છે. ॥ ૪૫ ॥

अचेतनमिदं दृश्य–मदृश्यं चेतनं ततः ॥
क रुष्यामि क तुष्यामि, मध्यस्थोऽहं भवाम्यतः ॥४६॥

આ દેખાતું એવું શરીરાદિ જડ છે અને ન દેખાતું એવું આત્મસ્વરૂપ ચૈતન્યરૂપ છે, માટે હું કોના ઉપર ક્રોધ અને કોના ઉપર સંતોષ કરૂં. તેથી હવે હું મધ્યસ્થરૂપ થાઉં છું. ॥ ૪૬ ॥

त्यागादाने बहिर्मूढः, करोत्यध्यात्ममात्मवित् ॥
नांतर्बहिरुपादानं, न त्यागो निष्ठितात्मनः ॥४७॥

બહિરાત્મા બાહ્યવસ્તુને વિષે ત્યાગ અને અભિલાષ કરે છે. અંતરાત્મા આત્મસ્વરૂપને વિષે ત્યાગ અને અભિલાષા કરે છે, પરંતુ કૃત કૃત્ય એવા પરમાત્માને તો અંતરાત્માને વિષે અભિલાષ અને બહિવસ્તુને વિષે ત્યાગ એમાનું કાંઈ નથી. ॥ ૪૭ ॥

युंजीत मनसात्मानं, वाक्कायाभ्यां वियोजयेत् ॥
मनसा व्यवहारं तु, त्यजेद्वाक्काययोजितम् ॥४८॥

માનસિક જ્ઞાનથી આત્માનું ધ્યાન કરવું, પણુ વાણી અને કાયાથી આત્માને જૂદો કરવો. વલી મનની સાથે વાણી અને કાયાથી જોડાએલા વ્યવહારને મને કરીને ત્યજી દેવો .૪૮

जगद्देहात्मदृष्टीनां, विश्वास्यं रम्यमेव च ॥
स्वात्मन्येवात्मदृष्टीनां, क विश्वासः क वा रतिः ॥४९॥

શરીરને વિષે આત્મદષ્ટિવાલા અર્થાત્ બહિરાત્માને જગત્ વિશ્વાસ કરવા યોગ્ય અને મનોહર લાગે છે, પરંતુ આત્માને વિષે આત્મદષ્ટિવાલા અર્થાત્ અંતરાત્માને કયાં વિશ્વાસ અને કયાં રતિ હોય છે? અર્થાત્ તેને પુત્રાદિકને વિષે વિશ્વાસ અથવા પ્રીતિ હોતી નથી. ॥ ૪૯ ॥

**आत्मज्ञानात्परं कार्यं, न बुद्धौ धारयेच्चिरम् ॥**
**कुर्यादर्थवशात्किंचिद्वाक्कायाभ्यामतत्परः ॥५०॥**

આત્મજ્ઞાન વિના બીજું કાર્ય બહુ વખત મનમાં ધારવું નહિ અને તેવું ભોજન વ્યાખ્યાનાદિક કાર્ય કરવું પડે તો તે આસક્તિ રહિત થઇને ફક્ત પોતાના અને પરના ઉપકારના વશથીજ કરવું. ॥ ૫૦ ॥

**यत्पश्यामीन्द्रियैस्तन्मे, नास्ति यन्नियतेन्द्रियः ॥**
**अंतः पश्यामि सानंदं, तदस्य ज्योतिरुत्तमम् ॥५१॥**

હું ઇંદ્રિયો વડે જે શરીરાદિક જોઉં છું, તે મ્હારૂં રૂપ નથી, પરંતુ ઇન્દ્રિયોને સ્વાધિન કરીને હું મ્હારી અંદર ઉત્તમ સુખરૂપ અને ઇંદ્રિયોને અગોચર એવું જે જ્ઞાન જોઉં છું, તે મ્હારૂં સ્વરૂપ છે. ॥ ૫૧ ॥

**सुखमारब्धयोगस्य, बहिर्दुःखमथात्मनि ॥**
**बहिरेवासुखं सौख्य–मध्यात्मं भावितात्मनः ॥५२॥**

આત્મસ્વરૂપ જાણવામાં ઉદ્યમવંત થયેલાને બાહ્ય વિષયમાં સુખ થાય છે તથા આત્મ વિષયમાં દુઃખ થાય છે અને યથાર્થ આત્મસ્વરૂપ જાણેલાને બાહ્ય વિષયમાં દુઃખ તથા આત્મ વિષયમાં સુખ થાય છે. ॥ ૫૨ ॥

**तद्ब्रूयात्तत्परान्पृच्छे–तदिच्छेत्तत्परो भवेत् ॥**
**येनाविद्यामयं रूपं, त्यक्त्वा विद्यामयं व्रजेत् ॥५३॥**

તે આત્મસ્વરૂપ પોતે કહેવું, બીજાને પૂછવું, તે આત્મસ્વરૂપનેજ ઇચ્છવું અને તેમાં તત્પર થવું કે, જેથી બહિરાત્મરૂપ ત્યજી દઈ આત્મસ્વરૂપને પમાય. ॥ ૫૩ ॥

**शरीरे वाचि चात्मानं, संधत्ते वाक्शरीरयोः ॥**
**भ्रांतोऽभ्रांतः पुनस्तत्त्वं, पृथगेषां निबुध्यते ॥५४॥**

વાણી અને શરીરને વિષે ભ્રાંતિ પામેલો બહિરાત્મા પોતાને શરીરમાં અને વાણીમાં આરોપણ કરે છે. વલી યથાર્થ તે સ્વરૂપને જાણનારો અંતરાત્મા વાણીનાં, શરીરનાં અને આત્માનાં સ્વરૂપને જૂદા જૂદા જાણે છે. ॥ ૫૪ ॥

**न तदस्तींद्रियार्थेषु, यत्क्षेमंकरमात्मनः ॥**
**तथापि रमते बाल–स्तत्रैवाज्ञानभावनात् ॥५५॥**

ઈંદ્રિયાર્થને વિષે તેવું કાંઈ નથી કે, જે આત્માનું કુશલ કરનાર થાય. તો પણ અજ્ઞાની બહિરાત્મા તે ઈંદ્રિયોના અર્થને વિષે મિથ્યાત્વના સંસ્કારથી રમે છે. ॥ ૫૫ ॥

**चिरं प्रसुप्तास्तमसि, मूढात्मानः कुयोनिषु ॥**
**अनात्मीयात्मभूतेषु, ममाहमिति जाग्रति ॥५६॥**

અનાદિ મિથ્યાત્વ સંસ્કાર હોવાને લીધે ચોરાશી લાખ કુયોનિમાં દીર્ઘકાલથી સૂતેલા બહિરાત્મા પરમાર્થથી પોતાના સંબંધી નહિ એવા પુત્ર સ્ત્રી વિગેરેને વિષે ‘હું અને મ્હારૂં’ એમ કહેતા છતાં જાગે છે. ॥ ૫૬ ॥

पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसा ॥
अपरात्मधियाऽन्येषामात्मतत्वे व्यवस्थितः ॥५७॥

આત્મતત્વને વિષે રહેલો અંતરાત્મા પોતાનાં શરીરને અનાત્મબુદ્ધિથી (આ આત્મા નથી એવા વિચારથી) નિરંતર જૂએ છે તેમજ બીજાઓને આ પરમાત્મા નથી એ એવી બુદ્ધિથી જૂએ છે. ॥ ૫૭ ॥

अज्ञापितं न जानंति, यथा मां ज्ञापितं तथा ॥
मूढात्मानस्ततस्तेषां, वृथा मे ज्ञापनाश्रमः ॥५८॥

મૂઢાત્મા જેમ આત્મસ્વરૂપ ન સમજાવ્યા છતા નથી જાણતો તેમજ સમજાવ્યા છતાં પણ નથી જાણતો, તેથી તે મૂઢાત્માને મ્હારે સમજાવવાનો શ્રમજ ફોગટ છે. ॥ ૫૮ ॥

यद्बोधयितुमिच्छामि, तन्नाहं यदहं पुनः ॥
ग्राह्यं तदपि नान्यस्य, तत्किमन्यस्य बोधये ॥५९॥

જે વિકલ્પમાં વ્યાપ્ત થઈ રહેલા આત્મસ્વરૂપને અથવા દેહાદિકને સમજાવવાની ઈચ્છા કરૂં છું. તે હું પોતે પરમાર્થથી આત્મસ્વરૂપ નથી અને વલી જે હું ચિદાત્મરૂપ છું તે બીજાને ગ્રાહ્યમાં આવું તેમ નથી. તો પછી હું બીજાને શા માટે આત્મતત્વનો બોધ કરૂં ? ॥ ૫૯ ॥

बहिस्तुष्यति मूढात्मा, पिहितज्योतिरंतरे ॥
तुष्यत्यन्तः प्रबुद्धात्मा, बहिर्व्यावृत्तकौतुकः ॥६०॥

અંદરના તત્ત્વ વિષયને વિષે મોહથી ઢંકાઈ ગયેલા જ્ઞાનવાલો બહિરાત્મા શરીરાદિ બાહ્ય અર્થને વિષે પ્રસન્ન થાય છે

અને શરીરાદિકને વિષે પ્રીતિ રહિત એવો અંતરાત્મા પોતાનાં સ્વરૂપને વિષે પ્રસન્ન થાય છે. ॥ ૬૦ ॥

**न जानंति शरीराणि, सुखदुःखान्यबुद्धयः ॥**
**निग्रहानुग्रहधियं, तथाप्यत्रैव कुर्वते ॥६१॥**

શરીરો સુખ દુઃખને જાણતાં નથી, તો પણ બહિરાત્મા એજ શરીરાદિકને વિષે ઉપવાસાદિ કરવાથી નિગ્રહ કરવાની અને કુંડલ કડા વિગેરેથી શણગારવા વડે અનુગ્રહ કરવાની બુદ્ધિથી કરે છે. ॥ ૬૧ ॥

**स्वबुद्ध्या यावद्गृह्णीयात्, कायवाक्चेतसां त्रयम् ॥**
**संसारस्तावदेतेषां, भेदाभ्यासे तु निर्वृत्तिः ॥६२॥**

જ્યાં સુધી શરીર, વાણી અને ચિત્ત એ ત્રણેને આત્મ બુદ્ધિથી ગ્રહણ કરે ત્યાંસુધી સંસાર થાય છે અને તે ત્રણનો ભેદ અભ્યાસ થયો એટલે મુક્તિ થાય છે. ॥ ૬૨ ॥

**घने वस्त्रे यथात्मानं, न घनं मन्यते तथा ॥**
**घने स्वदेहेप्यात्मानं न घनं मन्यते बुधः ॥६३॥**

જ્ઞાની પુરુષ જેમ મજબુત વસ્ત્ર પહેરવાથી પોતાને મજબુત માનતો નથી તેમ શરીર પણ મજબુત હોય તોપણ આત્માને મજબુત માનતો નથી. ૬૩

**जीर्णे वस्त्रे यथात्मानं, न जीर्णं मन्यते तथा ॥**
**जीर्णे स्वदेहेप्यात्मानं, न जीर्णं मन्यते बुधः ॥६४॥**

જ્ઞાની પુરુષ જેમ જીર્ણ વસ્ત્ર પહેરવાથી પોતાને જીર્ણ માનતો નથી તેમ જીર્ણ શરીર છતાં આત્માને જીર્ણ માનતો નથી.

नष्टे वस्त्रे यथात्मानं, न नष्टं मन्यते तथा ॥
नष्टे स्वदेहेऽप्यात्मानं, न नष्टं मन्यते बुधः ॥६५॥

જ્ઞાની પુરૂષ જેમ વસ્ત્ર ફાટી જવાથી પોતાને નાશ પામેલો જાણતો નથી તેમ દેહ નાશ પામ્યા છતાં આત્માને નાશ પામેલો માનતો નથી. ૬૫

रक्ते वस्त्रे यथात्मानं, न रक्तं मन्यते तथा ॥
रक्ते स्वदेहेऽप्यात्मानं, न रक्तं मन्यते बुधः ॥६६॥

જ્ઞાની પુરૂષ જેમ વસ્ત્ર રક્ત છતાં પોતાને રક્ત માનતો નથી તેમ પોતાનો દેહ રક્ત છતાં આત્માને રક્ત માનતો નથી.

यस्य सस्पंदमाभाति, निस्पंदेन समं जगत् ॥
अप्रज्ञमक्रियाभोगं, स कामं याति नेतरः ॥६७॥

જેને ચંચલ એવું આ જગત્ જડ, તેમજ પદાર્થનું જ્ઞાન અને સુખાદિકનો અનુભવ ન હોવાને લીધે કાષ્ટ અને પાષાણ તુલ્ય જણાય છે, તે શાંતિને પામે છે. બીજો પામતો નથી. ૬૭

शरीरकंचुकेनात्मा, संवृतज्ञानविग्रहः ॥
नात्मानं बुध्यते, तस्माद्भ्रमत्यतिचिरं भवे ॥६८॥

શરીર રૂપ કંચવાથી ઢંકાઈ ગયો છે જ્ઞાનરૂપ દેહ, જેનો એવો બહિરાત્મા પોતાને જાણી શકતો નથી, તેથી તે સંસારમાં બહુ કાલથી ભટકે છે.

प्रविशद्गलतां व्यूहे, देहेऽणूनां समाकृतौ ॥
स्थितिभ्रांत्या प्रपद्यते, तमात्मानमबुद्धयः ॥६९॥

પેસતાં અને નિકલતાં એવા પરમાણુનાં સમુહરૂપ અને સમાનકૃતિવાલા દેહને વિષે સ્થિતિની શાંતિથી બહિરાત્મા તે દેહને આત્મા માને છે.

**गौरः स्थूलः कृशा वाहमित्यङ्गेनाविशेषयन् ॥**
**आत्मानं धारयेन्नित्यं, केवलज्ञप्तिविग्रहम् ॥७०॥**

હું ગોરો છું જાડો છું અથવા પાતલો છું, એમ અંગની સાથે એકમેક ન કરતો છતો ફક્ત જાણપણારૂપ શરીરવાલા આત્માને નિત્ય ધારણ કરે છે. ૭૦

**मुक्तिरेकांतिकी तस्य, चित्ते यस्याचला धृतिः ॥**
**तस्य नैकांतिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः ॥७१॥**

જેના ચિત્તમાં અવિચલ આત્મસ્વરૂપનું ધારણ કરવાપણું છે, તેને અવશ્ય મુક્તિ પ્રાપ્ત થતી નથી. ૭૧

**जनेभ्यो वाक्कृतः स्पंदो, मनसश्चित्रविभ्रमाः ॥**
**भवंति तस्मात्संसर्गं, जनैर्योगी ततस्त्यजेत् ॥७२॥**

માણુસોના સમાગમથી વચન પ્રવૃત્તિ થાય છે, વચન પ્રવૃત્તિથી મનની વ્યગ્રતા થાય છે અને તેથી નાના પ્રકારના વિકલ્પો થાય છે. માંટે યોગી પુરૂષોએ માણુસોની સાથે સમાગમ ત્યજી દેવો.

**ग्रामोऽरण्यमिति द्वेधा, निवासोऽनात्मदर्शिनाम् ॥**
**दृष्टात्मनां निवासस्तु, विविक्तात्मैव निश्चलः ॥७३॥**

આત્મસ્વરૂપને ન પામેલાને ગામ અને અરણ્ય એમ બે પ્રકારે નિવાસ સ્થાન છે. તથા આત્મસ્વરૂપને પામેલાને વ્યાકુલતા રહિત એવો શુદ્ધ આત્માજ નિવાસ સ્થાન છે. ॥ ૭૩ ॥

**देहांतरगतेर्बीजं, देहेऽस्मिन्नात्मभावना ॥**
**बीजं विदेहनिष्पतेरात्मन्येवात्मभावना ॥७४॥**

આ દેહને વિષે આત્મભાવના કરવી એજ બીજા ભવની પ્રાપ્તિનું કારણ છે અને આત્માને વિષે આત્મભાવના કરવી એજ મોક્ષ પ્રાપ્તિનું બીજ છે. ॥ ૭૪ ॥

**नयत्यात्मानमात्मैव, जन्मनिर्वाणमेववा ॥**
**गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः ॥७५॥**

આત્મા આ દેહાદિકને વિષે આત્મભાવનાના વશ્યથી પોતાને સંસારમાં ભટકાવે છે અને આત્માને વિષે આત્મભાવનાના વશ્યથી પોતાને મોક્ષ પ્રત્યે પમાડે છે, માટે પરમાર્થથી આત્માનો ગુરૂ તો આત્માજ છે. બીજો કોઈ નથી.

**दृढात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः ॥**
**मित्रादिभिर्वियोगं च, बिभेति मरणाद्भृशम् ॥७६॥**

દેહાદિકને વિષે દૃઢ એવી આત્મબુદ્ધિવાલો બહિરાત્મા પોતાના મરણને જોતો છતો અને મિત્રાદિકના વિયોગને જાણતો છતો મૃત્યુથી બહુ ભય પામે છે. ૭૬

**आत्मन्येवात्मधीरन्यां, शरीरगतिमात्मनः ॥**
**मन्यते निर्भयं त्यक्त्वा, वस्त्रं वस्त्रांतरग्रहम् ॥७७॥**

એક વસ્ત્રને ત્યજી દઇ બીજા વસ્ત્રને ગ્રહણ કરવાની પેઠે આત્માને વિષે આત્મબુદ્ધિવાલો અંતરાત્મા ભય રહિતપણે શરીરની પરિણતિને ( બાલ્યાદિ અવસ્થાને ) પોતાથી જૂદો માને છે. અર્થાત્ શરીરની ઉત્પત્તિ અને નાશના અવસરે પોતાની ઉત્પત્તિ અને નાશ નથી માનતો. ૭૭

व्यवहारे सुषुप्तो यः, स जागर्त्यात्मगोचरे ॥
जागर्ति व्यवहारेऽस्मिन्सुषुप्तश्चात्मगोचरे ॥७८॥

પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ વ્યવહારમાં જે સૂતેલો (અતત્પર) છે તે આત્મવિષયમાં જાગતો (તત્પર) છે અને જે પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ વ્યવહારમાં જાગતો (તત્પર) છે તે આત્મવિષયમાં સૂતેલો (અતત્પર) છે. ૭૮

आत्मानमंतरे दृष्ट्वा, दृष्ट्वा देहादिकं बहिः ॥
तयोरंतरविज्ञानादभ्यासादच्युतो भवेत् ॥७९॥

આત્માને અંદર જોઈ અને શરીરાદિકને બ્હાર જોઇને તે બન્નેના ભેદ જ્ઞાનની ભાવનાથી મુક્ત થવાય છે.

पूर्वं दृष्टात्मतत्त्वस्य, विभात्युन्मत्तवज्जगत् ॥
स्वभ्यस्तात्मधियः पश्चात्काष्ठपाषाणरूपवत् ॥८०॥

પ્રથમ આત્મતત્ત્વને જોનારા અર્થાત્ યોગારંભી પુરૂષને આ જગત્ ઉન્મત્ત સમાન દેખાય છે અને પછી આત્મતત્ત્વનો સારી રીતે અભ્યાસ કરનારાને કાષ્ટ અને પાષાણુ સરખું દેખાય છે.

शृण्वन्नप्यन्यतः कामं, वदन्नपि कलेवरात् ॥
नात्मानं भावयेद्भिन्नं, यावत्तावन्न मोक्षभाक् ॥८१॥

બીજા પાસેથી અત્યંત સાંભલતો અને પોતે બીજાને કહેતો હતો પણ જ્યાં સુધી શરીરથી આત્માને જૂદો ભાવતો નથી ત્યાંસુધી મોક્ષનુ પાત્ર થતો નથી. ॥ ૮૧ ॥

तथैव भावयेद्देहाद्-व्यावृत्त्यात्मानमात्मनि ॥
यथा न पुनरात्मानं, देहे स्वप्नेऽपि योजयेत् ॥८२॥

દેહથી જૂદો કરીને આત્માને આત્માને વિષે તેવી રીતે ભાવવો કે, જેથી તે ફરીથી સ્વપ્નામાં દેહને આત્મરૂપ ન માને.

अपुण्यमव्रतैः पुण्यं, व्रतैर्मोक्षस्तयोर्व्ययः ॥

अव्रतानीव मोक्षार्थी, व्रतान्यपि ततस्त्यजेत् ॥८३॥

હિંસાદિક વિકલ્પોથી પાપ અને અહિંસાદિક વિકલ્પોથી પુણ્ય થાય છે. તથા તે બંન્નેનો ત્યાગ કરવાથી મોક્ષ થાય છે, તો મોક્ષના અર્થીયે હિંસાદિકની પેઠે પુણ્યાદિકને ત્યજી દેવા. ૮૩

अव्रतानि परित्यज्य, व्रतेषु परिनिष्ठितः ॥

त्यजेत्तान्यपि संप्राप्य, परमं पदमात्मनः ॥८४॥

પ્રથમ હિંસાદિ અવ્રતોને ત્યજી દઈ પુણ્યાદિ વ્રતને વિષે સાવધાન થાય અને પછી આત્માના પરમ પદને પામીને અર્થાત્ વીતરાગપણું પામીને તે પુણ્યાદિ વ્રતને પણ ત્યજી દે.

यदन्तरजल्पसंपृक्तमुत्प्रेक्षाजालमात्मनः ॥

मूलं दुःखस्य तन्नाशे, शिष्टमिष्टं परं पदम् ॥८५॥

જે અંતર વચનના વ્યાપારે સહિત એવી ચિંતારૂપ જાળ તેજ આત્માને દુઃખનું મૂલ છે. માટે તે જાળનો નાશ થયે ઈષ્ટ એવું પરમપદ પ્રાપ્ત થાય છે. ॥

अव्रती व्रतमादाय, व्रती ज्ञानपरायणः ॥

परात्मज्ञानसंपन्नः, स्वयमेव परो भवेत् ॥८६॥

હિંસાદિ કરવાવાલો અવ્રતી હિંસા ન કરવારૂપ વ્રત લઈ અને પછી તે વ્રત લેનારો વ્રતી જ્ઞાનમાં તત્પર એવો થાય છે. પછી તે ઉત્કૃષ્ટ એવા આત્મજ્ઞાનમાં લીન થઈને પોતેજ પરમાત્મા રૂપ થાય છે.

लिंगं देहाश्रितं दृष्टं, देह एवात्मनो भवः ॥
न मुच्यंते भवात्तस्मात्ते ये लिंगकृताग्रहाः ॥८७॥

જટાધારણ અથવા નગ્નપણું એ વિગેરે લિંગ, દેહને આશ્રિને દેખાય છે અને દેહ એજ આત્માને સંસારરૂપ છે, માટે જેઓ લિંગને વિષે આગ્રહ કરનારા છે તેઓ તે સંસારથી મૂકાતા નથી.

जातिर्देहाश्रिता दृष्टा, देह एवात्मनो भवः ॥
न मुच्यंते भवात्तस्मात्ते, ते जातिकृताग्रहाः ॥८८॥

જાતિ એ પણ દેહને આશ્રિત દેખાય છે અને દેહ છે તે આત્માને સંસાર છે, માટે જેઓ જાતિમાં આગ્રહ કરનારા છે તેઓ તે સંસારથી મૂકાતા નથી. ૮૮

जातिर्लिंगविकल्पेन, येषां च समयाग्रहः ॥
तेऽपि न प्राप्नुवंत्येव, परमं पदमात्मनः ॥८९॥

જાતિ અને લિંગના ભેદે કરીને જેઓને આગમ ઉપર આગ્રહ છે તેઓ પણ આત્માના પરમ પદને પામતા નથીજ.

यत्त्यागाय निवर्तंते, भोगेभ्यो यदवाप्तये ॥
प्रीतिं तत्रैव कुर्वंति, द्वेषमन्यत्र मोहिनः ॥९०॥

જે શરીરના નિર્મમત્વને અર્થે પુષ્પની માલા અથવા સ્ત્રી વિગેરેથી નિવૃત્તિ પામે છે અથવા ઉત્તમ એવા વીતરાગપણાની પ્રાપ્તિના અર્થે નિવૃત્તિ પામે છે. વલી તે શરીરને વિષે પ્રીતિ કરે છે અને વીતરાગપણામાં દ્વેષ કરે છે તેઓને મોહવાળા જાણવા.

**अनंतरज्ञः संधत्ते, दृष्टिं पंगोर्यथांधके ॥**
**संयोगाद्दृष्टिमंगेऽपि, संधत्ते तद्वदात्मनः ॥९१॥**

જેમ પાંગલાની દૃષ્ટિ આંધલાને વિષે ધારણુ કરાય છે તેમ શરીર અને આત્માને વિષે અભેદનો આગ્રહ કરનારો પુરૂષ દેહ અને આત્માના સંયોગથી આત્માનો આશય દેહને વિષે પણુ ધારણુ કરે છે. ૯૧

**दृष्टभेदो यथा दृष्टिं, पंगोरंधे न योजयेत् ॥**
**तथा न योजयेद्देहे, दृष्टात्मा दृष्टिमात्मनः ॥९२॥**

પાંગલાનો અને આંધળાનો ભેદ જાણુનારો પુરૂષ જેમ પાંગળાની દૃષ્ટિ આંધળાને વિષે ન ધારણુ કરે તેમ દેહ અને આત્માનો ભેદ જાણુનારો અંતરાત્મા પુરૂષ આત્માની દૃષ્ટિ દેહને વિષે ન ધારણુ કરે. ૯૨

**सुप्तोन्मत्ताद्यवस्थैव, विभ्रमोऽनात्मदर्शिनाम् ॥**
**विभ्रमाऽक्षीणदोषस्य, सर्वावस्थात्मदर्शिनः ॥९३॥**

બહિરાત્માઓને સુપ્તાવસ્થાની પેઠે અને ઉન્મત્તાદિ અવસ્થાની પેઠે વિભ્રમ છે. તથા બાલકુમારાદિ લક્ષણુવાલી સર્વ અવસ્થાને આત્મા એમ જોનારા બહિરાત્માઓને વિભ્રમજ હોય છે.

**विदिताशेषशास्त्रोऽपि, न जाग्रदपि मुच्यते ॥**
**देहात्मदृष्टिर्ज्ञातात्मा, सुप्तोन्मत्तोऽपि मुच्यते ॥९४॥**

બહિરાત્મા સર્વ શાસ્ત્રને જાણુવાને લીધે જાગતો છતો પણુ મૂકાતો નથી અને અંતરાત્મા સુપ્ત તથા ઉન્મત્ત છતો પણુ મૂકાય છે. ૯૪

**यत्रैवाहितधीः पुंसः, श्रद्धा तत्रैव जायते ॥**

**यत्रैव जायते श्रद्धा, चित्तं तत्रैव लीयते ॥९५॥**

જે વિષયમાં બુદ્ધિ આશ્રય કરે, પુરૂષને તેજ વિષયમાં શ્રદ્ધા થાય છે અને જે વિષયમાં શ્રદ્ધા થાય છે તેજ વિષયમાં ચિત્ત આસક્ત થાય છે. ૯૫

**यत्रैवाहितधीः पुंसः, श्रद्धा तस्मान्निवर्त्तते ॥**

**यस्मान्निवर्तते श्रद्धा, कुतश्चित्तस्य तल्लयः ॥९६॥**

જે વિષયમાં બુદ્ધિ આશ્રય ન કરે, પુરૂષને તે વિષયથી શ્રદ્ધા નિવૃત્તિ પામે તે વિષયમાં ચિત્તની આશક્તિ ક્યાંથી હોય. ૯૬

**भिन्नात्मानमुपास्यात्मा, परो भवति तादृशः ॥**

**वर्तिर्दीपं यथोपास्य, भिन्ना भवति तादृशी ॥९७॥**

જેમ દીવાથી જૂદી એવી વાટ દીવાને પામીને દીવારૂપ બની જાય છે તેમ આત્માથી જૂદો એવો આરાધક પુરૂષ અર્હંત્ સિદ્ધરૂપ આત્માની ઉપાસના કરીને તેવો પરમાત્મરૂપ બની જાય છે. ૯૭

**उपास्यात्मानमेवात्मा, जायते परमोऽथवा ॥**

**मथित्वात्मानमात्मैव, जायतेऽग्निर्यथा तरुः ॥९८॥**

જેમ વૃક્ષ પોતાનાં શરીરને ગર્ષણ કરીને પોતે અગ્નિરૂપ થાય છે તેમ આત્મા (ઉપાસક) ચિદાનંદમય પોતાના આત્મસ્વરુપની ઉપાસના કરીને પરમાત્મારૂપ થાય છે. ૯૮

**इतीदं भावयेन्नित्य–मवाचागोचरं पदम् ॥**

**स्वत एव तदाप्नोति, यतो नावर्तते पुनः ॥९९॥**

આ કહ્યા પ્રમાણે જે ભિન્ન અને અભિન્ન એવા

આત્મપદની નિત્ય ભાવના કરે છે તે વાણીને અગોચર એવા મોક્ષ સ્થાનને પોતાની મેળેજ પામે છે અને તે પ્રાપ્ત થયેલા પદથી ફરી પાછો આવતો નથી. ૯૯

अयत्नसाध्यं निवार्णं, चित्तत्वं भूतजं यदि ॥
अन्यथा योगतस्तस्मान्नदुःखं योगिनां क्वचित् ॥१००॥

જો ચેતના લક્ષણ તત્ત્વ પૃથ્વી આદિ પાંચ મહાભૂતથી ઉત્પન્ન થયેલું જાણીયે તો પછી મોક્ષ, યત્ન કર્યા વિના પણ સાધ્ય છે અને પ્રારબ્ધ યોગની અપેક્ષાએ જો તે તત્ત્વ પૃથ્વી આદિ પાંચ મહાભૂતથી ઉત્પન્ન થયેલું ન જાણીયે તો પછી યોગથી મોક્ષ પ્રાપ્તિ છે, માટે દુર્ધર અનુષ્ટાન અથવા ભેદન છેદનાદિ કોઇ પણ અવસ્થામાં યોગીઓને દુઃખ થતું નથી.

स्वप्ने दृष्टे विनष्टेऽपि, न नाशोऽस्ति यथात्मनः ॥
तथा जागरदृष्टेऽपि, विपर्यासोविशेषतः ॥१०१॥

જેમ સ્વપ્નાવસ્થામાં નાશ પામેલા શરીરાદિકને દીઠા છતા આત્માનો નાશ નથી દેખાતો તેમ વિપર્યાસના અવિ-શેષ પણાથી જાગ્રત અવસ્થામાં પણ નાશ પામેલા શરીરા-દિકને દીઠા છતા આત્માનો નાશ નથી દેખાતો તેમ વિપ-ર્યાસના અવિશેષ પણાથી જાગ્રત અવસ્થામાં પણ નાશ પામેલા શરીરાદિકને દીઠા છતા આત્માનો નાશ નથી દેખાતો.

अदुःखभावितज्ञानं, क्षीयते दुःखसंनिधौ ॥
तस्माद्यथाबलं दुःखै–रात्मानंभावयेन्मुनिः ॥१०२॥

કાય કલેશાદિ કષ્ટ વિના એકાગ્રપણાથી એકઠું કરેલું જ્ઞાન દુઃખ પ્રાપ્ત થવાથી નાશ પામી જાય છે, માટે યોગી પુરુષ પોતાની શક્તિને અનુસારે કાયકલેશાદિ કષ્ટોવડે આત્માને ચિંત્વન કરે છે. ૧૦૨

प्रयत्नादात्मनो वायु-रिच्छाद्वेषप्रवर्तितात् ॥
वायोःशरीरयंत्राणि, वर्तन्ते स्वेषु कर्मसु ॥१०३॥

ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલા પ્રયત્નને લીધે આત્મા સંબંધી વાયુ શરીરને વિષે ચાલી રહ્યો છે અને તે વાયુથી શરીરરૂપી યંત્રો પોતાને સાધ્ય એવી ક્રીયાને વિષે વર્તી રહ્યા છે.

तान्यात्मनि समारोप्य, साक्षाण्यास्ते सुखं जडः ॥
त्यक्त्वारोपं पुनर्विद्वान्, प्राप्नोति परमं पदम् ॥१०४॥

જેમ એવો બહિરાત્મા ઇંદ્રિયો સહિત તે શરીરરૂપ યંત્રોને આત્માને વિષે આરોપણ કરી "હું ગૌર છું, હું સારા નેત્ર વાલો છું." એમ માનીને ન સુખ છતાં સુખ માને છે અને અંતરાત્મા તે આરોપને ત્યજી દઈ મોક્ષપદને પામે છે. ૧૦૪

मुक्त्वा परत्र परबुद्धिमहंधियं च,
संसारदुःखजननीं जननाद्विमुक्तः ॥
ज्योतिर्मयं सुखमुपैति परात्मनिष्ट-
स्तन्मार्गमेतदधिगम्य समाधितंत्रम् ॥१०५॥

સંસારથી મુક્ત અને પરમાત્મ સ્વરૂપના જાણ એવો પુરુષ પરમાત્મસ્વરૂપના જાણપણાની એકાગ્રતાને પ્રતિપાદન કરનારા મોક્ષમાર્ગના ઉપાયરૂપ આ શાસ્ત્રને પામીને શરીરાદિક પદાર્થમાં પરમાત્મ બુદ્ધિને અને સંસારના દુઃખને ઉત્પન્ન કરનારી અહંબુદ્ધિને ત્યજી દઈ જ્ઞાનમય એવાં સુખને પામે છે. ૧૦૫

॥ इति समाधि शतकं संपूर्णम् ॥

---

# ॥ अथ सज्जनचित्तवल्लभ ॥

नत्वा वीरजिनं जगत्त्रयगुरुं मुक्तिश्रियो वल्लभं,
पुष्पेषुक्षयनीतबाणनिवहं संसारदुःखापहम् ॥
वक्ष्ये भव्यजनप्रबोधजननं ग्रंथं समासादहं,
नाम्ना सज्जनचित्तवल्लभमिमं शृण्वंतु संतो जनाः ॥१॥

ત્રણુ જગત્‌ના ગુરુ, મુક્તિરૂપ લક્ષ્મીના પતિ, કામના બાણુ સમૂહને ક્ષય કરનારા અને સંસારના દુઃખને નાશ કરનારા શ્રી વીર પ્રભુને નમસ્કાર કરીને ભવ્ય માણુસોને જ્ઞાન પ્રગટ કરનારા આ સજ્જનચિત્તવલ્લભ નામના ગ્રંથને સંક્ષેપથી કહું છું તેને સંત પુરૂષો સાંભલો,

रात्रिश्चंद्रमसा विनाब्जनिवहैर्नो भाति पद्माकरो,
यद्वत्पंडितलोकवर्ज्जितसभा दंतीव दंतं विना ॥
पुष्पं गंधविवर्ज्जितं मृतपतिः स्त्री चेह तद्वन्मुनिः,
चारित्रेण विना न भाति सततं यद्यप्यसौ शास्त्रवान् ॥२॥

જેમ રાત્રી ચંદ્ર વિના, તળાવ કમલોના સમૂહ વિના, સભા પંડિતલોક વિના, હાથી દાંત વિના, પુષ્પ ગંધ વિના અને સ્ત્રી પતિ વિના નથી શોભતી તેમ જોકે શાસ્ત્રનો જાણુ એવો પણુ મુનિ ચારિત્ર વિના શોભતો નથી. ૨

किं वस्त्रत्यजनेन भो मुनिरसावेतावाता जायते,
क्ष्वेडेन च्युतपन्नगो गतविषः किं जातवान् भूतले ॥

मूलं किं तपसः क्षमेंद्रियजयः सत्यं सदाचारता-
रोगादींश्च बिभर्त्ति चेन्न स यतिर्लिंगी भवेत्केवलम् ॥३॥

અરે! વસ્ત્રને ત્યજવાથી શું? આ પુરુષ એ વસ્ત્રને ત્યજી દેવાથી શું મુનિ થાય? અર્થાત્ ન થાય. વિષ ખરી પડેલો અર્થાત્ વિષ રહિત એવો સર્પ શું પૃથ્વીને વિષે થાય ખરો? અર્થાત્ ન થાય. તપનું મૂળ ક્ષમા, ઇંદ્રિયજય, સત્ય અને સદાચારપણું છે છતાં જો યતિ રાગાદિકને ધારણ કરે છે તો તે યતિ નહિ, પરંતુ લિંગધારી કહેવાય. ૩

किं दीक्षाग्रहणेन भो यदि धनाकांक्षा भवेच्चेतसि,
किं गार्हस्थमनेन वेषधरणेनासुंदरं मन्यसे ॥
द्रव्योपार्जनचित्तमेव कथयत्यभ्यंतरस्थांगजं,
नो चेदर्थपरिग्रहग्रहमतिर्भिक्षोर्न संपद्यते ॥४॥

હે યતિ! જો ધનની ઇચ્છા થાય તો દીક્ષા લેવાથી શું? કારણ કે યતિવેષને ધારણ કરવાથી ગૃહસ્થપણાને તું શું ખોટો માને છે? દ્રવ્ય મેળવવાનું ચિત્તજ અંતરના કામને દેખાડી આપે છે અને જો અંતરનો કામવિકાર ન હોય તો સાધુને ધનને અને સ્રીને ગ્રહણ કરવાની ઇચ્છા થતીજ નથી. ૪

योषापंडकगोविवर्जितपदे संतिष्ठ भिक्षो सदा,
भुक्ताहारमकारितं परगृहे लब्धं यथासंभवम् ॥
षट्धावश्यकसत्क्रियासु निरतो धर्मादिरागं वहन्,
सार्द्धं योगिभिरात्मपावनपरै रत्नत्रयालंकृतैः ॥५॥

હે સાધો, સ્ત્રી, જીવ તથા પશુ વિનાના સ્થાનકને વિષે નિરંતર રહે અને પારકે ઘરે નહિ કરાવેલા તેમજ અવસર પ્રમાણે મલેલા આહારને ભોજન કર. વલી આત્માથી પવિત્ર તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નોથી સુશોભિત એવા યોગી પુરુષોની સાથે ધર્માદિ રાગ કરતો છતો છ પ્રકારની આવશ્યક ક્રિયાને વિષે તત્પર થા. ૫

दुर्गंधं वदनं वपुर्मलगृहं भिक्षाटनाद्भोजनम्,
शय्या स्थंडिलभूमिषु प्रतिदिनं कट्यां न ते कर्पटम् ॥
मुंडं मुंडितमर्द्धदग्धशबवत्त्वं दृश्यसे भो जनैः,
साधोऽद्याप्यबलाजनस्य भवतो गोष्ठी कथं रोचते ॥६॥

મુખ દુર્ગંધવાલું, શરીર મળનું ઘર, ભિક્ષા માગવાથી ભોજન, પ્રતિ દિવસ પૃથ્વીને વિષે શયન, કેડ ઉપર વસ્ત્ર પણ નહિ એવું, અર્દ્ધા શબની પેઠે માથું મુંડેલું. આ પ્રમાણે આકૃતિવાલા તને હમેશાં માણસો જુવે છે છતા હે સાધો! તને આજ સુધી સ્ત્રીયોની સાથે વાતો કરવી કેમ રૂચે છે?

अंगं शोणितशुक्रसंभवमिदं मेदोस्थिमज्जाकुलं,
बाह्ये माक्षिकपत्रसन्निभमहो चर्मावृत्तं सर्वतः ॥
नो चेत्काकवृकादिभिर्वपुरहो जायेत भक्ष्यं ध्रुवम्,
दृष्ट्वाद्यापि शरीरसद्मनि कथं निर्वेदना नास्ति ते ॥७॥

આ શરીર રૂધીર અને વીર્યથી ઉત્પન્ન થયું છે. તેમજ તે ચરબી, હાડકા અને સ્નાયુથી ભરપુર છે. વળી બ્હારના ભાગમાં માંખીઓની પાંખોના સરખી ચામડીથી ચારે તરફ ઢંકાયેલું છે. જો આ વર્ણન કરવા પ્રમાણે શરીર

ન હોય તો શરીર કાગડા અને નાર વિગેરે જીવોથી આશ્ચર્યકારી રીતે ભક્ષણ કરાય છે. તેવા શરીરને જોઈને પણ તને તે શરીર ઉપર વૈરાગ્ય કેમ નથી થતો.

**स्त्रीणां भावविलासविभ्रमगतिं दृष्ट्वानुरागं मनाक्,**
**मागास्त्वं विषवृक्षपक्कफलवत्सुस्वादवंत्यस्तदा ॥**
**ईषत्सेवनमात्रतोऽपि मरणं पुंसां प्रयच्छंति भो,**
**तस्मात् दृष्टिविषाहिवत्परिहर त्वं दूरतोऽमृत्यवे ॥८॥**

સ્ત્રીઓના શૃંગારાદિ વિલાસની વિભ્રમવાલી ગતિને જોઈ તું જરા પણ રાગ ન કર. કારણ કે, તે ફક્ત જોવાને અવસરે વિષવૃક્ષનાં પાકેલાં ફલની પેઠે ઉત્તમ સ્વાદવાલી દેખાય છે. પરંતુ હે મુનિ! તે સ્ત્રી જરાપણ સેવન કરવાથી માણસોને મૃત્યુ આપે છે, માટે તે સ્ત્રીયોને તું ત્હારા પોતાનાં જીવિતને માટે દૃષ્ટિ વિષ સર્પની પેઠે દૂરથી ત્યજી દે.

**यद्यद्वांच्छसि तत्तदेव वपुषे दत्तं सुपुष्टं त्वया,**
**सार्द्धं नैति तथापि ते जडमते मित्रादयो यांति किम् ॥**
**पुण्यं पापमिति द्वयं च भवतः पृष्टेऽनुयायिष्यते,**
**तस्मात्त्वं न कृथा मनागपि महामोहं शरीरादिषु ॥९॥**

તું જે જે વસ્તુની ઇચ્છા કરે છે તે તે વસ્તુ તેં શરીરને આપીને તેને પુષ્ટ બનાવી દીધું, તોપણ હે જડબુદ્ધિ! તે શરીર ત્હારી સાથે આવવાનું નથી. વલી શું મિત્રાદિ આવવાના છે? અર્થાત્ તેઓ પણ આવવાના નથી. પરંતુ પુણ્ય અને પાપ એ બન્ને ત્હારી પાછલ આવવાના

છે, માટે તું શરીરાદિકને વિષે ફોગટ એવા મહા મોહ ન કર. ॥ ૯ ॥

अष्टाविंशतिभेदमात्मनि पुरा संरोप्य साधौ वृत्तं,
साक्षीकृत्य जिनान् गुरूनपि कियत्कालं त्वया पालितम् ॥
भंक्तुं वांच्छसि शीतवातविहतो भूत्वाधुना तद्वृतं,
दारिद्रयोपहः स्ववांतमसनं भुक्ते क्षुधार्तोऽपि किम् ॥१०॥

હે સાધુ! તેં શ્રી જિનેશ્વરદેવને તથા ગુરૂને શાક્ષી કરી અઠ્ઠાવીશ ભેદવાલા સાધુવ્રતને અંગીકાર કરીને કેટલોક કાલ પાલ્યું છે. વલી હમણાં તે તું વિષયરૂપ વાયુથી હણાતો છતો થઈને તેને ભાંગવાની ઈચ્છા કરે છે. પરંતુ દારિદ્રયથી હણાયેલો એવો પણ ભુખ્યો માણુસ શું પોતાના વમન કરેલા પદાર્થને ખાય ખરો? અર્થાત્ ન ખાય. ૧૦

सौख्यं वांच्छसि किं त्वया गतभवे दानं तपो वा कृतं,
नो चेत्त्वं किमिहैवमेव लभसे लब्धं तदत्रागतम् ॥
धान्यं किं लभते विनापि वपनं लोके कुटुंबीजनो-
देहे कीटकभक्षितेक्षुसदृशे मोहं वृथा मा कृथाः ॥११॥

હે સાધુ! તું દેહ સુખની ઈચ્છા કરે છે? તો શું તેં પૂર્વભવે દાન અથવા તપ કર્યું છે? જો તેં દાન અથવા તપ નથી કર્યું તો તું આ ભવમાં શું પામવાનો છે? અને સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી જે શુભાશુભ કર્મ કર્યું છે તે આ ભવમાં તેની મેલેજ પ્રાપ્ત થયેલું છે. દૃષ્ટાંત કહે છે કે, લોકમાં કણબી લોક શું વાવ્યા વિના ક્યારે પણ ધાન્ય પામે ખરા? માટે કીડાથી ભક્ષણ કરાયેલી શેરડીના સરખા દેહને વિષે વૃથા મોહ ન કર. ॥ ૧૧ ॥

यत्काले लघुभांडमंडितकरो भूत्वा परेषां गृहे,
भिक्षार्थं भ्रमसे तदापि भवतो मानापमानौ नहि ॥
भिक्षो तापसवृत्तितः कदशनात्किं तप्स्यसेऽहर्निशं,
श्रेयोर्थं किल सह्यते मुनिवरैर्बाधा क्षुधाद्युद्भवा ॥१२॥

જે અવસરે ન્હાનાં પાત્રોથી સુશોભિત હાથવાલો થઈ લોકોનાં ઘરને વિષે ભિક્ષાને માટે ભમે છે ત્યારે પણ તને માન અપમાન થતું નથી, હે સાધુ! તો પછી તાપસવૃત્તિને લીધે કુત્સિત આહારથી રાતદિવસ શા માટે ખેદ કરે છે? કારણ ઉત્તમ મુનિઓ કલ્યાણને માટે ભુખ આદિથી ઉત્પન્ન થયેલી બહુ પીડાઓને નિશ્ચે સહન કરે છે.

एकाकी विरहत्यनःस्थितबलिवर्दो यथा स्वेच्छया,
योषामध्यरतस्त्वमेवमपि भोत्यक्त्वात्मयूथं यते ॥
तस्मिंश्चेदभिलाषता न भवतः किं भ्राम्यसि प्रत्यहम्,
मध्ये साधुजनस्य तिष्ठसि न किं कृत्वासदाचारताम् ॥१३॥

હે મુનિ! જેમ ગાડીમાં જોડાયેલો એક બળદ પોતાની મરજી મુજબ ક્રીડા કરે છે તેમ તું પણ પોતાના સમૂહને (મુનિ સમૂહ)ને ત્યજી દઇ સ્ત્રીયોના મધ્યમાં આશક્ત થયો છતો ક્રીડા કરે છે. જો કદાપિ ત્હારે તે સ્ત્રીયોની ઈચ્છા ન હોય તો તું તેઓના મધ્યે નિરંતર શા માટે ફરે છે અને સદાચાર પાળીને સાધુઓના સમૂહને વિષે કેમ નથી રહેતો. ૧૩

क्रीतान्नं भवतो भवेत्कदशने रोषस्तदा श्लाघ्यते,
भिक्षायां यदवाप्यते यतिजनैस्तद्भुज्यते सादरात् ॥
भिक्षो भाटकसद्मसन्निभतनोः पुष्टिं वृथा मा कृथाः,
पूर्णे किं दिवसावधौ क्षणमपि स्थातुं यमो दास्यति ॥१४॥

જો ત્હારે ખરાબ ભોજનમાં પણ વેચાતી અન્ન લાવવું પડતું હોય તો રોષ કરવો યોગ્ય છે, પરંતુ મુનિજનોએ ભિક્ષામાં જે અન્ન મેલવાય તેજ આદરથી ભોજન કરાય છે, માટે હે ભિક્ષુ! ભાડાના ઘર સરખા આ શરીરને તું વૃથા પોશણ ન કર. કારણ કે, તે શરીરની અવધિ પૂર્ણ થઈ રહેશે ત્યારે તેને યમ ક્ષણમાત્ર પણ તેમાં રહેવા દેશે નહિ. ૧૪

**लब्धान्नं यदि धर्मदानं विषये दातुं न यैः शक्यते,**
**दारिद्रोपहतास्तथापि विषयाशक्तिं न मुचंति ये ॥**
**धृत्वा ये चरणं जिनेंद्रगदितं तस्मिन् सदा नादरा-**
**स्तेषां जन्म निरर्थकं गतमजाकंठे स्तनाकारवत् ॥१५॥**

જો કે જે ગૃહસ્થો પોતાને મલેલું અન્ન ધર્મદાન કરવામાં આપી શકતા નથી. જેઓ દરિદ્રથી હણાયા છતાં પણ વિષયાશક્તિને મૂકતા નથી અને જેઓ જિનરાજે કહેલા ચારિત્રને ધારણ કરી તેને વિષે આદર કરતા નથી. તે સર્વેનો જન્મ બકરીના કંઠે રહેલા સ્તનની પેઠે નિષ્ફલ ગયો છે. ૧૫

**दुर्गंधं नवभिर्वपुः प्रवहति द्वारैरिमैं संततं,**
**संदृष्ट्वापि हि यस्य चेतसि पुनर्निर्वेदता नास्ति चेत् ॥**
**तस्माद्यद्भुवि वस्तु किद्दशमहो तत्कारणं कथ्यते,**
**श्रीखंडादिभिरंगसंस्कृतिरियं व्याख्याति दुर्गंधतां ॥१६॥**

આ શરીર નવદ્વારોથી હમેશાં દુર્ગંધનેજ વહન કરે છે; શરીરને જોઈને જે પુરુષના ચિત્તમાં જો વૈરાગ્ય નથી થયો તો પછી આશ્ચર્ય છે કે, તેને પૃથ્વી ઉપર બીજી કઈ વસ્તુ વૈરાગ્યનું કારણ કહેવાય? આ પ્રત્યક્ષ શ્રીખંડચંદન વિગેરેથી કરેલી અંગની સંસ્કૃતી પણ દુર્ગંધનેજ પ્રગટ કરે છે. ૧૬

शोचंति न मृतं कदापि वनिता यद्यस्ति गेहे धनं,
तच्चेन्नास्ति रुदंति जीवनधिया स्मृत्वा पुनः प्रत्यहम् ॥
कृत्वा तद्दहनक्रियां निजनिजव्यापारचिंताकुला-
स्तन्नामापि च विस्मरंति कतिभिः संवत्सरैर्योषितः ॥१७॥

સ્ત્રી જો ઘરને વિષે ધન હોય તો મૃત્યુ પામેલા પતિનો શોક કરતી નથી અને જો ધન નથી હોતું તો આજીવિકાની બુદ્ધિથી તેને દરરોજ વારંવાર સંભારીને રુદન કરે છે. વલી તે સ્ત્રીયો પતિની ઉર્ધ્વદેહિક ક્રિયા કરીને પછી પોતપોતાના કામમાં આકુલ વ્યાકુલ થઈ છતી કેટલાક વર્ષે તેનું નામ પણ વિસરી જાય છે. ૧૭

अन्येषां मरणं भवानगणयन्स्वस्यामरत्वं सदा,
देहिन् चिंतयसींद्रियद्विपवशी भूत्वा परिभ्राम्यसि ॥
अद्य श्वःपुनरागमिष्यति यमो न ज्ञायते तत्वतः,
तस्मादात्महितं कुरुत्वमचिराद्धर्मं जिनेंद्रोदितम् ॥१८॥

હે દેહધારી! તું બીજાઓનાં મરણને નહિ ગણકારતો છતો હમેશાં પોતાના અમરપણાનો વિચાર કરે છે અને તેથીજ તું ઇંદ્રિયરૂપ હાથીઓને વશ થઇ ભટકે છે; પરંતુ મૃત્યુ આજે આવશે અથવા કાલે આવશે તે તત્વથી જાણી શકાતું નથી, માટે તું તરત પોતાના હિતકારક એવા જિનેશ્વરે કહેલા ધર્મને આચરણ કર. ૧૮

देहे निर्ममता गुरौ विनयता नित्यं श्रुताभ्यासता,
चारित्रोज्वलता महोपशमता संसारनिर्वेदता ॥
अंतर्बाह्यपरिग्रहत्यजनता धर्मज्ञता साधुता,
साधो साधुजनस्य लक्षणमिदं संसारविच्छेदनम् ॥१९॥

હે સાધુ ! શરીરને વિષે નિર્મમપણું, ગુરુને વિષે વિનય-પણું. નિરંતર શાસ્ત્રને વિષે અભ્યાસપણું, મ્હોટું ઉપશમપણું, સંસારમાં વૈરાગ્યપણું, અંતરના અને બાહ્યના પરિગ્રહને ત્યજવાપણું, ધર્મજ્ઞપણું અને સાધુપણું. આ ઉપર કહેલું સાધુજનનું લક્ષણ સંસારનો નાશ કરનારૂં છે. ૧૯

**लब्ध्वा मानुषजातिमुत्तमकुलं रूपं च नीरोगतां,**
**बुद्धिं धीधनसेवनं सुचरणं श्रीमज्जिनेंद्रोदितम् ॥**
**लोभार्थं वसुपूर्णहेतुभिरलं स्तोकाय सौख्याय भो,**
**देहिन् देहसुपोतकं गुणभृतं भंक्तुं किमिच्छास्ति ते ॥२०॥**

હે દેહધારી ! મનુષ્યજાતિને, ઉત્તમકુલને, રુપને, નીરો-ગીપણાને બુદ્ધિને, બુદ્ધિવંતની સેવાને અને શ્રી જિનરાજે કહેલા ચારિત્રને ત્હારે પામીને લોભને અર્થે ધનને એકઠા કરવાના કારણથી સર્યું શું. તું થોડા સુખને માટે ગુણથી પૂર્ણ એવા આ દેહરૂપ ઉત્તમ નાવને ભાંગી નાખવાની ત્હારી ઈચ્છા છે? ૨૦

**वैतालाकृतिमर्द्धदग्धमृतकं दृष्ट्वा भवंतं यते,**
**यासां नास्ति भयं त्वया सममहो जल्पंति प्रत्युत्तरम् ॥**
**राक्षस्यो भुवि नो भवंति वनिता मामागता भक्षितुं,**
**मत्वैवं प्रपलायतां मृतिभयात् त्वं तत्र मा स्थाःक्षणम् ॥२१॥**

હે યતિ ! વૈતાલના સરખી આકૃતીવાલા અને અર્ધ દગ્ધ થયેલા શબ સરખા તને જોઈ જે સ્ત્રીયોને ભય થતો નથી, તેજ સ્ત્રીઓ તમને ઉત્તર આપે છે. શું તે સ્ત્રીયો પૃથ્વીને વિષે રાક્ષસીયો ન કહેવાય? અર્થાત્ કહેવાય. 'તે સ્ત્રીઓ મને ભક્ષણ કરવા આવી છે.' એમ માની તું મૃત્યુના ભયથી નાસી જા પણ ત્યાં ક્ષણમાત્ર રહીશ નહિ. ૨૧

मागास्त्वं युवतीगृहेषु सततं विश्वासतां संशयो-
विश्वासे जनवाच्यता भवति ते न स्यात्पुमर्थे ततः ॥
स्वाध्यानुरतो गुरुक्तवचनं चित्ते समारोपयन्,
तिष्ट त्वं विकृतिं पुनर्व्रजसि चेद्यासि त्वमेव क्षयम् ॥२२॥

તું સ્ત્રીયોના ઘરને વિષે નિરંતર વિશ્વાસપણું ન કર. કારણકે, વિશ્વાસ કરવાથી સંશય અને લોકમાં નિંદા થાય છે અને તેથી ત્હારો કાંઈ પુરુષાર્થ થવાનો નથી. માટે તું ગુરુનાં કહેલાં વચનને ચિત્તમાં ધારણ કરી ભણવા ભણાવવામાં આશક્ત થયો છતો રહે. વલી જો તું વિકાર પામ્યો તો નિશ્ચે નાશ પામીશ.

किं संस्कारशतेन विट् जगति भो कास्मीरजं जायते,
किं देहःशुचितां व्रजेदनुदिनं प्रक्षालनादंजसा ॥
संस्कारो नखदंतवक्त्रवपुषां साधो त्वया युज्यते,
नाकामी किल मंडनप्रिय इति त्वं सार्थकं मा कृथाः ॥२३॥

હે મુનિ! જગત્માં સેંકડો ઉપાયોથી પણ શું વિષ્ટા હોય તે કંકુ થાય ખરૂં? અથવા હમેશાં સેંકડોવાર પ્રયત્નવડે ધોવાથી શરીર શું પવિત્રપણાને પામે? માટે ત્હારે નખ ઉતારવા, દાંત સાફ કરવા; મુખ સાફ રાખવું અથવા શરીર ધોવું વિગેરે સંસ્કાર કરવા યોગ્ય નથી? તો 'તું શું અકામી નથી? અથવા મંડનપ્રિય છે? એ વચનને તું સાર્થક ન કર.

आयुष्यं तव निद्रयार्द्धमपरं चायुस्त्रिभेदादहो,
बालत्वे जरया कियद्व्यसनतो यातीति देहिन् वृथा ॥
निश्चित्यात्मनि मोहपासमधुना संछिद्य बोधासिना,
मुक्तिश्रीवनितावशीकरणसच्चारित्रमाराधय ॥२४॥

હે દેહિન્ ! ત્હારૂં અર્ધું આયુષ્ય નિદ્રામાં ચાલ્યું જાય છે અને બાકીનુ અર્ધું ત્રણ ભેદથી ચાલ્યું જાય છે તે ત્રણ ભેદમાં કેટલુંક બાલ્યાવસ્થામાં, કેટલુંક વૃદ્ધાવસ્થામાં અને કેટલુંક વિષયાદિવ્યસનમાં ફોગટ જાય છે. આ પ્રમાણે તું આત્માને વિષે નિશ્ચય કરી હમણાં બોધરૂપ ખડ્ગથી મોહ પાસને કાપી નાખી મુક્તિ શ્રી રમણીને વશીકરણ એવા ઉત્તમ ચારિત્રને આરાધ.

वृत्तैर्विंशतिभिश्चतुर्भिरधिकैः सल्लक्षणेनान्वितः,
ग्रंथं सज्जनचित्तवल्लभमिमं श्रीमल्लिषेणोदितम् ॥
श्रुत्वात्मेंद्रियकुंजराम्समटतो रुद्धंतु ते दुर्ज्जयान्,
विद्वांसो विषयाटवीषु सततं संसारविच्छित्तये ॥२५॥

શ્રી મલ્લિષેણ ગુરૂએ ઉત્તમ લક્ષણુવાળા ચોવીશ કાવ્યો-વડે કહેલા આ સજ્જનચિત્તવલ્લભ નામના ગ્રંથને સાભલીને તે પૂર્વે કહેલા સંત પુરુષો સંસારનો છેદ કરવા માટે વિષયરુપ અરણ્યમાં ભટકતા એવા દુર્જય ઇંદ્રિયરૂપ ગજોને વશ કરો.

॥ इति सज्जनचित्तवल्लभ संपूर्ण ॥

# ॥ अथ उपदेशरत्न कोश ॥

उवएसरयणकोसं, नासिअनीसेसलोगदोगच्चं ॥
उवएसरयणमालं, वुच्छं नमिऊण वीरजिणं ॥१॥

શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને હું નાશ કર્યા છે સર્વ લોકના દારિદ્ર એવા અને ઉપદેશરુપ રત્નની માલારૂપ ઉપદેશ રત્નકોશને કહું છું. ॥ ૧ ॥

जीवदयाइं रमिज्जइ, इंदियवग्गो दमिज्जइ सयावि ॥
सच्चं चेव चविज्जइ, धम्मस्स रहस्समिणमेव ॥२॥

જીવ દયામાં રમવું, ઇંદ્રિયોના સમૂહને નિત્ય દમવો અને સત્યજ બોલવું. એજ ધર્મનું રહસ્ય છે. ॥ ૨ ॥

सीलं न हु खंडिज्जइ, न संवसिज्जइ समं कुसीलेहिं ॥
गुरुवयणं न खलिज्जइ, जइनज्जइधम्मपरमच्छो ॥३॥

નિશ્ચે શીલને ન ખંડવું. કુશીલિયાની સાથે ન વસવું, ગુરુનું વચન ન ઓલંઘવું. એજ શ્રી જિનેશ્વરના ધર્મનો ઉત્કૃષ્ટ અર્થ છે. ॥ ૩ ॥

चवलं न चंकमिज्जइ, विरइज्जइ नेव उप्भडो वेसो ॥
वक्क न पलोइज्जइ, रुठावि भणंति किं पिसुणा ॥४॥

ચપલપણાથી (અયતનાથી) ન ચાલવું, ઉદ્ભટ વેષ ન પહેરવો; વાંકી દૃષ્ટિથી ન જેવું કે, જેથી રીસાયેલા એવા પણ ચાડીયા શું બોલે ? ॥ ૪ ॥

निअमिज्जइ नीअजीह, अविआरिअ नेव किज्जए कज्जं ॥
न कुलक्कमोअ लुप्पइ, कुविओ किं कुणइ कलिकालो ॥५॥

પોતાની જીભને વશ કરવી અવિચાર્યું કામ ન કરવું અને પોતાના સારા કુલાચારને ન લોપવો; તો: પછી કોપ પામેલા કલિકાલ પણ શું કરે? અર્થાત્ કાંઈ ન કરે. ॥ ૫ ॥

मम्मं नउ ल्लविज्जइ, कस्सवि आलं न दिज्जइ कया ॥
कोवि न उक्कोसिज्जइ, सज्जणमग्गो इमो दुग्गो ॥६॥

કોઈનું મર્મ વચન ન બોલવું, કોઈને કયારે પણ આલ ન દેવું તેમજ કોઇને તિરસ્કાર પણ ન કરવો. આ પ્રમાણે સજ્જનનો માર્ગ દુર્લભ છે. ॥ ૬ ॥

सव्वस्स उवयरिज्जइ, न पम्हसिज्जइ परस्स उवयारो ॥
विहलं अवलंबिज्जइ, उवएसो एस विउसाणं ॥७॥

સર્વને ઉપકાર કરવો, પારકો ઉપકાર ન વિસારવો, દુ:ખીને આધાર આપવો. એ ડાહ્યા પુરુષોનો ઉપદેશ જાણવો.

कोवि न अब्भच्छिज्जइ, किज्जइ कस्सवि न पत्थणाभंगो ॥
दीणं न य जंपिज्जइ, जीविज्जइ जाव जिअलोए ॥८॥

જ્યાં સુધી જીવલોકમાં જીવિયે ત્યાં સુધી કોઈની પાસે યાચના ન કરવી, તેમજ કોઈની યાચનાનો ભંગ ન કરવો અને દીન વચન ન બોલવું. ૮

अप्पा न पसंसिज्जइ, निंदिज्जइ दुज्जणोवि न कयावि ॥
बहु बहुसो न हसिज्जइ, लब्भइ गुरुअत्तणं तेण ॥९॥

પોતાનાં વખાણ ન કરવાં, દુર્જનને કયારે પણ ન નિંદવો, બહુ બહુ ન હસવું કે, જેથી મ્હોટાઇપણું પામીયે. ૯

रिउणो न वीससिज्जइ, कयावि वंचिजए न वीसच्छो ॥
न कयग्घेहिं हविज्जइ, एसो नायस्स नीसंदो ॥१०॥

શત્રુનો વિશ્વાસ ન કરવો, વિશ્વાસવાલાને ક્યારે પણ ન ઠગવો, કર્યા ગુણના લોપક (કૃતઘ્ન) ન થવું. એ ન્યાયનો રસ્તો જાણવો. ૧૦

रच्चिज्जइ सुगुणेसु, बज्झेइ राउ न नेहबष्भेसु ॥
किज्जइ पत्तपरिक्खा, दक्खाण इमोअ कसवट्टो ॥११॥

સારા ગુણવાલાને વિષે રાચીયે, સાચા સ્નેહ રહિતની સાથે રાગ ન બાંધીએ અને પાત્રની પરીક્ષા કરીયે. ડાહ્યા પુરૂષની એજ કસોટી છે.

नाकज्जमायरिज्जइ, अप्पा पाडिज्जए न वयणिज्जे ॥
न य साहसं चउज्जइ, उप्भिज्जइ तेण जगहच्छो ॥१२॥

અકાર્ય ન આદરવું, પોતે નિંદનીકમાં ન પડવું અને સાહસને ન ત્યજી દેવું કે, તેથી જગતમાં હાથ ઉભો રહે.

वसणेवि न मुप्भिज्जइ, मुच्चइ माणो न नाम मरणेवि ॥
विहवक्खएवि दुज्जइ, वयमसिधारं खु धीराणं ॥१३॥

દુઃખમાં પણ ન મુંઝાવું, મરણ થાય તો પણ માનનું નામ ન મૂકવું, લક્ષ્મીનો નાશ થાય તો પણ દાન આપવું, એ વીરપુરૂષોનું અસિધારા (તરવારની ધાર સરખું) વૃત છે.

अहनेहो न वहिज्जइ, रूसिज्जइ न य पिएवि पयदिहं ॥
बद्धारिज्जइ न कली, जलंजली दिज्जइ दुहाणं ॥१४॥

કોઇની સાથે બહુ સ્નેહ ન કરવો, સ્નેહી ઉપર નિરંતર ન રીસાવું, ક્લેશ ન વધારવો તેમજ દુઃખોને જલાંજલી આપવી. અર્થાત્ દુઃખને ત્યજી દેવું. ૧૪

न कुसंगेण वसिज्जइ, बालस्सवि घिप्पए हिअं वयणं ॥
अनयाओ निवट्टिज्जइ, न होइ वयणिज्जया एवं ॥१५॥

કુસંગીની સાથે ન વસવું, બાળકનું પણ હિત વચન ગ્રહણ કરવું, અન્યાયથી પાછા ફરવું કે, જેથી આપણું કોઇ માઠું ન બોલે. ૧૫

विहवेवि न मच्चिज्जइ, न विसीइज्जइ असंपयाएवि ॥
वट्टिज्जइ समभावे, न होइ रणरणइ संतावो ॥१६॥

ધનવંતપણામાં અભિમાન ન કરવું તેમજ નિર્ધનપણામાં ખેદ ન કરવો, શત્રુ મિત્રને વિષે સમભાવ રાખવો કે, જેથી સારે ખોટે સંતાપ ન હોય. ૧૬

वन्निज्जइ भिच्चगुणो, न परुक्खं न य सुअस्स पच्चक्खं ॥
महिलाउ नो भयाविहु, न नस्सए जेण माहप्पं ॥१७॥

સેવકના ગુણ પાછલ ન વર્ણવવા, તેમજ પુત્રના ગુણ સમક્ષ ન વર્ણવવા, સ્ત્રીના ગુણ પાછલ અને સમક્ષ ન વર્ણવવા કે જેથી આપણી મ્હોટાઈ નાશ ન પામે. ૧૭

जंपिज्जइ पिअवयणं, किज्जइ विणओअ दिज्जए दाणं ॥
परगुणगहणं किज्जइ, अमूलमंतं वसीकरणं ॥१८॥

પ્રીય વચન બોલવું, વિનય કરવો, દાન આપવું અને પારકા ગુણ ગ્રહણ કરવા. એ મૂલ વિનાનો વશીકરણ મંત્ર છે.

पत्थावे जंपिज्जइ, सम्माणिज्जइ खलोवि बहुमज्झे ॥
न ज्जइ सपरविसेसो, सयलच्छा तस्स सिज्झंति ॥१९॥

ઉચિત અવસરે બોલવું. બહુ માણસોની મધ્યે ખલને પણ સન્માન આપવું, સ્વપરનું વિશેષપણું ન ત્યજવું. એ પ્રમાણે ચાલનારાના સર્વે અર્થો સિદ્ધ થાય છે. ॥ ૧૯ ॥

मंतंताण न पासे, गम्मइ नइ परग्गहे अबीएहिं ॥
पडिवन्नं पालिज्जइ, सुकुलीणत्तं हवह एवं ॥२०॥

મંત્ર તંત્રને ન જોવાં, એકલા પારકા ઘરમાં ન જવું અને પોતાનું કહેલું પાળવું. એ પ્રમાણે ચાલવાથી સારું કુલીનપણું હોય છે. ॥ ૨૦ ॥

भुंजइ भुंजाविज्जइ, पुच्छिज्ज मणोगयं कहिज्ज सयं ॥
दिज्जइ लिज्जइ उचिअं, इच्छिज्जइ जइ थिरं पिम्मं ॥२१॥

જો મિત્રની સાથે સ્થિર પ્રેમ ઈચ્છિએ તો તેને ઘેર જમીયે અને તેને જમાડીયે, આપણા મનનો વિચાર તેને પૂછીએ અને તે પૂછે તેનો ઉત્તર આપીએ, વલી યોગ્ય વસ્તુ આપીએ અને લઇએ.

कोवि न अवमन्निज्जइ, न य गव्विज्जइ गुणेहिं निअएहि ॥
न य विम्हओ वहिज्जइ, बहुरयणा जेणिमा पुहवी ॥२२॥

કોઇને પણ અપમાન ન આપવું, તેમ પોતાના ગુણથી ગર્વ પણ ન કરવો. વલી મનમાં આશ્ચર્ય પણ ન પામવું. કારણ કે, આ પૃથ્વી બહુ રત્નવાલી છે. ॥ ૨૨ ॥

आरंभिज्जइ लहुअं, किज्जइ कज्ज महंत मविपच्छा ॥
न य उक्करिसो किज्जइ, लब्भइ गुरुअत्तणं जेण ॥२३॥

પ્રથમ આરંભ થોડો કરવો અને પાછલથી મ્હોટું કાર્ય પણ કરવું. વલી પોતાનું ઉત્કૃષ્ટપણું ન કરવું કે, જેથી મ્હોટાઈપણું પામીયે. ॥ ૨૩ ॥

झाइज्जइ परमप्पा, अप्पसमाणो गणिज्जइ परो ॥
किज्जइ न रागदोसो, छिन्निज्जइ तेण संसारो ॥२४॥

પરમાત્માનું ધ્યાન કરવું, બીજાને પોતાનાં સમાન ગણવા, રાગ દ્વેષ પણ ન કરવો, તેથી સંસાર છેદાઈ જાય છે. ૨૪

उवएसरयणमालं, जो एवं ठवइ सुद्द निअकंठे ॥
सो नर सिवसुहलच्छी, वच्छयले रमइ सच्छाइं ॥२५॥

જે પુરુષ આ પ્રમાણે ઉપદેશરત્નમાલાને પોતાના કંઠને વિષે સ્થાપન કરે છે; તેનાં વક્ષસ્થલમાં મોક્ષ સુખની લક્ષ્મી પોતાની ઇચ્છા પ્રમાણે ક્રીડા કરે છે. ॥ ૨૫ ॥

॥ इति उपदेश रत्न कोश ॥

# આત્મોપદેશની સઝાય.

અરણીક મુનીવર ચાલ્યાં ગૌચરીએ—દેશી.

---

આતમનંદીરે અનુભવ સાંભલો, ચેતન તારૂં નહિ કાંઇજી, અસંખ્ય પરદેશીરે આતમ એકલો, જડપુદ્ગલથીરે ભીન્નજી આતમ ૧–સિદ્ધસ્વરૂપેરે સંગ્રહ નયગ્રહે, અરૂપી આતમરામજી, વિભાવ દશામારે આતમ મુકીઓ, ભમ્યો ચઊગતી અપારજી આતમ ૨–પરપરીણતીરે સવીદુરે કરી, પરમાતમ શું એક તાનજી, મૈત્રી પ્રમોદને કારૂણ્યભાવના, માધ્યસ્થ સુચીઊદારોજી આતમ ૩–ઘાતી કર્મરે ચારે ખપાવીઆ, પ્રગટ્યો અવીચલ ભાણુજી, બાર ગુણે કરી અરીહંત પરગડો, અક્ષય સિદ્ધગુણ આઠજી આતમ ૪–ગુરૂ અઠયાશીરે ગુણ ગ્રહણ કરી, શાંત મુદ્રાએ એક ચીત્તજી, ભાવ વિચારીરે આતમ કારણે, લક્ષણ રોમ ઊલ્લાશજી આતમ ૫–આશ્રવ મુકયોરે સંવર ઊપન્યો સુભ પરિણામ તેવારજી, દ્રષ્ટી રાખોરે સુદ્ધાતમ ભણી જેમ પામો ભવપારોજી આતમ ૬–જે જે અંશેરે નિરૂપાધીકપણું, તે તે અંશેરે સિદ્ધજી, સર્વ ઊપાધીરે મુક્ત એ આતમા, વીલશે નીજ ગુણ રીદ્ધજી આતમ ૭–નીમીત્તા લંબન સુદ્ધ ગ્રહણ કરો, પ્રગટ કરો આતમરામજી મુક્તિ કમલરે સુખ અનુભવ કરે કેસર સાદિ અનંતજી આતમનંદીરે અનુભવ સાંભલો ૮–સમાપ્ત.

## અમારે ત્યાંથી મળતાં પુસ્તકોની થોડીક યાદી

| | |
|---|---|
| વિવિધપૂજાસંગ્રહ ભાગ ૧ થી ૮ | કીંમત |
| રાગરાગણીઓથી ભરપુર | રૂ. ૧–૪–૦ |
| દેવવંદન માળા વીધી સહિત શાસ્ત્રી | ૧–૪–૦ |
| ,, ગુજરાતી | ૧–૦–૦ |
| સજ્ઝાયમાળા | ૦–૮–૦ |
| પંચ પ્રતિક્રમણ વીધીયુક્ત શાસ્ત્રી | ૧–૮–૦ |
| ,, ગુજરાતી | ૦-૧૨-૦ |
| પંચ પ્રતિક્રમણ ગુજરાતી મૂળપાઠ પોકેટ સાઈજ | ૦–૮–૦ |
| પંચ પ્રતિક્રમણ અર્થસહ શાસ્ત્રી | ૨–૦–૦ |
| ,, ગુજરાતી | ૧–૪–૦ |
| પંચ પ્રતિક્રમણ શાસ્ત્રી મૂળપાઠ | ૦–૯–૦ |
| દેવશીરાઈ ગુજરાતી મૂળપાઠ | ૦–૨–૦ |
| ,, શાસ્ત્રીમૂળપાઠ | ૦–૪–૦ |
| ,, વિધી સહિત | ૦–૪–૦ |
| નવસ્મરણ સ્તોત્ર સંગ્રહ સહિત | ૦–૬–૦ |
| પર્યુષણ પર્વ મહાત્મ્ય | ૦–૪–૦ |
| સામાયિક સુત્ર મૂળપાઠ | ૦–૧–૦ |
| ,, વિધી સહિત | ૦–૧–૦ |
| સુધારસ સ્તવન સંગ્રહ | ૦–૨–૦ |
| સ્થાપનાજી | ૦–૧–૦ |
| પાર્શ્વનાથ ચરિત્ર ગદ્યબદ્ધ | ૩–૦–૦ |

લખોઃ–મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ.
ઠે. દોશીવાડાની પોળ, અમદાવાદ.
સંઘવી મુલજીભાઇ ઝવેરચંદ–પાલીતાણા.

# શ્રી સ્મરણાદિ સંગ્રહ


પ્રકાશક

**મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ**

દોશીવાડાની પોળ–અમદાવાદ

વીર સંવત્ ૨૪૬૪    સને ૧૯૩૮    વિક્રમ સંવત્ ૧૯૯૪

પ્રત ૧૦૦૦

# અનુક્રમણિકા.


| નંબર | નામ | પાનું |
|---|---|---|
| ૧ | આત્મરક્ષા નવકાર મંત્ર. | ૧ |
| ૨ | નવકાર .... .... | ૨ |
| ૩ | ઉવસગ્ગહરં .... | ૨ |
| ૪ | સંતિકર .... .... | ૩ |
| ૫ | તિજયપહુત્ત .... | ૪ |
| ૬ | તિજયપહુત્ત યંત્ર. | ૬ |
| ૭ | નમિઉણ .... .... | ૭ |
| ૮ | અજીતશાંતિ .... | ૯ |
| ૯ | ભક્તામર .... — | ૧૫ |
| ૧૦ | કલ્યાણમંદિર .... | ૨૧ |
| ૧૧ | બૃહચ્છાંતિ. .... | ૨૭ |
| ૧૨ | ગ્રહશાન્તિ.... ... | ૩૧ |
| ૧૩ | નવગ્રહપૂજા .... | ૩૧ |
( કુમતિએ છીંડી કીહાં રાખી–એ દેશી. )

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વિરજ, એ પાંચે આચાર; એહતણા ઈહિ ભવ પરભવના, આલોઇએ અતિચાર રે પ્રાણી, જ્ઞાન ભણો ગુણખાણી; વીર વદે એમ વાણીરે પ્રા૦ ૧ એ આંકણી ॥ ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનય, કાળે ધરી બહુ માન; સૂત્ર અરથ તદુભય કરી સુધાં; ભણીએ વહી ઉપધાનરે. પ્રા૦ જ્ઞા૦ ૨ જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી; તેહ તણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાલી રે. પ્રા૦ જ્ઞા૦ ૩ ઇત્યાદિક વિપરિતપણાથી જ્ઞાન વિરાધ્યું જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે, પ્રા૦ જ્ઞા૦ ૪ પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી વીર વદે એમ વાણીરે, પ્રા૦ સ૦ જિનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાખ; સાધુતણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખરે. પ્રા૦ સ૦ ૫ મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ; સામીને ધરમે કરી થિરતા, ભક્તિ પરભાવના કરીએરે, પ્રા૦ સ૦ ૬ સંઘ ચૈત્યપ્રાસાદતણો જે, અવર્ણવાદ મન લેખો; દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતો ઉવેખ્યો રે. પ્રા૦ સ૦ ૭ ઇત્યાદિક વિપરીતપણાથી, સમક્તિ ખંડ્યું જેહ, આ ભવ પરભવ વળી રે ભવોભવ; મિચ્છામિદુક્કડં તેહરે પ્રા૦ સ૦ ૮ પ્રાણી ચારિત્ર લ્યો ચિત્ત આણી. વીર૦ પંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચનમાય; સાધુ તણે ધરમે પરમાદે, અશુદ્ધ વચન મન કાયરે. પ્રા૦ ચા૦ ૯ શ્રાવકને ધર્મે સામાયક, પોસહમાં મન

વાળી; જે જયણાપૂર્વક એ આઠે, પ્રવચનમાય ન પાળીરે પ્રા૦ ચા૦ ૧૦ ઇત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોહોળ્યું જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે પ્રા૦ ચા૦ ૧૧ બારે ભેદે તપ નવિ કીધો, છતે જોગે નિજ શકતે; ધર્મે મન વચ કાયા વિરજ નવિ ફોરવીઉં ભગતેરે પ્રા૦ ચા૦ ૧૨ તપ વિરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ; આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિદુક્કડં તેહરે; પ્રા૦ ચા૦ ૧૩ વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઇએ; વીર જિણેસર વયણ સુણીને, પાપ મેલ સવી ધોઇએરે પ્રા૦ ચા૦ ૧૪

## ઢાળ ૨ જી.

( પામી સુગુરૂ પસાય—એ દેશી )

પૃથ્વી પાણી તેઉ, વાયુ વનસ્પતી; એ પાંચે થાવર કહ્યાએ ૧ કરી કરસણ આરંભ ખેત્ર જે ખેડીયાં; કુવા તળાવ ખણાવીયાએ ૨ ઘર આરંભ અનેક ટાંકા ભોંયરાં; મેડી માળ ચણાવીઆએ ૩ લીંપણ ગુંપણ કાજ, એણીરે પરપરે; પૃથ્વીકાય વિરાધીયારે. ૪ ધોયણ નાહણ પાણી, ઝીલણ અપકાય, છોતિ ધોતિ કરી દુહવ્યાએ. ૫ ભાઠીગર કુંભાર, લોહ સુવનગરા; ભાડભુંજા લિહાલાગરાએ. ૬ તાપણ શેકણ કાજ; વસ્ત્રનિખારણ, રંગણ રાંધન રસવતીએ.૭ એણી પરે કર્માદાન, પરે પરે કેલવી; તેઉ વાયુ વિરાધીયાએ. ૮ વાડી વન આરામ, વાવી વનસ્પતિ; પાન ફુલ ફળ ચુંટીયાએ. ૯ પહોંક પાપડી શાક; શેકયાં [illegible]ચાં; છેદ્યાં છુંદ્યાં આથીયાંએ. ૧૦ અળશી ને

એરંડ, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલીયાએ. ૧૧ ઘાલી કોલુ માંહે, પીલી શેલડી; કંદમૂળ ફળ વેચીયાંએ. ૧૨ એમ એકેંદ્રિય જીવ, હણ્યા હણાવીયા; હણતાં જે અનુમોદિયા એ. ૧૩ આ ભવ પરભવ જેહ, વળીય ભવોભવે; તે મુજ મિચ્છામિદુક્કડં એ ૧૪ ક્રમી સરમીયા કીડા, ગાડર ગંડોલા; ઇઅળ પુરા ને અલસીયાંએ. ૧૫ વાળા જળો ચુડેલ, વિચળીત રસતણા; વળી અથાણા પ્રમુખનાંએ. ૧૬ એમ બેઈંદ્રિ જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિદુક્કડં એ. ૧૭ ઉધેહી, જુ લીખ, માંકડ મંકોડા; ચાંચડ કીડી કુંથુઆએ. ૧૮ ગદ્દહીયાં ઘીમેલ, કાનખજુરીઆ; ગીંગોડા ધનેરીયાંએ. ૧૯ એમ તેઈંદ્રિય જીવ, જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિદુક્કડં એ. માંખી મચ્છર ડાંસ, મસા પતંગીયા; કંસારી કોલિયાવડાએ. ૨૧ ઢીંકણ વિંછુ તીડ, ભમરા ભમરીયો; કોતાં બગ ખડમાંકડીએ. ૨૨ એમ ચૌરંદ્રિય જીવ, જેહ મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિદુક્કડંએ. ૨૩ જળમાં નાંખી જાળ, જળચર દુહવ્યા; વનમાં મૃગ સંતાપીઆએ. ૨૪ પીડ્યા પંખી જીવ, પાડી પાસમાં, પોપટ ઘાલ્યા પાંજરેએ. ૨૫ એમ પંચેદ્રિય જીવ જેહ મેં દુહવ્યા; તે મુજ મિચ્છામિદુક્કડં એ. ૨૬.

## ઢાળ ૩ જી.

( વાણી વાણી હિતકારીજી—એ દેશી )

ક્રોધ લોભ ભય હાસથીજી, બોલ્યાં વચન અસત્ય; કૂડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્તરે, જિનજી મિચ્છામિદુક્કડં આજ. તુમ સાખે મહારાજરે જિનજી, દેઇ સારૂ કાજરે;

જિનજી મિચ્છામિદુક્કડં આજ. ॥ એ આંકણી ॥ દેવ મનુષ્ય તિર્યંચનાંજી, મૈથુન સેવ્યાં જેહ; વિષયારસ લંપટપણેજી, ઘણું વિડંબ્યો દેહરે–જિનજી. ૨ પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ; જે જિહાં તે તિહાં રહીજી, કોઇ ન આવે સાથરે–જિનજી. ૩ રયણી ભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ્ય અભક્ષ્ય; રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષરે–જિનજી. ૪. વ્રત લેઇ વિસારીયાંજી, વળી ભાગ્યાં પચ્ચકખાણ; કપટહેતુ કિરિયા કરીજી, કીધાં આપ વખાણ રે–જિનજી. ૫ ત્રણ ઢાળે આઠે દુહેજી, આલોયા અતિચાર; શિવગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકારરે જિનજી; મિચ્છામિદુક્કડં આજ. ૬

## ઢાળ ૪ થી.

( સાહેલડીજી–એ દેશી )

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે, અથવા લ્યો વ્રત બાર તો; યથાશક્તિ વ્રત આદરી સાહેલડીરે, પાળો નિરતિચાર તો. ૧ વ્રત લીધાં સંભારીએ સા૦ હૈડે ધરીય વિચાર તો; શિવગતિ આરાધનતણો સા૦ એ બીજો અધિકાર તો. ૨ જીવ સર્વે ખમાવીએ સા૦ યોનિ ચોરાશી લાખ તો; મન શુદ્ધે કરી ખામણાં સા૦ કોઇશું રોષ ન રાખતો. ૩ સર્વ મિત્ર કરી ચિંતવો કોઇ ન જાણો શત્રુ તો; રાગ દ્વેષ એમ પરિહરો સા૦ કીજે જન્મ પવિત્ર તો. ૪ સાહમ્મિ સંઘ ખમાવીએ સા૦ જે ઉપની અપ્રીતિ તો; સજ્જન કુટુંબ કરી ખામણાં સા૦ એ જિનશાસન રીતિ તો; ૫ ખમીએ ને ખમાવીએ સા૦ એહ જ ધર્મનું સાર તો; શિવગતિ આરાધન

તણો સા૦ એ ત્રીજો અધિકાર તો. ૬ મૃષાવાદ હિંસા ચોરી સા૦ ધનમુર્ચ્છા મૈથુન તો; ક્રોધ માન માયા તૃષ્ણા સા૦ પ્રેમ દ્વેષ પૈશૂન્ય તો. ૭ નિંદા કલહ ન કીજીએ સા૦ કુડો ન દીજે આળ તો; રતિ અરતિ મિથ્યા તજો સા૦ માયા-મોસ જંજાળ તો. ૮ ત્રિવિધત્રિવિધ વોસરાવિએ સા૦ પાપ-સ્થાન અઢાર તો; શિવગતિ આરાધનતણો સા૦ એ ચોથો૦ અધિકાર તો. ૯.

## ઢાળ ૫ મી.

( હવે નિસુણો ઇહાં આવીયા એ–એ દેશી )

જનમ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો, કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઇ ન રાખણહાર તો. ૧ શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો; શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો, ૨ અવર મોહ સવિ પરિહરી એ, ચાર શરણ ચિત્ત ધાર તો; શિવગતિ આરાધનતણો એ, એ પાંચમો અધિકાર તો. ૩ આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કઈ લાખ તો; આત્મ સાખે તે નિંદીએ એ, પડિક્કમિએ ગુરૂ સાખ તો. ૪ મિથ્યામતિ વર્તાવિયાએ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો; કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તો. ૫ ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘરંટી હળ હથિઆર તો; ભવ ભવ મેલી મુકીયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬ પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો; જનમાંતર પોહોત્યા પછી એ, કોઇએ ન કીધી સાર તો. ૭ આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો; ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ, આણી હ્રદય વિવેક

તો. ૮ દુષ્કૃત નિંદા એમ કરીએ, પાપ કરો પરિહાર તો, શિવગતિ આરાધનતણો એ, એ છઠ્ઠો અધિકાર તો. ૩.

## ઢાળ ૬ ઠી.

( આદિ તું જોઈને આપણી—એ દેશી. )

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ; દાન શિયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધ૦ ૧ શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર; જુગતે જિનવર પૂજીયા, વળી પોખ્યાં પાત્ર. ધન૦ ૨ પુસ્તક જ્ઞાન લખાવીયાં, જીણુહર જિનચૈત્ય; સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ખેત્ર. ધન૦ ૩ પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન; સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુ માન. ધન૦ ૪ ધર્મ કાજ અનુમોદિએ, એમ વારોવાર; શિવગતિ આરાધનતણો, એ સાતમો અધિકાર. ધન૦ ૫ ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ; સમતા ભાવે ભાવિએ, એ આતમરામ. ધન૦ ૬ સુખ દુઃખ કારણ જીવને, કોઇ અવર ન હોય; કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ તે સોય. ધન૦ ૭ સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યકામ; છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮ ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર; શિવગતિ આરાધનતણો, એ આઠમો અધિકાર. ધન૦ ૯.

## ઢાળ ૭ મી.

( રૈવતગિરિ હુઆ, પ્રભુના ત્રણ કલ્યાણ—એ દેશી. )

હવે અવસર જાણી, કરી સંલેખણ સાર; અણસણ આદરિયે, પચ્ચક્ખી ચારે આહાર; લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ; એ આતમ ખેલે, સમતા જ્ઞાનતરંગ. ૧ ગતિ

ચારે કીધાં, આહાર અનંત નિશંક; પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીઓ રંક; દુલહો એ વળી વળી, અણુસણનો પરિણામ; એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨ ધન ધનાશાલિભદ્ર, ખંધો મેઘકુમાર; અણુસણ આરાધી પામ્યા ભવનો પાર; શિવ મંદિર જાશે, કરી એક અવતાર, આરાધનકેરો, એ નવમો અધિકાર. ૩ દશમે અધિકારે, મહા-મંત્ર નવકાર; મનથી નવી મૂકો, શિવસુખ ફલ સહકાર; એહ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર; સુપરે એ સમરો, ચૌદ પુરવનું સાર. ૪ જનમાંતર જાતાં, જો પામે નવકાર; તો પાતિક ગાળી, પામે સુર અવતાર; એ નવપદ સરિખો, મંત્ર ન કોઇ સાર; ઇહિ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫ જ્યું ભીલ ભીલડી, રાજા રાણી થાય; નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય; રાણી રતનવતી બેહુ, પામ્યાં છે સુરભોગ; એક ભવ પછી લેશે, શિવ વધુ સંજોગ. ૬ શ્રીમતીને એ વલી; મંત્ર ફળ્યો તત્કાળ; ફણીધર ફીટીને, પ્રગટ થઈ કુલ-માળ, શિવકુમરે જોગી, સોવન પુરિસો કીધ, એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ. ૭ એ દશ અધિકારે, વીર જિણે-સર ભાખ્યો; આરાધન કેરો, વિધિ જેણે ચિત્તમાંહી રાખ્યો; તેણે પાપ પખાળી, ભવ ભય દૂરે નાંખ્યો, જિનવિનય કરંતા, સુમતિ અમૃતરસ ચાખ્યો. ૮.

## ઢાળ ૮ મી.

( નમો ભાવિ ભાવશું એ–એ દેશી )

સિદ્ધારથ રાય કુળતિલોએ, ત્રિશલા માતમલ્હાર તો; અવનીતલે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર તો. જયો

જિનવીરજીએ, ૧. મે. અપરાધ કર્યા ઘણા એ, કહેતા ન લહુ પાર તો; તુમ ચરણે આવ્યા ભણી એ, જો તારે તો તાર તો. જયો. ૨. આશા કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો; આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ તો. જયો. ૩. કરમ અલુજણ આકરાંએ, જન્મ મરણ જંજાલ તો; હું છું એહથી ઉભગોએ, છોડવ દેવદયાળ તો. જયો૦ ૪. આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો; તુઠયો જિન ચોવીશમો એ, પ્રગટયા પુણ્યકલ્લોલ તો. જયો૦ ૫. ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો, દેવ દયા કરી દીજીએ એ, બોધિબીજ સુપસાય તો. જયો૦ ૬.

## કળશ.

ઇહ તરણતારણ સુગતિકારણ, દુઃખનિવારણ જગ જયો; શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો. ૧. શ્રી વિજયદેવ સૂરીંદ પટધર, તીરથ જંગમ એણી જગે; તપગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ, સૂરિ તેજે ઝગમગે. ૨. શ્રી હિરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરૂ સમો; તસ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જિન ચોવીશમો. ૩. સયસતર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસ એ; વિજય-દશમી વિજયકારણ, કીયો ગુણ અભ્યાસ એ. ૪. નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલવિલાસ એ; નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુણ્યપ્રકાશ એ. ૫.

---

# ચાર શરણાં.

૧

મુજને ચાર શરણાં હોજો, અરિહંત સિદ્ધ સાધુજી; કેવલીધર્મ પ્રકાશિયો, રત્ન ત્રણ અમૂલખ લાધોજી. મુ૦ ૧ ચઉગતિતણાં દુઃખ છેદવા, સમર્થ શરણાં એહોજી; પૂર્વે મુનિવર જે હુઆ; તેણે કીધાં શરણાં તેહોજી. મુ૦ ૨ સંસારમાંહી જીવને, સમરથ શરણાં ચારોજી; ગણી **સમયસુંદર** એમ કહે, કલ્યાણ મંગળકારોજી. મુ. ૩

૨

લાખ ચોરાસી જીવ ખમાવીએ; મન ધરી પરમ વિવેકજી; મિચ્છામિ દુક્કડં દીજીએ, જિનવચને લહિએ ટેકજી. લા૦ ૧ સાત લાખ ભૂ દગ તેઉ વાઉના; દશ ચૌદે વનના ભેદોજી; ખટ વિગલ સુર તિરિ નારકી, ચઉ ચઉ ચઉદે નરના ભેદો જી. લા૦ ૨ જીવાજોની એ જાણીને, સઊ સઊ મિત્ર સંભાવોજી; ગણી સમયસુંદર એમ કહે, પામીએ પુણ્ય પ્રભાવોજી. લા૦ ૩

૩

પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત-સિદ્ધની સાખેજી. આલોવ્યાં પાપ છુટીએ, ભગવંત એણી પેરે ભાખેજી. પા૦ ૧ આશ્રવ કષાય દોય બંધના, વળી કલહ અભ્યાખ્યાનજી; રતિ અરતિ પૈશુન નિંદના, માયામોસ મિથ્યાતજી. પા૦ ૨ મન વચન કાયાએ જે કર્યાં, મિચ્છામિ દુક્કડં તે હોજી; ગણી સમયસુંદર એમ કહે, જૈન ધર્મનો મર્મ એ હોજી. પા૦ ૩

૪

ધન ધન તે દિન મુજ કદિ હોસ્યે, હું પામીશ સંજમ સુધોજી; પૂર્વઋષિપંથે ચાલશું, ગુરૂ વચને પ્રતિબુધોજી. ધન૦ ૧ અંત પંત ભિક્ષા ગોચરી, રણવણે કાઉસ્સગ્ગ કરશુંજી; સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગે સુધો ધરશુંજી. ધન૦ ૨ સંસારના સંકટ થકી, હું છુટીશ અવતારોજી; ધન ધન સમયસુંદર તે ઘડી, તો હું પામીશ ભવનો પારોજી. ધન૦ ૩

---

# પદ્માવતી આરાધના.

હવે રાણી પદ્માવતી ॥ જીવરાશી ખમાવે ॥ જાણપણું જગતે ભલું ॥ ઇણ વેળા આવે ॥ ૧ ॥ તે મુજ મિચ્છામિ દુક્કડં ॥ અરિહંતની શાખ ॥ જે મેં જીવ વિરાધીયા ॥ ચઉરાશી લાખ ॥ તે મુજ. ॥ ૨ ॥ સાત લાખ પૃથ્વી તણા ॥ સાતે અપ્કાય ॥ સાત લાખ તેઉકાયના ॥ સાતે વળી વાય ॥ તે૦ ॥ ૩ ॥ દશ પ્રત્યેક વનસ્પતિ ॥ ચઉદહ સાધારણ ॥ બી ત્રિ ચઉરિંદ્રિ જીવના ॥ બે બે લાખ વિચાર ॥ તે૦ ॥ ॥ ૪ ॥ દેવતા તિર્યંચ નારકી ॥ ચાર ચાર પ્રકાશી ॥ ચઉદહ લાખ મનુષ્યના ॥ એ લાખ ચોરાશી ॥ તે૦ ॥ ૫ ॥ ઇણ ભવ પરભવે સેવીયા ॥ જે પાપ અઢાર ॥ ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં ॥ દુર્ગતિના દાતાર ॥ તે૦ ॥ ૬ ॥ હિંસા કીધી જીવની ॥ બોલ્યા મૃષાવાદ ॥ દોષ અદત્તાદાનના ॥ મૈથુન ઉન્માદ ॥ તે૦ ॥ ૭ ॥ પરિગ્રહ મેલ્યો કારમો ॥ કીધો ક્રોધ વિશેષ ॥ માન માયા લોભ મેં કીયાં ॥ વળી

રાગ ને દ્વેષ ॥ તે૦ ॥ ૮ ॥ કલહ કરી જીવ દુહવ્યા ॥ કીધાં કુડાં કલંક ॥ નિંદા કીધી પારકી ॥ રતિ અરતિ નિઃ-શંક ॥ તે૦ ॥ ૯ ॥ ચાડી કીધી ચોતરે ॥ કીધો થાપણ-મોસો ॥ કુગુરૂ કુદેવ કુધર્મનો ॥ ભલો આણ્યો ભરોસો ॥ તે૦ ॥ ૧૦ ॥ ખાટકીને ભવે મેં કીયા ॥ જીવ નાનાવિધ ઘાત ॥ ચીડીમાર ભવે ચરકલાં ॥ માર્યાં દિનરાત ॥ તે૦ ॥ ॥ ૧૧ ॥ કાજી મુલ્લાંને ભવે ॥ પઢી મંત્ર કઠોર ॥ જીવ અનેક જબ્બે કીયા ॥ કીધાં પાપ અઘોર ॥ તે૦ ॥ ૧૨ ॥ માછીને ભવે માછલાં ॥ ઝાલ્યાં જળવાસ ॥ ધીવર ભીલ કોળી ભવે ॥ મૃગ પાડયા પાસ ॥ તે૦ ॥ ૧૩ ॥ કોટવાળને ભવે મેં કીયા ॥ આકરા કર દંડ ॥ બંદીવાન મરાવીઆ ॥ કોરડા છડી રંડ ॥ તે૦ ॥ ૧૪ ॥ પરમાધામીને ભવે ॥ કીધાં નારકી દુઃખ ॥ છેદન ભેદન વેદના ॥ તાડન અતિ તિખ્ખ ॥ તે૦ ॥ ૧૫ ॥ કુંભારને ભવે મેં કીયા ॥ નીભાહ પચાવ્યા ॥ તેલી ભવે તીલ પીલીયા ॥ પાપે પિંડ ભરાવ્યાં ॥ તે૦ ॥ ૧૬ ॥ હાલી ભવે હળ ખેડીયાં ॥ ફાડયાં પૃથ્વીનાં પેટ ॥ સુડ નિદાન ઘણા કીધાં ॥ દીધાં બળદ ચપેટ ॥ તે૦ ॥ ૧૭ ॥ માળીને ભવે રોપીયાં ॥ નાનાવિધ વૃક્ષ ॥ મૂળ પત્ર ફલ ફુલનાં ॥ લાગ્યાં પાપ તે લક્ષ ॥ તે૦ ॥ ૧૮ ॥ અધોવાઇઆને ભવે ॥ ભર્યા અધિક ભાર ॥ પોઠી પુંઠે કીડા પડયા ॥ દયા નાણી લગાર ॥ તે૦ ॥ ૧૯ ॥ છીપાને ભવે છેતર્યા ॥ કીધા રંગણ પાસ ॥ અગ્નિ આરંભ કીધા ઘણા ॥ ધાતુર્વાદ અભ્યાસ ॥ તે૦ ॥ ૨૦ ॥ શુરપણે રણ ઝુંઝતાં ॥ માર્યાં માણસ વૃંદ ॥ મદિરા માંસ માખણ ભખ્યાં ॥ ખાધાં

મૂળ ને કંદ ॥ તે૦ ॥ ૨૧ ॥ ખાણ ખણાવી ધાતુની ॥ પાણી ઉલેચ્યાં ॥ આરંભ કીધા અતિ ઘણાં ॥ પોતે પાપજ સંચ્યાં ॥ તે૦ ॥ ૨૨ ॥ કર્મ અંગાર કીયા વળી ॥ ઘરમેં દવ દીધા ॥ સમ ખાધા વીતરાગના ॥ કુડા કોસજ કીધા ॥ તે૦ ॥ ૨૩ ॥ બીલ્લી ભવે ઉંદર લીયા ॥ ગીરોલી હત્યારી ॥ મૂઢ ગમાર તણે ભવે ॥ મેં જુ લીખ મારી ॥ તે૦ ॥ ૨૪ ॥ ભાડભુંજા તણે ભવે ॥ એકેંદ્રિય જીવ ॥ જવારી ચણા ગહું શેકીયા ॥ પાડંતા રીવ ॥ તે૦ ॥ ૨૫ ॥ ખાંડણ પીસણ ગારના ॥ આરંભ અનેક ॥ રાંધણ ઈંધણ અગ્નિનાં ॥ કીધાં પાપ ઉદ્દેક ॥ તે૦ ॥ ૨૬ ॥ વિકથા ચાર કીધી વળી ॥ સેવ્યા પાંચ પ્રમાદ ॥ ઇષ્ટ વિયોગ પાડયા કીયા ॥ રૂદન વિષવાદ ॥ તે૦ ॥ ૨૭ ॥ સાધુ અને શ્રાવક તણા ॥ વૃત લહીને ભાંગ્યાં ॥ મૂળ અને ઉત્તર તણાં ॥ મુજ દુષણ લાગ્યાં ॥ તે૦ ॥ ૨૮ ॥ સાપ વીંછી સિંહ ચીવરા ॥ શકરા ને સમળી ॥ હિંસક જીવ તણે ભવે ॥ હિંસા કીધી સબળી ॥ તે૦ ॥ ॥ ૨૯ ॥ સુવાવડી દુષણ ઘણાં ॥ વળી ગર્ભ ગળાવ્યા ॥ જીવાણી ઘોળ્યાં ઘણાં ॥ શીલ વ્રત ભંજાવ્યાં ॥ તે૦ ॥૩૦॥ ભવ અનંત ભમતાં થકાં ॥ કીધા દેહ સંબંધ ॥ ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં ॥ તીણશું પ્રતિબંધ ॥ તે૦ ॥ ૩૧ ॥ ભવ અનંત ભમતાં થકાં ॥ કીધાં પરિગ્રહ સંબંધ ॥ ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં ॥ તીણશું પ્રતિબંધ ॥ તે૦ ॥ ૩૨ ॥ ભવ અનંત ભમતાં થકાં ॥ કીધાં કુટુંબ સંબંધ ॥ ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં ॥ તીણશું પ્રતિબંધ ॥ તે૦ ॥ ૩૩ ॥ ઇણી પરે ઇહિ ભવ પરભવે ॥ કીધાં પાપ અખત્ર ॥ ત્રિવિધ

ત્રિવિધ કરી વોસિરૂં ॥ કરૂં જન્મ પવિત્ર ॥ તે૦ ॥ ૩૪ ॥ એણી વિધે એ આરાધના ॥ ભવિ કરશે જેહ ॥ સમયસુંદર કહે પાપથી ॥ વળી છુટશે તેહ ॥ તે૦ ॥ ૩૫ ॥ રાગ વેરાડી જે સુણે ॥ એહ ત્રીજી ઢાલ ॥ સમયસુંદર કહે પાપથી ॥ છુટે તત્કાળ ॥ તે૦ ॥ ૩૬ ॥

# અથ ચાર ગતિ જીવનાં ખામણાં

**ધન્નો હં જેણ મએ, અણોરપારંમિ ભવસમુદ્દંમિ ।**
**પત્તો જિણિંદધમ્મો. અચિંતચિંતામણિકપ્પો ॥૧॥**

હું ધન્ય છું કેમકે અપાર ભવસમુદ્રમાં ભટકતા મન ચિંતામણી સમાન જિનેંદ્ર ધર્મની પ્રાપ્તિ થઇ. ૧

**જો કોઈ વિ મએ જીવો, ચઉગઈ ભવચક્કમજ્ઝયારંમિ ।**
**દુહવિઓ મોહેણં, તમહં તિવિહેણ ખામેમિ ॥૨॥**

નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ,–ચાર ગતિમાં ભવ (જન્મ–મરણ) રૂપ ચક્ર મધ્યમાં ભટકતાં મેં મોહના વશથી જે કોઈ જીવને દુઃખ દીધું હોય તેને હું મન–વચન–કાયાયે કરી ખમાવું છું. ૨

**નરએસુય ઉવવન્નો, સત્તસુ પુઢવીસુ નારગો હોઉં ।**
**જો કોવિ તત્થ જીવો. દુહવિઓ તંપિ ખામેમિ ॥૩॥**

સાતે નારકીની પૃથ્વીમાં નારકીપણે ઉત્પન્ન થઇને મેં

નારકીના ભવમાં કોઈ પણ નારકી જીવને દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું ૩

**ઘોલણચુન્નણમાઇ, પરૂપ્પરં જં કયાઈ દુકખાઈ ।**
**કમ્મવસેણં ચ મએ, તંપિય તિવિહેણ ખઃમેમિ ॥૪॥**

વળી નારકીના ભવમાં મેં કર્મના વશથી નારકીના જીવોને પરસ્પર મસળવું, ચુરવું, ફેંકવું, મારવું આદિથી દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું. ૫

**નિદ્દયપરમાહમ્મિયરૂવેણં જં કયાઈ દુકખાઈ ।**
**જીવેણ જણિયાઈ, મૂઢેણં તંપિ ખામેમિ ॥ ૫ ॥**

નિર્દય પરમાધામીના રૂપને ધારણ કરનારા ( પરમાધામીના ભવમાં ) મૂઢ અજ્ઞ મારા જીવે નારકીના જીવોને દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું. ૫

**હા હા તઇયા મૂઢો, નયાણિમો જં પરસ્સ દુકખાઈ ।**
**કરવત્તવચ્છેયણ, ભેયણાહિં કેલિએ જણિયાઈ ॥ ૬ ॥**

હા ! હા !! પરમાધામીના ભવમાં મૂઢ મારે જીવે ક્રીડા-નિમિત્તે કરવત, તરવાર, ભાલાદિથી છેદન, ભેદન, તાડન, મારણ, યંત્રપીલન, વૈતરણીતારણ, કુંભીપાચન રૂપ ઘણાં દુઃખ નારકી જીવોને દીધાં તે દુઃખોને હું જાણતો નથી. ૬

**જં કિંપિ મએ તઇયા, કલંકલિભાવમુવગએણ કયં ।**
**દુકખં નેરઇયાણં, તં પિય તિવિહેણ ખામેમિ ॥ ૭ ॥**

પરમાધામીના ભવમાં તામસભાવમાં પ્રાપ્ત થયેલા મેં જે કાંઇ નારકી જીવોને દુઃખ દીધું હોય તેને પણ હું મન વચન કાયાએ કરી ખમાવું છું. ૭

**તિરિયાણં ચિય મજ્જે, પુઢવીમાઇસુ ખારભેએસુ ।**
**અવરપરૂપ્પરસત્થેણ, વિણાસિયા તેવિ ખામેમિ ॥૮॥**

તિર્યંચને વિષે ક્ષારાદિ પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાયના ભવોમાં મેં સ્વ–અન્ય અને પરસ્પર શાસ્ત્રથી પૃથ્વીકાયાદિક જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું. ૮

**બેઇંદિય તેઇંદિયચઉરિંદિયમાઇણેગ ભેએસુ ।**
**જં ભક્ખિ દુકખવિયા, તેવિય તિવિહેણ ખામેમિ ॥૯॥**

શંખ પ્રમુખ બેઇંદ્રિય, જુ પ્રમુખ તેઇંદ્રિય, માખી પ્રમુખ ચૌરિંદ્રિયના ભવોમાં મેં જે જીવોનું ભક્ષણ કર્યું હોય અને દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છુ. ॥ ૯ ॥

**જલયરમજ્જગએણં, અણેગમચ્છાઇરૂવધારેણં ।**
**આહારટ્ઠા જીવા, વિણાસિયા તેવિ ખામેમિ ॥ ૧૦ ॥**

ગર્ભજ, સમૂર્ચ્છિમ જલચર પંચેંદ્રિયના ભવોમાં મચ્છ, કાચબા, સુસુમાર આદિ અનેક રૂપને ધારણ કરનાર મેં આહારને માટે જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું ॥ ૧૦ ॥

**છિન્ના ભિન્ના ય મએ, બહુશો દટ્ઠુણ બહુવિહા જીવા ।**
**જલયરમજ્ઝગએણં, તેવિય તિવિહેણ ખામેમિ ॥૧૧॥**

વળી જલચરના ભવોમાં ગયેલ મેં ઘણા પ્રકારના જીવોને દેખીને ઘણીવાર છેદનભેદન કીધાં તેને પણ હું ખમાવું છું. ॥૧૧॥

**સપ્પસરિસવમજ્જે, વન્નર મજ્જાર સુણહ ભેએસુ ।**
**જે જીવા વેલવિયા, દુક્ખિતા તેવિ ખામેમિ ॥ ૧૨ ॥**

ગર્ભજ સમૂર્ચ્છિમ સર્પ પ્રમુખ ઉરપરિસર્પ ઘો વાનર પ્રમુખ, ભુજપરિસર્પ, કુતરા બિલાડા પ્રમુખ સ્થલચર પંચેંદ્રિય તિર્યંચના ભવોમાં મેં જે જીવોને છિન્નભિન્ન દુઃખી કીધા અને ખાધા તેને પણ હું ખમાવું છું. ॥ ૧૨ ॥

**સદ્દુલ સિંહ સંડય, જાઇસુ જીવઘાયજણિએસુ ।**
**જે ઉવવત્તિયા મએ, વિણાસિયા તે વિ ખામેમિ ॥૧૩॥**

જીવઘાતકાદિ અશુભકર્મથી શાર્દુલ સિંહ, સંડય, વાઘ, ચિત્તા, ગેંડા, રીંછ આદિ હિંસક શ્વાપદ જાતિમાં ઉત્પન્ન થયેલ મારા જીવે જે જીવોને છિન્નભિન્ન વિનાશ કીધા તેને પણ હું ખમાવું છું. ॥ ૧૩ ॥

**હોલાહગિદ્ધકુક્કડ–હંસબગાઇસુ સઉણસએસુ ।**
**જં ખુહવસેણ ખદ્ધા, કિમિમાઇ તેવિ ખામેમિ ॥૧૪॥**

હોલા, ગીધ, કુકડા, હંસ, બગલા, સારસ, કાગડા, બાજ, કબરી, ચકલાદિ સમૂર્છિમ ગર્ભજ ખેચર પંચેંદ્રિય ભવોને વિષ, મેં ભૂખને વશ થઇ કીમીયા પ્રમુખ જીવોનાં ભક્ષણ કીધાં તેને પણ હું ખમાવું છું. ॥ ૧૪ ॥

**મણુએસુ વિ જે જીવા, જિબ્ભિંદિયમોહિએણં મૂઢેણં ।**
**પારદ્ધિરમંતેણં, વિણાસિયા તેવિ ખામેમિ ॥ ૧૫ ॥**

મનુષ્યના ભવોમાં રસેંદ્રિયલંપટ મૂઢ પારધીની ક્રીડા (શીકાર) ને કરનારા મેં જે જીવોનો નાશ કીધો તેને પણ હું ખમાવું છું ॥ ૧૫ ॥

**જે મજ્જમંસમજ્જે મધુમક્ખિણમાઇએસુ જે જીવા ।**
**ખદ્ધા રસલોભેણં, વિણાસિયા તેવિ ખામેમિ ॥ ૧૬ ॥**

વળી રસમાં ગૃદ્ધ થયેલા મેં શરીરની પુષ્ટિના લોભથી મદ્ય, માંસ સેત ( મધ ) માંખણ અથાણું વાસી રોટલી આદિ અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરવાથી તેમાં રહેલા બેઇન્દ્રિયાદિક જીવોનો વિનાશ કીધો હોય તેને પણ હું ખમાવું છું ॥૧૬॥

**ફાસગિદ્ધેણ જં ચિય, પરદારાઇસુ ગચ્છમાણેણં ।**
**જે દુમિયા દુહવિયા, તિવિહેણ તેવિ ખામેમિ ॥૧૭॥**

વળી સ્પર્શેંદ્રિયમાં લંપટ થયેલા મેં કન્યા, સધવા વિધવા રૂપ પરસ્ત્રી અને વેશ્યાદિકને વિષે ગમન કરવાથી જે જીવોને દુ:ખી અને વિનાશ કીધા હોય તેને પણ હું ખમાવું છું ॥ ૧૭ ॥

**ચક્ખુંદિય ઘાણંદિય, સોઇંદિયવસગએણં જે જીવા ।**
**દુક્ખંમિ મએ ઠવિયા, તેવિહુ તિવિહેણ ખામેમિ ૧૮**

વળી ચક્ષુઇન્દ્રિય ઘ્રાણેંદ્રિય શ્રોત્રેંદ્રિયના વશમાં પડેલા મેં જે જીવોને દુ:ખને વિષે પાડયા હોય તેને પણ હું ખમાવું છું ॥ ૧૮ ॥

**અક્કમિઊણ આણા, કરાવિયા જેઉ માણભંગેણ ।**
**તામસભાવગએણં, તેવિય તિવિહેણ ખામેમિ ॥૧૯॥**

વળી મારે જીવે માનભંગથી ક્રોધના વશથી આક્રમણ ( દબાવી ) કરીને જે જીવોને મારી આજ્ઞા મનાવી તેને પણ હું ખમાવું છું ॥ ૧૯ ॥

**સામિત્તં લહીઊણં, જે બદ્ધા ઘાઇયાય મે જીવા ।**
**સવરાહ નિરવરાહા, તેવિય તિવિહેણ ખામેમિ ॥૨૦॥**

સ્વામિ (રાજ્યાદિ અધિકારી) પણું પામીને મેં અપરાધી અને નિરપરાધિ જીવોને બાંધ્યા, ઘાયલ કર્યા, માર્યા તેને પણ હું ખમાવું છું ॥ ૨૦ ॥

**અબ્ભકખાણં દિન્નં, દુટ્ઠેણ મએણ કસ્સ વિ નરસ્સ ।**
**કોહેણ વ લોહેણ વ, તં પિય તિવિહેણ ખામેમિ ॥૨૧॥**

દુષ્ટ એવા મેં ક્રોધથી અથવા લોભથી કોઇ પણ મનુષ્યને કુડું કલંક દીધું હોય તેને પણ હું ખમાવું છું ॥ ૨૧ ॥

**પરચાવયાઈ હરિસો, પેસુન્નં જં કયં મએ ઇન્હિં ।**
**મચ્છરભાવગએણં, તંપિ તિવિહેણ ખામેમિ ॥ ૨૨ ॥**

હમણા ઇર્ષાભાવમાં પ્રાપ્ત થયેલા મેં કોઇ પણ જીવ સાથે પરપરિવાદાદિ કીધાં હોય, કોઇની ચુગલી કીધી હોય તેને પણ હું ખમાવું છું ॥ ૨૨ ॥

**સદ્દો ખુદ્દસભાવો, જાઓ ણેગાઇસુ મિચ્છાજાઇસુ ।**
**ધમ્મુત્તિ ઇમો સદ્દો, કન્નેહિંવિ જત્થ મે ન સુઓ ॥૨૩॥**

અનેક મ્લેચ્છ જાતિઓમાં રૌદ્ર અને ક્ષુદ્ર સ્વભાવવાળા મેં જ્યાં ધર્મ એ શબ્દ કાનેથી પણ નથી સાંભળ્યો ॥૨૩॥

**પરલોગંમિ પિવાસો, જીવસયાણેગઘાયણસંપત્તો ॥**
**જં જાઓ દુહહેઊ, જીવાણં તંપિ ખામેમિ ॥ ૨૪ ॥**

વળી પરલોકની પિપાસાવાળા મેં અનેક જીવોનો ઘાત કર્યો હોય કે જેથી હું અનેક જીવોના દુઃખનો હેતુ થયો હોઉં તેને પણ હું ખમાવું છું ॥ ૨૪ ॥

**આરિયખિત્તે વિ મએ, ખદ્દિયવાગુરિયડુંબજાઈસુ ।**
**જે વહિયા મે જીવા, તેવિય તિવિહેણ ખામેમિ ॥૨૫॥**

આર્યદેશમાં પણ કસાઈ પારધી ડુંબ ધીવરાદિ હિંસક જાતિમાં ઉત્પન્ન થયેલા મેં જે જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું ॥ ૨૫ ॥

**મિચ્છત્તમોહિએણં, જે વહિયા કેવિ ધમ્મબુદ્ધીએ ।**
**અહિગરણકારણેણં, વહાવિયા તેવિ ખામેમિ ॥ ૨૬ ॥**

મિથ્યાત્વથી મોહીત અધિકરણના કારણભૂત મેં ધર્મની બુદ્ધિએ જે જીવોના વધ કરાવ્યા તેને પણ હું ખમાવું છું ॥ ૨૬ ॥

**દવદાણવલ્લિવણયં, કાઊણં જે જીવા મએ દટ્ઠા ।**
**સરદહતલાઇસોસં, જે વહિયા તેવિ ખામેમિ ॥૨૭॥**

વેલડી આદિ વનને દાવાગ્નિ દઈને જે જીવોને મેં બાળ્યા હોય, દ્રહ તલાવ આદિ જલસ્થાનને શોષાવીને જે જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું ॥ ૨૭ ॥

**સહદુલ્લલિએણં જે, જીવા કેવિ કમ્મભૂમિસુ ।**
**અંતરદીવાઇસુવા, વિણાસિયા તેવિ ખામેમિ ॥ ૨૮ ॥**

મેં ઉલંઠપણે કર્મભૂમિ અંતરદ્વીપાદિને વિષે જે જીવોનો વિનાશ કર્યો હોય તેને પણ હું ખમાવું છું ॥ ૨૮ ॥

**દેવત્તેવિહુ પત્તે, કેલિપ્પઉગેણ લોહબુદ્ધીએ ।**
**જે દુહવિયા સત્તા, તેવિય તિવિહેણ ખામેમિ ॥૨૯॥**

દેવના ભવોને વિષે પણ મેં ક્રીડાના પ્રયોગથી, લોભ-

બુદ્ધિથી જે જીવોને દુઃખી કીધા હોય તેને પણ ત્રિવિધે હું ખમાવું છું ॥ ૨૯ ॥

**ભવણવઈમજ્જે, આસુરભાવંમિ વટ્ટમાણેણં ।**
**નિદ્દયહયમાણેણં, જે દુમવિયા તેવિ ખામેમિ ॥૩૦॥**

ભવનપતિને વિષે તામસભાવમાં વર્તતો છતો નિર્દય-પણાથી હણાયેલા એવા મેં જે જીવોને દુઃખી કીધા હોય તેને પણ હું ખમાવું છું ॥ ૩૦ ॥

**વંતરભાવંમિ મએ, કેલિકાલભાવઓ ય જં દુક્ખં ।**
**જીવાણ સંજણિયં, તંપિય તિવિહેણ ખામેમિ ॥૩૧॥**

વ્યંતરના ભવમાં પણ મેં ક્રીડાના પ્રયોગથી જે જીવોને દુઃખ ઉત્પન્ન કીધાં હોય તેને પણ હું ખમાવું છું ॥ ૩૧ ॥

**જોઇસિએસુ ગએણ, વિસયાવિસમોહિએણ મૂઢેણં ।**
**જો કોવિ કઓ દુહિઓ, પાણી મે તંપિ ખામેમિ॥૩૨॥**

જ્યોતિષમાં ગયેલો પણ વિષયમાં મોહિત મૂઢ મેં જે કોઇ જીવને દુઃખી કીધા હોય તેને પણ હું ખમાવું છું ॥૩૨॥

**પરરિદ્ધિમચ્છરેણં, લોભનિબુડ્ડેણ મોહવસગેણં ।**
**અભિયોગેણ વ દુક્ખં, જાણ કયં તંપિ ખામેમિ ૩૩**

અભિયોગિક દેવમાં પ્રાપ્ત થયેલા પરરિદ્ધિમાં મત્સરવાળા લોભથી પરાભવ પામેલા મોહમાં વશીભૂત મેં જે જીવોને દુઃખ દીધું હોય તેને પણ હું ખમાવું છું ॥ ૩૩ ॥

**ઇય ચઉગઇમાવન્ના, જે કેવિય પાણિણો મએ વહિયા ।**
**દુક્ખે વા સંથવિયા, તે ખામેમિ અહંસવ્વં ॥ ૩૪ ॥**

આ ચાર ગતિમાં મેં જે કોઈ જીવને પ્રાણ થકી મુક્ત કીધા, દુઃખમાં પાડયા હોય તે બધાને હું ખમાવું છું ॥૩૪॥

**સવ્વં ખમંતુ મજ્જે, અહંપિ તેસિં ખમામિ સવ્વેસિં ।**
**જં જં કયમવરાહં, વેરં ચઇઊણ મજ્જત્થો ॥૩૫॥**

મેં જે જે અપરાધ કીધા છે તે તે બધા અપરાધોને હે જીવો ! મધ્યસ્થ થઇને વેરને મુકીને ખમો અને હું પણ ખમું છું. ॥ ૩૫ ॥

**નય મજ્જ કોઈ દોસો, સયલે વા ઈત્થ જીવલોગંમિ ।**
**દંસણનાણસહાવો, ઇક્કોહં નિમ્મમો નિચ્ચં ॥૩૬॥**

આ સંપૂર્ણ જીવ લોકમાં મારો કોઇ પણ દોષ નથી, હું જ્ઞાન–દર્શન સ્વભાવવાળો છું, એક છું, નિત્ય છું, મમત્વભાવ રહિત છું. ॥ ૩૬ ॥

**જિણસિદ્ધસરણં મે, સાહુધમ્મો ય મંગલં પરમં ।**
**જિણનવકારો સરણં, કમ્મકખય કારણં હોઈ ॥૩૭॥**

મને અરિહંત સિદ્ધનું શરણ થાઓ, સાધુ અને કેવલી-ભાષિત ધર્મ મને પરમ મંગલિક થાઓ, કર્મક્ષયનું કારણ એવા પંચ પરમેષ્ટિનું શરણ મને થાઓ. ॥ ૩૭ ॥

**ઇય ખામણાય એસા, ચઉગઇમાવન્નયાણ જીવાણં ।**
**ભાવ સુદ્ધીઈ મહા, કમ્મકખય કારણં હોઇ ॥ ૩૮ ॥**

આ ખામણાં ચાર ગતિમાં રહેલા જીવોને ભાવશુદ્ધિ અને મહાકર્મક્ષયનું કારણ છે ॥ ૩૮ ॥ ઇતિ.

# આલોચણા.

મ્હારે જીવે મનુષ્ય ભવમાં બહિરાત્મરૂપે વર્ત્તીને કર્મ બાંધ્યાં હોય, રાત્રિભોજન કરીને કર્મ બાંધ્યાં હોય, ૩૨ અનંતકાય ભક્ષણ કરીને કર્મ બાંધ્યાં હોય, બાવીસ અભક્ષ્ય ભક્ષણ કરીને કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિ પરભવમાંહિ અનંતા ભવમાંહિ તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. વાસી ખાઇને કર્મ બાંધ્યાં હોય, કોઇને ત્રાસ પમાડીને કર્મ બાંધ્યાં હોય, કોઇના જીવને ભય પમાડીને કર્મ બાંધ્યાં હોય, તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. કોઈના જીવને ધ્રાસકો પાડીને કર્મ બાંધ્યાં હોય, કપટ કરીને કર્મ બાંધ્યાં હોય, માંહોમાંહી ખેદ કરીને કર્મ બાંધ્યાં હોય, પારકા અવગુણ બોલીને કર્મ બાંધ્યાં હોય, સ્વપ્રશંસા કરીને કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. ચપલતા કરીને, કુડ-કપટ કરીને, કોઇને માઠાં વચન કહીને, આર્તધ્યાને કરીને, રૌદ્રધ્યાને કરીને મ્હારે જીવે આ ભવને વિષે પરભવને વિષે કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. કુતુહલ જોવે કરીને કર્મ બાંધ્યાં હોય, નાટક જોવે કરીને કર્મ બાંધ્યાં હોય, કોઇની ચોરી કરીને કર્મ બાંધ્યાં હોય, પચ્ચકખાણ ભાંગીને કર્મ બાંધ્યાં હોય; આ ભવમાંહિ પરભવમાંહિ તે સવિ હું અરિહંતની શાખે, સિદ્ધની શાખે, સિદ્ધગિરિની શાખે, આત્માની શાખે, ગુરૂની શાખે મન વચન કાયાએ કરી પાપનો ત્યાગ કરૂં છું. સતી બલતી કરીને, છિદ્ર કદાગ્રહ કોઈમાં ઘલાવીને, અનર્થદંડ કરીને, હોળીની

લડાઈ પ્રમુખ જોવે કરીને આ ભવમાંહી, પરભવમાંહી, અનંતા ભવમાંહિ જે કાંઇ કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. હિંડતાં, ચાલતાં, બેસતાં ઉઠતાં, બોલતાં, ખાતાપીતાં કોઈ જીવને વિરાધ્યા હોય, કોઇ જીવને દુઃખ ઊપજાવ્યું હોય તે સર્વે જીવને ખમાવું છું. સર્વ જીવ મહારો અપરાધ ખમજ્યો. આ ભવ પરભવમાંહિ કોઈ જીવને હણ્યા હોય, હણાવ્યા હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યા હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે અઢાર પાપસ્થાનક આલાવે છે—૧ પ્રાણાતિપાત કરીને કર્મ બાંધ્યાં હોય, ૨ મૃષાવાદ બોલીને કર્મ બાંધ્યાં હોય, ૩ અદત્તાદાન લઇને કર્મ બાંધ્યાં હોય, ૪ મૈથુન સેવીને કર્મ બાંધ્યાં હોય, ૫ પરિગ્રહ રાખીને કર્મ બાંધ્યાં હોય, ૬ ક્રોધે કરીને કર્મ બાંધ્યાં હોય, ૭ માને કરીને કર્મ બાંધ્યાં હોય, ૮ માયાએ કરીને કર્મ બાંધ્યાં હોય, ૯ લોભે કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૦ રાગે કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૧ દ્વેષે કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૨ કલહે કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૩ અભ્યાખ્યાને કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૪ પૈશુન્યપણું કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૫ રતિઅરતિ કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૬ પરપરિવાદ કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૭ માયામોષો કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૮ મિથ્યાત્વશલ્ય કરીને કર્મ બાંધ્યાં હોય, એ અઢાર પાપસ્થાનકે કરીને આ ભવને વિષે, પરભવને વિષે, અનંતા ભવને વિષે જે કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરીને અરિહંતની શાખે, સિદ્ધની શાખે, કેવલીની શાખે, ગુરૂની શાખે, દેવની શાખે, પોતાના આત્માની શાખે, સિદ્ધગિરિની શાખે,

સીમંધર સ્વામીની શાખે સર્વ પાપ પ્રતિનંદુ છું, સર્વ પાપ મુઝને નિષ્ફલ થાઓ તસ્સ મિચ્છામિ દુક્કડં. ચાર કષાય કરીને કર્મ બાંધ્યાં હોય, પાંચ આશ્રવ સેવીને કર્મ બાંધ્યાં હોય, પારકાં છિદ્ર જોવે કરીને કર્મ બાંધ્યાં હોય, છ કાયની વિરાધના કરીને કર્મ બાંધ્યાં હોય, સાત વ્યસન સેવીને કર્મ બાંધ્યાં હોય, આઠ દોષે કરીને કર્મ બાંધ્યાં હોષ, વિ-શ્વાસઘાત કરીને કર્મ બાંધ્યાં હોય આભવ પરભવમાંહિ, અ-નંતા ભવમાંહિ જે કાંઇ કર્મ બાંધ્યાં હોય તે સવિ હું અરિ-હંતની શાખે, પોતાના આત્માની શાખે, ગુરૂની શાખે, કેવ-લીની શાખે, સિદ્ધગિરિની શાખે, સીમંધર સ્વામીની શાખે, દેવતાની શાખે મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં, સર્વ પાપ પ્રતિ ત્યાગ કરૂં છું. નવ પ્રકારનાં નિઆણાં કરીને કર્મ બાંધ્યાં હોય, દશ જિનનો અવિનય કરીને કર્મ બાંધ્યાં હોય, ચૌદ રાજલોકમાં ભમીને કર્મ બાંધ્યાં હોય, પન્નર કર્માદાન કરીને કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. સોલ કષાય કરીને કર્મ બાંધ્યાં હોય, સત્તર ભેદે અસંયમ સેવીને કર્મ બાંધ્યાં હોય, અઢાર પાપસ્થાનક સેવીને કર્મ બાંધ્યાં હોય, પાંચ ઈંદ્રિયોના ત્રેવીશ વિષયો સેવીને કર્મ બાંધ્યાં હોય, પચ્ચીશ ક્રિયા કરીને કર્મ બાંધ્યાં હોય આ ભવ માંહિ, પરભવ માંહિ, અનંતાભવ માંહિ તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. બાર અવ્રતે કરીને કર્મ બાંધ્યાં હોય, પચ્ચીશ કષાય કરીને કર્મ બાંધ્યાં હોય, પંદર જોગે કરીને કર્મ બાંધ્યાં હોય, ત્રીશ પ્રકારે મોહનીનાં સ્થાનક સેવીને આભવ માંહિ, પર-ભવ માંહિ, અનંતાભવ માંહિ મોહનીએ કરીને કર્મ બાંધ્યાં

હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. ચારિત્રની વિરાધના કરી હોય, ચારિત્ર લઇને શુદ્ધ પાળ્યું ન હોય, વ્રત લઈને ભાંગ્યું હોય, પચ્ચખાણ ખંડયું હોય, અસૂત્રની પ્રરૂપણા કરી હોય આભવ માંહિ, પરભવ માંહિ, અનંતા ભવમાંહિ ઉત્સૂત્રની પ્રરૂપણા કરીને કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. પાપનો ઉપદેશ દઈને કર્મ બાંધ્યાં હોય, ખોટો માર્ગ પ્રકાશીને કર્મ બાંધ્યાં હોય, પ્રભુની આણા ભાગી હોય આભવમાંહિ, પરભવ માંહિ, અનંતા ભવમાંહી પ્રભુની આણા ભાગી હોય તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. કોઇને હીણી બુદ્ધિ આપી હોય, કોઇને અછતાં આળ દીધાં હોય, કોઇની નિંદા કીધી હોય, પ્રમાદ કરીને કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. જ્ઞાનની વિરાધના કરી હોય, દર્શનની વિરાધના કરી હોય, ચારિત્રની વિરાધના કરી હોય આભવ માંહી, પરભવ માંહી, અનંતા ભવમાંહી ૧ જ્ઞાન ૨ દર્શન ૩ ચારિત્ર એ ત્રણ રત્નની વિરાધના કીધી હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વિર્યાંતરાય. એ પાંચ પ્રકારના અંતરાય કરીને કર્મ બાંધ્યાં હોય આભવ માંહી, પરભવમાંહી, અનંતા ભવમાંહી કોઇને ધર્મ કરતાં અંતરાય કીધો હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. કોઈ ભવમાંહી ચારિત્ર લઈને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની વિરાધના કીધી હોય, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય,

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, દેશવિરતિ, સર્વવિરતિ તેહની આશાતના કીધી હોય. આભવ માંહી, પરભવ માંહી, અનંતા ભવમાંહી તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ, સમેતશિખર ઇત્યાદિક કોઇ તીર્થની આશાતના કીધી હોય, નિંદા કીધી હોય આભવ માંહી, પરભવ માંહી, અનંતા ભવમાંહી કોઇ તીર્થની આશાતના કીધી હોય તે સવિ હું મન વચન કાયાએ કરી અરિહંતની શાખે, સિદ્ધની શાખે, પોતાના આત્માની શાખે, ગુરૂની શાએ સર્વ પાપ પ્રતિનંદુ છું, કાંઈ અજાણપણે, મુર્ખપણે તીર્થની આશાતના કીધી હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં, સર્વ પાપ મુઝને નિષ્ફલ થાઓ. જંગમ તીર્થની આશાતના કરીને કર્મ બાંધ્યાં હોય, સ્થાવર તીર્થની આશાતના કરીને કર્મ બાંધ્યાં હોય, અવર્ણવાદ બોલીને કર્મ બાંધ્યાં હોય, નિંદા કરીને કર્મ બાંધ્યાં હોય, હાંસી કરીને કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. ૧ મતિ જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૨ શ્રુત જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૩ અવધિ જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૪ મનઃ-પર્યવ જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૫ કેવળ જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય આભવ માંહી, પરભવ માંહી, અનંતાભવ માંહી જ્ઞાનની વિરાધના કરીને, આશાતના કરીને જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે જ્ઞાનાવરણીય કર્મ કેમ બંધાય તે સાત બોલ કહે છે—૧ સિદ્ધાંત શાસ્ત્ર વેચે, ૨ કુદેવની પ્રશંસા કરે, ૩ જ્ઞાનને વિષે સંદેહ આણે, ૪ કુશાસ્ત્ર અને કુમતિની

પ્રશંસા કરે, ૫ શાસ્ત્ર સિદ્ધાંતના મુલગા અર્થ ભાંગે, ૬ પારકા દોષ પ્રકાશે, ૭ મિથ્યાત્વ ઉપદેશે એ સાત બોલે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય આ ભવમાંહી, પરભવ માંહી, અનંતાભવ માંહી તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. ૧ કાલવેલાએ જ્ઞાન ભણીને જ્ઞાનવરણીય કર્મ બાંધ્યાં હોય, ૨ વિનય કર્યા વિના જ્ઞાન ભણીને કર્મ બાંધ્યાં હોય, ૩ બહુ માન વિના જ્ઞાન ભણીને કર્મ બાંધ્યાં હોય, ૪ ઉપધાન વહ્યા વિના જ્ઞાન ભણીને કર્મ બાંધ્યાં હોય, ૫ આપણા ગુરૂને ઓલવીને કર્મ બાંધ્યાં હોય, ૬ સૂત્ર ખોટાં કહીને કર્મ બાંધ્યાં હોય, ૭ અર્થ ખોટો કહીને કર્મ બાંધ્યાં હોય, ૮ સૂત્ર અને અર્થ બન્ને ખોટાં કહીને કર્મ બાંધ્યાં હોય એ આઠ અતિચારે કરીને જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય આભવ માંહી, પરભવ માંહી, અનંતાભવ માંહી તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

હવે દર્શનાવરણીય કર્મ કહે છે–તેની નવ પ્રકૃતિ દશ બોલે બંધાય તે દશ બોલ કહે છે:–૧ કુતીર્થની સ્તુતિ કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૨ કુદેવની પ્રશંસા કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૩ હિંસા કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૪ ચારિત્ર થકી હીન એવા ગુરૂની પ્રશંસા કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૫ કુશાસ્ત્રની પ્રશંસા કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૬ મિથ્યાત્વ ઉપર ભાવ ધરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૭ અતિ દુઃખ અને અતિ શોક ધરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૮ સમ્યકત્વને દુષણ લગાવીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૯ વ્રતને ન પાળીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૧૦

મિથ્યાત્વ ઉપજાવી અન્યાય માર્ગે બોલીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય એ દશ પ્રકારે દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય આ ભવમાંહી, પરભવ માંહી, અનંતા ભવમાંહી દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

હવે વેદનીય કર્મની બીજી પ્રકૃતિ અશાતા વેદનીય પંદર ભેદે બાંધે તે પંદર ભેદ કહે છે—૧ મનુષ્યને મારીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૨ દુઃખ શોક ધરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૩ જીવને બંધન બાંધીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૪ છેદન કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૫ ભેદન કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૬ શાડી કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૭ પરને પીડા કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૮ જીવને ત્રાસવે કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૯ આક્રંદ કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૦ પરદ્રોહ કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૧ થાપણ મોસો કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૨ વિધ્વંસ યુદ્ધ કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૩ પરપ્રાણીને દમવે કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૪ ક્રોધ ઉપજાવીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૫ પારકી નિંદા કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય એ પંદર ભેદે કરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય આભવ માંહી, પરભવ માંહી, અનંતા ભવમાંહી તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

હવે છ બોલે કરીને દર્શન મોહનીય કર્મ બાંધે તે

કહે છે—૧ કેવલજ્ઞાનની નિંદા કરીને કર્મ બાંધ્યાં હોય, ૨ સિદ્ધાંતના વચનની નિંદા કરીને કર્મ બાંધ્યાં હોય, ૩ ગુરૂનિંદા કરી કર્મ બાંધ્યાં હોય, ૪ સંઘ અને જિનમાર્ગની નિંદા કરીને કર્મ બાંધ્યાં હોય, ૫ અરિહંતની નિંદા કરી કર્મ બાંધ્યાં હોય, ૬ કુમાર્ગ પ્રકાશી કર્મ બાંધ્યાં હોય એ છ બોલે કરીને દર્શન મોહનીય કર્મ બાંધ્યું હોય તે સવિ હું મન વચન કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં.

હવે ચારિત્ર મોહનીય બે બોલે બાંધે તે કહે છે—૧ તીવ્ર કષાયના ઉદયે કરીને, ૨ હાસ્યાદિકે કરીને જીવ મોહનીય કર્મ બાંધે. જે કર્મે જીવ સંસારમાંહી ખુતો રહે, અનેક દુ:ખ સહે એ મોહનીય કર્મની ઉત્કૃષ્ટી સ્થિતિ સિત્તેર કોડા કોડી સાગરોપમ પ્રમાણ સંસારમાંહી રોલવે. એ મોહનીય કર્મ મદિરાપાન સરીખું છે જેમ મદિરાપાન કર્યા પછી જીવ બેભાન થાય છે તેમ.

હવે આયુષ્ય કર્મની ત્રીજી પ્રકૃતિ તિર્યંચનું આયુષ વીશ બોલે બાંધે તે વીસ બોલ કહે છે–૧ શિયલ રહિત, ૨ પરને વંચે, ૩ ખોટું બોલી મિથ્યાત્વ પોષે, ૪ કુકર્મ ઉપદેશે, ૫ તોલમાપ ખોટાં કરે, ૬ માયા કરે, ૭ વચન ખોટાં કરે–બોલે, ૮ કુડી શાખ ભરે, ૯ ખરોને ખોટો ગંધ મેળવે, ૧૦ કપુર કસ્તુરીમાં ભેળ કરે, ૧૧ કેશર માંહી ભેળ કરે, ૧૨ રૂપા સોના માંહી ભેળ કરે, ૧૩ અણહુતી જુઠી આળ ચડાવે, ૧૪ ચોરી કરે–ખાતર પાડે, ૧૫ હીંગ માંહી ભેળ કરે, ૧૬ વઢવાડ કરે, ૧૭ ઘી તેલ ભેળ સંભેળ કરે, ૧૮ કાપોત લેશ્યા કરે, ૧૯ નીલ લેશ્યા કરે, ૨૦ આર્ત્ત-

ધ્યાન કરે એ વીશ બોલે કરી જીવ તિર્યંચનું આઉખું બાંધે આભવ માંહી, પરમાંહી, અનંતા ભવ માંહી એ વીશે બોલે કરી કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

હવે આયુષ કર્મની ચોથી પ્રકૃતિ નરકનું આઉખું વીશે બોલે બાંધે તે કહે છે–૧ મદ મચ્છર ઘણો કરે, ૨ લોભ ઘણો કરે, ૩ અહંકાર ઘણો કરે, ૪ મિથ્યાત્વે રાચે, ૫ જીવને મારે, ૬ અસત્ય બોલે, ૭ અતિ કાયર થાય, વ્રત પચ્ચકખાણ ન કરે, ૮ ભેદ કુભેદ ન જાણે, ૯ ચોરી કરે, ૧૦ નિત્ય વિષય સેવે, ૧૧ સંઘની નિંદા કરે, ૧૨ ગુરૂની નિંદા કરે, ૧૩ જીવહિંસા કરે, ૧૪ જિનપૂજા રહિત, ૧૫ શીલ રહિત, ૧૬ મદીરાપાન કરે, ૧૭ રાત્રિભોજન કરે, ૧૮ મહા આરંભ કરે, ૧૯ રૌદ્રધ્યાન ધ્યાયે, ૨૦ કૃષ્ણ લેશ્યા કરે. એ વીશે બોલે કરીને જીવ નરકે જાય, એ વીશે બોલે કરી કર્મે બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

હવે જીવ પાપનામ કર્મ આઠ બોલે કરી બાંધે તે આઠ બોલ કહે છે–૧ મહા મિથ્યાત્વી, ૨ અધર્મી, ૩ દાન ન દે–પરને દેતાં વારે, ૪ જિનમંદિર પડાવે, ૫ કઠોર ભાષા બોલે, ૬ મહાપાપ–આરંભ કરે, ૭ પરનિંદા કરે, ૮ પરદ્રોહ કરે–માઠું ચિંતવે એ આઠે બોલે કરીને આ ભવમાંહિ, પર-ભવમાંહિ, અનંતા ભવમાંહિ કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં.

હવે નીચ ગોત્ર પાંચ બોલે બાંધે તે પાંચ બોલ કહે છે–૧ પારકા ગુણ ઢાંકે, ૨ પારકા અવગુણ કહે, ૩ ચાડી

કરે, ૪ અણુસાંભળી વાત ચલાવે, ૫ અણુદીઠાને દીઠું કહે એ પાંચે બોલે કરી જીવ નીચ ગોત્ર બાંધે. એ પાંચે બોલે કરી કર્મ બાંધ્યાં હોય આભવ માંહિ, પરભવ માંહી, અનંતા ભવ માંહી તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

હવે જીવ અંતરાય કર્મ અઢાર બોલે બાંધે તે અઢાર બોલ કહે છે–૧ કરૂણાહીન, ૨ દાન ન દે, ૩ અસમર્થ જીવ ઉપર કોપે, ૪ ગુરૂને અનુસરે નહિ, ૫ તપસી ન વાંદે, ૬ જિનપૂજા નિષેધે, ૭ જિન વચન ઉત્થાપે, ૮ જિનધર્મમાં વિઘ્ન કરે, ૯ સૂત્ર ભણતાં અંતરાય કરે, ૧૦ ભલાં પદ ભણતાં અંતરાય કરે, ૧૧ રૂડે માર્ગે ચાલતાં અંતરાય કરે, ૧૨ પરમાર્થ કહેતાં હાંસી કરે, ૧૩ વિપરિત પ્રકાશે, ૧૪ અસત્ય બોલે, ૧૫ અદત્ત લે, ૧૬ માઠાં કર્મ પ્રકાશે, ૧૭ સિદ્ધાંતની અવહેલણા કરે, ૧૮ સિદ્ધાંત શાસ્ત્રને સાચવે નહિ એ અઢાર બોલે કરીને જીવ અંતરાય કર્મ બાંધે. એ અઢાર બોલે કરીને જીવે અંતરાય કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

શ્રી વીતરાગાય નમઃ—સંસારમાં અનંતાં પરિભ્રમણ વડે વિવિધ જાતિમાં પૃથ્વીકાયાદિક જીવો જે મરી ગયા હોય તેમને ખામું છું. મહારે જીવે ચોરાશી લાખ જીવાયોનિના ભવ પામીને, સંસારચક્રમાં ભમીને, ચોવીસ દંડકે ફરીને, ચાર ગતિમાં રઝલીને, ચાર ગતિનાં આયુષ પામીને, પાંચસો ત્રેસઠ જીવના ભેદ પામીને મહારે જીવે રાગે કરીને, દ્વેષે કરીને, ક્રોધે કરીને, માને કરીને, માયાએ કરીને, લોભે

કરીને, અજ્ઞાને કરીને, મિથ્યાત્વે કરીને, અવિરતે કરીને, મોહે કરીને, મત્સરે કરીને, કષાયે કરીને, પ્રમાદે કરીને, નિદ્રાએ કરીને, આળસે કરીને, ભયે કરીને, શોકે કરીને, દુગંચ્છાએ કરીને, કલેશે કરીને, અભ્યાખ્યાને કરીને, હાંસી કરીને, રતિ કરીને, અરતિ કરીને, ફરસેંદ્રિએ કરીને, રસેંદ્રિએ કરીને, ઘ્રાણેંદ્રિએ કરીને, આહાર સંજ્ઞાએ કરીને, ભય સંજ્ઞાએ કરીને, મૈથુન સંજ્ઞાએ કરીને, પરિગ્રહ સંજ્ઞાએ કરીને, દેશકથા કરીને, રાજકથા કરીને, સ્રીકથા કરીને, ભોજનકથા કરીને, માયાશલ્ય કરીને, ઋદ્ધિગારવ કરીને, રસગારવ કરીને, શાતાગારવ કરીને, કૃષ્ણલેશ્યા કરીને, નીલલેશ્યા કરીને, કાપોતલેશ્યા કરીને, તેજોલેશ્યા કરીને, અસિ કરીને, મસી કરીને, કૃષિ કરીને, કામે કરીને, આશાએ કરીને; તૃષ્ણાએ કરીને, ફરતાં ચરતાં ને તરતાં એ ત્રણે વાહન ઉપર બેસવે કરીને, ભાર ભરવે કરીને જીવને વિરાધના થઇ હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

ઘાણી પીલાવવે કરીને, ક્ષેત્ર ખેડવે કરીને, વાડીઆરામે કરીને, ત્રીશ મોહનીય સ્થાનક સેવીને, સમ્યકત્વ મોહની કરીને, મિશ્ર મોહની કરીને, મિથ્યાત્વ મોહની કરીને, કામરાગે કરીને, સ્નેહરાગે કરીને, દૃષ્ટિરાગે કરીને, સ્રીવેદે કરીને, પુરૂષવેદે કરીને, નપુંસકવેદે કરીને, રસનાએ કરીને, રામાએ કરીને રમાએ કરીને, મને કરીને, વચને કરીને, કાયાએ કરીને, કુગુરૂ, કુદેવ, કુધર્મની શ્રદ્ધાએ કરીને, હીણાની સંગતે કરીને, આહારે કરીને, નિહારે કરીને, ભોગે કરીને, અભોગે કરીને, રોગે કરીને, સુખે કરીને, દુ:ખે કરીને, સંપદાએ કરીને, સંજોગે કરીને, વિયોગે કરીને, ઇષ્ટે કરીને, અનિષ્ટે કરીને, આર્ત્ત-

ધ્યાને કરીને, રૌદ્રધ્યાને કરીને, સંકલ્પે કરીને, સ્વાર્થે કરીને, વગર સ્વાર્થે કરીને, અસંતોષપણે કરીને, પરને વિઘ્ન કરીને, સંતોષપણે કરીને, કોઇને ત્રાસ પમાડવે કરીને, કોઇના જીવને ઉદ્વેગ કરીને, ચાર કષાય કરીને, પાંચ આશ્રવ સેવીને, છકાયની વિરાધના કરીને, સાત વ્યસન સેવીને, આઠ દોષે કરીને, નવ પ્રકારની વાડ ભાંગવે કરીને, દશ જણુનો અવિનય કરીને, તેર કાઠીઆએ કરીને, ચૌદરાજમાં ભમીને, પંદર કર્માદાન કરીને, સોલ કષાયે કરીને, સત્તરભેદે અસંજમ સેવીને મહારે જીવે આભવ પરભવ સંયમની વિરાધના કરી હોય તે સવિ હું મન વચન કાયાએ કરી અરિહંતની શાખે; સિદ્ધની શાખે, સાધુની શાખે, દેવતાની શાખે, ગુરૂની શાખે, પોતાના આત્માની શાખે તે સર્વ પાપ પ્રતિનિંદુ છું; તસ્સ મિચ્છામિ દુક્કડં કહેતાં તે પાપ મુઝને નિષ્ફલ થાઓ.

અઢાર પાપસ્થાનક સેવીને આભવ, પરભવને વિષે મહા કર્મ બાંધ્યાં હોય તે અઢાર પાપસ્થાનકનાં નામ કહે છે—

૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલેશ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુન્ય, ૧૫ રતિઅરતિ, ૧૬ પરપરિવાદ, ૧૭ માયામૃષાવાદ, ૧૮ મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનક આભવને વિષે, પરભવને વિષે સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં—તે સર્વે પાપ મુઝને નિષ્ફલ થાઓ.

પાંચ ઈંદ્રિયોના ત્રેવિશ વિષયો સેવીને, પચ્ચીશ ક્રીયા

કરીને, પાંચ પ્રકારે મૈથુન સેવીને, બાર અવિરતિ કરીતે પચ્ચીશ કષાયે કરીને, પંદર જોગે કરીને, ત્રીશ પ્રકારે મોહનીય સ્થાનક સેવીને મહારે જીવે જે કાંઇ કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં.

જ્ઞાનની વિરાધના કરી હોય, દર્શનની વિરાધના કરી હોય, ચારિત્રની વિરાધના કરી હોય, વ્રત લઇને ભાગ્યાં હોય, અસૂત્રની પ્રરૂપણા કરી હોય આભવ, પરભવને વિષે તે સર્વ પાપ પ્રતિનિંદુ છું આત્માની શાખે, ગુરૂની શાખે તે સર્વ પાપ મુજને નિષ્ફલ થાઓ તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાપને ઉપદેશ દીધો હોય, ખોટો માર્ગ પ્રકાશ્યો હોય, પ્રમાદ કર્યો હોય, કોઇને ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય, ૫ વિર્યાંતરાય એ પાંચ પ્રકારના અંતરાય કરીને કર્મ બાંધ્યાં હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ વિરાધી હોય, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, દેશવિરતિ, સર્વવિરતિ, જંગમ તીર્થ તેહની આશાતના કરી હોય તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

અવર્ણવાદ બોલીને, લહેણા કરીને, નિંદા કરીને, વિકથા કરીને હાંસી કરીને, વિવાદ ઝઘડો કરીને, તમાસો જોવે કરીને, નાટક જોવે કરીને, ચોર મારતાં કરીને, અતિપાન કરીને, હોલીની લડાઇ જોવે કરીને, વાદ વઢવાડ કરીને તે સવિ હું મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

છિદ્ર જોવે કરીને, કદાગ્રહ કરવે કરીને, અનર્થદંડ કરીને, કોઇનું માઠું ચિંતવીને, કોઇને ખોટી શિખામણ દઇને આભવને વિષે, પરભવને વિષે અતીત અનાગત વર્ત્તમાનકાલને વિષે મહારે જીવે કોઈ પાપકર્મ કર્યાં હોય, કરાવ્યાં હોય, અનુમોદ્યાં હોય તે સવિ હું અરિહંતની શાખે મન વચન કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં, સર્વ પાપ નિષ્ફલ થાઓ.

હવે મારે જીવે મનુષ્યના ભવે, દેવતાના ભવે, તિર્યંચના ભવે, નારકીના ભવે જીવહિંસા કરી હોય, છ કાયના જીવ વિરાધ્યા હોય, પ્રાણ લીધા હોય, આકરા કર કીધા હોય, એકેંદ્રિય, બેઈદ્રિય, તેઈદ્રિય, ચૌરિંદ્રિય, પૃથ્વિકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય એ રીતે એકેંદ્રિય જીવ પૃથ્વિકાય આદિ આરંભ સમારંભ કરતાં સ્ફટિકરત્ન, મણિરત્ન, પરવાલાની જાત, ધાવડીની જાત, ખડીની જાત, લુણની જાત, હડતાલની જાત, પારાની જાત, મણુશીલની જાત, અબરખની જાત, તેજંતુરીની જાત, પલેવા પાષાણની જાત, સિંધવની જાત, રત્નની જાત, મણિની જાત, સોનાની જાત, રૂપાની જાત, જસતની જાત, તરવાની જાત, સીસાની જાત, લોહની જાત, પાષાણની જાત, કાલી માટીની જાત, મૃડની જાત ઈત્યાદિક પૃથ્વિકાયના જીવ; ખાણો ખણાવી હોય, ધાતુ ગળાવી હોય, ઘર બંધાવ્યાં હોય, ટાંકાં ખણાવ્યાં હોય, ભોંયરાં ખોદાવ્યાં હોય, ખેતર ખેડાવ્યાં હોય, પૃથ્વિકાયનાં પેટ ફોડયાં હોય, ઈટવા કરાવ્યા હોય, નીભાડા પચાવ્યા હોય, પર્વત ફોડાવ્યા હોય, ચુના કરાવ્યા હોય, ખેતીવાડી કરાવી

હોય. એણિપેરે પૃથ્વિકાયના આરંભ સમારંભ કરીને કર્મ બાંધ્યાં હોય આભવે પરભવે અનેરે ભવે જે કોઈ દોષ લાગ્યો હોય સુક્ષ્મબાદર જાણતાં અજાણતાં તે સવિ હું મન વચન કાયાએ કરીને શ્રી સિદ્ધાચલની શાખે, સીમંધર સ્વામીની શાખે, બે કોડી કેવલજ્ઞાનીની શાખે, સાધુ સાધ્વીની શાખે, શ્રાવક શ્રાવિકાની શાખે, ચતુર્વિધ સંઘની શાખે કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં.

મહારા જીવે મનુષ્યને ભવે અપ્કાયના જીવની વિરાધના કરી હોય જમીનનાં પાણી, કુવાનાં પાણી, વાવનાં પાણી, દ્રહનાં પાણી, ઠાર વરસતાં, ધુવાર વરસતાં, મેઘ વરસતાં પાણીના જીવ વિરાધ્યા હોય, કુવા વાવ સરોવર દ્રહ ફોડાવ્યા હોય, અણગલ પાણી વાવર્યાં હોય, સંખારો સુકવ્યો હોય, પાણી માંહી ક્રીડા કરી હોય, ઝીલણે ઝીલ્યા, છાંટણે છાંટયાં, અણગલ પાણીએ ધોતીઆં ધોયાં, કોશ વાલી કીયારા બાંધ્યાં, ખેતર વાડીઓ સીંચાવી, સરોવર ફોડાવ્યાં હોય, દ્રહ ઉલેચ્યા હોય, દરિઆમાં વહાણ ચલાવ્યાં હોય, જલના જીવ વિરાધ્યા હોય, અણગલ પાણી ઢોળ્યાં હોય, અચેતન પાણીને બદલે સચેતન પાણી વાવર્યાં હોય ઇત્યાદિક અપકાયના જીવની વિરાધના આરંભ સમારંભ કરતાં હુઇ હોય તે સવિ હું મન વચન વચન કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં.

મહારા જીવે તેઉકાયની વિરાધના થઇ હોય–અંગારાનો અગ્નિ, મુર્મુરનો અગ્નિ, ભાસર અગ્નિ, જવાલા અગ્નિ, વિદ્યુત અગ્નિ, ઈંદ્રના વજ્રની અગ્નિ, ઉલ્કાપાતની અગ્નિ ઇત્યાદિક અગ્નિએ કરીને નીભાડા પચાવ્યા હોય, ગામ બાળ્યાં હોય,

શત્રુંજય.



મોતીશા શેઠની ટુંક.

મહેન્દ્ર પ્રિ. પ્રેસ, અમદાવાદ.

ચુલા સંધરૂકયા હોય, ઇંટવા પચાવ્યા હોય, લોહના અગાંર પ્રવર્તાવ્યા હોય, અગ્નિકાય સંબંધી રોજગાર કરાવ્યા હોય, ધાણીચણા પકાવી વેપાર કરાવ્યા હોય, પંચપર્વી વિરાધી હોય, હિંસા કરાવી હોય ઇત્યાદિક તેઉકાય સંબંધી આરંભ સમારંભ કરતાં પાપ દોષ લાગ્યા હોય તસ્સ મિચ્છામિ દુક્કડં.

મહારે જીવે વાઉકાયના જીવની વિરાધના કરી હોય—ભમતો વાયુ, મંડલિક વાયુ, મુખનો વાયુ, નિર્મલ વાયુ, ગુંજતો વાયુ, ઘનવાયુ, ઘનોદધિ વાયુ, વાયુકાયના જીવની વિરાધના કીધી હોય, મુખે કરીને, વિંઝણે કરીને, છેડે કરીને, પછેડીએ કરીને ખેતરખલે ધાન્ય ઉપણ્યાં હોય, પડાઇ,સરણાઈ. ધ્વજા, પતાકા, સુપડા પ્રમુખે કરીને વાયુકાયના જીવની વિરાધના થઈ હોય, ઉઘાડે મુખે બોલ્યા હોય, તાપાક્રાંત ભણી વાયુની ઇચ્છા હુઇ હોય તે સવિ હું મન વચન કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં.

મહારે જીવે વનસ્પતિકાયની વિરાધના કરી હોય, વૃક્ષ છેદ્યાં, થડ છેદ્યાં, ફળ ફુલ પત્ર છેદ્યાં હોય, છુંદ્યાં હોય, સુડ કીધાં હોય, મુળ કાઢયાં હોય, કઢાવ્યાં હોય, કુણી ફલી, કુણી આંબલી, પોંક, પાપડી, ઓલા ખાધા હોય, ખેતર નિંદ્યાં નિંદાવ્યાં હોય, લુણી કરી હોય, વન કપાવ્યાં હોય, આંબા રાયણ, મહુડા, બાવલ, સાગ, સીસમ, વડ, પીંપલ, લીંબડા, ખીજુ, ખાખરા, જાંબુ, ગોરડી, કેરડા, કલંક, થેર ઇત્યાદિક મોટા વૃક્ષ છેદ્યાં, છેદાવ્યાં, મુલા, ગાજર, સુરણકંદ, આદુ, મોથ, સકરકંદ, રતાલુ, પીંડાલુ, ડુંગળી, લસણ, ગરમર, બટાટા, ઊંબરાના ટેટા, વડના ટેટા, પીંપરના ટેટા, પીંપલાના

ટેટા, કાલોંબરાના ટેટા, પાંચ ઊંબરાની જાતો, મધ માંખણ મદિરા માંસ એ ચાર મહા વિગય એમની જાતો, સોમલ, ખાર, તાલકુટ વિષ, અફીણ, કરા, સર્વ જાતની માટી, રાત્રિભોજન, છાલ, પંપોટા, બહુબીજ, અનંતકાય, અભક્ષ્ય, રાઈતી કેરી, બોલ અથાણું, ઘોલવડાં, અજાણ્યાં ફલ, રીંગણાની જાત, ફળ. ફુલ, ગુંદાં, પીલુ, તુંબીફલ, ચલિતરસ, કાળપોકેલી સુખડી, અભક્ષ્ય, અનંતકાય, વજ્રકંદ, લીલી હલદર, આદુ, લીલો કચુરો, સીતાવલી, લીલી વરીઆળી, કુંવર, થોર, લીલી ગળો, વંસકારેલાં, લસણ, ગાજરકંદ, લુણીની ભાજી, નીમલોટાકંદ, કુણાં કુંપલ, મોથ, ખરસાણી, ભમરવૃક્ષની છાલ, ખીલોડાં, અમૃતવેલ, ભુમિરૂહ, ધાનના અંકુરા, વથુલાની ભાજી, કુણી ફલી, કાચી આંબલી, પલંકાનું ઝાડ, આલુ, પીંડાલુ ઇત્યાદિક બાવીસ અભક્ષ્ય, બત્રીશ અનંતકાય, હરિતકાય સંબંધી પાપ દોષ લાગ્યો હોય તે મન વચન કાયાએ કરીને તસ્સમિચ્છામિ દુક્કડં.

મહારા જીવે ત્રસકાયની વિરાધના કરી હોય–કરમીયા, ઇયલ, લટ, વાલો, કંથમાલ, હુસતા, કચુર, ગાંડરાં, વ્યંતરીયાં ચુડેલ, શંખ, શંખલાં, શીપ, પુરા, જલો, ગંડોલાં, અલસીયાં કોડા, મેહેરાં ઈત્યાદિક બેઈંદ્રિય, તેઈદ્રિય જીવ–ત્રસકાય ગધૈયાં, કુંથુવા, જુ, લીખ મારી હોય, માંકડ માર્યા, ખાટલા તડકે નાંખ્યા, ઝાટકા, મંકોડા માર્યા, ખાંડ સાકર તેલ ઘીનાં ભાજન ઉઘાડાં મુકયાં, કીડી મંકોડીના બીલ મધ્યે પાણી રેડયાં, છાણ લેતાં જતના ન કીધી, વાસી ગાર રાખી, છાણમધ્યે જીવ ઉપન્યા, લીલાં છાણાં બાળ્યાં, ઘીમેલ, ઉધેઈ, જુઆ, ચોરકીડા, ધનેડાં, ચણા ધાન્ય ઉપણ્યાં, સજીવન ભરડયાં, ખાંડયાં,

ઇંદ્રગોપ, ખડમાંકડી, કંસારી, ગંગોલા, ગીંગોડા ઈત્યાદિક તેઇંદ્રિયજીવ આરંભ સમારંભ કરતાં વિરાધ્યા હોય. મહારે જીવે ચૌરિંદ્રિય જીવ કરોલીઆ, કંસારી, માંખી, કુત્તી, વીંછી,તીડ, મચ્છર, ડાંસ, પતંગીઆં, કુદાં, ભમરા, ભમરીઓ, કાનખજુરા, ચાંચડ, આગીઆ, ભીંગોડા ઇત્યાદિક ચૌરિંદ્રિય પ્રાણીને અગ્નિએ કરીને, ધુંવાડે કરીને મુઝવ્યા હોય, દીવા ઉઘાડા મુકયા હોય, ઘી તેલ છાસ દહીં દુધ મધ માખણનાં ભાજન ઉઘાડાં મુકયાં હોય તે માંહી ચૌરિંદ્રિય જીવની આરંભ સમારંભ કરતાં વિરાધના થઈ હોય તે મન વચન કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં.

મહારે જીવે પંચેંદ્રિય જીવ—જલચર, સ્થલચર, ખેચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ—જલચર તિર્યંચ પંચેંદ્રિય જીવ મગરમચ્છ, કાચબા. મગર, માછલાં, દેડકાં, ગ્રાહ, સુસુમાર, નક્ર, ચક્ર, જલહસ્તિ, જલઘોડા, જલમાણસો ઇત્યાદિક જલચર જીવ વિરાધ્યા હોય; હવે સ્થલચર જીવ—સીયા, હરણ, રોઝ, સુવર, સંબર, નહાર, ઝરકચીયાં, વાઘ, સિંહ, હાથી, ઘોડા, ઊંટ, બળદ, પાડા, ભેંસ, ગાય, ગોધા, બોકડા,ગાડરા, એકશ્રૃંગાં, ગધેડાં, વેસર, રીંછ, વાંદરાં, શ્વાન, બિલાડી, વણીચર, લોંકડી; છેઢાડી પ્રમુખ સ્થલચર તિર્યંચ પંચેદ્રિય જીવને પીડા ઉપજાવી હોય આભવે, પરભવે, પાપીને ભવે, ચાંડાલને ભવે, પારધીને ભવે, અસુરને ભવે, માંસાહારીને ભવે, મલેચ્છને ભવે, નીચ કુળને ભવે, ચમારને ભવે ઈત્યાદિક ભવે વનચર જીવ હણ્યા, હણાવ્યા, મૃગ પાસલે નાખ્યા, આહેડી કરી, શીકાર ખેલી પાપકર્મ બાંધ્યાં; હવે ખેચર જીવ—હંસની જાત, મોરની જાત, બગલાની જાત, કાગડાની જાત, પોપટની

જાત, પારેવાંની જાત, કાબર, કોયલ, હોલા, તેતર, સારસ, ગર્ભજસ, મોસમ, સમુગ્ગપક્ષી, વિતતપક્ષી, સમડી, સીંચાણા, ઘુવડ, કુચ, બગલાં, બટેર, ચરકલાં, બલાહક, બગ, ઢીક,ચકોર, ચક્રવાક, ચાક, ચાતક, કપોત, કપીંજલ, કાલકંઠ, કુર્કટ,કોશીક કારીંટક, કારંડ, બકાદંબ, ભારંડ, ભૃંગ, ભારદ્ધી, જસારીકા, સકુંતિકા ઈત્યાદિક ખેચર પંખી જીવ હણ્યા, હણાવ્યા, ઉડતાં પંખી પાડયાં; મહારે જીવે ઉરપરિસર્પ--અહિ, અજગર, ગોપરડવા, બાંભણી, કૃષ્ણસર્પ, કંકાહીક, પદ્મનાગણી ઇત્યાદિક ઉરપરિસર્પ હણ્યા, હણાવ્યા; ભુજપરિસર્પ—નોલ, કોલ, ઊંદર, ગીરોલી, ખીલોડી, કાકીંડા, ગોહ ઈત્યાદિક ભુજપરિસર્પને હણ્યા હણાવ્યા હોય આ ભવે, પરભવે વિરાધના થઈ હોય તે મન વચન કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં.

હવે મહારા જીવે અઢીદ્વિપ મધ્યે ગર્ભજ મનુષ્ય, સંમુચ્છિમ મનુષ્યની વિરાધના કરી, બ્રાહ્મણને ભવે મિથ્યાત્વ સેવ્યાં હોય, અણગલ પાણી વાવર્યાં, તલાવ નદીએ સ્નાન કીધાં હોય, કરાવ્યાં હોય, પત્રાવલે જમ્યા, મહામાસે નાહ્યા, નોરતે અધિક માસે નાહ્યા અનેરા પાપને વિષે પ્રવર્ત્યા; ક્ષત્રીને ભવે આહેડી શીકાર કરી કર્મ બાંધ્યાં હોય, વધબંધન કીધાં, છેદન ભેદન કીધાં; રાજાને ભવે અન્યાય કીધા, દંડ કીધા, લાંચ લીધી, બંધીખાને નાંખ્યા, ગામ હણ્યાં; કોટવાલને ભવે ત્રાસ પાડયા, મહા આકરા કર કીધા, રાજદંડ ઊપજાવ્યા; ઘાંચીને ભવે તલ પીલ્યા; સરસવ, એરંડા, ખસખસના આરંભ લાગ્યા હોય, ઘાણી કરાવી, કોલુ મધ્યે શેલડી પીલાવી; કસાઇને ભવે જીવના છેદન ભેદન કીધાં, મહાપાપ કીધાં, રાંકને ભવે જીવના છેદન ભેદન કીધાં, મહાપાપ કીધાં,

સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા ચતુર્વિધ સંઘની નિંદા કરી મહા પાપ બાંધ્યાં; સાધુ સાધ્વીને ભવે વ્રત લઈ વિરાધ્યાં, ચારિત્રને વિષે દોષ લગાડયા; શ્રાવક શ્રાવિકાને ભવે સમ્યકત્વ મુલ બાર વ્રતના અતિચાર ટાળ્યા નહિં, વ્રત વિરાધ્યાં હોય, દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્ય ગુરૂદ્રવ્ય સાધારણદ્રવ્ય ઇત્યાદિક ભક્ષણ કર્યાં, ઉપેક્ષણ કર્યાં, છતી શક્તિએ સાર સંભાળ કીધી નહી, માતા, પિતા, ભાઇ, ભોજાઇ, દાદા, દાદી, કાકા, કાકી, મામા મામી, ભાઇ, બેન, બેટા, બેટી, ભાણેજ, ભત્રીજા, ભત્રીજી, કલત્ર, વહુ, પૌત્રા, પૌત્રી, પિત્રાઇ, ગોત્રાઇ, સગા સંબંધી, કુટુંબ, પરિવાર, ચેલા, ચેલી, સજ્જન, મિત્ર, સાધર્મી, પાડોશી, દાસ, દાસી, વાણોતર, ચાકર ઈત્યાદિક જીવને રાગદ્વેષે કરીને, વઢવાડે કરીને, કામવશે કરીને, કલહ કરીને, ક્રોધ કરીને દુહવ્યા હોય, મરાવ્યા હોય, બંધીખાને નંખાવ્યા હોય, દંડાવ્યા હોય, જીવથી રહિત કર્યા હોય, કરાવ્યા હોય, અશાતા ઉપજાવી હોય આભવે. પરભવે, ભવોભવે તે મન વચન કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં.

મહારે જીવે પડિસિદ્ધાણં કરણે—પ્રતિષેધ ભવસંબંધી જીવાજીવાદિક નવતત્ત્વ, ષડ્દ્રવ્ય, સાત નય, ચાર નિક્ષેપા, નિગોદાદિકના સુક્ષ્મ પુદ્‌ગલ વિચાર સર્દ્હ્યા નહિ; આપણી કુમતિ લગે ઉત્સૂત્ર પ્રરૂપણા કીધી, મિથ્યાત્વીના ધર્મ પ્રવર્ત્તાવ્યા; પરદર્શનની ઉન્નત્તિ વધારી હોય; મહા આરંભ કરાવ્યા હોય; અકરાકર કીધા હોય, નિંદા કરી હોય; તીર્થ ઉથાપ્યાં હોય, અનેરી આશાતના કીધી હોય, અઢાર પાપસ્થાનક સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યાં હોય, અનેરૂં વીતરાગની આજ્ઞા વિરૂદ્ધ કર્યું હોય, બહુબીજ,

બાવીસ અભક્ષ્ય, બત્રીશ અનંતકાય, ચોરાશી લાખ જીવાયોનિ માંહી મ્હારે જીવે હણ્યા હોય, હણાવ્યા હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યા હોય, શ્રાવકતણે ધર્મે સમ્યકત્વમુલ બાર વ્રત એકસો ચોવીસ અતિચાર ટાલ્યા નહિં, આરંભ સમારંભ કરતાં અવિધિ દોષ લાગ્યા મન વચન કાયાએ કરીને શ્રી સિદ્ધાચલની શાખે, સીમંધર સ્વામીની શાખે, બેકોડી કેવલીની શાખે, બેહજાર કોડી મુનિવરની શાખે, ચતુર્વિધ સંઘની શાખે, આત્માની શાખે તસ્સ મિચ્છામિ દુક્કડં. ઇતિશ્રી સિદ્ધાચલની આલોયણા મુનિશ્રી કલ્યાણ વિમલજીકૃત. એ રીતે સિદ્ધાચલજી સમીપ ઉભા રહીને આલોયણા કરે તે પ્રાણી થોડા ભવમાં સિદ્ધિ વરે, ભદ્રિક પરિણામી થાય; શ્રી સિદ્ધાચલનો અભિગ્રહ લે તેને ઘેર બેઠાં શ્રી સિદ્ધાચલની જાત્રાનું ફળ થાય એ રીતે આલોયણા કરવી કરાવવી તે મોટા લાભનું કારણ છે. ઇતિ આલોયણા સંપૂર્ણ.

——(૦)——

# શ્રી સિદ્ધાચલના ૨૧ નામના ૩૯ દુહા

———

૧ સિદ્ધાચલ સમરો સદા, સોરઠ દેશ મઝાર; મનુષ્ય જનમ પામી કરી, વંદો વાર હઝાર ॥ ૧ ॥ અંગ વસન મન ભૂમિકા, પુજો પગરણ સાર; ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર ॥ ૨ ॥ કાર્તિક શુદિ પુનમ દિને, દશ કોટિ પરિવાર; દ્રાવિડ વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર ॥ ૩ ॥ તિણે કારણ કાર્તિક દિને, સંઘ સકલ પરિવાર; આદિજિન સનમુખ

રહી, ખમાસમણ બહુ વાર ॥ ૪ ॥ એકવીસ નામે વરણવ્યું, તિહાં પહેલું અભિધાન; શત્રુંજય શુકરાયથી, જનક વચન બહુ માન.

અહિંઆ " સિદ્ધાચલ સમરો સદા " એ દુહો પ્રત્યેક ખમાસમણ દીઠ કહેવો. ॥૫॥ શ્રી શત્રુંજય પર્વતાય નમો નમ:

૨ સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધાર; લાખ સવા માહાત્તમ કહ્યું, સુરનર સભા મઝાર ॥ ૬ ॥ ચઈત્રી પુનમને દિને, કરી અણસણ એક માસ; પાંચ કોડી મુનિ સાથસું, મુક્તિ-નિલયમાં વાસ ॥ ૭ ॥ તિણે કારણ પુંડરિકગિરિ, નામ થયું વિખ્યાત; મન વચ કાયે વંદીએ, ઉઠી નિત્ય પ્રભાત ॥ સિ૦ ॥૮॥ શ્રી પુંડરિકગિરિ પર્વતાય નમો નમ: ॥

૩ વીસ કોડીસું પાંડવા, મોક્ષ ગયા ઇણે ઠામ; ઇમ અનંત મુક્તે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ. ॥ સિ૦ ॥ ૯ ॥ શ્રી સિદ્ધક્ષેત્ર પર્વતાય નમો નમ:

૪ અડસઠ તીરથ ન્હાવતાં, અંગ રંગ ઘડી એક; તુંબી જલ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક ॥ ૧૦ ॥ ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલ ધામ; અચલપદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ. ॥ સિ૦ ॥ ૧૧ ॥ શ્રી વિમલાચલ પર્વતાય નમો નમ:

૫ પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય; સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય ॥૧૨॥ અથવા ચઉદે ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક; તિણે સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક. ॥ સિ૦ ॥ ૧૩ ॥ શ્રી સુરગિરિ પર્વતાય નમોનમ:

૬ એંસી યોજન પૃથુલ છે, ઉંચપણે છવીસ; મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ. ॥ સિ૦ ॥ ૧૪ ॥ શ્રી મહાગિરિ પર્વતાય નમો નમ:

૭ ગણધર ગુણવંતા મુનિ, વિશ્વ માંહે વંદનીક; જેહવો તેહવો સંયમી, વિમલાચલ પૂજનીક ॥ ૧૫ ॥ વિપ્રલોક વિષધરસમા, દુઃખીઆ ભૂતલ માન; દ્રવ્યલિંગી કણક્ષેત્રસમ, મુનિવર છીપ સમાન ॥ ૧૬ ॥ શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ; પુણ્યની રાશિ વધે ઘણી, તેણે પુણ્યરાશિ નામ. ॥ સિ૦ ॥ ૧૭ ॥ શ્રી પુણ્યરાશિ પર્વતાય નમો નમ:

૮ સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન; કર્મ વિયોગે પામીઆ, કેવલ લક્ષ્મી નિધાન ॥ ૧૮ ॥ લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર; નામ નમો તેણે આઠમું, શ્રીપદગિરિ નિરધાર. ॥ સિ૦ ॥ ૧૯ ॥ શ્રીપદગિરિ પર્વતાય નમો નમ:

૯ શ્રી સીમંધર સ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ; ઇંદ્રની આગે વર્ણવ્યો, તેણે એ ઇંદ્રપ્રકાશ. ॥ સિ૦ ॥૨૦॥ શ્રી ઇંદ્રપ્રકાશ પર્વતાય નમો નમ:

૧૦ દશ કોટી અણુવ્રત ધરા, ભકતે જમાડે સાર; જૈનતીર્થ યાત્રા કરી, લાભ તણો નહિ પાર ॥ ૨૧ ॥ તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન; દેતાં લાભ ઘણો હુવે, મહાતીર્થ અભિધાન. ॥સિ૦॥૨૨॥ શ્રી મહાતીર્થ પર્વતાય નમોનમ:

૧૧ પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત; શત્રુંજયમહાતમ સુણી, નમો શાશ્વતગિરિ સંત. ॥ સિ૦ ॥ ૨૩ ॥ શ્રી શાશ્વતગિરિપર્વતાય નમો નમ:

૧૨ ગૌ નારી બાળક મુનિ, ચઉહત્યા કરનાર; યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર ॥ ૨૪ ॥ જે પરદારાલંપટી, ચોરીના કરનાર; દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યના, જે વળી ચોરણુહાર ॥ ૨૫ ॥ ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઇણે ઠામ; તપ તપતાં પાતિક ગલે, તિણે દૃઢશક્તિ નામ. ॥ સિં૦ ॥૨૬॥ શ્રી દૃઢશક્તિ પર્વતાય નમોનમ:

૧૩ ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચાસુત જેહ, સહસ્સ મુનિશું શિવવર્યા, મુક્તિનિલયગિરિ તેહ. ॥ સિં૦ ॥૨૭॥ શ્રીમુક્તિનિલય પર્વતાય નમોનમ:

૧૪ ચંદાસૂરજ બિહુ જણા, ઉભા ઇણે ગિરિ શ્રૃંગ; કરી વર્ણવને વધાવીયો, પુષ્પદંત ગિરિ રંગ. ॥ સિં૦ ॥ ૨૮ ॥ શ્રીપુષ્પદંત પર્વતાય નમો નમ:

૧૫ કર્મ કલણ ભવ જલ તજી, ઈહાં પામ્યા શિવ સદ્મ; પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ મહાપદ્મ. ॥ સિં૦ ॥ ૨૯ ॥ શ્રી મહાપદ્મ પર્વતાય નમો નમ:

૧૬ શિવ વહુ વિવાહ ઉત્સવે, મંડપ રચ્યીયો સાર; મુનીવર વરબેઠક ભણી, પૃથ્વીપીઠ મનોહાર. ॥ સિં૦ ॥૩૦॥ શ્રી પૃથ્વીપીઠ પર્વતાય નમો નમ:

૧૭ શ્રી સુભદ્ર ગીરી નમો, ભદ્ર તે મંગલ રૂપ; જલતરૂરજ ગીરીવરતણી, શીસ ચઢાવે ભૂપ. ॥ સિં૦ ॥ ૩૧ ॥ શ્રી સુભદ્રગિરિ પર્વતાય નમો નમ:

૧૮ વિદ્યાધર સુર અપચ્છરા, નદી શત્રુંજી વીલાસ; કરતા હરતા પાપને, ભજીએ ભવી કૈલાસ. ॥ સિં૦ ॥ ૩૨ ॥ શ્રી કૈલાસગિરિ પર્વતાય નમો નમ:

૧૯ બીજા નીરવાણી પ્રભુ, ગઇ ચોવીશી મઝાર; તસ ગણધર મુનીમાં વડા, નામે કદંબ અણગાર. ॥ ૩૩ ॥ પ્રભુ વચને અણશણ કરી, મુક્તિપુરીમાં વાસ; નામે કદંબગિરી નમો, તો હોય લીલ વીલાસ. ॥ સિ૦ ॥ ૩૪ ॥ શ્રી કદંબગિરિ પર્વતાય નમો નમઃ

૨૦ પાતાલે જશ મૂલ છે, ઉજ્વલગિરીનું સાર, ત્રીકરણ યોગે વંદતાં, અલ્પ હોયે સંસાર. ॥ સિ૦ ॥ ૩૫ ॥ શ્રી પાતાલમૂલ પર્વતાય નમો નમ:

૨૧ તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદીક સુખ ભોગ; જે વંછે તે સંપજે, શીવ રમણી સંયોગ ॥ ૨૬ ॥ વિમલાચલ પરમેષ્ઠીનું, ધ્યાન ધરે ખટ માસ; તેજ અપૂરવ વીસ્તરે, પૂગે સઘળી આશ ॥ ૩૭ ॥ ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયીક વાચ; ઉત્કૃષ્ટા પરીણામથી, અંતરમૂહુર્ત સાચ ॥૩૮॥ સર્વ કામ દાયક નમો, નામ કરી ઓળખાણ; શ્રી શુભવીરવિજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ. ॥ સિ૦ ॥ ૩૯ ॥ શ્રી સર્વકામદાયક પર્વતાય નમો નમ:

——(૦)——

# ॥ અથ શ્રી સિદ્ધગિરિ સ્તુતિના દુહા ( ૧૦૮ ) ॥

શ્રી આદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહનીશ; પરમાતમ પરમેસરૂ, પ્રણમું પરમ મુનીશ. શ્રી બાહુબલીગિરિ પર્વતાય નમો નમ: ॥ ૧ ॥ જય જય જગતપતિ જ્ઞાન ભાન, ભાસિત લોકાલોક; શુદ્ધ સ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર

થાક. શ્રી અસિવિહારગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૨ ॥ શ્રી સિદ્ધાચલ મંડણો, નાભિ નરેસર નંદ; મિથ્યામતિ મત ભંજણો, ભવિકુમુદાકરચંદ. શ્રી સુરકંદગિરિપર્વતાય નમો નમઃ ॥ ॥ ૩ ॥ પૂરવ નવાણું જસ સિરે, સમવસર્યા જગનાથ; તે સિદ્ધાચલ પ્રણમીએ, ભકતે જોડી હાથ. શ્રી પ્રીતિમંડનગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૪ ॥ અનંત જીવ ઇણ ગિરિવરે, પામ્યા ભવનો પાર; તે સિદ્ધાચળ પ્રણમીયે, લહિયે મંગલમાલ. શ્રી મેરૂમહિધરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૫ ॥ જસ શિર મુકુટ મનોહરૂ, મરૂદેવીનો નંદ; તે સિદ્ધાચલ પ્રણમીએ, રૂદ્ધિ સદા સુખ વૃંદ. શ્રી સિદ્ધરાજગિરિ પર્વતાય નમો નમઃ ॥૬॥ મહીમા જેહનો દાખવા, સુરગુરૂ પણ મતિ મંદ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પ્રગટે સહજાનંદ. શ્રી કર્મક્ષયગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૭ ॥ સત્તા ધર્મ સમારવા, કારણ જેહ પડુર; તે તીર્થેશ્વર પ્રણમીએ, નાસે અઘ સવિ દૂર. શ્રી સહસ્રપત્રગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૮ ॥ કર્મકાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હુતાશ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પામીજે સુખવાસ. શ્રી મહાનંદપર્વતાય નમો નમઃ ॥ ૯ ॥ પરમાનંદ દશા લહે, જસ ધ્યાને મુનિરાય; તે તીર્થેશ્વર પ્રણમીએ, પાતક દૂર પલાય. શ્રી તારણગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૧૦ ॥ શ્રદ્ધા ભાષણ રમણતા, રત્નત્રયીનુ હેતુ; તે તીર્થેશ્વર પ્રણમીએ, ભવ મકરાકર સેતુ. શ્રી અકલંકગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૧૧ ॥ મહાપાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સુહાય; તે તીર્થેશ્વર પ્રણમીએ, સુરનર જસ ગુણ ગાય. શ્રી સૌંદર્ય પર્વતાય નમો નમઃ ॥ ૧૨ ॥ પુંડરિક ગણધર પ્રમુખ, સિદ્ધા સાધુ અનેક; તે તીર્થેશ્વર પ્રણમીએ, આણી હૃદય વિવેક. શ્રીકેવલદાયકગિરિ

પર્વતાય નમો નમઃ ॥ ૧૩ ॥ ચંદ્રશેખર સ્વસા પતિ, જેહને સંગ સિદ્ધ, તે તીર્થેશ્વર પ્રણમીએ, જે પામિ નિજ ઋદ્ધ. શ્રી અમરકેતુગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૧૪ ॥ જલચર ખેચર તિરિય સવે, પામ્યા આતમ ભાવ; તે તીર્થેશ્વર પ્રણમીએ, ભવજલ તારણ નાવ. શ્રી કર્મસુડણગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૧૫ ॥ સંઘયાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, છેદીજે ગતિ ચાર. શ્રી મહોદય પર્વતાય નમો નમઃ ॥ ૧૬ ॥ પુષ્ટિ શુદ્ધ સંવેગ રસ, જેહને ધ્યાને થાય; તે તીર્થેશ્વર પ્રણમીએ, પ્રગટે શુદ્ધ સ્વભાવ. શ્રી ટંકગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૧૮ ॥ સુરલોકે સુરસુંદરી, મલી મલી થોકે થોક; તે તીર્થેશ્વર પ્રણમીએ, ગાવે જેના શ્લોક. શ્રી માલવંતગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૧૯ ॥ યોગીશ્વર જસ દર્શને, ધ્યાન સમાધિ લીન; તે તીર્થેશ્વર પ્રણમીએ, હુવા અનુભવ રસ લીન. શ્રી આનંદમંદિરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૨૦ ॥ માનું ગગને સૂર્ય શશી, દિયે પ્રદક્ષિણા નિત્ય, તે તીર્થેશ્વર પ્રણમીએ, મહિમા દેખણ ચિત્ત. શ્રી મહાજશ પર્વતાય નમો નમઃ ॥ ૨૧ ॥ સુર અસુર નર કિન્નરા, રહે છે જેહને પાસ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પામે લીલ વિલાસ. શ્રી વિજયભદ્ર પર્વતાય નમો નમઃ ॥ ૨૨ ॥ મંગળકારી જેહની, મૃતિકા હરિ ભેટ, તે તીર્થેશ્વર પ્રણમીએ, કુમતિ કદાગ્રહ મેટ. શ્રી ત્રિભુવનપતિ પર્વતાય નમો નમઃ ॥ ૨૩ ॥ કુમતિ કૌશિક જેહને, દેખી ઝાંખા થાય; તે તીર્થેશ્વર પ્રણમીએ, સવિ તસ મહિમા ગાય. શ્રી અનંતશક્તિ પર્વતાય નમો નમઃ ॥ ૨૪ ॥ સૂરજકુંડના નીરથી, આધિ વ્યાધિ પલાય; તે તીર્થેશ્વર પ્રણમીએ, જસ મહિમા ન કહાય. શ્રી વિજયાનંદ પર્વતાય

નમો નમઃ ॥ ૨૫ ॥ સુંદર ટુંક સોહામણો, મેરૂસમ પ્રાસાદ; તે તીર્થેશ્વર પ્રણમીએ, દુર ટલે વિષાદ. શ્રી મહાતીર્થ પર્વતાય નમો નમઃ ॥ ૨૬ ॥ દ્રવ્ય ભાવ વૈરી તણી, જિહાં આવે હોય શાંતિ; તે તીર્થેશ્વર પ્રણમીએ, જાયે ભવની ભ્રાંતિ. શ્રી સર્વતીર્થગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૨૭ ॥ જગ હિતકારી જિનવરા, આવ્યા એણે ઠામ; તે તીર્થેશ્વર પ્રણમીએ, જસ મહિમા ઉદ્દામ. શ્રી મહાશૈલ પર્વતાય નમો નમઃ ॥ ૨૮ ॥ નદી શત્રુંજી સ્થાનથી, મિથ્યા મલ ધોવાય; તે તીર્થેશ્વર પ્રણમીએ, સવિજનને સુખદાય. શ્રી ભદ્રંકર પર્વતાય નમો નમઃ ॥ ૨૯ ॥ આઠ કર્મ જે સિદ્ધગિરે, ન દીયે તીવ્ર વિપાક; તે તીર્થેશ્વર પ્રણમીએ, જિહાં નવિ આવે કાક. શ્રી મહાપર્વતાય નમો નમઃ ॥ ૩૦ ॥ સિદ્ધશિલા તપનીયમય, રત્ન સ્ફટિક ખાણ, તે તીર્થેશ્વર પ્રણમીએ, પામ્યા કેવલ નાણ. શ્રી અજરામર પર્વતાય નમો નમઃ ॥ ૩૧ ॥ સોવન રૂપા રત્નની, ઓષધિ જાત અનેક; તે તીર્થેશ્વર પ્રણમીએ, ન રહે પાતક એક. શ્રી મહાપીઠ પર્વતાય નમો નમઃ ॥ ૩૨ ॥ સંયમધારી સંયમે, પાવન હોય જિણ ક્ષેત્ર; તે તીર્થેશ્વર પ્રણમીએ, દેવા નિર્મલ નેત્ર. શ્રી સુદર્શન પર્વતાય નમો નમઃ ॥૩૩॥ શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઓચ્છવ પૂજા સ્નાત્ર; તે તીર્થેશ્વર પ્રણમીએ, પોષે પાત્ર સુપાત્ર. શ્રી ચર્ચગિરિ પર્વતાય નમોનમઃ ॥ ૩૪ ॥ સ્વામિવત્સલ પુણ્ય જિહાં, અનંતગુણું કહેવાય; તે તીર્થેશ્વર પ્રણમીએ, સોવન ફુલ વધાય. શ્રી તાલધ્વજગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૩૫ ॥ સુંદર જાત્રા જેહની, દેખી હરખે ચિત્ત, તે તીર્થેશ્વર પ્રણમીએ, ત્રિભુવન માંહે વિદિત્ત. શ્રી ક્ષેમંકરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૩૬ ॥ પાલીતાણું પૂર ભલું,

સરોવર સુંદર પાલ; તે તીર્થેશ્વર પ્રણમીએ, જાએ સકલ જંજાળ. શ્રી અનંતગુણકર પર્વતાય નમો નમઃ ॥૩૭॥ મન મોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખપાય; તે તીર્થેશ્વર પ્રણમીએ, ગુણ ગુણી ભાવ લખાય. શ્રી સર્વાર્થસિદ્ધગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૩૮ ॥ જેણે ગિરિ રૂખ સોહામણાં, કુંડે નિર્મળ નીર; તે તીર્થેશ્વર પ્રણમીએ, ઉતારે ભવ તીર. શ્રી શિવંકરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૩૯ ॥ મુક્તિ મંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ; તે તીર્થેશ્વર પ્રણમીયે, લહિએ શિવપૂર રાજ. શ્રી અભયકંદગિરિ પર્વતાય નમો નમઃ ॥૪૦॥ કર્મ કોટિ અઘવિકટ ભવ, દેખી ધરૂજે અંગ; તે તીર્થેશ્વર પ્રણમીએ, દિન દિન ચઢતે રંગ. શ્રી કર્મક્ષય પર્વતાય નમો નમઃ ॥ ૪૧ ॥ ગૌરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત; તે તીર્થેશ્વર પ્રણમીએ, સુખે શાસન રીત. શ્રી જ્યોતિસ્વરૂપગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૪૨ ॥ વડ યક્ષ રખવાલ જસ, અહનીશ રહે હજુર; તે તીર્થેશ્વર પ્રણમીએ, અસૂરાં રાખે દૂર. શ્રી નગાધિરાજગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૪૩ ॥ ચિત્ત ચાતુરી ચક્કેસરી, વિઘ્ન વિનાશણ હાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, સંઘ તણી કરે સાર. શ્રી અચલગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૪૪ ॥ સુરવરમાં મઘવા યથા, ગ્રહગણમાં જિમ ચંદ; તે તીર્થેશ્વર પ્રણમીએ, તિમ સવિ તીરથ ઈંદ. શ્રી અભિનંદન પર્વતાય નમો નમઃ ॥ ૪૫ ॥ દીઠે દુર્ગતિ વારણો, સમર્યો સારે કાજ; તે તીર્થેશ્વર પ્રણમીએ, સવિ તીર્થ સિરતાજ. શ્રી સુવર્ણગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૪૬ ॥ પુંડરિક પંચ કોડિશું, પામ્યા કેવલ નાણ; તે તીર્થેશ્વર પ્રણમીએ, કર્મ તણી હોઇ હાણ. શ્રી પરમબ્રહ્મગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૪૭ ॥

મુનિવર કોડિ દસ સહિત, દ્રવિડ અને વારિખેણ; તે તીર્થેશ્વર પ્રણમીએ, ચઢિયા શિવ નિશ્રેણ. શ્રી મહેન્દ્રધ્વજગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૪૮ ॥ નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડિ મુનિ સાથ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પામ્યા શિવપુર આથ. શ્રી વિશ્વાધીશગિરિ પર્વતાય નમો નમઃ ॥૪૯॥ રૂષભવંશી નરપતિ ઘણા, ઈણે ગિરિ પોતા મોક્ષ; તે તીર્થેશ્વર પ્રણમીએ, ટાળ્યા ઘાતિક દોષ. શ્રી મહિધરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૫૦ ॥ રામ ભરત બિહુ બાંધવા, ત્રણ કોડિ મુનિ પુત; તે તીર્થેશ્વર પ્રણમીએ, ઇણે ગિરિ શિવ સંપત્ત. શ્રી હસ્તિગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૫૧ ॥ નારદ મુનિવર નિર્મળો, સાધુ એકાણું લાખ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પ્રવચન પ્રગટ એ ભાખ. શ્રી પ્રિયંકરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૫૨ ॥ સાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાઢી આઠે કોડિ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પૂર્વ કર્મ વિછોડી. શ્રી ઉજ્જવલગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૫૩ ॥ થાવચ્ચાસુત સહસસું, અણસણ રંગે કીધ; તે તીર્થેશ્વર પ્રણમીએ, વેગે શીવપદ લીધ. શ્રી જયાનંદગિરિ પર્વતાય નમો નમઃ ॥૫૪॥ શુક પરમાચારજ વળી, એક સહસ અણગાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, પામ્યા શિવપુર દ્વાર. શ્રી આનંદધરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૫૫ ॥ શૈલ સૂરિ મુનિ પાંચસે, સહિત હુઆ શિવનાહ; તે તીર્થેશ્વર પ્રણમીએ, અંગે ધરી ઉત્સાહ. શ્રી યશોધરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૫૬ ॥ ઇમ બહુ સિદ્ધા ઇણે ગિરે, કહેતાં નાવે પાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, શાસ્ત્ર માંહે અધિકાર. શ્રી સહસ્રકમલગિરિ પર્વતાય નમો નમઃ ॥ ॥ ૫૭ ॥ બીજ ઇહાં સમકિતતણું, રોપે આતમ ભોમ; તે તીર્થેશ્વર પ્રણમીએ, ટાળે પાતક સ્તોમ. શ્રી વિશ્વપ્રભાકરગિરિ

પર્વતાય નમો નમઃ ॥ ૫૮ ॥ બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ ગો-હત્યા, પાપે ભારિત જેહ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પોહોત્યા શિવપૂર છેહ, શ્રી તમોકંદગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૫૯ ॥ જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ, તે તીર્થેશ્વર પ્રણમીએ, તીર્થ માંહે ઉક્કિટ્ઠ. શ્રી વિશાલગિરિ પર્વતાય નમોનમઃ ॥૬૦॥ ધન ધન સોરઠ દેશ જિહાં, તીરથ માંહે સાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, જનપદમાં શિરદાર. શ્રી હરિગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૬૧ ॥ અહોનિશ આવત ઢુંકડા, તે પણ જેહને સંગ, તે તીર્થેશ્વર પ્રણમીએ, પામ્યા શીવવધુ રંગ. શ્રી ભગીરથગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૬૨ ॥ વિરાધક જીન આણના, તે પણ હુવા વિશુદ્ધ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પામ્યા નિર્મલ બુદ્ધ. શ્રી જયંતગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૬૩ ॥ મહા મ્લેચ્છ શાસન રિપુ, તે પણ હુવા ઉપસંત; તે તીર્થેશ્વર પ્રણમીએ, મહિમા દેખી અનંત. શ્રી મણિકંતગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૬૪ ॥ મંત્ર યોગ અંજન સવે, સિદ્ધ હુવે જિણ ઠામ, તે તીર્થેશ્વર પ્રણમીએ, પાતકહારી નામ. શ્રી દુઃખહરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૬૫ ॥ સુમતિ સુધારસ વરસતે, કર્મ દાવાનલ સંત; તે તીર્થેશ્વર પ્રણમીએ, ઉપશમ તસ ઉલ્લસંત. શ્રી મુક્તિરાજગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૬૬ ॥ શ્રુતધર નિતુ નિતુ ઉપદીશે, તત્ત્વાતત્ત્વ વિચાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, ગ્રહે ગુણયુત શ્રોતાર. શ્રી સર્વકામપુરણગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૬૭ ॥ પ્રિયમેલક ગુણગણ તણું, કીર્તિકમલા સિંધુ; તે તીર્થેશ્વર પ્રણમીએ, કલિકાલે જગબંધુ. શ્રી પ્રિયંકરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૬૮ ॥ શ્રી શાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ, તે તીર્થેશ્વર પ્રણમીએ, દિન દિન મંગળ માલ.

શ્રી સિદ્ધશેખરગિરિ પર્વતાય નમો નમઃ ।। ૬૯ ।। શ્વેત ધજા જસ લહકતી, ભાખે ભવિને એમ; તે તીર્થેશ્વર પ્રણમીએ, ભ્રમણ કરો છો કેમ. શ્રી પુરૂષોત્તમગિરિ પર્વતાય નમો નમઃ ।। ૭૦ ।। સાધક સિદ્ધ દિશા ભણી, આરાધે એક ચિત, તે તીર્થેશ્વર પ્રણમીએ, સાધન પરમ પવિત્ત. શ્રી હેમગિરિ પર્વતાય નમો નમઃ ।। ૭૧ ।। સંઘપતિ થઇ એહની, જે કરે ભાવે યાત્ર; તે તીર્થેશ્વર પ્રણમીએ, તસ હોય નિર્મળ ગાત્ર. શ્રી મહાજશગિરિ પર્વતાય નમો નમઃ ।। ૭૨ ।। શુદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ, તે તીર્થેશ્વર પ્રણમીએ, જેહનો જસ અભંગ. શ્રી પુણ્યકંદ પર્વતાય નમો નમઃ ।। ૭૩ ।। રાયણ વૃક્ષ સોહામણો, જિહાં જિનેશ્વર પાય, તે તીર્થેશ્વર પ્રણમિએ, સેવે સુરનર રાય. શ્રી પર્વતરાજગિરિ પર્વતાય નમો નમ· ।। ૭૪ ।। પગલાં પૂજી રૂષભનાં, ઉપશમ જેહને ચંગ; તે તીર્થેશ્વર પ્રણમીએ, સમતા પાવન અંગ. શ્રી ત્રિભુવનપતિ પર્વતાય નમો નમઃ ।। ૭૫ ।। વિદ્યાધરજ બહુ મળે, વિચરે ગિરિવર શૃંગ; તે તીર્થેશ્વર પ્રણમીએ, ચઢતે નવરસ રંગ. શ્રી નગશ્રેષ્ઠગિરિ પર્વતાય નમો નમઃ ।। ૭૬ ।। માલતી મોગર કેતકી, પરિમલ મોહે ભૃંગ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પૂજો ભવિ એકંગ. શ્રી અસિવિહારગિરિ પર્વતાય નમો નમઃ ।। ૭૭ ।। અજિત જિનેશ્વર જિહાં રહ્યા, ચોમાસું ગુણ ગેહ; તે તીર્થેશ્વર પ્રણમીએ, આણી અવિહડ નેહ. શ્રી સહજાનંદગિરિ પર્વતાય નમો નમઃ ।। ૭૮ ।। શાંતિ જિનેસર સોળમા, સોળ કષાય કરી અંત, તે તીર્થેશ્વર પ્રણમીએ, ચતુરમાસ રહંત. શ્રી સુમતિગિરિ પર્વતાય નમો નમઃ ।। ૭૯ ।। નેમિ વિના જિનવર સર્વે, આવ્યા જેણે ઠામ; તે તીર્થેશ્વર પ્રણમીએ,

શુદ્ધ કરે પરિણામ. શ્રી પદ્મવિશાલગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૮૦ ॥ નમિ નેમિ જિન અંતરે, અજીતશાંતિ સ્તવ કીધ; તે તીર્થેશ્વર પ્રણમીએ, નંદીષેણ પ્રસિદ્ધ. શ્રી ભવ્યગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૮૧ ॥ ગણધર મુનિ ઉવજ્ઝાય તિણ, લાભ લહ્યા કેઈ લાખ, તે તીર્થેશ્વર પ્રણમીએ, જ્ઞાન અમૃત રસ ચાખ. શ્રી શતકુટ પર્વતાય નમો નમઃ ॥ ૮૨ ॥ નિત્ય ઘંટા ટંકારવે, રણજણે જહ્લરી નાદ; તે તીર્થેશ્વર પ્રણમીએ, દુંદુંભી માદલવાદ. શ્રી મેરૂમહિધરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૮૩ ॥ જિણે ગિરે ભરત નરેશ્વરે, કીધો પ્રથમ ઉદ્ધાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, મણિમય મૂરતિ સાર. શ્રી વિલાસગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૮૪ ॥ ચોમુખ ચઉગતિ દુઃખ હરે, સોવનમય સુવિહાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, અક્ષય સુખ દાતાર. શ્રી મરૂદેવીટુંક પર્વતાય નમો નમઃ ॥ ૮૫ ॥ ઈત્યાદિક મોટા કહ્યા, સોળ ઉદ્ધાર સફાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, લઘુ અસંખ્ય વિચાર. શ્રી મહાબલગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૮૬ ॥ દ્રવ્ય ભાવ વૈરી તણો, જેહથી થાયે અંત; તે તીર્થેશ્વર પ્રણમીએ, શત્રુંજય સમરંત. શ્રી શત્રુંજય પર્વતાય નમો નમઃ ॥ ૮૭ ॥ પુંડરિક ગણધર હુઆ, પ્રથમ સિદ્ધ ઇણે ઠામ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પુંડરિકગિરિ નામ. શ્રી પુંડરિકગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૮૮ ॥ કાંકરે કાંકરે ઇણે ગિરિ, સિદ્ધ હુઆ સુપવિત્ત; તે તીર્થેશ્વર પ્રણમીએ, સિદ્ધક્ષેત્ર સમચિત. શ્રી સિદ્ધક્ષેત્ર પર્વતાય નમો નમઃ ॥ ૮૯ ॥ મલ દ્રવ્ય ભાવ વિશેષથી, જેહથી જાએ દુર; તે તીર્થેશ્વર પ્રણમીએ, વિમલાચલ મુખ પૂર. શ્રી વિમલાચલ પર્વતાય નમો નમઃ ॥ ૯૦ ॥ સુરવરા બહુ જે ગિરિ, નિવસે નિર્મળ ઠામ; તે તીર્થેશ્વર પ્રણ-

મીએ, સુરગિરિ નામ પ્રમાણ. શ્રી સુરગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૯૧ ॥ પરવત સહુ માંહે વડો, મહાગિરિ તેણે કહંત; તે તીર્થેશ્વર પ્રણમીએ, દર્શન લહે પુણ્યવંત. શ્રી મહાગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૯૨ ॥ પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ; તે તીર્થેશ્વર પ્રણમીએ, નામ ભલું પુણ્યરાશ. શ્રી પુણ્યરાશિ પર્વતાય નમો નમઃ ॥ ૯૩ ॥ લક્ષ્મી દેવી જે ભણ્યો, કુંડે કમલ નિવાસ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પદ્મ નામ સુવાસ. શ્રી પદ્મગિરિ પર્વતાય નમો નમ; ॥ ૯૪ ॥ સવિ ગિરિમાં સુરપતિ સમો, પાતક પંક વિલાય; તે તીર્થેશ્વર પ્રણમીએ, પર્વત ઈંદ્ર વિખ્યાત. શ્રી ઈંદ્રપ્રકાશ પર્વતાય નમો નમઃ ॥ ૯૫ ॥ ત્રિભુવનમાં તીરથ સવે, તેમાં મહોટો એહ; તે તીર્થેશ્વર પ્રણમીએ, મહાતીર્થ જસ રેહ. શ્રી મહાતીર્થ પર્વતાય નમો નમઃ ॥ ૯૬ ॥ આદિ અંત નહીં જેહની, કોઈ કાળે ન વિલાય; તે તીર્થેશ્વર પ્રણમીએ, શાશ્વત ગિરિ કહેવાય. શ્રી શાશ્વતગિરિ પર્વતાય નમો નમ; ॥ ૯૭ ॥ ભદ્ર ભલા જે ગિરિવરે, આવ્યા હોય અપાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, નામ સુભદ્ર સંભાર. શ્રી સુભદ્રગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૯૮ ॥ વિર્ય વધે શુભ સાધુને, પામી તીરથ ભક્તિ, તે તીર્થેશ્વર પ્રણમીએ, નામે જે દ્દઢશક્તિ. શ્રી દૃઢશક્તિ પર્વતાય નમો નમઃ ॥ ૯૯ ॥ શિવગતિ સાધે જે ગિરે, માટે તે અભિધાન; તે તીર્થેશ્વર પ્રણમીએ, મુક્તિનિલય ગુણ ખાણ. શ્રી મુક્તિનિલય પર્વતાય નમો નમઃ ॥ ૧૦૦ ॥ ચંદ્ર સૂરજ સમકિત ધરી, સેવ કરે શુભ ચિત્ત; તે તીર્થેશ્વર પ્રણમીએ, પુષ્પદંત વિદિત્ત. શ્રી પુષ્પદંત પર્વતાય નમો નમઃ ॥ ૧૦૧ ॥ ભીતિ ન રહે ભવજલથકી, જે ગિરિ લહે નિવાસ; તે તી-

ર્થેશ્વર પ્રણમીએ, મહાપદ્મ સુવિલાસ. શ્રી મહાપદ્મ પર્વતાય નમો નમઃ ॥ ૧૦૨ ॥ ભૂમિ ધરિ જે ગિરિવરે, ઉદધિ ન લોપે લીહ; તે તીર્થેશ્વર પ્રણમીએ, પૃથ્વીપીઠ અનીહ. શ્રી પૃથ્વીપીઠ પર્વતાય નમો નમઃ ॥ ૧૦૩ ॥ મંગળ સવિ મળવા-તણું, પીઠ એહ અભિરામ; તે તીર્થેશ્વર પ્રણમીએ, ભદ્રપીઠ જસ નામ. શ્રી ભદ્રપીઠ પર્વતાય નમો નમઃ ॥ ૧૦૪ ॥ મુળ જસ પાતાલમેં, રત્નમય મનોહાર; તે તીર્થેશ્વર પ્રણમીએ, પાતાલમુળ વિચાર. શ્રી પાતાળમુળ પર્વતાય નમો નમઃ ॥ ૧૦૫ ॥ કર્મ ક્ષય હોયે જિહાં, હોય સિદ્ધસુખ કેલ; તે તીર્થેશ્વર પ્રણમીએ, અકર્મ કરે મન મેલ. શ્રી અકર્મકગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૧૦૬ ॥ કામિત સવિ પૂરણ હોય, જેહનું દરિસણ પામ; તે તીર્થેશ્વર પ્રણમીએ, સર્વ કામ મન ઠામ. શ્રી સર્વકામદાયક પર્વતાય નમો નમઃ ॥ ૧૦૭ ॥ ઇ-ત્યાદિક એકવિશ ભલાં, નિરૂપમ નામ ઉદાર; જે સમર્યા પાતક હરે, આતમ શક્તિ અનુહાર. શ્રી લોહિતગિરિ પર્વતાય નમો નમઃ ॥ ૧૦૮ ॥

## કળશ.

ઈમ તીર્થનાયક સ્તવન લાયક, સંથુણ્યો શ્રી સિદ્ધ-ગિરિ; અઠોત્તર સય ગાહ સ્તવને, પ્રેમ ભકતે મન ધરી. શ્રી કલ્યાણસાગર સૂરિ શિષ્યે, શુભ જગીશે સુખ કરી; પુણ્ય મહોદય સકળ મંગળ, વેલિ સુજશે જય સિરિ. ॥૧૦૯ ॥

હવે એ રીતે શ્રી સિદ્ધાચલજીનાં નામ કહ્યાં.

એ રીતે શ્રી સિદ્ધાચલજી ઉપર વીરસ્વામીએ શ્રી સિ-દ્ધાચલજીનો મહિમા કહ્યો. વળી કહે છે કે જે પ્રાણી શ્રી સિ-

દ્ધાચલજી આવી અલુઆણે પગે ચાલે, નિર્મલ શિયલ પાલે, ભુમિસંથારે સુવે, છકાયની રક્ષા કરે, ૐહ્રીંપદ સહિત એક લાખ નવકાર ગણે, ક્રોધ કષાયનો ત્યાગ કરે, સાત છઠ બે અઠમ કરે, સાતક્ષેત્રે વિત્ત વાવરે, સુપાત્રે દાન દે એ રીતે શ્રી સિદ્ધાચલજી આવી જે પ્રાણી મન વચન કાયાએ કરી ત્રિકરણુ જોગે શ્રી સિદ્ધાચલજીને સેવે તે પ્રાણી ત્રીજે ભવે મોક્ષે જાય. શત્રુંજયે સાધુને પડિલાભે, સ્વામિવાત્સલ્ય કરે, તેને ત્રિકરણુ યોગે સેવે, સિદ્ધગિરિ ફરસે તે પ્રાણી ત્રીજે ભવે મોક્ષે જાય, એવું શ્રી વીર પરમાત્માએ સ્વમુખે પ્રરૂપ્યું છે તે સદ્દહવું પાળવું ધારવું. જે નવાણું જાત્રા કરે તે પ્રાણી મોક્ષે જાય. એ રીતે કરે તો મોક્ષનાં સુખ પામે, સિદ્ધિ વરે સહી; એવું સાંભળીને કેટલાક ભદ્રજીવ પ્રતિબોધ પામ્યા અને કેટલાક પામશે. ઇતિ.

---(૦)---

॥ ॐ श्रीं पंचपरमेष्ठिने नमः ॥

# શ્રી આત્મભાવના.

અહો આત્મા ! તું વિચારી જોજે કે તું અનંત કાળ થયાં રઝળે છે, પણ દુઃખનો અંત આવ્યો નહીં. હવે તું મનુષ્યનો જન્મ પામ્યો છે તો ધર્મસાધન કર કે જેથી સર્વે સંતાપ મટી જાય. એવી રીતનું ધર્મ સાધન કરો કે જેથી વહેલા મુક્તિ મળે તેમ કરો. શાથી ? જે હવે તમારે સંસારમાં રઝળવું તે ઠીક નહીં; મુક્તિના કારણુ સાચા પામ્યા છો, તો આ અવસર ચુકવો નહીં.

આબુ અષ્ટાપદ ગિરનાર, સમેતશિખર શત્રુંજય સાર;
પંચે તીર્થ ઉત્તમ ઠામ, સિદ્ધિ ગયા તેને કરૂં પ્રણામ.

નામજિણા જિણનામા, ઠવણજિણા જિણપડિમાઓ;
દવ્વજિણા જિણજીવા, ભાવજિણા સમવસરણટ્ઠા. ॥૧॥

જેમ મંત્રથી ઝેર ઉતરી જાય, રોગ મટી જાય, તેમ પ્રભુનામથી મિથ્યાત્વ, અવ્રત, જોગ, કષાય, કર્મરોગ સર્વે મટી જાય ॥ **પ્રભુ નામ** કેવળજ્ઞાની, નીર્વાણી, સાગર, મહાજશ, વિમલ, સર્વાનુભૂતિ, શ્રીધર, શ્રીદત્ત, દામોદર, સુતેજ, સ્વામિક, મુનિસુવ્રત, સુગતિ, શિવંગતિ, અસ્તંગતિ, નમિસર, અનિલ, જશોધર, કૃતારથ, જિનેશ્વર, શુદ્ધમતિ, શિવંકર, શુભદિન, સંપ્રતિ–એ અતીતકાલે થઇ ગયા તે સર્વેને મહારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલ વંદના હોજો ॥ ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભુ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભુ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ, વર્ધમાનાંતા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવંતુ સ્વાહા ॥ જે રીતે તમો શાંતિ પામ્યા તે રીતે સર્વ જીવને શાંતિ કરો, એમ મારી વિનંતિ છે. પદ્મનાભ, સુરદેવ, સુપાર્શ્વ, સ્વયંપ્રભુ, સર્વાનુભૂતિ, દેવસુત, ઉદયનાથ, પેઢાલ, પોટીલ, સત્કીર્ત્તિ, સુવ્રત, અમમ, નિષ્કષાય, નિઃપુલાક, નિર્મમ, ચિત્રગુપ્ત,સમાધિ, સંવર, યશોધર, વિજયદેવ મલ્લીજિન, દેવજિન, અનંતજિન, ભદ્રંકર એ ચોવીશ પ્રભુ થશે, તેને મહારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલ વંદના હોજો ॥ સીમંધર, યુગમંધર, બાહુ, સુબાહુ, સુજાત, સ્વયંપ્રભુ, વૃષભભાન, અનંતવિર્ય, સુરપ્રભ, વિશાલનાથ, વજ્રધર, ચંદ્રાનન,

ચંદ્રબાહુ, ભુજંગનાથ, નેમિસર, ઈશ્વર, વીરસેન, દેવજસા, મહાભદ્ર, અજિતવીર્ય એ વીશે વિહરમાનને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાળ વંદના હોજો ॥ અતીત અનાગત ને વર્તમાનકાળના બહોતેર તીર્થંકર, વીશ વિહરમાન, વૃષભાનન, ચંદ્રાનન, વારિષેણુ ને વર્ધમાન એ ચારે શાશ્વત જિન મળી છન્નુ જિનને કરૂં પ્રણામ ॥ શાશ્વતી પ્રતિમા પાંચશે ધનુષ્યની તથા સાત હાથની છે, રત્નની છે, દીવ્ય છે, મનોહર છે, જેને દીઠે શાશ્વતા સુખનું પામવાપણું થાય છે. જે વ્યંતરનિકાયમાં અસંખ્યાતા જ્યોતિષિમાં અસંખ્યાતા જિનબિંબ છે, વળી ત્રણ ભુવનમાં પંદરસો ને બેતાલીસ ક્રોડ અઠાવન લાખ છત્રીશ હજાર ને એંશી શાશ્વતા જિનબિંબ છે, તે સર્વેને મહારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલવંદના હોજો. વળી અશાશ્વતી પ્રતિમા આબુજીમાં, આદીશ્વરજી, નેમિનાથજી, પાર્શ્વનાથજી, શાંતિનાથજી પ્રમુખ જિનબિંબ ઘણાં છે, વળી અનંતા જીવ મુક્તિ પામ્યા તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલવંદના હોજો. અષ્ટાપદજી ઉપર આદીશ્વર ભગવાન દશ હજાર મુનિ સાથે મુક્તિ વર્યા. ભરત મહારાજાજીએ સોનાનું દહેરૂં કરાવ્યું. રત્નના ચોવીસ જિનબિંબ ભરાવ્યાં.

ચત્તારિ અટ્ઠ દસ દોય, વંદિયા જિણવરા ચઉવ્વીસં;
પરમટ્ઠનિટ્ઠિઅટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૧ ॥

વળી ગૌતમસ્વામી પોતાની લબ્ધિએ અષ્ટાપદ ઉપર ચડી, પ્રભુને વાંદી, જગચિંતામણિનું ચૈત્યવંદન કરી, તિર્યક્જૃંભક દેવતાને પ્રતિબોધ કરી, પંદરશે ત્રણ તાપસને પારણા કરાવી કેવળજ્ઞાન પમાડયું. વળી રાવણે વીણા વગાડી તીર્થંકર ગોત્ર બાંધ્યું. વળી અનંતા જીવ મુક્તિ ગયા તે સર્વેને મહારી અનંતી

ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલ વંદના હોજો. વળી ગિરનારજી ઉપર નેમિનાથ મહારાજાએ એક હજાર પુરૂષ સાથે દીક્ષા લીધી, સંસારનું સ્વરૂપ ઘણું નઠારૂં જાણ્યું, સંસાર દુઃખરૂપ, દુઃખે ભરેલો, દુઃખનું કારણુ, સાચા સુખનો વૈરી, હળાહળ વિષ જેવો, બળતી આગ જેવો જાણી નીકળી પડયા. ચારિત્ર પાળી પંચાવનમે દિવસે કેવળજ્ઞાન પામ્યા. પાંચસેં છત્રીશ સાથે મુક્તિ ગયા. સાતસેં વરસ સુધી કેવળીપર્યાય પાળી ઘણા જીવને પ્રતિબોધીને મુક્તિ ગયા. વળી અનંતા જીવ મુક્તિ વર્યા, તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલવંદના હોજો. વળી સમેતશિખરજી ઉપર વીશે ટુંકે વીશ પ્રભુજી સતાવીશ હજાર ત્રણસેં ઓગણપચાસ મુનિ સાથે મુક્તિ પામ્યા. વળી શામળા પારસનાથજી વિરાજે છે. વળી અનંતા જીવ મુક્તિ ગયા, તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલવંદના હોજો. તારંગાજીમાં અજિતનાથજીને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાળ વંદના હોજો. ચંપાનગરીમાં વાસુપૂજ્યજી મુક્તિ ગયા. વળી પાવાપુરીએ મહાવીરજી સિદ્ધિ વર્યા તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાળવંદના હોજો. શ્રી સિદ્ધાચળજી ઉપર આદીશ્વરજી પૂર્વ નવાણું વાર સમોસર્યા, અનંત લાભ જાણી, વળી અનંત જીવ મુક્તિ વર્યા. વળી જિનબિંબ ઘણાં છે, તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાય વંદના હોજો. હવે દ્રવ્યજિન તે તીર્થંકર પદ્ધી ભોગવીને, પોતાના શાસનનો પરિવાર લઇને મુક્તિમાં વિરાજે છે, તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલવંદના હોજો, વળી આવતે કાળે તીર્થંકર પદવી પામશે તે શ્રેણિક રાજાના જીવ પ્રમુખને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલ-

વંદના હોજો. વળી મારા જીવને નિગોદમાંથી બહાર કાઢયો તે સિદ્ધના જીવને માહરી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલ-વંદના હોજો. હવે 'ભાવ જીણા સમવસરણ્ટ્ઠા' સમોસરણને વિષે વીશ વિહરમાનજી કેવા છે ? તો પાંચશે ધનુષ્યની દેહ છે, સોવન સમી કાયા, એક હજાર આઠ ઉદાર લક્ષણ છે, જ્ઞાનાતિશયે કરીને સર્વે પદાર્થ જાણી રહ્યા છે, દર્શને કરી સર્વે ભાવ દેખી રહ્યા છે, વચનાતિશયે કરી ભવિજીવને પ્રતિ-બોધ કરે છે; તેથી કોઇ જીવ તો ક્ષપકશ્રેણી ચડે છે, કોઈ તો સાધુપણું પામે છે, કોઈ તો શ્રાવકપણું પામે છે, વળી કોઈ સમકિત પામે છે, કોઇ તો ભદ્રભાવને પામે છે. એ રીતે બહુ જીવને સંસારના કલેશથી મુકાવે છે, વળી પૂજા, સેવા, ભક્તિ, વંદના, સ્તવના કરવાનું મન થાય છે, તેથી પૂજી, સેવી, વાંદી પ્રભુ સરખા પૂજનિક થાય છે. અપાયાપગમાતિ-શયે કરીને ભવી જીવને આ ભવના ને ભવોભવનાં કષ્ટ-દુઃખ આપદા ટાળે છે, એ ચાર મહા અતિશય. વળી અશોકવૃક્ષ શોભે છે, ફુલની વૃષ્ટિ ઢીંચણ સુધી થાય છે, પાંચ વર્ણના ફુલ જલથલના નીપજ્યાં વરસે છે, વળી પ્રભુની વાણી એક જોજન સુધી સંભળાય છે, વળી પ્રભુજીને ચામર વીંજાય છે, વળી રત્નના સિંહાસનપર બેઠા છે, વળી ભામંડળ પુંઠે રાજે છે, આકાશે દુંદુભી ગાજે છે. વળી ત્રણ છત્ર માથે છાજે છે, વળી બારે ગુણે સહિત છે, ચોત્રીસ અતિશયે કરી વિરાજિત છે, પાંત્રીશ વાણી ગુણે કરી રાજિત છે. આઠ પ્રાતિહાર્ય તેણે કરી શોભીત છે, અસંખ્યાતા ઈંદ્રે કરી સેવિત છે, અઢાર દોષે કરી રહિત છે. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ દઇ અનંત ગુણે કરી સહિત છે. તરણ-તારણ ઝહાજ સમાન છે. કલ્યાણકને

દિવસે નરકે પણ અજવાળાં થાય છે. વળી મહાગોપ, મહામાહણ, જગસત્થવાહ એવી ઉપમા છાજે છે. મોક્ષનો સાથી છે. બે ક્રોડ કેવળી, બે હજાર ક્રોડ સાધુ, ગણધર, કેવળજ્ઞાની, મન:પર્યવજ્ઞાની અવધિજ્ઞાની, મતિજ્ઞાની, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, ચતુર્વિધ સંઘ, સમકિતી જીવ, વળી દ્વાદશાંગીવાણી, વળી મુનિ આણા પાળવાવાળા અનંતાજીવ મુક્તિ પામ્યા. વળી પ્રભુ આણા પાળે છે, વળી આવતી કાળે આણા પાળશે તે સર્વને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલવંદના હોજો. એ વંદનાનું ફળ એજ માગું છું જે મારા જીવને તમારા સરિખો કરો એજ વિનંતિ છે. જે થકી મારા પરિણામ તમારા જેવા સુંદર મનોહર થાય, જે થકી તમારા જેવું કેવળજ્ઞાન, કેવળદર્શન, ચારિત્ર સ્થિરતારૂપ કેવળ એકલું સુખ, તે સર્વ દુ:ખથી રહિત સાધુ, સુખ, અરૂપીગુણ વળી અગુરૂ–અલઘુ અવગાહના, વળી સાદિ અનંતમે ભાગે સ્થિતિ, ફરી સંસારમાં આવવું નહીં, અનંતુ વીર્ય, વળી ક્રોધ નહીં, માન નહીં, માયા નહીં, લોભ નહીં, રાગ નહીં, દ્વેષ નહીં, મોહ નહીં, આશા, તૃષ્ણા, વર્ણ, ગંધ, રસ ફરસ, ભૂખ, તરસ, ટાઢ, તડકો, દુ:ખ, કલેશ, સંતાપ એહવા અનંતા દોષે કરી રહિત પણું મારી સત્તામાં છે તે અનંતા ગુણ પ્રગટ થાઓ. સર્વે જીવની સત્તામાં પણ છે તે પણ પ્રગટ થાઓ. એજ મહારી અરજ છે, બીજું કાંઇજ માગતો નથી. વળી સર્વે સિદ્ધ ભગવાનને, આચાર્યજીને, ઉપાધ્યાયજીને, સર્વે સાધુ મહારાજને, વળી દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ નવપદજીને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલ વંદના હોજો. એમ નવપદ ધ્યાવે, પરમ આણંદ પાવે; નવમે ભવ શિવ જાવે, દેવ–નરભવ પાવે;

જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે; સવી દુરિત સમાવે, વિશ્વ જયકાર પાવે. ઇતિ. સત્ય હે જીવ તું વિચાર તો ખરો જે આ વખત ફરી ક્યારે મળશે ? ચેત ! સમજ ! જો ! જો ! જાગ ! જાગ ! શું પ્રમાદ, આળસ, નિદ્રા કરી રહ્યો છે ? કોણ તાહરો હિતકારી છે, જે ધર્મમાં સાધ્ય કરશે ? ને કોણ તુજને સુખ આપશે ? સર્વે સ્વાર્થીયું છે, તેથી તું પોતાનો સ્વાર્થ સાધીને સર્વે જીવને સુખી કરીને મુક્તિનગરીમાં વાસો કર. તેજ તાહરે કરવા યોગ્ય છે તે કર. ફરી ફરી આ અવસર તું કે'વારે પામીશ ? એમ જાણીને આ ભાવના રોજ ભાવવી જેથી સર્વે આપદા મટી જશે, ને સર્વે સંપદા પામીશ તે સારૂં હવે પ્રમાદ કરીશ નહીં, ઘણું શું શીખવીએ ? જે રીતે પોતાને ને પરને શાંતિ તુષ્ટિ પુષ્ટિ ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ મંગળ જય વિજય મોક્ષ પરમ મહોદય થાય તેમ કરજો.

આત્મભાવના સંપૂર્ણ.

——:(૦):——

# શ્રી પર્યન્તારાધના.

માંદો મનુષ્ય નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે. હે ભગવન ) હવે અવસરને ઉચિત ફરમાવો. ત્યારે ગુરૂ છેવટની આરાધના આ પ્રમાણે કહે છે. ૧

અતિચારને આલોવવા જોઈએ, વ્રતો ઉચ્ચરવા જોઇએ, જીવોને ક્ષમા આપવી જોઇએ અને ભવ્ય આત્માઓએ અઢાર પાપસ્થાનક વોસરાવવાં જોઈએ. ૨

ચાર શરણ ગ્રહણ કરવાં જોઇએ; દુષ્કૃત (પાપ) ની નિંદા

કરવી જોઈએ; અને સારાં કામોની અનુમોદના કરવી જોઇએ, અનશન કરવું જોઈએ, અને પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવા જોઇએ. ૩

જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, તપમાં, વીર્યમાં, એ રીતે પંચવિધ આચારમાં લાગેલા અતિચારો આલોવવા જોઇએ. ૪

સામર્થ્ય છતાં પણ જ્ઞાનીઓના વસ્ત્ર અન્ન વિગેરે ન આપ્યું હોય અથવા તેમની અવજ્ઞા કરી હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૫

પાંસ પ્રકારના જ્ઞાનની નિંદા કરી હોય અથવા ઉપહાસ (મશ્કરી) કર્યો હોય અથવા ઉપઘાત કર્યો હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૬

જ્ઞાનોપકરણ પાટી, પોથી વિગેરેની જે કોઈ આશાતના થઈ હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૭

નિઃશંકા વિગેરે આઠ પ્રકારના ગુણસહિત જે સમ્યક્ત્વ રૂડે પ્રકારે મેં પાળ્યું ન હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૮

જિનેશ્વરની યા જિનપ્રતિમાની ભાવથી પૂજા કરી ન હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૯

દેવદ્રવ્યનો મેં જો વિનાશ કર્યો હોય અથવા બીજાને નાશ કરતા જોઈ ઉપેક્ષા કરી હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૦

જિનેંદ્રમંદિર વિગેરેમાં આશાતના કરનારને પોતાની શક્તિ છતાં ન નિષેધ્યો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૧

પાંચ સમિતિ સહિત અથવા ત્રિગુપ્તિ સહિત નિરંતર ચારિત્ર ન પાળ્યું, હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૨

કોઇપણ રીતે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયાદિ એકેંદ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૩

કીડા, શંખ, છીપ, પુરા, જળો, અળશીઆ વિગેરે બેઇંદ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૪

કુંથુઆ, જુ, માંકડ, મંકોડા, કીડા વિગેરે જે તેઇંદ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૫

વીંછી, માખ, ભ્રમર વિગેરે ચઉરિંદ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૬

પાણીમાં વસનાર, જમીન ઉપર વસનાર કે આકાશમાં ઉડનાર કોઇપણ પંચેન્દ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૭

ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી અથવા પરવશપણાથી મેં મૂઢ થઇને જે અસત્ય વચન કહ્યું હોય તે હું નિંદુ છું તેની ગર્હા કરૂં છું. ૧૮

કપટકળાથી બીજાને છેતરીને થોડુ પણ નહી આપેલું ધન મેં ગ્રહણ કર્યું હોય તે હું નિંદુ છું—તેની ગર્હા કરૂં છું. ૧૯

રાગ સહિત હૃદયથી દેવતા સંબંધી, મનુષ્ય સંબંધી અથવા તિર્યંચ સંબંધી જે મૈથુન મેં આચર્યું હોય તેની હું નિંદા ને ગર્હા કરૂં છું. ૨૦

ધન, ધાન્ય, સુવર્ણ વગેરે નવ પ્રકારના પરિગ્રહ સંબંધમાં જે મમત્વભાવ મેં ધારણ કર્યો હોય તેની હું નિંદાને ગર્હા કરૂં છુ. ૨૧

જુદી જુદી જાતનાં રાત્રિભોજનત્યાગના નિયમોમાં મારાથી જે ભૂલ થઇ હોય તેની હું નિંદા ને ગર્હા કરૂં છું. ૨૨

જિનેશ્વર ભગવાને કહેલો બાહ્ય અને અભ્યંતર બાર પ્રકારનો તપ જે મારી શક્તિ પ્રમાણે ન કર્યો હોય તેની હું નિંદા ને ગર્હા કરૂં છું. ૨૩

મોક્ષપદને સાધવાવાળા યોગોમાં મન, વચન અને કાયાથી સદા જે વીર્ય ન ફોરવ્યું તેની હું નિંદા અને ગર્હા ગર્હા કરૂં છું. ૨૪

પ્રાણાતિપાતવિરમણવ્રત વિગેરે બાર વ્રતોનો સમ્યગ્ વિચાર કરી જ્યાં ગ્રહણ કરેલામાં ભંગ થયો હોય તે હવે જણાવ, તુ કોપરહિત થઇને સર્વે જીવોને ક્ષમા આપ અને પૂર્વનું વેર દૂર કરીને સર્વેને મિત્રો હોય તેમ ચિન્તવ. ૨૫

પ્રાણાતિપાત—મૃષાવાદ, મિથ્યાત્વશલ્ય, આ મોક્ષમાર્ગની સન્મુખ જતાં વિઘ્નભૂત અને દુર્ગતિના કારણભૂત અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કર. ૨૬

જે ચોત્રીશ અતિશય યુક્ત છે અને જેમણે કેવળજ્ઞાનથી પરમાર્થને જાણ્યા છે અને દેવતાઓએ જેમનું સમોવરસણ રચ્યું છે, એવા અર્હંતોનું મને શરણ હોજો. ૨૭

જે આઠ કર્મથી મુક્ત છે, જેમની આઠ મહાપ્રતિહાર્યોએ શોભા કરી છે અને આઠ પ્રકારના મદના સ્થાનકોથી જે રહિત છે, તે અર્હંતોનું મને શરણ હોજો. ૨૮

સંસારરૂપી ક્ષેત્રમાં જેમને ફરી ઉગવાનું નથી, ભાવ શત્રુઓને નાશ કરવાથી અરિહંત બન્યા છે અને જે ત્રણ જગતને પૂજનીય છે તે અર્હંતોનું મને શરણ હોજો. ૨૯

ભયંકર દુઃખરૂપી લાખો લહરીઓથી દુઃખે કરી તરી શકાય એવો સંસારસમુદ્ર જે તરી ગયા છે, અને જેઓને સિદ્ધિસુખ મળ્યું છે તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૦

તપરૂપી મુદ્દગરથી જેમણે ભારે કર્મરૂપી બેડીઓ તોડી નાંખી મોક્ષસુખ મેળવ્યું છે તે સિદ્ધોનું મને શરણુ હોજો. ૩૧

ધ્યાનરૂપી અગ્નિના સંયોગથી સકળ કર્મરૂપ મળ જેમણે બાળી નાંખ્યો છે અને જેમનો આત્મા સુવર્ણમય નિર્મળ થયો છે તે સિદ્ધોનું મને શરણુ હોજો. ૩૨

જમને જન્મ નથી, જરા નથી, મરણુ નથી તેમજ ચિત્તનો ઉદ્વેગ નથી, ક્રોધાદિ કષાય નથી તે સિદ્ધોનું મને શરણુ હોજો. ૩૩

બેતાલીસ દોષરહિત ગોચરી કરીને જે અન્નપાણી (આહાર) લે છે તે મુનિઓનું મને શરણુ હોજો. ૩૪

પાંચ ઈંદ્રિયોને વશ રાખવામાં તત્પર, કામદેવના અભિમાનનો પ્રચાર જીતનારા, બ્રહ્મચર્યને ધારણુ કરનારા મુનિઓનું મને શરણુ હોજો. ૩૫

જે પાંચ સમિતિઓ સહિત છે, પાંચ મહાવ્રતનો ભાર વહન કરવાને જે વૃષભ સમાન છે, અને જે પંચમ ગતિ (મોક્ષ)ના અનુરાગી છે તે મુનિઓનું મને શરણુ હોજો. ૩૬

જેમણે સકળ સંગનો ત્યાગ કર્યો છે, જેમને મણિ અને તૃણુ, મિત્ર અને શત્રુ સમાન છે, જે ધીર છે અને મોક્ષમાર્ગને સાધવાવાળા છે તે મુનિઓનું મને શરણુ હોજો. ૩૭

કેવળજ્ઞાનને લીધે દિવાકર સરખા તીર્થંકરોએ પ્રરૂપેલા અને જગતના સર્વ જીવોને હિતકારી એવા ધર્મનું મને શરણુ હોજો. ૩૮

કરોડો કલ્યાણુને ઉત્પન્ન કરનારી અને અનર્થ રચનાનો નાશ કરનારી જીવદયાનું જેમાં વર્ણન થાય છે એવા ધર્મનું મને શરણુ હોજો. ૩૯

પાપના ભારથી દબાએલા જીવને કુગતિરૂપી કુવામાં પડતો જે ધારણ કરી રાખે છે, તેવા ધર્મનું મને શરણ હોજો. ૪૦

સ્વર્ગ અને મોક્ષરૂપ નગરે જવાના માર્ગમાં ગુંથાએલા લોકોને સાર્થવાહરૂપ છે, અને સંસારરૂપ અટવી પસાર કરાવી આપવામાં સમર્થ છે તે ધર્મનું મને શરણ હોજો. ૪૧

આ પ્રમાણે ચાર પ્રકારના શરણને ગ્રહણ કરનાર અને સંસારના માર્ગથી વિરક્ત ચિત્તવાળા મેં જે કાંઇ પણ દુષ્કૃત કર્યું હોય તેની હમણાં આ ચાર ( અરિહંત, સિદ્ધ, સાધુ અને સર્વજ્ઞભાષિત ધર્મ )ની સમક્ષ નિંદા કરૂં છું. ૪૨

મિથ્યાત્વથી વ્યામોહ પામીને ભમતાં મેં મન, વચન કે કાયાથી કુતીર્થ (અસત્ય મત)નું સેવન કર્યું હોય તે સર્વની અત્ર હમણાં નિન્દા કરૂં છું. ૪૩

જિન ધર્મમાર્ગને જો મેં પાછળ પાડયો હોય અથવા તો અસત્ય માર્ગને પ્રગટ કર્યો હોય, અને જો હું બીજાને પાપના કારણભૂત થયો હોઉં તો તે સર્વની હમણાં હું નિંદા કરૂં છું. ૪૪

જન્તુઓને દુઃખ આપનારાં હળ, સાંબેલું, વિગેરે જે મેં તૈયાર કરાવ્યાં હોય અને પાપી કુટુંબનું જે મેં ભરણ-પોષણ કર્યું હોય તે સર્વની હમણાં હું નિંદા કરૂં છું. ૪૫

જિનભવન, પ્રતિમા, પુસ્તક અને (ચતુર્વિધ) સંઘરૂપ સાત ક્ષેત્રમાં જે ધનબીજ મેં વાવ્યું હોય તે સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૪૬

આ સંસારરૂપી સમુદ્રમાં વહાણ સમાન જ્ઞાન, દર્શન અને ચારિત્ર જે સમ્યગ્રીતે પાળ્યાં હોય તે સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૪૭

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મિક અને જૈન સિદ્ધાંતને વિષે જે બહુમાન મેં કર્યું હોય તે સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૪૮

સામાયકમાં ચતુર્વિંશતિ સ્તવન (ચોવીશ ભગવાનની સ્તુતિ) અને છ આવશ્યકમાં જે મેં ઉદ્યમ કર્યો હોય તે સર્વ સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૪૯

આ જગતમાં પૂર્વે કરેલાં પુણ્ય-પાપ એજ સુખ-દુઃખનાં કારણો છે અને બીજું કોઇ પણ કારણ નથી એમ જાણીને શુભ ભાવ રાખો. ૫૦

પૂર્વે નહિ ભોગવાયેલા કર્મનો ભોગવવાથીજ છુટકારો છે, પણ ભોગવ્યા વિના છુટકારો નથી એમ જાણીને શુભ ભાવ રાખો. ૫૧

જે ભાવ વિના ચારિત્ર, શ્રુત, તપ, દાન, શીલ વગેરે સર્વ આકાશના ફુલની માફક નિરર્થક છે, તેમ માનીને શુભ ભાવ રાખો. ૫૨

સુરશૈલ (મેરૂપર્વત)ના સમુહ જેટલો આહાર ખાઇને પણ તને સંતોષ ન વળ્યો માટે ચતુર્વિધ આહારનો ત્યાગ કર. ૫૪

મેં નરકનું નારકીપણે તિક્ષ્ણ દુઃખ અનુભવ્યું તે વખતે કોણ મિત્ર હતો તેમ માનીને શુભ ભાવ રાખો. ૫૩

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક આ ચાર ગતિમાં મનુષ્યને આહાર સુલભ છે, પણ વિરતિ દુર્લભ છે એમ માનીને ચતુર્વિધ આહારનો ત્યાગ કરો. ૫૫

કોઇ પ્રકારના જીવ સમુદાયનો વધ કર્યા વગર આહાર થઇ શકે નહિ, તેથી ભવમાં ભ્રમણા કરવારૂપ દુઃખના આધારભૂત ચારે પ્રકારના આહારનો ત્યાગ કર. ૫૬

જે આહારનો ત્યાગ કરવાથી દેવોનું ઇન્દ્રપણું પણ હાથના તલીઆમાં હોય તેવું થાય છે અને મોક્ષસુખ પણ સુલભ થાય છે તે ચારે પ્રકારના આહારનો ત્યાગ કર. ૫૭

જુદા જુદા પ્રકારનાં પાપ કરવામાં પરાયણ એવો જીવ પણ નમસ્કાર મંત્રને અન્ત સમયે પણ પામીને દેવપણું પામે છે, તે નમસ્કાર મંત્રનું મનની અંદર સ્મરણ કર. ૫૮

સ્ત્રીઓ મળવી સુલભ છે, રાજ્ય મળવું સુલભ છે, દેવપણું પામવું સુલભ છે પણ દુર્લભમાં દુર્લભ નવકાર મંત્ર પામવો તે છે; તેથી મનની અંદર નવકાર મંત્રનું સ્મરણ કર. ૫૯

એક ભવમાંથી બીજા ભવમાં જતાં ભવિકોને જે નવકાર મંત્રની સહાયથી પરભવને વિષે મનોવાંછિત સુખ સંભવે છે, તે નવકાર મંત્રનું મનની અંદર સ્મરણ કર. ૬૦

જે નવકાર મંત્રને પામવાથી ભવરૂપ સમુદ્ર ગાયની ખરી જેટલો થાય છે અને જે મોક્ષના સુખને સત્ય કરી આપે છે તે નમસ્કાર મંત્રને મનની અંદર તું સ્મર. ૬૧

આ પ્રકારની ગુરૂએ ઉપદેશેલી પર્યન્તારાધના સાંભળીને સકળ પાપ વોસિરાવીને આ નમસ્કાર મંત્રનું સેવન કર. ૬૨

પંચપરમેષ્ઠિ સમરણ કરવામાં તત્પર એવો રાજસિંહ કુમાર મરણ પામીને પાંચમા દેવલોકમાં ઈંદ્રપણું પામ્યો. ૬૩

તેની સ્ત્રી રત્નવતી પણ તેજ પ્રકારે આરાધીનેજ પાંચમા કલ્પને વિષે સામાનિક દેવપણું પામી, ત્યાંથી ચ્યવીને બન્ને મોક્ષે જશે. ૬૪

આ સંવેગ ઉત્પન્ન કરનાર સોમસૂરિએ રચેલી આ પર્યન્તારાધના જે રૂડી રીતે અનુસરશે તે મોક્ષસુખ પામશે. ૬૫

**'પર્યન્તારાધના સમાપ્ત.'**

# તીર્થ વંદના

સદ્ભકત્યા દેવલોકે રવિશશિભવને વ્યંતરાણાં નિકાયે, નક્ષત્રાણાં નિવાસે ગ્રહગણપટલે તારકાણાં વિમાને; પાતાલે પન્નગેન્દ્રે સ્ફુટમણિકિરણે ધ્વસ્તસાન્દ્રાન્ધકારે, શ્રીમત્ તીર્થંકરાણાં પ્રતિદિવસમહં તત્ર ચૈત્યાનિ વન્દે. ॥ ૧ ॥ વૈતાઢય

મેરૂશૃંગે રૂચકગિરિવરે કુંડલે હસ્તિદન્તે, વક્ષારે કૂટનંદીશ્વરકનકગિરૌ નૈષધે નીલવન્તે; ચિત્રે શૈલે વિચિત્રે યમકગિરિવરે ચક્રવાલે હિમાદ્રૌ. ॥ શ્રીમત્‌૦ ॥ ૨ ॥ શ્રીશૈલે વિન્ધ્યશૃંગે વિમલગિરિવરે હ્યર્બુદે પાવકે વા, સમ્મેતે તારકે વા કુલગિરિશિખરેઽષ્ટાપદે સ્વર્ણશૈલે; સંહ્યાદ્રૌ વૈજયન્તે વિપુલગિરિવરે ગુર્જરે રોહણાદ્રૌ ॥ શ્રીમત્‌૦ ॥ ૩ ॥ આઘાટે મેદપાટે ક્ષિતિતટમુકુટે ચિત્રકૂટે ત્રિકૂટે, લાટે નાટે ચ ઘાટે વિટપિ ઘનતટે દેવકૂટે વિરાટે; કર્ણાટે હેમકૂટે વિકટતરકૂટે ચક્રકૂટે ચ ભોટે ॥ શ્રીમત્‌૦ ॥ ૪ ॥ શ્રીમાલે માલવે વા મલિયિનિ નિષધે મેખલે પિચ્છલે વા, નેપાલે નાહલે વા કુવલયતિલકસિંહલે કેરલે વા; ડાહાલે કોશલે વા વિગલિતસલિલે જંગલે વા તમાલે ॥ શ્રીમત્‌૦ ॥ ૫ ॥ અંગે વંગે કલિંગે સુગતજનપદે સત્પ્રયાગે તિલંગે, ગૌડે ચૌડે મુરંગે વરતરદ્રવિડે ઉદ્રિયાણે ચ પૌંડ્રે; આદ્રે માદ્રે પુલિન્દ્રે દ્રવિડકુવલયે કાન્યકુબ્જે સુરાષ્ટ્રે ॥ શ્રીમત્‌૦ ॥ ૬ ॥ ચંપાયાં ચંદ્રમુખ્યાં ગજપુરમથુરાપત્તને ચોજ્જયિન્યાં, કૌશાંબ્યાં કોશલાયાં કનકપુરવરે દેવગિર્યાં ચ કાશ્યામ્‌; નાશિકયે રાજગેહે દશપુરનગરે ભદ્દિલે તામ્રલિપ્ત્યામ્‌ ॥ શ્રીમત્‌૦ ॥ ૭ ॥ સ્વર્ગે મર્ત્યેઽન્તરિક્ષે ગિરિશિખરદ્રહે સ્વર્ણદીનીરતીરે, શૈલાગ્રે નાગલોકે જલનિધિપુલિને ભૂરૂહાણાં નિકુંજે; ગ્રામ્યેઽરણ્યે વને વા સ્થલજલવિષમે દુર્ગમધ્યે ત્રિસંધ્યમ્‌ ॥ શ્રીમત્‌૦ ॥ ૮ ॥ શ્રીમન્મેરૌ કુલાદ્રૌ રૂચકનગવરે શાલ્મલે જમ્બૂવૃક્ષે, ચોદ્યાને ચૈત્યનંદીરતિકરરૂચકે કૌંડલે માનુષાંકે; ઈક્ષુકારે જિનાદ્રૌ ચ દધિમુખગિરૌ વ્યન્તરે સ્વર્ગલોકે, જ્યોતિર્લોકે ભવન્તિ ત્રિભુવનવલયે યાનિ ચૈત્યાલયાનિ ॥ શ્રીમત્‌૦ ॥ ૯ ॥ ઈત્થં શ્રી જૈનચૈત્યે સ્તવનમનુદિનં યે પઠન્તિ પ્રવીણાઃ, પ્રોદ્યત્કલ્યાણહેતું કલિમલહરણં ભક્તિભાજસ્ત્રિસંધ્યમ્‌; તેષાં શ્રીતીર્થયાત્રા ફલમતુલમલં જાયતે માનવાનાં, કાર્યાણાં સિદ્ધિરૂચ્ચૈઃ પ્રમુદિતમનસાં ચિત્તમાનંદકારિ ॥ શ્રીમત્‌૦ ॥ ૧૦ ॥

# વીતરાગાષ્ટક.

શિવં શુદ્ધબુદ્ધં પરં વિશ્વનાથં, ન દેવો ન બંધુ ન કર્મ ન કર્ત્તા; ન અંગં ન સંગં ન ચેચ્છા ન કામં, ચિદાનંદરૂપં નમો વીતરાગં ॥ ૧ ॥ ન બંધો ન મોક્ષો ન રાગાદિલોકં, ન યોગં ન ભોગં ન દુઃખં ન શોકં; ન ક્રોધં ન માનં ન માયા ન લોભં, ચિદાનંદરૂપં નમો વીતરાગં ॥ ૨ ॥ ન હસ્તૌ ન પાદૌ ન ઘ્રાણું ન જિહ્વા, ન ચક્ષુર્ન કર્ણું ન વક્ત્રં ન નિદ્રા; ન સ્વામી ન ભૃત્યં ન દેવો ન મર્ત્યં, ચિદાનંદરૂપં નમો વીતરાગં ॥ ૩ ॥ ન જન્મ ન મૃત્યું ન મોહં ન ચિંતા, ન ક્ષુદ્રો ન ભીતો ન કૃશ્યં ન તંદ્રા; ન સ્વેદં ન ખેદં ન વર્ણું ન મુદ્રા, ચિદાનંદરૂપં નમો વીતરાગં ॥ ૪ ॥ ત્રિદંડે ત્રિખંડે હરે વિશ્વનાથં, હૃષિકેશ વિધ્વસ્તકર્મારિજાલં; ન પુણ્યં ન પાપં ન ચાક્ષાદિપ્રાણું, ચિદાનંદરૂપં નમો વીતરાગં ॥ ૫ ॥ ન બાલો ન વૃદ્ધો ન તુચ્છો ન મૂઢો, ન ખેદં ન ભેદં ન મૂર્ત્તિર્નમોહં, ન કૃષ્ણું ન શુકલં ન કોહં ન તંદ્રા, ચિદાનંદરૂપં નમો વીતરાગં ॥ ૬ ॥ ન આદ્યં ન મધ્યં ન અંતં ન માન્યા, ન દ્રવ્યં ન ક્ષેત્રં ન કાલો ન ભાવઃ ન ગુરૂર્ન શિષ્યો ન હીનં ન દીનં, ચિદાનંદરૂપં નમો વીતરાગં ॥ ॥ ૭ ॥ ઈદં જ્ઞાનરૂપં સ્વયં તત્ત્વવેદી, ન પૂર્ણું ન શૂન્યં ન ચૈત્યસ્વરૂપી; નાન્યો ન ભિન્નં ન પરમાર્થમેકં, ચિદાનંદરૂપં નમો વીતરાગં ॥ ૮ ॥ આત્મારામગુણાકરં ગુણનિધિં ચૈતન્યરત્નાકરં, સર્વે ભૂતગતાગતે સુખદુઃખે જ્ઞાતે ત્વયા સર્વગે; ત્રૈલોક્યાધિપતે સ્વયં સ્વમનસા ધ્યાયન્તિ યોગીશ્વરા, વન્દે તં હરિવંશહૃદયે શ્રીમાન્ હૃદાભ્યુદ્યતમ્ ॥ ૯ ॥

ઈતિ સિદ્ધછંદ ॥

## દરેક જાતના જૈન ધર્મના પુસ્તકો મળવાનું ઠેકાણું.

સંઘવી મુલજીભાઇ ઝવેરચંદ
જૈન બુકસેલર,
પાલીતાણા.

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ઠે. પાયધુની, ગોડીજી ચાલ,
મુંબાઇ.

બુકબાઇન્ડર—
સાબરકાંઠા બાઇન્ડીંગ વર્કર્સ.
રતનપોળ, ગોલવાડ, અમદાવાદ.

મહેન્દ્ર પ્રિ. પ્રેસ, અમદાવાદ.